શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત-

ચરમ કેવળી

શ્રી

# जंबूस्वामी चरित्र

મૂળ સંસ્કૃત

તેનું

ગુર્જર ભાષામાં ભાષાંતર કરાવી

છપાવી પ્રસિદ્ધ કરનાર-

શા કુચરાભાઇ ગોપાળદાસ.

અમદાવાદ-ધનાસૂતારની પડીપોળ.

અમદાવાદ "યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ" ટંકશાળમાં
શા. બેલાભાઈ નરસિંહદાસે છાપ્યું.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કિમ્મત આઠ આના.

પ્રસિદ્ધકર્ત્તાએ આ ભાષાંતરને છાપવા છપાવવા સંબંધી સર્વ પ્રકારના
હક્ક "સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ સરકારમાં
નોંધાવી-રજીષ્ટર કરાવી" પોતાને સ્વાધીન રાખ્યા છે.

# પ્રસ્તાવના.

ચતુર્દશ પૂર્વના સારભૂત શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરીને, જૈન શાસ્ત્રોક્ત સુદેવ, સુગુરુ અને સુધર્મ; એ ત્રણ તત્વને નમસ્કાર કરીને આ અત્યુત્તમ અને નવરસે પરિપૂર્ણ શ્રી જંબૂસ્વામીના ચરિત્રને પ્રસિદ્ધ કરવાનો ઉત્તમ હેતુ દર્શાવી, તે ચરિત્રમાં વર્ણન કરેલ વૃત્તાંતોનું સંક્ષિપ્ત વિવેચન, સુજ્ઞ વાચક ગણની સમક્ષ પ્રકટ કરૂં છું.

જેમણે ત્રિશષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર, હૈમી વ્યાકરણ અને હૈમ કોષ વિગેરે ત્રણ ક્રોડ ગ્રંથો ગદ્ય પદ્યમાં રચેલા છે, એવા કળિકાળ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજે આ ગ્રંથ રચ્યો છે. ×ત્રિશષ્ઠિશલાકા (૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્ત્તિ, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ) પુરુષ ચરિત્રમાં જે મહાપુરુષોનાં ચરિત્રો નહોતાં આવ્યાં, તે મહાપુરુષોનાં ચરિત્રો, આ પરિશિષ્ટપર્વ અપર નામ સ્થવિરાવળી નામના ગ્રંથમાં આવ્યાં છે. તે ગ્રંથના તેર સર્ગ પાડવામાં આવ્યા છે. જેની શ્લોક સંખ્યા (૩૫૦૦) ને આશરે છે. દરેક સર્ગમાં નીચે પ્રમાણે હકીકત છે.

૧ લા સર્ગમાં મંગળાચરણ, પ્રસંગે આવેલું પ્રસન્નચંદ્રરાજર્ષિ અને વલ્કલચિરિનું ચરિત્ર, જંબૂદ્વીપના અધિષ્ઠાતા અનાદૃત નામે દેવનું પૂર્વભવ સંબંધી ઋષભદત્ત અને જિનદાસનું ચરિત્ર, જંબૂસ્વામીના પૂર્વભવ વિષયે, ભવદત્ત અને ભવદેવનું તેમજ સાગરદત્ત કુમારનું ચરિત્ર છે.

૨ જા સર્ગમાં જંબૂ કુમારનો ઋષભદત્ત શ્રેષ્ઠીને ઘેર જન્મ, આઠ કન્યાઓનું પાણિગ્રહણ, પ્રભવ ચોરનું આગમન, મધુબિંદુવા

× આ ગ્રંથનું ભાષાંતર ભાવનગરની જૈનધર્મપ્રસારક સભા તરફથી છપાય છે.

પુરુષની, કુબેરદત્તની, મહેશ્વરદત્તની, ખેડુતની, કાગડાની, વાન ર વાનરીની, અંગારકારકની, નૂપુરપંડિતા અને શિયાળની, વિદ્યુન્માળીની, શંખધમકની અને શિલારસમાં ચોટી જનારા વાનરની કથાઓ છે.

૩ જા સર્ગમાં સિદ્ધિ બુદ્ધિની, જાતિવંત ઘોડાની, સુખીના પુત્રની, સોલ્લકની, મા–સાહસ પક્ષીની, ત્રણ મિત્રોની, નાગશ્રીની અને લલિતાંગ કુમરની કથાઓ તથા જંબૂ કુમાર અને પ્રભવ ચોર વિગેરેની પ્રવ્રજ્યાનું વર્ણન છે.

૪ થા સર્ગમાં ચંપાનગરીમાં શ્રી સુધર્મસ્વામીને વંદન કરવા માટે સપરિવાર કૂણિક નૃપતિનું આગમન તથા જંબૂસ્વામીના નિર્વાણનો અધિકાર છે. ( ઇહાં જંબૂસ્વામી ચરિત્ર પૂર્ણ થાય છે. )

૫ મા સર્ગમાં પ્રભવસ્વામીનો સ્વર્ગવાસ અને શય્યંભવસ્વામીનું ચરિત્ર છે.

૬ ઠ્ઠા સર્ગમાં યશોભદ્રસ્વામીનો દેવીભાવ, ભદ્રબાહુસ્વામીના ચાર શિષ્યોનું વૃત્તાંત, અર્ણિકાપુત્રની કથા, પાટલીપુત્રપ્રવેશ, ઉદાઈ મારક કથા, અને નંદરાજાને રાજ્યલાભ કીર્ત્તનનું વર્ણન છે.

૭ મા સર્ગમાં કલ્પક પ્રધાનનું વર્ણન છે.

૮ મા સર્ગમાં શકડાળ મરણ, સ્થૂળભદ્ર દીક્ષા, સંભૂતિવિજય સ્વર્ગ ગમન, ચાણાક્ય પ્રધાન તથા ચંદ્રગુપ્ત રાજાની કથા અને બિંદુસારના જન્મ તથા રાજ્યનું વર્ણન છે.

૯ મા સર્ગમાં બિંદુસાર, અશોકશ્રી, કુણાલક કથા; સંપ્રતિ રાજાનો જન્મ અને રાજ્ય પ્રાપ્તિ; સ્થૂળભદ્ર પૂર્વ ગ્રહણ; તથા ભદ્રબાહુ સ્વર્ગ ગમનનું વર્ણન છે.

૧૦ મા સર્ગમાં આર્યમહાગિરિ, આર્યસુહસ્તિ દીક્ષા અને સ્થૂળભદ્ર સ્વર્ગ ગમનનું વર્ણન છે.

૧૧ મા સર્ગમાં સંપ્રતિરાજ ચરિત્ર, આર્યમહાગિરિ સ્વર્ગ ગમન, અ

વાંતસુકુમાળ નલિનિગુલ્મ વિમાન ગમન અને આર્યસુહસ્તિ સ્વર્ગ ગમનનું વર્ણન છે.

૧૨ આ સર્ગમાં વજ્રસ્વામીના જન્મનું અને વ્રતના પ્રભાવનું વર્ણન છે.

૧૩ આ સર્ગમાં આર્યરક્ષિત વ્રત ગ્રહણ, પૂર્વાધિગમ વજ્રસ્વામી સ્વર્ગ ગમન અને તેમના વંશનું વર્ણન છે.

આ પ્રમાણે તેર સર્ગે કરી પરિશિષ્ટપર્વ ગ્રંથ પૂર્ણ થાય છે. તે માંના પ્રથમના ચાર સર્ગના ( ૧૫૭૨ ) શ્લોકમાં આ શ્રી જંબૂસ્વામી ચરિત્ર આવેલું છે.

પ્રથમ જ્યારે મેં જૈનસજ્ઝાયમાળા ભાગ ૨ જો, જંબૂસ્વામી ચરિત્ર, ધન્નાશાળિભદ્રનો ગુજરાતી અને શાસ્ત્રી રાસ; એ ચાર બુકોનાં લિષ્ટ કાઢયાં હતાં, તે વખતે ઉપાધ્યાય શ્રી પદ્મસુંદરગણિ વિરચિત માગધિ ભાષામાં રચેલા જંબૂચરિત્રનું ભાષાંતર કરીને છપાવવાનો વિચાર હતો, તેથી ઘણે જ પ્રયાસે તેમાંની એક શુદ્ધ પ્રત મેળવી, તેનું અર્ધું ભાષાંતર તૈયાર કરી રાખ્યું હતું; તેવામાં સારે યોગે શ્રી ભાવનગર જૈનધર્મપ્રસારક સભાના પ્રમુખ શા કુંવરજી આણંદજી અને મંત્રી અમરચંદ ઘેલાભાઈનું ફાગણ શુદિ ૧૫ ઉપર જૈનકોનગ્રેસના સંબંધમાં આવવું થયું હતું; તેઉ સાહેબની મુલાકાત લેતાં પૂર્વે કરી રાખેલું ભાષાંતર, તેમને બતાવી, તે છપાવવા માટે મેં તેમની અનુમતિ માગી; ત્યારે તેઉ સાહેબે જણાવ્યું કે, “આ ( માગધિ ) ચરિત્ર કરતાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત પરિશિષ્ટપર્વ ગ્રંથમાં જંબૂસ્વામીનું ચરિત્ર ઘણુંજ રસિક અને વિસ્તારવાળું છે, તેથી જો તે છપાય તો ઠીક; કારણ કે, આ ચરિત્ર કરતાં તે સંસ્કૃત ચરિત્ર ઘણું જ વખાણવા લાયક છે. વળી જો તમે આ ( માગધિ ) ચરિત્ર હાલમાં છપાવશો, તો પછીથી તમારાથી સંસ્કૃત ચરિત્ર ભાગ્યે જ છપાવી શકાશે; તો કોઈ પણ રીતે તે બંધ રાખી આ છપાવો. જો તમને ભાષાંતર કરનારનો જોગ નહિ મળી આવે, તો “હું કોઈ સારા વિદ્વાન શાસ્ત્રી પાસે

ભાષાંતર કરાવી આપીશ અને મ્હારાથી બનશે તો શોધી પણ આ પીશ." "ઉપકારી પુરુષો કાંઇ ઢાંકયા રહેતા નથી."

આ પ્રકારના તેમના આગ્રહથી અને હિમ્મતથી મેં વિચાર કર્યો કે, આ ચરિત્ર સજ્ઝાયમાળા બીજા ભાગના પ્રથમથી થએલા ગ્રાહકોને ભેટ આપવાનું છે, તેથી ધારવા કરતાં ભાષાંતર કરામણ અને પાંચ ફોરમ વધુ થવાથી જરૂર રૂ૧૨૫) નું ખરચ વધશે; તેમાં કાંઇ પણ શક નથી; તથાપિ ખેર! જેમ બને તેમ ખરૂં, પણ હવે તો આ જ (સંસ્કૃત) ચરિત્ર છપાવવું. એવો નિર્ધાર કરી પૂર્વોક્ત ભાષાંતર બંધ રાખી, કુંવરજીભાઇની મારફતે સારા વિદ્વાન શાસ્ત્રી પાસે ભાષાંતર કરાવી તેમજ તેમની પાસે શોધાવીને આ ચરિત્ર છપાવ્યું છે.

પ્રારંભમાં જ પ્રસન્નચંદ્રરાજાર્ષિ અને વલ્કલચિરીનું ચરિત્ર છે. ત્યાર પછી જંબૂસ્વામીના પૂર્વભવનું વર્ણન વિસ્તારથી આપ્યું છે. પછી જન્મ મહોત્સવ, સદ્ગુરુ સમાગમ, ધર્મોપદેશ શ્રવણ, ધર્મપ્રાપ્તિ અને માતા પિતાના આગ્રહથી સ્વીકારેલ આઠ કન્યાઓ સાથેના પાણિગ્રહણનું રમણિક રીતે વર્ણન કર્યું છે. ત્યાર પછી આઠ સ્ત્રીઓ સાથેના પ્રથમ સમાગમ સમયે, બેસુમાર દ્રવ્ય સંચયને શ્રવણ કરીને, દ્રવ્ય વાંછાથી આવેલા પ્રભવ નામના ચોરને ઉદ્દેશીને, આઠ સ્ત્રીઓને સંભળાવવા નિમિત્તે જંબૂસ્વામીએ (૩) કથાઓ બહુ જ અસરકારક કહેલી છે. ત્યાર પછી સ્ત્રીઓ સાથેના અન્યોન્ય સંવાદમાં આઠ સ્ત્રીઓએ તથા જંબૂસ્વામીએ ઉત્તરોત્તર (એક પછી એક) (૧૬) કથાઓ કહી છે.

# कथाओनो अनुक्रम.


| અંક. | | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | મહાવીરસ્વામીએ કહેલી | પ્રસન્નચંદ્રરાજર્ષિ અને વલ્કલચિરિની કથા | ૨ |
| ૨ | ” | ઋષભદત્ત અને જિનદાસની કથા. | ૨૩ |
| ૩ | ” | ભવદત્ત અને ભવદેવની કથા. | ૨૫ |
| ૪ | ” | સાગરદત્ત કુમારની કથા. | ૩૫ |
| ૫ | ” | શિવકુમારની કથા. | ૩૭ |
| ૬ | ” | જંબૂ કુમારના જન્મ અને વિવાહની કથા. | ૪૨ |
| ૭ | ” | પ્રભવ ચોરની કથા. | ૫૪ |
| ૮ | જંબૂકુમારે દૃષ્ટાંત રૂપે કહેલી | મધુબિંદુવાની કથા. | ૫૬ |
| ૯ | ” ” ” ” | કુબેરદત્તની કથા. | ૬૦ |
| ૧૦ | ” ” ” ” | મહેશ્વરદત્તની કથા. | ૬૭ |
| ૧૧ | સમુદ્રશ્રીએ દૃષ્ટાંત રૂપે કહેલી | બક ખેડુતની કથા. | ૭૧ |
| ૧૨ | જંબૂકુમારે ” ” ” | કાગડાની કથા. | ૭૩ |
| ૧૩ | પદ્મશ્રીએ ” ” ” | વાનરની કથા. | ૭૫ |
| ૧૪ | જંબૂ કુમારે ” ” ” | અંગારકારકની કથા. | ૭૭ |
| ૧૫ | પદ્મસેનાએ ” ” ” | નૂપુરપંડિતા અને શિયાળની કથા. | ૭૯ |
| ૧૬ | જંબૂકુમારે ” ” ” | વિદ્યુન્માળીની કથા. | ૯૪ |
| ૧૭ | કનકસેનાએ ” ” ” | શંખધમકની કથા. | ૯૮ |
| ૧૮ | જંબૂકુમારે ” ” ” | વાનરની કથા | ૧૦૧ |
| ૧૯ | નભઃસેનાએ ” ” ” | બુદ્ધિનામની વૃદ્ધસ્ત્રીનીકથા | ૧૦૪ |
| ૨૦ | જંબૂકુમારે ” ” ” | જાતિવંત ઘોડાની કથા. | ૧૦૭ |
| ૨૧ | કનકશ્રીએ ” ” ” | મુખીના પુત્રની કથા. | ૧૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | જંબૂકુમારે ” ” ” | સોહલકની કથા. | ૧૧૩ |
| ૨૩ | કમળવતીએ ” ” ” | મા-સાહસ પક્ષીની કથા. | ૧૧૫ |
| ૨૪ | જંબૂકુમારે ” ” ” | ત્રણ મિત્રોની કથા. | ૧૧૬ |
| ૨૫ | જયશ્રીએ ” ” ” | નાગશ્રીની કથા. | ૧૧૯ |
| ૨૬ | જંબૂકુમારે ” ” ” | લલિતાંગની કથા. | ૧૨૧ |


આ પ્રમાણે આ ગ્રંથમાં ( ૨૬ ) કથાઓ આવેલી છે.

આ ગ્રંથ છપાવતાં કોઈ ઠેકાણે કાનો, માત્રા અને મીંડી વિગેરેની ( જેમ કે, પૃષ્ટ ૩૫ માની પ્રથમ ઓળમાં ( ૪ ) ને બદલે ( ૬ ) રહી ગયું છે, તથા પૃષ્ઠ ૪૨ માની પ્રથમ ઓળમાં (૬) ને બદલે (૭) રહી ગયું છે, એવી રીતે બીજે પણ ઘણે સ્થળે તેમ થવાથી ) ભૂલો રહી ગઇ હોય, તો તે ભૂલોને સુજ્ઞ પુરુષો સુધારીને વાંચશે અને જો તે ભૂલો મને જણાવશે, તો જરૂર દ્વિતીયાવૃત્તિમાં સૂધારી લઇશ.

આ ગ્રંથના ભાષાંતરને શોધી આપવા માટે રા૦ કુંવરજીભાઇએ જે શ્રમ લીધો છે, તેને માટે અહિં તેમનો ઉપકાર માનવામાં આવે છે.

કળિકાળ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત–

શ્રી

# जंबूस्वामीचरित्र.

(ભાષાંતર.)

તત્ર પ્રથમ ગ્રંથકાર છ શ્લોકવડે મંગળાચરણ કરે છે.

(अनुष्टुब्वृत्तम्.)

**श्रीमते वीरनाथाय सनाथायाद्भुतश्रिया ॥**
**महानंदसरोराजमरालायार्हते नमः ॥ १ ॥**

ભાવાર્થ:–અદ્‌ભૂત લક્ષ્મીઓ યુક્ત અને [1]મહાનંદ રૂપ સરોવરમાં રાજહંસ સમાન એવા શ્રીમાન્ વીર જિનેશ્વરને નમસ્કાર [થાઓ]॥૧॥

**सर्वेषां वेधसामाद्यमादिमं परमेष्ठिनाम् ॥**
**देवाधिदेवं सर्वज्ञं श्रीवीरं प्रणिदध्महे ॥ २ ॥**

ભાવાર્થ:–સર્વ જ્ઞાની પુરુષોમાં આદ્ય, (પંચ) [2]પરમેષ્ઠિમાં મુખ્ય, દેવાધિદેવ અને સર્વજ્ઞ એવા વીરસ્વામીનું અમે ધ્યાન કરીએછીએ ॥૨॥

**कल्याणपादपारामं श्रुतगंगाहिमाचलम् ॥**
**विश्वांभोजरविं देवं वंदे श्रीज्ञातनंदनम् ॥ ३ ॥**

ભાવાર્થ:–કલ્યાણ રૂપ વૃક્ષોના ઉદ્યાન સમાન, શાસ્ત્ર રૂપ ગંગાના હિમાલય સમાન અને વિશ્વ રૂપ કમળના સૂર્ય સમાન એવા શ્રી જ્ઞાતનંદન (મહાવીર) ને હું નમુ છું. ॥ ૩ ॥

---

૧ મોક્ષ. ૨ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

पांतु वः श्री महावीरस्वामिनो देशनागिरः ॥
भव्यानामांतरमलप्रक्षालनजलोपमाः ॥ ४ ॥

ભાવાર્થ:-ભવ્ય પુરૂષોના હૃદયગત મળનું પ્રક્ષાલન કરવામાં જળ સમાન એવી શ્રી વર્દ્ધમાનસ્વામીની દેશનાની વાણી, તમારૂં રક્ષણ કરો. ॥ ૪ ॥

त्रिषष्ठिशलाकापुंसां दशपर्वी विनिर्मिता ॥
इदानीं तु परिशिष्टपर्वास्माभिः प्रतन्यते ॥ ५ ॥

ભાવાર્થ:-અમે ૧ત્રિશષ્ઠિશલાકા પુરૂષોના ( ચરિત્રોના ) દશ પર્વ રચ્યા છે અને હવે ૨પરિશિષ્ટપર્વ રચીએ છીએ. ॥ ૫ ॥

अत्र च जंबूस्वाम्यादिस्थविराणां कथोच्यते ॥
विश्वस्य कंठालंकारकृते हारावली शुभा ॥ ६ ॥

ભાવાર્થ:-તે ( પરિશિષ્ટપર્વ ) માં વિશ્વજનના કંઠાલંકાર-ભૂત શુભ હારાવળી સમાન-જંબૂસ્વામી વિગેરે સ્થવિરોની કથા કહીએ છીએ. ॥ ૬ ॥

## इहां प्रसंगे आवेली प्रसन्नचंद्रराजर्षि अने वल्कलचीरीनी कथा. १

આ જ જંબૂદ્વીપના દક્ષિણભરતાર્દ્ધમાં પૃથ્વીને શોભાવનાર મગધ નામનો દેશ છે. તેમાં ૩ગોષ્ઠ ગામડાં જેવાં છે, ગામડાં શેહેરો

---

૧ ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્ત્તિ, નવ અર્ધ ચક્રવર્ત્તિ (વાસુદેવ), નવ બળદેવ અને નવ પ્રતિવાસુદેવ. ૨ અવશિષ્ટાંશ પ્રતિપાદક ગ્રંથ એટલે એ દશ પર્વોની અંદર નથી આવ્યું, તે આ પર્વમાં આવશે. ૩ ઢોરને રહેવાના વાડા.

જેવાં છે અને શેહેરો પોતાની અદ્ભૂત શોભાને લીધે વિદ્યાધરના નગર જેવાં છે. ત્યાં ફક્ત એકજ વખત વાવેલાં ધાન્ય, ખેડુત લોકોએ [ ઊગ્યા પછી ] લણી લીધા છતાં દૂર્વા ઘાસ સમાન પુન: પુન: ઊગ્યા કરે છે. ત્યાં દુ:ખ રહિત, રોગ રહિત, સંતોષી અને દીર્ઘાયુ લોકો વસે છે; તેથી તેઓ જાણે ૧સુષમાકાળમાં ઉત્પન્ન થયા હોય ની! ત્યાંની મ્હોટા આંચળવાળી, હમ્મેશાં દૂધ આપનારી અને ૨સુવ્રત ગાયો કામધેનુ સમાન [ આપણી ઇચ્છા પ્રમાણે ] દોહવા દે છે. વળી ધર્મના એકજ સ્થાન રૂપ તે મગધદેશમાં, સઘળી જમીન રસાળ છે; વરસાદ જોઇએ ત્યારે આવે છે અને લોકો ધર્મમાં તેમજ વ્યવહાર કાર્યમાં કુશળ છે.

આ દક્ષિણભરતાર્દ્ધમાં સર્વ વસ્તુઓના ભંડાર સમાન અને લક્ષ્મીના ક્રીડાગૃહ સમાન રાજગૃહ નામનું નગર છે. ત્યાં દેવમંદિરો ઊપર રહેલા સુવર્ણના ધ્વજ અને કુંભનાં કિરણો વર્ષાકાળના મેઘની વીજળી સાથે હરિફાઇ કરે છે. ત્યાં ચંદ્રમણિના ગૃહોને વિષે પ્રતિબિંબિત ચંદ્રમા, રાત્રિને વખતે કસ્તૂરીએ ભરી મૂકેલા રૂપાના થાળ સમાન દેખાય છે. ત્યાંનો સુવર્ણનો સુંદર કોટ, દેવતાઓ જિનેશ્વરના સમવસરણ થકી ત્યાં લાવ્યા હોય, તેવો જણાય છે. ત્યાંની વાવ્યોનાં જળ, તેમાં બન્ને બાજુએથી ( સામસામા ) મળતા રત્નના પગથીઆના કિરણોએ બાંધેલા, પૂલ જેવાં લાગે છે. ત્યાં બાળાઓ ઘેર રમવાના પક્ષીઓને પણ, હમ્મેશાં એકજ શરણ એવા શ્રી જિનધર્મના મહાપુરૂષોની સ્તુતિ શીખવે છે. ત્યાં ઊંચાં જિનાલયોનાં શિખરોને સ્પર્શ કરનારાં નક્ષત્રોની શોભા, રાત્રિને વિષે ( મંદિર ઉપર રહેલા ) ૩સુવર્ણકુંભની શોભા જેવી છે. ત્યાં સોના રૂપાના કાંગરા

---

૧ આપણા શાસ્ત્રમાં કહેલા છ આરામાંનો એ બીજો આરોછે. એ બીજા આરામાં લોકો ઘણા સુખી હતા. ૨ સોજી એટલે મારકણી નહિ તેવી. ૩ શિખરો નક્ષત્રોના સ્પર્શ કરતાં અને કુંભની શોભા નક્ષત્રોની શો

ઓ વડે કિલ્લો, સૂર્ય અને ચંદ્રમાના બિંબોવડે ૫મર્ત્યોત્તર પર્વત શોભે, તેમ શોભાયમાન છે. ત્યાં ૬વાસગૃહને વિષે બળતા ધૂપ વિગેરે સુગંધી પદાર્થોએ સુવાસિત પવન, સ્નેહીની પેઠે વિદ્યાધરીઓના શરીરનો સ્પર્શ કરતો તેમને પ્રસન્ન કરે છે.

આ નગરમાં શ્રેણિક નામનો ઘણો યશસ્વી ભૂપતિ રાજ્ય કરતો હતો. તેણે ચતુર અધિકારીની માફક પોતાના ગુણોવડે, પૃથ્વી અને લક્ષ્મી ઉપર વિજય મેળવ્યો હતો. તેના હૃદયને વિષે વિસ્તરી રહેલા સમ્યક્ત્વરત્નના જ્યોતિ ( પ્રકાશ ) ને લીધે મિથ્યાત્વ રૂપ તિમિરને મુદ્દલ અવકાશ નહોતો. કર્ણેંદ્રિયને મધુર લાગતી એક બીજી જ ૭સુધા સમાન તેની કીર્ત્તિ દેવમંડળને પ્રમોદ આપતી અને તેને ( કીર્ત્તિને ) સુધર્મ દેવલોકને વિષે પણ અપ્સરાઓ ગાતી. કેતુ, કેંદ્રમાં આવ્યો હોય, તે વખતે જેમ કાંઇ અનર્થની શંકા રહે છે, તેમ આ રાજા વિરુદ્ધ હોય, ત્યારે પણ અનર્થ થશે, તેમ ચોમેર તેના શત્રુઓ ધારતા. ઈંદ્ર સમાન તે રાજાની આજ્ઞાનું કોઇ ઉલ્લંઘન કરતું નહી. વળી આકાશને જેમ ચંદ્ર એક જ છત્ર સમાન છે, તેમ પૃથ્વીને તે રાજા એક જ છત્ર હતો. તેનો જન્મ થયો, ત્યારથી જ તેનામાં સામુદ્રિક લક્ષણોની પેઠે ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય, યશ અને શૌર્ય વિગેરે ગુણો દેખાતા હતા. એકછત્રા વસુંધરાનું પાલન કરતા મહા તેજોમય તે રાજાની આજ્ઞા, ઈંદ્રના વજ્રની પેઠે ક્યાંહિ પણ સ્ખલના પામતી નહી.

---

ભા જેવી હતી. એમ કહેવાને બદલે કવિયે ઉપર પ્રમાણે કહ્યું, તેથી કવિયે નગરનું અતિશય વર્ણન કર્યું છે. એ અલંકાર જાણવો. ૫ માનુષ્યોત્તર પર્વત. ૬ જ્યાં સુવાસિત દ્રવ્યોનો ધૂપ થયા જ કરતો હોય, તેનું નામ વાસગૃહ. ૭ સુધા–અમૃત તો રસનેંદ્રિયને મધુર લાગે, પણ આ ( કીર્ત્તિ ) તો કર્ણેંદ્રિયને મધુર લાગતી; તેથી તેને બીજી જ સુધા કહી.

એકદા તે મહિપતિના નગરની નજીકમાં ગુણશીલ નામના ચૈત્યમાં, સુર અસુરોએ પરિવૃત શ્રી વીર ભગવાન્ સમવસર્યા. તે વખતે, તે પ્રદેશમાં દેવોએ રૂપ્ય, સુવર્ણ અને મણિમય ત્રણ પ્રાકાર ( ગઢ ) વડે અલંકૃત સમવસરણ રચ્યું; ને વ્યંતર દેવોએ તેની વચ્ચે અશોક વૃક્ષ રચ્યું, તે વાયુથી પ્રચળિત પોતાના પલ્લવોએ કરીને જાણે ભવ્ય પ્રાણિયોને આમંત્રણ કરતું હોયની! પછી શરીરધારી સુમેરુ પર્વત જેવા ઉત્તમ સુવર્ણની સમાન કાંતિવાળા પ્રભુએ, પૂર્વદ્વારે થઈને, તે સમવસરણમાં પ્રવેશ કર્યો. રાજહંસ જેમ કમળપુષ્પ ઉપર વિરાજે, તેમ અશોકવૃક્ષની નીચે ૧દેવછંદ ઉપર શ્રી વીર પ્રભુ સિંહાસન ઉપર યથાવિધિ વિરાજ્યા; એટલે ચતુર્વિધ સંઘ યથાસ્થાને બેઠો અને ભગવાને પણ અમૃતની વૃષ્ટિ સમાન દેશનાનો પ્રારંભ કર્યો.

એટલામાં તો, તે પ્રદેશમાં રહેવાવાળાઓએ મૃગની ત્વરાએ જઈને ( શ્રેણિક ) રાજાને ખબર આપી કે, " શ્રી વીર પ્રભુ સમવસર્યા છે. " એ વૃત્તાંત રૂપ અમૃતનું પાન કરવાથી હર્ષવડે તેનું શરીર પનસના ફળ સમાન રોમાંચિત થયું. ( તુરત જ ) ભૂપતિયે સિંહાસન અને પાદુકાને દૂર કરી, મનમાં શ્રી વીર પ્રભુનું ધ્યાન ધરી, મસ્તક ભૂમિ પ્રત્યે નમાવ્યું; પ્રભુના આગમનની વધાઇ લાવનારાઓને ઇનામમાં, ઋણથી મુક્ત કરનાર એવું અથાગ દ્રવ્ય આપ્યું અને શ્રી અર્હત્‌ને વંદન કરવા જવાને યોગ્ય, ક્ષીરસમુદ્રની લહરીથી ૨વણેલાં હોયની! તેવાં અને દશા ( છેડા-પાલવ ) યુક્ત એવાં બે ઉજ્વળ વસ્ત્રને ધારણ કર્યાં. પછી મુકુટ વિગેરે અનેક રત્નનાં આભૂષણો પહેરવાથી રાજગૃહ નગરનો સ્વામી, કલ્પદ્રુમ સમાન શોભવા લાગ્યો.

પછી લક્ષ્મીને લીધે જેવી રીતે સંબંધી જનો મળવા આવે, તેવી રીતે તેની આજ્ઞાને લીધે રાજદ્વાર પાસે હસ્તિ, અશ્વ અને વા

૧ પીઠિકા. ૨ અર્થાત્ અત્યંત શ્વેત-ઉજ્વળ.

હુને વિગેરે તૈયાર થઇ આવવા લાગ્યાં એટલે નૃપેશ્વર, સૂર્ય જેમ પૂર્વાચળ ઉપર વિરાજમાન થાય, તેમ કલ્યાણના કારણ રૂપ ભદ્ર હસ્તિ ઉપર આરૂઢ થયો. રાજાના આ હસ્તિની આશપાશ, નવા સિંદૂરથી લાલ થયેલા કુંભસ્થળવાળા અને સંધ્યાકાળના મેઘ જેવા દેખાતા અનેક હસ્તીઓ વીંટાઇ ગયા. ગજપતિયોની ઘંટાના શબ્દોથી આકાશને ચોતરફથી પૂરી નાંખતા જગધેશે, ધીમે ધીમે શ્રી વીર તીર્થંકર તરફ પ્રયાણ કર્યું. આકાશ તળે ઉત્તમ હસ્તીઓની ગર્જના, અશ્વોના હેષારવ અને ચિત્કારોના મળવાને લીધે "શબ્દ" એ આકાશનો ગુણ કહેવાયો.

( રસ્તે ચાલતાં ) રાજાના બે સૈનિકોએ, એકાગ્રધ્યાની અને શાંત, તે જાણે મૂર્ત્તિમાન શાંતરસ જ હોયની! તેવા એક મુનિને જોયા. તે મુનિ એક જ ચરણે ઉભા હતા, તેથી એક થડવાળા વૃક્ષ જેવા દેખાતા હતા. તેમણે પોતાના હસ્તને ઉંચે પસાર્યા હતા. તે જાણે સિદ્ધિક્ષેત્રનું આકર્ષણ કરવાને જ અર્થે હોયની! વળી તેમણે સૂર્ય તરફ દર્પણની પેઠે લોચનને ઉઘાડાં રાખ્યાં હતાં. સૂર્યના તાપથી પરશેવાનાં ટીપાં વળ્યાં હતાં, તે જાણે તેમને ફોલ્લા થયા હોય! તેમ દેખાતા હતા. તે મુનિને જોઇને બેમાંથી એક સૈનિક બોલ્યો. "અહો ધન્ય છે આ મુનિને! એ મહાત્મા વંદનીય છે; કારણ કે, તે આ પ્રમાણે તપ કરે છે. અલ્પ સમય પણ એક પગે કોણ ઉભુ રહી શકે અને સૂર્ય સામું કોણ જોઈ શકે? તેમની ૧દુષ્કરકારિતાને ધન્ય છે! સ્વર્ગ કહો કે મોક્ષ કહો, એ એકે આ મહાત્માને દૂર નથી; કારણ કે, અત્યંત તપ કરવાથી, અસાધ્ય હોય તે પણ સાધ્ય થાય છે." વળી બીજો સૈનિક બોલ્યો, "હે મિત્ર! તું નથી જાણતો? આ તો પ્રસન્નચંદ્ર રાજા છે. એ રાજર્ષિનો તપ અફળ છે; તે પુણ્ય બંધ નહિ કરે. એણે પોતાના બાળપુત્રને રાજ્યાભિષેક કર્યો છે પ

૧ મુશ્કેલ કામ કરવું તે.

ણ તેને મંત્રીઓ, વૃક્ષ થકી અપક્વ ફળની માફક રાજ્યભ્રષ્ટ કરશે. રાજર્ષિયે તો બીલાડીને ક્ષીર સોંપે, તે પ્રમાણે તે દુરાત્માઓને રાજ્ય, રક્ષણ કરવાને અર્થે સોંપ્યું છે. જો તે બાળકનો ઉચ્છેદ થશે, તો એનો વંશ હતો ન હતો થઈ જશે.! અને પોતાના પૂર્વજોના નામનો નાશ કરવાથી, એ રાજર્ષિ પાપી ઠરશે. પ્રવ્રજ્યા લેવાને ઇચ્છાતુર એ રાજર્ષિએ, પોતાની પ્રિયાઓનો ત્યાગ કર્યો છે, તે અનાથ સ્ત્રીઓનું શું થશે? તે કહી શકાતું નથી." સૈનિકોના આ શબ્દોએ, વાયુની મદદ વડે એ રાજર્ષિની કર્ણેંદ્રિયમાં પ્રવેશ કરી, તેના સમાધી તરૂને ત્રોડયું. તેથી તે વિચારવા લાગ્યો. "અહો! તે કુમંત્રિઓનું મેં સન્માન કર્યું, તે ખરે! ભસ્મને વિષે હોમ કર્યા જેવું કર્યું છે. મ્હારા પુત્ર ક્ષીરકંઠનું રાજ્ય લઇ લેવાની ઇચ્છા કરનારા, તે વિશ્વાસઘાતીઓને ધિક્કાર છે! જો હું ત્યાં હોત, તો તે દુરાત્માઓને વિવિધ પ્રકારે શિક્ષા કરત. કુમારનો પરાભવ સાંભળું છું, ત્યારે હવે આ જીવન પણ શા કામનું? આવું ઉગ્રતપ પણ શા ઉપયોગનું? આમ વિચારતાં વિચારતાં તે રાજર્ષિ, વધતા વધતા અશુભધ્યાનની શ્રેણિએ પહોચ્યા! અને ક્રોધ રૂપ ભૂતે ( તેના શરીરમાં ) પ્રવેશ કર્યો; તેથી "પોતે સાધુ છે" એ પણ વિસરી ગયા! સિંહાવલોકન ન્યાયે પોતામાંના ક્ષત્રિય તેજને લીધે, ક્ષત થએલા તે રાજર્ષિએ, જાણે પોતાના પુત્રના વૈરી અમાત્યોને સાક્ષાત્ જોયા હોયની! પોતાની [1]પૂર્વાવસ્થાની પેઠે, યુદ્ધક્ષેત્ર રૂપ રંગભૂમિના એક જ સૂત્રધાર રૂપ તે રાજાએ, મનમાં તે અમાત્યોના અસિધારાવડે સૂરણની માફક કકડે કકડા કરી નાંખ્યા. અહો! આમ તે રાજર્ષિએ મંત્રિયોનું શું શું ( ખરાબ ) ન ચિંતવ્યું? છેદન ભેદન અને બીજાં પણ દુષ્કર્મ ચિંતવ્યાં!!!

એટલામાં તો, જિનેશ્વર રચિત ધર્મરૂપ વૃક્ષના પક્ષી ( આશ્રિ

---

૧ ગૃહસ્થાશ્રમ.

ત ) સમાન તે રાજગૃહ નગરનો સ્વામી, અહિં આવી પહોચ્યો; મુનિને જોઈને હસ્તી થકી હેઠો ઉતર્યો, ઉતરીને ભૂમિની રેણુ પર્યંત લલાટ પ્રદેશને નમાવીને, તેમને તેણે વંદન કર્યું. ઉંચા ભુજદંડ કરીને, એક જ પગે ઉભા રહીને, તાપ સહન કરતા તે મુનિને જોઇને, મગધેશ્વર હર્ષ પામી અનુમોદના કરવા લાગ્યો અને તેમના તપોબળનું ચિંતવન કરતો કરતો, શ્રી વીર તીર્થંકર પાસે પહોચ્યો. ત્યાં [1]પાંચે અંગે ભૂમિને સ્પર્શ કરી પ્રભુને વંદન કરી, [2]પદ્મકોશના જેવી અંજળી કરી નૃપેશ્વર યથાસ્થાને બેઠો; ત્યાં યોગ્ય સમયે રાજાએ ઉત્તરિય વસ્ત્રનું મુખવસ્ત્ર કરી ( મુખ આગળ રાખી ) વીર પ્રભુને નમીને પૂછ્યું. "હે પ્રભો! મેં પ્રસન્નચંદ્ર રાજર્ષિને હમણાં જ જેવા ધ્યાનારૂઢ થએલા જોયા છે, તેવા જ જો તે, આ દેહનો ત્યાગ કરે, તો તે કઇ ગતિ પામે?" પ્રભુએ ઉત્તરમાં કહ્યું. "સાતમી નારકીએ જાય." સાધુઓનો ઉપાસક શ્રેણિક રાજા પોતાની સરળ બુદ્ધિથી વિચારવા લાગ્યો. "અહો! ઉગ્ર તપસ્યા કરતા આ મહામુનિની કેવી ગતિ!" રાજાએ ફરીથી પણ એ જ પ્રશ્ન કર્યું, ત્યારે પ્રભુએ કહ્યું. "આ સમયે તો, તે સર્વાર્થસિદ્ધિએ જાય!" તે સાંભળી રાજાએ કહ્યું. "હે સ્વામિન્! આમ બે પ્રકારે કેમ ( મ્હારા પ્રશ્નનું ) નિરાકરણ કરો છો? સર્વજ્ઞની વાણી વળી અન્યથા કેમ હોય? તે પણ હું સમજી શકતો નથી, માટે સમજાવો." ત્યારે વીર પ્રભુએ કહ્યું:—

"હે રાજન્! તેં જ્યારે એ રાજર્ષિને વંદન કર્યું, ત્યારે એ રૌદ્રધ્યાનમાં હતા; પણ હમણાં તે શુકલધ્યાન ધ્યાય છે એટલે જ્યારે રૌદ્રધ્યાનની પરંપરાએ ચઢ્યા હતા, ત્યારે નારકીએ જવાને યોગ્ય હતા; પણ હવે જ્યારે શુકલધ્યાને આરૂઢ થયેલા છે, ત્યારે સર્વાર્થ

1 મસ્તક, બે હસ્ત અને બે પગ. 2 નહિ ખીલેલું પદ્મ, અર્થાત્ સંપુટાકાર.

સિદ્ધિએ જવાને યોગ્ય થયા છે.” જ્ઞાન રૂપ પ્રકાશના સૂર્ય સમાન શ્રી અર્હત્પ્રભુને મગધેશ્વરે ફરીથી પૂછયું:—

“એ ઋષિનું ધ્યાન પ્રથમ રૌદ્ર હતું, ને પછી શુક્લ થયું-એ કેવી રીતે?” ત્યારે વર્દ્ધમાનસ્વામીએ કહ્યું. “હે રાજન્! ત્હારા મુખ્ય સૈનિકોના સંવાદથી તેણે જાણ્યું કે, મ્હારા મંત્રીઓ મ્હારા પુત્રનો પરાભવ કરવાના છે. એટલે પુત્ર ઉપરની મમતાને લીધે પોતાનું વ્રત ભૂલી જઈ, તે ક્રૂર મંત્રીઓની સાથે મનમાં યુદ્ધ કરવા લાગ્યા! અને વધારે ને વધારે યુદ્ધ કરતા હોય, તેમ ક્રોધે કરી અસ્ત્ર મૂકવા લાગ્યા. છેવટે પોતાની પાસે શસ્ત્ર થઇ રહ્યાં છે, એમ વિચારતાં તેઓ અપ્રસન્ન થયા. પોતે યુદ્ધ કરવા માટે સનદ્ધબદ્ધ થએલા છે, એમ જાણવાથી તેમણે છેવટે ક્રોધમાં આવીને, એવો વિચાર કર્યો કે, હવે [1]શિરસ્ત્ર વડે પણ તેમને હણી નાંખું! કારણ કે, હસ્તવાળા (બળવાળા) પુરૂષોને તો સઘળાં શસ્ત્ર જ છે.” પછી તેણે શિરસ્ત્ર લેવાની ઇચ્છાથી મસ્તક ઉપર હસ્ત નાંખ્યો; પણ મસ્તક કેશ રહિત જોવાથી તેને યાદ આવ્યું કે, મેં તો વ્રત ગ્રહણ કરેલું છે! તેથી તે વિચારવા લાગ્યા કે, “મને ધિક્કાર છે! કે, મેં રૌદ્રધ્યાનનો અનુબંધ કર્યો!! હું મમતા રહિત થયો છું એટલે હવે મ્હારે ને તે પુત્રને કે મંત્રીઓને શું? તે એમ ચિંતવવા લાગ્યા એટલે તેનો મોહાંધકાર દૂર થયો અને તેજોમય વિવેક રૂપ સૂર્ય ફરીથી ઉદયાચળ ઉપર આવ્યો. અમે જાણે પાસે જ ઉભા હોઇએ, તેમ અમને ભક્તિ સહિત વંદન કરી, પોતાના દુષ્ટ વિચાર દૂર કરીને અને (બાંધેલાં અશુભ કર્મને) [2]પ્રતિક્રમીને, તે રાજર્ષિ પ્રશસ્ય શુક્લધ્યાનની શ્રેણિએ ચઢયા. આ પ્રમાણે તેણે શુક્લધ્યાન રૂપ અગ્નિવડે, રૌદ્રધ્યાન રૂપ અરણ્યમાં ઉત્પન્ન થએલા કર્મ રૂપ ઘાસને

---

૧ માથાનો ટોપ-બખ્તર. ૨ પ્રતિક્રમવું-પાપ અણકરવું-પાપ કર્યું હોય તે આલોચવું.

સત્વર બાળી નાંખ્યું. અર્થાત્ ઘાતીકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા.

તે રાજર્ષિનું ( આવું ) ઉત્તમ ચરિત્ર શ્રવણ કરીને, ધર્મવીર શ્રેણિક નૃપતિએ શ્રી વીરસ્વામીને વિજ્ઞાપના કરીને કહ્યું. "હે ભગવન્! પોતાના બાળપુત્રને રાજ્યાભિષેક કરી, પ્રસન્નચંદ્ર મહિપાળે શા વાસ્તે દીક્ષા અંગીકાર કરી?" ત્યારે ભગવાને કહ્યું:—

હે રાજન્! પોતનપુર નામના નગરમાં, પોતાના સૌમ્યગુણથી ચંદ્ર સમાન એવો સોમચંદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને શીળ રૂપ અલંકારે વિભૂષિત અને વિવેક રૂપ જળમાં મજ્જન કરનારી, ધારિણી નામની ધર્મવતી રાણી હતી. એકદા તે ગવાક્ષમાં બેઠેલા પોતાના પતિના કેશ, પોતાના હસ્તકમળ વડે ઓળતી હતી, ત્યારે તેણે તેના મસ્તકમાં જાણે વૃદ્ધાવસ્થાએ, પોતાને યોગ્ય સ્થાનકના સ્વિકારની નિશાની મ્હેલી હોય,! તેવો શ્વેતવાળ જોયો. એટલે તેણે રાજાને નિવેદન કર્યું. "હે પ્રાણેશ! દૂત આવ્યો છે." રાજાએ ચોમેર જોઇને કહ્યું કે "અહિં તો ક્યાંહિ દેખાતો નથી" ત્યારે રાણીએ મસ્તકનો શ્વેતવાળ બતાવીને કહ્યું. "હે સ્વામિન્! આ ધર્મનો પ્રસિદ્ધ દૂત ( વાળ ) આવ્યો છે." [૧]તૃતીય અવસ્થા વાળાઓના યૌવનને શસ્ત્રની પેઠે હણનાર શ્વેત વાળને મસ્તકમાં જોઇને, રાજા અત્યંત ખિન્નમાન થયો; તેથી રાણીએ કહ્યું. "હે નાથ! વૃદ્ધાવસ્થાથી તમે શા વાસ્તે લજવાઓ છો? ફક્ત એકજ એવો વાળ જોઇને કેમ દુ:ખી થાઓ છો? પટહ વજડાવીને આપણે સર્વ લોકોને નિષેધ કરીશું કે, આપની વૃદ્ધાવસ્થાની વાત મુદ્દલ પ્રસિદ્ધ કરે નહિ" રાજાએ ઉત્તર આપ્યો. "હું શ્વેતવાળ જોઇને શરમાતો નથી; પણ હે પ્રાણપ્રિયે! મ્હારા ખેદનું કારણ તો એ છે કે, અમારા પૂર્વજો [૨]શ્વેતવાળ જોયા પહેલાં, વ્રત અંગીકાર કરતા અને હું વૃદ્ધ થયાં

૧ મનુષ્યના જીવનની ચાર અવસ્થાઓ છે-(૧) બાલ્ય, (૨) કુમાર, (૩) યૌવન, (૪) વૃદ્ધ. ૨ અર્થાત્ વૃદ્ધ થયા પહેલાં.

છતાં પણ વિષયમાં લુબ્ધ છું. હું તો હવે મોડો તો મોડો, પણ તુરત વ્રત લેવા ઈચ્છુ છું; પણ અરે! મ્હારા બાળકુમારને રાજ્ય કેવી રીતે સોંપીશ? અથવા વ્રત લેવાને તૈયાર થયો છું, તો, મ્હારે રાજ્યનું કે, પુત્રનું શું કામ છે? હું તો વ્રત લઈશ અને હે બુદ્ધિમતી સ્ત્રી! તું પુત્રને ઉછેરી મ્હોટો કરજે." (તે ઉપરથી) ધારિણીએ કહ્યું. "હું તમારા વિના એકલી રહી શકીશ નહી; કારણ કે, પતિવ્રતા સ્ત્રીઓ તો જ્યાં પતિ જાય છે, ત્યાં જ હમ્મેશાં જાય છે. આપ, આપણા બાળક એવા પુત્રને પણ રાજ્ય સોંપો; હું આપના શરીરની છાયાની પેઠે આપની સાથે આવી, વનમાં આપની સેવા કરીશ. વનમાં જેમ તરુ ઉછરે છે, તેમ આપણો બાળ પુત્ર પ્રસન્નચંદ્ર પણ, પોતાના કર્મવડે ઉછરે; મ્હારે તેનું કાંઈ કામ નથી."

હવે સોમચંદ્ર પોતાના આત્મજને રાજ્ય સોંપીને, પ્રવાસી તાપસ થયો. ધારિણી અને તેની ૧ધાત્રી પણ સાથે ચાલ્યાં. ચિરકાળ પર્યંત શૂન્ય પડેલા એક આશ્રમ સ્થળમાં તે રહ્યા અને શુષ્ક પત્ર વિગેરે ઉપર નિર્વાહ કરી તેણે અતિ ઉગ્ર તપ કર્યો. તેણે પલાસનાં પત્ર આણીને, આશ્રમકૂટી બનાવી. ત્યાં મૃગોને અને પાંથ જનોને શીતળ છાયા અને અમૃત સમાન જળ મળવા લાગ્યાં. પ્રેમતંતુએ એક રૂપ થયેલ તે રાજા, પત્નિને અર્થે સ્વાદિષ્ટ જળ, ફળ અને વનસ્પતિ પ્રમુખ લાવવા લાગ્યો. પતિ પ્રત્યે અત્યંત ભક્તિવાળી ધારિણીએ પણ, તેને અર્થે કોમળ તૃણની શય્યા બનાવી. પક્વ ઇંગુદીફળને દિવસે છુંદી, તેનું તેલ કાઢી રાત્રીએ તે દીવામાં બાળવા લાગી. વળી આશ્રમસ્થળના આંગણાને તે ગોમયથી લીંપતી અને પતિના સુખને અર્થે, તે તેને વારંવાર સાફ કરતી. ત્યાંનાં હરિણનાં બચ્ચાંને રમાડવાથી તેમને તપનું કષ્ટ સુદલ જણાતું નહી.

આમ કેટલોએક કાળ વ્યતીત થયો. સંતોષ સુખવાળી ધારિ

૧ ધાવમાતા.

ણીને તાપસપણું અંગીકાર કર્યા પહેલાં, ગર્ભ રહેલો હતો, તે વન માં અનુક્રમે કાંઈ પણ વ્યથા વિના વૃદ્ધિ પામવા લાગ્યો. અન્યદા ધારિણીને સંપૂર્ણ લક્ષણવાળો પુત્ર અવતર્યો; ત્યારે સૂતિકાગૃહમાં તેલ વિના પણ દીપકના જેવો પ્રકાશ થયો. આશ્રમ સ્થળમાં [1]વલ્કલ જ હોય; તેથી પિતાએ બાળકને તેનાં વસ્ત્ર પહેરાવ્યાં. તે ઉપરથી તેનું નામ વલ્કલચીરી પાડ્યું; પણ ધારિણી તો [2]સૂતિરોગથી મૃત્યુ પામી, તેથી પુત્ર મૂર્ખજનની પેઠે [3]અદૃષ્ટ માતૃક થયો. [4]સોમેંદુ હમ્મેશાં તેને અરણ્યની ભેંસોનું દૂધ પાઈને ધાત્રીને ઉછેરવાને સોંપતો. કેટલેક વખતે ધાત્રી પણ, ધારિણીની પાછળ જવાને ઈચ્છાતુર થઇ હોય, તેમ દૈવયોગે મૃત્યુ પામી.

હવે સોમેંદુ બાળપુત્રને મહિષીનું દૂધ પાતો અને સૂતાં, બેસતાં કે, જતાં; તે બાળકને ખોળામાં જ રાખતો. અનુક્રમે તે વૃદ્ધિ પામી ચાલતાં શીખ્યો અને હમ્મેશાં વનના મૃગનાં બચ્ચાંઓની સાથે ધૂળમાં રમવા લાગ્યો. સોમેંદુ પણ પોતે ઇંધિન વિગેરે લાવી હાથે રાંધીને બાળકને જમાડતો. આ પ્રમાણે વનનાં ફળ અને ધાન્યવડે બાળકનું પોષણ કરી સોમચંદ્ર ઉગ્રતપમાં પણ સુખ માનવા લાગ્યો. ( એટલામાં તો હવે ) વલ્કલચીરી પણ યુવાન થવા આવ્યો ને સર્વ કાર્યમાં કુશળ થયો એટલે પિતાની સેવામાં પ્રવીણ બન્યો. નિત્ય ફળ વિગેરે લાવીને અને પિતાનાં અંગોપાંગ ચાંપીને તેની સેવા કરવા લાગ્યો; કારણ કે, એ સર્વોત્કૃષ્ટ વ્રત છે. જન્મથી જ બ્રહ્મચારી એવો વલ્કલચીરી, જ્યાં સ્ત્રીઓનો સંચાર નથી, એવા વનમાં રહેવાથી સ્ત્રીનું નામ પણ જાણતો નહોતો.

એવામાં એક વખતે પ્રસન્નચંદ્ર રાજાએ સાંભળ્યું કે “ વનમાં

---

૧ તરુની છાલનાં વસ્ત્ર. ૨ સુવાવડમાં થતા રોગથી. ૩ ( વલ્કલચીરીના સંબંધમાં ) અદૃષ્ટમાત્રક–નથી જોઇ માતૃ-માતા જેણે એવો. (મૂર્ખના સંબંધમાં ) નથી જોયા માતૃક–મૂળાક્ષર જેણે એવો. ૪ સોમચંદ્ર.

વસતા મ્હારા પિતાને ધારિણીની કુક્ષિથી એક પુત્ર–મ્હારો ભાઈ અવતર્યો છે." "તે મ્હારો ભાઈ કેવો હશે અને મને કેમ મળશે?" એમ રાજાને મનમાં મ્હોટી ચિંતા થઇ. તેથી તેણે ચિત્રકારોને હુકમ કર્યો કે, "મ્હારા પિતાશ્રીએ જે વનને પોતાના ચરણકમળ વડે શોભાવ્યું છે, ત્યાં જઇને મ્હારા પિતાના પાદાંબુજમાં હંસ સમાન જે હું, તેના–મ્હારા વનવાસી લઘુભ્રાતાની છબિ આળેખીને સત્વર લાવો. "જેવી આજ્ઞા" એમ કહીને ચિત્રકારો વલ્કલચીરીએ પવિત્ર કરેલા વનમાં ગયા. વિશ્વકર્માની બીજી મૂર્તિઓ જ હોયની! એવા તે ચિત્રકારોએ, ખરૂં કૌશલ્ય વાપરીને દર્પણમાં પ્રતિબિંબ પાડે તેવી રીતે, અવસ્થા પ્રમાણે તેની છબિ આળેખી. આળેખીને પ્રસન્નચંદ્ર રાજાની દૃષ્ટિને અમૃતસમાન, તે છબિને તેની પાસે લાવીને બતાવી. (જોઇને) તે વિચારવા લાગ્યો. "મ્હારા પિતાની આકૃતિથી આ કાંઈ ઉતરે તેમ નથી; ખરેખર आत्मा वै जायते पुत्रः એ શ્રુતિવાક્ય સત્ય જ છે. મ્હારાં ધન્યભાગ્ય કે, મેં મ્હારા ભ્રાતાને જોયો." એમ બોલી તે, તે છબિને વારંવાર મસ્તક વડે સ્પર્શ કરવા લાગ્યો અને તેને સુંઘવા લાગ્યો. તેને તે ખોળામાંથી નીચે મૂકવી પણ ગમે નહી. વલ્કલચીરીએ છાલનાં વસ્ત્ર પહેર્યાં છે, એવું જોઈને તો, મેરૂમાંથી જળ વહે, તેમ તેની આંખોમાંથી અશ્રુધારા છૂટી. વળી તે બોલ્યો. "મ્હારા પિતા તો વૃદ્ધ છે, તેથી તે ભલે વ્રત આચરે, પણ મ્હારો બાળભ્રાતા તો વનવાસને યોગ્ય નથી. હું અહિં હંસની પેઠે રાજ્યસુખના ઝરણમાં મગ્ન થઇ ક્રીડા કરૂં છું અને મ્હારો ભાઈ વનચરની પેઠે ફરે છે. વનમાં જન્મેલો (એટલે તેને વન જ પ્રિય હોય) તેથી તેને નગરમાં લાવવો તો મુશ્કેલ છે; પણ મેં જ્યાં સૂધી તેને રાજ્યનો ભાગ આપ્યો નથી, ત્યાં સૂધી હું સુખી (કહેવાઉં) નહી." આ પ્રમાણે પોતાના લઘુભાઈના વનના કષ્ટને વિચારીને, શોક કરતા રાજાએ ચતુર વેશ્યાઓને હુકમ કર્યો કે, મુનિના

વેષે ત્યાં જઈને, અંગોપાંગે સ્પર્શ કરાવીને, વિવિધ પ્રકારના વચનો વડે મોહ પમાડી, ખાંડનાં નવાં ફળોથી લોભમાં નાંખી મ્હારા ન્હાના ભાઈને અહિં લઈ આવો.

એ પ્રકારની રાજાની આજ્ઞા સાંભળી, વેશ્યાઓ મુનિ વેષ ધારણ કરી સોમચંદ્રના આશ્રમમાં ગઈ. ત્યાં બિલુ વિગેરે ફળ લઈ આવતા, વલ્કલચીરી ઋષિપુત્રને મૃગાક્ષી વેશ્યાઓએ જોયો. તેણે પણ મુનિના વેષને ધારણ કરનારી વેશ્યાઓને અભિવંદન કર્યું અને સરળ બુદ્ધિને લીધે પૂછ્યું. "આપ કોણ છો? અને આપનો આશ્રમ કયો?" વેશ્યાઓએ ઉત્તર આપ્યો. "અમે પોતનાશ્રમમાં વસનારા ઋષિઓ છીએ. ત્હારા અતિથિ થઇને આવ્યા છીએ; તું આતિથ્ય કરી શકે?" તેણે કહ્યું. "હું આ મધુર ને પકવફળ વનમાંથી લાવ્યો છું તે આપ આરોગો." તે સાંભળી વેશ્યાઓએ કહ્યું. "અમારા આશ્રમમાં તો એવો કોઈ નિરસ (રસને નહિ જાણનારો) નથી કે, જે આવાં નિરસ (રસ વિનાના) ફળનું પ્રાસન કરે! અમારા આશ્રમનાં વૃક્ષોનાં ફળ તું નિહાળ." એમ કહીને તેમણે વૃક્ષની નીચે બેસી, તેને પણ ત્યાં બેસાર્યો ને તેને સ્વાદિષ્ટ ફળ ખાવા આપ્યાં. આમ તેમનો આશય સફળ થયો. ઋષિપુત્રને પણ બિલુ વિગેરે ફળ ઉપર અરૂચી થઈ. એકાંત વાસ હતો તેથી વેશ્યાઓ તેની પાસે, પોતાના અંગોનો સ્પર્શ કરાવવા લાગી અને તેનો હસ્ત પોતાના ઉર ઉપરના મસ્ત સ્તન તટ ઉપર મૂકાવ્યો. સ્પર્શ અનુભવી ઋષિપુત્ર બોલ્યો. "હે મહર્ષિઓ! આ તમારૂં કોમળ દેખાતું અંગ શું છે? આપની છાતી ઉપર આ બે ઉન્નત સ્થળ દેખાય છે, તે શું છે?" પોતાના કોમળ હસ્તવડે તેનો સ્પર્શ કરતી કરતી વેશ્યાઓ બોલી. "અમારા આશ્રમના તરૂનું ફળ આસ્વાદન કરવાથી, આવું અંગમાર્દવ થાય છે. અમારાં વૃક્ષોનાં રસયુક્ત ફળ જમવાથી, હૃદય અત્યંત ઉપચિત (જાડું) થાય છે ને તેને લીધે આવાં બે

સ્થળો ઉત્પન્ન થાય છે. વાસ્તે હે ઋષિપુત્ર ! આ ત્હારા આશ્રમને તથા રસ રહિત ફળને ત્યાગ કરી, અમારા આશ્રમમાં આવીને, તું પણ અમારા જેવો થા.” એ સાંભળીને મિષ્ટફળના ભોજનથી લોભાઈ જઇને, મુગ્ધ વલ્કલચીરીએ પણ ત્યાં જવાનો તેમની સાથે સંકેત કર્યો. ઋષિઓના ( ફળના ) પાત્રને ત્યાં જ મૂકીને વલ્કલચીરી તો ગયો. વેશ્યાઓએ પણ તેના કહેવા પ્રમાણે સંકેત સ્થાન ઠરાવ્યું. ( પણ એટલામાં તો ) વૃક્ષ ઉપર ગુપ્ત રહેલા ૧ચર પુરુષોએ સોમચંદ્ર ઋષિને આવતા જોયા, તેથી વેશ્યાઓને નિવેદન કર્યું. એટલે તેઓ મુનિના ૨શાપના ભયથી, પારધિના ભયથી જેમ હરિણીઓ નાસી જાય, તેમ ઉતાવળી ઉતાવળી જૂદી જૂદી નાસી ગઈ.

ઋષિ પોતાના આશ્રમમાં પહોચ્યા પછી, તેના પુત્ર જેવી રીતે જેણે દ્રવ્ય ખોયું હોય, તેવો પુરુષ દ્રવ્યની શોધમાં ફરે, તેવી રીતે તે વેશ્યાઓની શોધમાં ફરવા લાગ્યો. મૃગના વનમાં ફરતાં ફરતાં તેણે એક રથી (રથવાળા) ને જોયો; તેને પણ ઋષિ જ માનીને તે કહેવા લાગ્યો. “ તાત, આપને વંદન કરૂં છું. ” રથીએ પૂછયું. “ હે ઋષિપુત્ર ! ત્હારે કયાં જવું છે ?” ત્યારે તેણે કહ્યું. “ મ્હારે પોતન નામના આશ્રમસ્થળમાં જવું છે. ” ત્યારે રથીએ પણ “ મ્હારે ત્યાં જ જવું છે. ” એવું કહ્યા ઉપરથી, તે તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. રસ્તે ચાલતાં ચાલતાં તાપસ કુમાર, રથમાં બેઠેલી રથીની સ્ત્રીને પણ “ તાત ” એમ કહીને બોલાવવા લાગ્યો. તે ઉપરથી સ્ત્રીએ પતિને પૂછયું. “ હે સ્વામિન્ ! આ તે કિયા પ્રકારના ઉપચાર શબ્દો કે, આ ઋષિપુત્ર મને “તાત” કહીને બોલાવે છે?” રથીએ ઉત્તર આપ્યો. “સ્ત્રી વિનાના વનમાં રહેનારો એ મુગ્ધ ઋષિકુમાર, સ્ત્રી પુરુષનાં ભેદને નહિ જાણવાથી, તને પણ પુરુષ માને છે!” પુષ્ટ અશ્વોને જોઇને વળી વલ્કલચીરીએ કહ્યું. “ તાત, તમે

૧ છુપી બાતમી મેળવનારા. ૨ સરાપ.

આ ઋષિના હરિણોને જોડયા છે, તે યોગ્ય નહી.” તે ઉપરથી હાસ્યકરીને રથી બોલ્યો. “એ તો એમના કર્મને લીધે છે; એમાં કાંઈ દોષ નથી. પછી રથિકે તેને સ્વાદિષ્ટ મોદક ખાવા આપ્યા તેથી તેના સ્વાદસુખમાં મગ્ન થતો તે બોલ્યો. “પોતનાશ્રમવાસી મહર્ષિઓએ આપેલાં આવાં સ્વાદિષ્ટ વનફળ પ્રથમ પણ મેં ખાધાં છે.” મોદક જમ્યો તેથી તે બિલુ અને આમળાં વિગેરે ફળના કષાય તથા રૂક્ષ સ્વાદથી ખિન્ન થઇ, પોતનાશ્રમ જવાને ઉત્સુક થયો.

રસ્તે રથિકને એક બળિષ્ટ ચોર સાથે યુદ્ધ થયું, તેમાં ચોરને ગાઢ પ્રહારથી મારી નાંખ્યો. ચોરે ( મરતાં મરતાં ) કહ્યું. “આ ત્હારો ઘા વૈરિનો છતાં પણ પ્રશંસાપાત્ર છે. હે માનવ! તેં મને પ્રહારથી જીત્યો છે. તેથી હું ત્હારા ઉપર તુષ્ટમાન થયો છું. અહિં મ્હારૂં પુષ્કળ દ્રવ્ય છે, તે તું લે.” પછી ત્રણે જણાએ તે દ્રવ્ય રથમાં મૂકયું. પોતનપુર પહોચ્યા એટલે રથિકે વલ્કલચીરીને કહ્યું. “ત્હારે જવું હતું, તે પોતનાશ્રમ આ ( રહ્યો ) એમ કહીને પોતાના રસ્તાના સોબતી ઋષિપુત્રને તેણે કાંઇક દ્રવ્ય આપ્યું ને હસતાં હસતાં કહ્યું. “આશ્રમસ્થળમાં દ્રવ્ય વિના આશ્રમ મળતો નથી; તેથી ત્હારે આશ્રમ જોઇએ તો, તે લેવાને ત્હારે કાંઇક દ્રવ્ય આપવું પડશે.”

( હવે નગરમાં ) “હું તો અહિં જઉં કે, અહિં જઉં” એમ દરેક હવેલીઓ નિહાળતો નિહાળતો, તે મુનિપુત્ર આખા શેહેરમાં ફર્યો! સ્ત્રીઓને તેમ પુરૂષોને ઋષિઓ જાણીને, તે અભિવંદન કરતો હતો; તેથી તે મુગ્ધબુદ્ધિવાળાનો સર્વ ૧નાગરિકો ઉપહાસ કરવા લાગ્યા. ફરતાં ફરતાં તેણે ધનુષ્યમાંથી છૂટેલા અસ્ખળિત તીરની પેઠે, ઉતાવળથી એક વેશ્યાના ગૃહમાં પ્રવેશ કર્યો. ગૃહને તેણે આશ્રમ માન્યો, ને વેશ્યાને ઋષિ માન્યો; તેથી તેને પણ “તાત” કહી બોલાવવા લાગ્યો. પ્રાર્થના સહિત તેણે તેને કહ્યું “હે મહર્ષિ!

૧ નગરમાં રહેનારા લોકો.



આંબો અને કેરી.

આ દ્રવ્ય લઇ મને (રહેવાને અર્થે) એક ઉટજ (ઝુંપડી) આપો" "આ ત્હારી ઉટજ છે, તું લે." એમ તે વેશ્યાએ કહ્યું. પછી તેના અંગની શુદ્ધિને વાસ્તે, તેણે નાપિતને બોલાવ્યો. (તેણે યોગ્ય રીતે કેશ ઉતાર્યા પછી) તે કુમારની ઇચ્છા વિના, ગણિકાની આજ્ઞાથી તેના સૂપડ જેવા વધેલા હસ્ત પાદના નખ પણ ઉતાર્યા. પછી, વેશ્યાએ વલ્કલચીરીને સ્નાનને અર્થે, વસ્ત્ર ઉતરાવીને એક જાડું વસ્ત્ર પહેરવા આપ્યું. તેથી તે "હે મહામુને! મ્હારા જન્મના જ મુનિવેષને નહિ લઈ લ્યો." એમ કહી બાળકની પેઠે રડવા લાગ્યો. (તે જોઈ) વેશ્યાએ કહ્યું. "આ આશ્રમમાં મહર્ષિઓ અતિથિ આવે, ત્યારે એ પ્રકારે જ ઉપચાર કરવાની રીતિ છે, તે તમે કેમ નથી સ્વીકારતા? જો તમે અમારા આશ્રમની આવી રીતિનો સ્વીકાર કરશો, તો જ તમને ઉટજ મળશે." (એ સાંભળી) વસતિના લોભને લીધે તે મુનિપુત્રે, મંત્રથી વશ્ય કરેલા સર્પની માફક, અંગ પણ હલાવ્યું નહી. પછી વેશ્યાએ તેના ઉનના પિંડ જેવા જટાવાળા કેશપાસને તેલનો અભ્યંગ કરી, પોતે ધીમે ધીમે ઓળ્યા. અભ્યંગવડે મર્દન થવાથી; સોમેંદ્રઋષિના પુત્રને ગાયને કંડુયન કરવાથી થાય, તેમ સુખે નિદ્રા આવવા લાગી. પછી [1]કવોષ્ણ જળથી તેને સ્નાન કરાવી, તેને વેશ્યાએ મૂલ્યવાન વસ્ત્રાભૂષણ પહેરાવ્યાં અને તેનું પોતાની પુત્રી સાથે પાણિગ્રહણ કરાવ્યું. તે તેની સ્ત્રી, તેની ગાર્હસ્થ્ય લક્ષ્મી જ હોયની! તેવી શોભવા લાગી.

હવે સર્વ વેશ્યાઓ વધુ વરનાં ગીત ગાતી ત્યાં ઉભી હતી, ત્યારે મુગ્ધ વલ્કલચીરી વિચારવા લાગ્યો. "આ મહર્ષિઓ, શાનો પાઠ ભણે છે?" અને વળી જ્યારે તેઓ મંગળવાજિત્રો વગાડવા લાગી, ત્યારે પણ તેણે "એ વળી શું હશે?" એમ સંભ્રાંત થઇને કાન બંધ કર્યા.

૧ કોકરવરણા પાણીથી.

હવે મુનિનો વેષ લઇને વલ્કલચીરીને તેડવા ગઈ હતી, તે વેશ્યા સ્ત્રીઓ ગઈ તેવી જ પાછી આવી, ત્યારે પ્રસન્નચંદ્ર ભૂપતિને વિજ્ઞાપના કરવા લાગી. "હે નૃપતિ! તે વનવાસી કુમારને અમે વિવિધ પ્રકારે લલચાવ્યો, ત્યારે અહિં આવવાને તેણે અમારી સાથે સંકેત કર્યો, પણ અમે એટલામાં તો, તેના પિતાને દૂરથી આવતા જોયા, એટલે તેના શાપના ભયથી, સ્ત્રીસ્વભાવને લીધે ભીરૂ એવી અમે, ત્યાંથી નાસી આવી. અમારા લોભાવવાથી વશ્ય થઈ ગએલો તે અમને, વને વન ખોળતો હશે. તેના પિતાને આશ્રમે ગયો હશે કે, નહિ ગયો હોય ?" એ સાંભળીને પૃથ્વીપતિ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. "મેં આ શી મૂર્ખાઈ કરી ? પિતા પુત્રને વિયોગ પડાવ્યો; છતાં મ્હારો ભ્રાત તો મને મળ્યો નહીં ! મ્હારા પિતાના પડખામાંથી છૂટો પડેલો એ પ્રાણધારણ કેવી રીતે કરશે ? જળથી બહાર લાવેલું મત્સ્ય, ક્યાં સૂધી જીવે ?" આ પ્રમાણે દુઃખથી અથાગ બેચેન થએલો રાજા, અલ્પજળમાં મત્સ્યની પેઠે શય્યામાં આળોટવા લાગ્યો.

એવામાં તેણે પેલી વેશ્યાના ઘરનો મૃદંગધ્વની સાંભળ્યો. તે તેને, અપ્રિય અતિથિ જેવો લાગ્યો. તેથી તે કહેવા લાગ્યો. "મ્હારૂં નગર, સર્વ મ્હારે દુઃખે દુઃખી છે, તો આવું ૧લોકોત્તરસુખી કોણ નીકળ્યું ! કે, જેની પાસે આવો મૃદંગનો અવાજ થાય છે? અથવા તો સર્વ કોઈ સ્વાર્થી જ છે. આ મૃદંગધ્વની કોઇને આનંદ આપતો હશે, પણ મને તો એ મુદ્ગરના ઘાત જેવો લાગે છે." તુરત જ રાજાના આ શબ્દોએ, પાણી જેમ નીકવાટે ક્યારાને પૂરી નાંખે, તેવી રીતે જનશ્રુતિદ્વારા પેલી વેશ્યાના કર્ણેંદ્રિયને પૂરી ૨નાંખ્યા. એટલે તે ( પ્રસન્નચંદ્ર ) રાજા પાસે જઇને, ડર્યા વિના ઉત્કૃષ્ટ ને પ્રગલ્ભ વાણીથી વિજ્ઞાપના કરવા લાગી. "હે નાથ ! પૂર્વે

૧ સર્વ લોકથી વધારે સુખી. ૨ અર્થાત્ રાજા બોલ્યો તે સર્વ તેણે જાણ્યું.

મને એક નિમિત્તિઆએ કહ્યું હતું કે, ઋષિના વેષમાં ત્હારે ઘેર એક યુવાન્ આવશે, તેને તું ત્હારી પુત્રી પરણાવજે. તે ઉપરથી ગાયના જેવો (સરળ-ભોળો) વ્યવહારથી અજ્ઞાન, કોઈ ઋષિપુત્ર આજ મ્હારે ઘેર આવેલો છે, તેને મેં મ્હારી પુત્રી સાથે પરણાવ્યો છે. હે દેવ! તેના મહોત્સવમાં મ્હારે ઘેર ગીતવાદ્યાદિ થાય છે. આપ દુઃખી છો, એમ હું જાણતી નહોતી. મ્હારો જે અપરાધ હોય તે ક્ષમા કરો."

એ સાંભળી રાજાએ, ઋષિપુત્રને જે લોકોએ પ્રથમ જોયો હતો, તેમને તેને ફરીથી જોઇ આવવા આજ્ઞા કરી. તેમણે તેને ઓળખ્યો; તેથી પાછા આવીને રાજાને તે પ્રમાણે કહ્યું. એટલે તે પણ શુભ સ્વપ્નથી થાય, તેવી રીતે અત્યંત હર્ષિત થયો ને તેને (પોતાના ભાઈને) હાથણી ઉપર બેસારી વધુ સહિત પોતાને મહેલે લાવ્યો. સર્વ વ્યવહારને જાણનારા રાજાએ, તેને સર્વ વ્યવહાર શીખવ્યો. રક્ષકો પશુ સુદ્ધાંને શીખવે છે, તો મનુષ્યને શીખવે તેમાં શું નવાઈ? તેને રાજ્યનો વિભાગ આપીને કૃતાર્થ થયો ને તેને દેવાંગના સમાન રાજકન્યા પરણાવી. તેમની સાથે તે, મ્હોટા સમુદ્ર જળમાં હસ્તી જેમ ક્રીડા કરે, તેમ સુખસાગરમાં ઈચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગ્યો.

એકદા વલ્કલચીરીનો ૧માર્ગસુહૃત્ પેલો રથિક, ચોરે આપેલું ધન વેચતો નગરમાં ફરતો હતો, જેનું જેનું તે ચોરે ચોરી લીધું હતું, તેઓએ પોત પોતાનું ધન ઓળખીને, ઉંચા હાથ કરીને સુભટોને ખબર આપી. તેથી તેમણે તેને બાંધીને સભામાં આણ્યો. ત્યાં રાજાના ભાઈ (વલ્કલચીરી)એ તે રથિકને કરુણા નજરથી જોયો. પોતાને માર્ગમાં ઉપકાર કરનારને તેણે ઓળખ્યો અને મુક્ત કરાવ્યો. "સત્પુરુષો ઉપકારને ભૂલી જતા નથી."

---

૧ માર્ગમાં મળેલો મિત્ર.

(આણીમેર વનમાં) સોમચંદ્ર ઋષિ, પોતાના પુત્રને નહિ જોવાથી, વૃક્ષોને આંસુથી સિંચતો નિરંતર ભમવા લાગ્યો. પછી પ્રસન્નચંદ્રે મોકલેલા પુરૂષોએ તેની ખબર કહી, તેથી તેને તે સર્વ હકીકત સમજાઈ, પરંતુ પુત્ર વિયોગથી તેના બહુ રડવાને લીધે, તેને દિવસે પણ રાત્રી સમાન અંધાપો થયો. તે વૃદ્ધ તાપસને, બીજા સાથે તપ કરનારા તાપસોએ, તપને અંતે ફળ વિગેરેનું પારણું કરાવ્યું.

હવે એકદા બાર વર્ષ પૂર્ણ થયે, વલ્કલચીરી અર્ધ રાત્રીએ જાગી ઉઠયો. તે વખતે તેને વિચાર આવવા લાગ્યા કે, "હું મંદભાગ્યની માતા, મને જંન્મ આપી તુરત મૃત્યુ પામી! અને મ્હારા પિતાશ્રીએ વનમાં રહીને પણ, મને બાલ્યાવસ્થામાં ઉછેર્યો. હમ્મેશાં પિતાની કટિમાં રહેલા એવા મેં દુરાત્માએ, તેમને તપઃકષ્ટ કરતાં પણ અધિક કષ્ટ આપ્યું. યૌવનમાં પ્રત્યુપકાર કરવાને હું શક્તિમાન્ થયો, ત્યાં તો દૈવે મને અહિં આણ્યો. અહો! હું પાપી, ઈંદ્રિયો વશ્ય રાખી શકયો નહી! જેણે કષ્ટ સહીને મને પૂરામાંથી કુંજર કર્યો, એવા પિતાનું ઋણ હું એક ભવમાં નહિં વાળી શકું?" આવા વિચાર આવવાથી તે રાજા પાસે ગયો ને તેને કહ્યું. "હે દેવ! હું પિતાશ્રીનાં દર્શન કરવાને ઘણો આતુર થયો છું." પ્રસન્નચંદ્ર રાજાયે કહ્યું. "જેમ ત્હારા તાત, તેમ મ્હારા પણ તેજ તાત છે; તો તેમનાં દર્શન કરવાને મ્હારે પણ ત્હારા જેટલી જ ઉત્સુકતા છે." પછી પ્રસન્નચંદ્ર રાજા, યુવરાજ વલ્કલચીરી અને રાજયસભાનો અધિકારી વર્ગ સોમચંદ્ર રાજર્ષિએ અલંકૃત કરેલા તપોવનમાં ગયા.

બન્ને ભાઇઓ વાહનમાંથી હેઠે ઉતર્યા એટલે વલ્કલચીરી બોલ્યો. "આ તપોવન જોવાથી હવે મને રાજયલક્ષ્મી તૃણ સમાન લાગે છે. આ જ તે સરોવરો કે, જ્યાં હું હંસની પેઠે ક્રીડા કરતો; આ જ તે તરૂવરો કે, જ્યાં હું વાનરની માફક ફળ ખાતો; આ

જ તે મૃગો કે, જે મ્હારી બાલ્યાવસ્થામાં ભ્રાતા સમાન સહચરો હતા અને આ જ તે મ્હારી માતા સમાન મહિષીઓ કે, જેનું દૂધ હું પીતો. હે સ્વામિન્! આ પ્રમાણે આ તપોવનનાં કેટલાંક સુખ કહું? રાજ્યમાં તો મ્હારે પિતાની સેવાનું સુખ સરખુંએ નથી." એટલામાં તો બન્ને ભાઈઓ આશ્રમમાં પેઠા, એટલે પોતાના નયન કમળને સૂર્ય સમાન એવા પોતાના તાતને જોયા. પ્રસન્નચંદ્ર પોતાના પિતા સોમચંદ્ર ઋષિને વંદન કરીને બોલ્યો. "હે તાત! પ્રસન્નચંદ્ર પુત્ર આપને પ્રણામ કરે છે." પ્રણામ કરતા રાજાને મહર્ષિએ હસ્તવડે સ્પર્શ કર્યો, તે જાણે અંગે લાગેલી માર્ગની રજનું માર્જન કરતા હોયની! હસ્તકમળવડે તેણે સ્પર્શ કર્યો એટલે તેનો પુત્ર કળીવાળા કદંબવૃક્ષની સમાન રોમાંચિત થયો. પછી પ્રસન્નચંદ્ર રાજાનો ન્હાનો ભાઈ પણ, પોતાના પિતા-ઋષિને નમીને બોલ્યો. "હે તાત! આપના ચરણકમળમાં ભૃંગ સમાન એવો આપનો પુત્ર વલ્કલચીરી, આપની સમીપે આવ્યો છે." એટલે સોમેંદુઋષિએ હર્ષથી કમળપુષ્પની પેઠે તેના મસ્તકને સુંઘ્યું અને નવો મેઘ જેમ પર્વતને આલિંગન દે, તેમ તેને આલિંગન દીધું. એટલે તેના નેત્રમાંથી ઉષ્ણ અશ્રુ નીકળ્યાં; જે, તે જ ક્ષણે તેના અંધાપાને દૂર કરવા, તે પરમ ઔષધી રૂપ થયાં. તેથી ગૃહસ્થના સ્નેહબંધનનું જેને પુનરાવૃત્ત થયું, એવા મુનિએ પોતાના બન્ને પુત્રોને પોતાની પ્રકાશવાળી દૃષ્ટિએ જોયા અને તેમને પૂછ્યું. "હે વત્સો! તમે સુખમાં કાળ નિર્ગમન કર્યો?" ત્યારે તેમણે કહ્યું. "કલ્યાણ રૂપ વૃક્ષને દોહદ સમાન એવી આપની કૃપાથી."

હવે પેલું તાપસ ભાંડ કેવું હતું, તે વલ્કલચીરીએ નહિ જોયું એટલે તેણે તુરત જ ઉટજમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડાથી, તે તાપસ ભાંડોને સંમાર્જન કરવા માંડ્યાં. તે જાણે પૂર્વલા મમત્વને સ્પર્શ કરતો હોયની! આ ઉપરથી તેને

"મેં યતિઓના પાત્રોને અગાઉ કદી સંમાર્જ્યાં હશે ? એવો વિચાર થઈ આવ્યો." તેથી ( ઇહાપોહ કરતાં ) તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તેને પોતાના દેવભવ તથા મનુષ્યભવ ગઈ કાલે જ થઈ ગયા હોય, તેમ યાદ આવ્યા. પછી તે પૂર્વભવના પોતાના મુનિપણાને સંભારીને, મોક્ષલક્ષ્મીના સાહાય્ય ભૂત એવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને પામ્યો. ધર્મધ્યાન વ્યતિ કરીને શુક્લધ્યાનના બીજા પાયા સૂધી પહોચેલા વલ્કલચીરીને, કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે તે કેવળજ્ઞાની મહાત્માએ પોતાના પિતા તથા ભ્રાતાને અમૃત તુલ્ય ધર્મદેશના દીધી. તેથી તે બન્નેને સમ્યકત્વ ઉત્પન્ન થયું ને તેઓએ વલ્કલચીરી કે, જેને દેવતાઓએ યતિનો વેષ અર્પણ કર્યો તેને વંદન કર્યું. ( વીર ભગવાન્ શ્રેણિક નૃપતિને કહે છે ) એકદા વિહાર કરતા, અમે પોતનપુરની પાસેના મનોહર નામના ઉદ્યાનમાં સમવસર્યા, તે વખતે, હે નરેશ ! ૧પ્રત્યેકબુદ્ધ વલ્કલચીરી પણ, પોતાના પિતાને અમને સોંપીને, અન્ય સ્થળે ગયા અને પ્રસન્નચંદ્ર રાજા પણ પોતનપુરમાં ગયો અને વલ્કલચીરીની દેશના રૂપ વાણીથી વૈરાગ્યને વિષે સ્થિત થયો. પછી તેણે આત્મા વિશેષ વૈરાગ્યયુક્ત થવાથી, પોતાના બાળપુત્રને રાજ્ય સોંપી અમારી પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

એમ કહીને શ્રી વીર પ્રભુ વિરામ પામ્યા, એટલામાં તો મગધેશ્વરે આકાશમાં દેવતાઓને એકઠા થતા જોયા. તેથી તેણે જગત્પ્રભુ શ્રી વીર તીર્થંકરને નમીને પૂછ્યું. "આકાશમાં ઉદ્યોત કરનારા દેવતાઓ કેમ એકઠા થાય છે ?" તે ઉપરથી પ્રભુએ કહ્યું. "પ્રસન્નચંદ્ર ઋષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેના મહોત્સવાર્થે આ અમરવૃંદ અહિં એકઠું થાય છે. ઇતિ પ્રસન્નચંદ્રરાજર્ષિ અને વલ્કલચીરીની કથા.

---

૧ અમુક વસ્તુ જોયાથી સ્વયમેવ વૈરાગ્ય ઉત્પન્ન થાય, ને સ્વયમેવ ચારિત્ર અંગીકાર કરે, તે પ્રત્યેકબુદ્ધ કહેવાય છે.

વળી જિનેંદ્રને રાજાએ ફરીથી પૂછયું. "હે ભગવન્! કેવળ જ્ઞાન કોના પછી વિચ્છેદ પામશે?" ત્યારે શ્રી અર્હત્પ્રભુએ કહ્યું. "હે રાજા! જુઓ, આ બ્રહ્મેંદ્રનો સામાનિક દેવતા ચાર દેવીએ યુક્ત છે, તે આજથી સાતમે દિવસે ચ્યવીને, ત્હારા જ નગરમાં ઋષભદત્ત શ્રેષ્ઠીનો પુત્ર જંબૂ નામે અંત્ય કેવળી થશે." એ ઉપરથી રાજાએ વળી વિજ્ઞાપના કરી "ચ્યવન સમય પાસે આવ્યો છે, છતાં એનું તેજ કેમ કાંઈ ક્ષીણ થતું દેખાતું નથી?" ત્યારે શ્રી જગદ્ગુરુ પ્રભુએ કહ્યું. "૧એકાવતારી દેવતાઓને અંત સમયે પણ તેજઃક્ષય વિગેરે ચ્યવન ચિન્હોનો આવિર્ભાવ થતો જ નથી." એટલામાં તો જંબૂદ્વીપનો સ્વામી અનાદૃત નામે દેવ હર્ષમાં આવીને ઉંચે સ્વરે બોલ્યો, "અહો! મ્હારૂં કુળ ઉત્તમ છે." એ સાંભળીને શ્રેણિક નૃપતિએ અંજળી જોડી શ્રી વીર પરમાત્માને પૂછયું. "હે નાથ! આ દેવ, આ પ્રમાણે પોતાના કુળની કેમ પશંસા કરે છે?" સર્વજ્ઞ અરિહંત મહારાજાએ ઉત્તર આપ્યો:—

## ऋषभ्रदत्त अने जिनदासनी कथा. २

આ જ નગરમાં ગુપ્તપતિ નામનો જગપ્રસિદ્ધ શ્રેષ્ઠી વસતો હતો. તેને અનુક્રમે બે પુત્ર થયા. તેમાં મ્હોટાનું નામ ઋષભદત્ત અને ન્હાનાનું નામ જિનદાસ હતું. મ્હોટો પુત્ર અતિ સદાચારી હતો, પણ ન્હાનાને તો દ્યૂત વિગેરેનું વ્યસન હતું; તેથી તેઓ જાણે પ્રત્યક્ષ શરીરધારી, (અનુક્રમે) ૨આદિ અને ૩અંત્ય યુગ હોયની! તેવા દેખાતા હતા.

હવે સુબુદ્ધિ ગુપ્તમતિ શ્રેષ્ઠીએ જિનદાસ દુરાચારી છે, એમ કહીને સર્વ સંબંધી વર્ગની સમક્ષ તેને ત્યજી દીધો. એ ઉપરથી "હ

૧ એક અવતાર લઇને મોક્ષે જ જવાના, તે એકાવતારી. ૨ પ્રથમ યુગ—કૃતયુગ (ઉત્તમ). ૩ છેલ્લો યુગ—કળિયુગ—(કનિષ્ટ).

વે મ્હારે કોઈ ભાઈ નથી” એમ કહીને મ્હોટા ઋષભદત્તે ન્હાના ભાઇને શ્વાનની માફક ઘેર પણ આવવા દીધો નહી.

એકદા જિનદાસ જુગારીઓની સાથે રમતો હશે, તેવામાં વાંધો પડવાથી તેઓએ તેને શસ્ત્રનો પ્રહાર કર્યો. તેથી દ્યૂત રૂપ વિષવૃક્ષના ફળ સમાન, શસ્ત્રના પ્રહારની વેદના અનુભવતો જિનદાસ, રંકની માફક ભૂમિ ઉપર આળોટવા લાગ્યો. ( ખબર પડવાથી ) તેના સંબંધીઓએ જઇને ઋષભદત્તને કહ્યું. “ હે ભદ્ર! પ્રાણિમાત્રમાં સાધારણ એવી દયા લાવીને, ત્હારા ન્હાના ભાઈનું જઇને રક્ષણ કર. ( કારણ કે ) તે જ માણસ વિશુદ્ધ કીર્તિનું પાત્ર છે અને તે જ સંબંધી અને વડીલ છે કે, જે બંધુને અને સેવકને વ્યસન રૂપ ખાડામાંથી ઉદ્ધરે.”

સંબંધીઓએ બહુ કહ્યું, તેથી ઋષભદત્તે જઇને ન્હાના ભાઇને કહ્યું. “ હે ભાઈ! શાંત થા. હું તને ઔષધી વિગેરેથી આરામ કરીશ.” જિનદાસે પણ કહ્યું. “ મ્હારા દુરાચરણને વાસ્તે મને ક્ષમા કર. મને હવે આ જીવિત ઉપર સ્પૃહા નથી; મ્હારે વાસ્તે ફક્ત પરલોક સંબંધી કાર્ય કર. હું પરલોક જવાને તૈયાર થયો છું, તો હવે મને અનશન પૂર્વક ધર્મોપદેશ રૂપ પાયેથ આપો.” ઋષભદત્તે કહ્યું. “ ભલે! ભાઇ! તું સંસારની મમતા ત્યાગ કર અને ચિત્ત સ્થિર રાખીને પરમેષ્ઠિ નમસ્કારનો જપ કર.” એ પ્રમાણે શુદ્ધ બુદ્ધિવાળા ઋષભદત્તે ન્હાના ભાઇને શિક્ષા વચન કહીને તેને અનશન સહિત આરાધના કરાવી. જિનદાસ પણ પંડિત મરણે મૃત્યુ પામીને, પરમ ઋદ્ધિવાળો, આ જંબૂદ્વીપનો અધિપતિ દેવ થયો અને “ રાજગૃહ નગરમાં ઋષભદત્ત શ્રેષ્ઠીનો પુત્ર જંબૂ છેલ્લો કેવળી થશે.” એવી અમારી વાણી સાંભળવા ઉપરથી “ કેવળીનો પવિત્ર જન્મ પોતાના કુળમાં થશે, એવું જોઇને એ દેવ, પોતાના કુળની અતિ પ્રશંસા કરે છે. ” ઇતિ ઋષભદત્ત અને જિનદાસની કથા.

વળી મગધેશ્વર શ્રેણિક મહિપાળે પૂછ્યું. હે વિભો! આ વિદ્યુન્માળી દેવ, ગ્રહોને વિષે સૂર્યની પેઠે સર્વ દેવોમાં તેજસ્વી છે, તેનું કારણ શું?" પ્રભુએ કહ્યું:—

## भवदत्त अने भवदेवनी कथा. ३

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશને વિષે, સુગ્રામ નામના ગામમાં આર્યવાન્ નામનો રાષ્ટ્રકૂટ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ રેવતી હતું. તેમને ભવદત્ત અને ભવદેવ નામના બે પુત્ર હતા. ભવદત્તે તો, યુવાવસ્થામાં જ સુસ્થિત આચાર્યની પાસે, ભવસમુદ્રમાં નૌકા સમાન એવી દીક્ષા ગૃહણ કરી અને સર્વ શાસ્ત્રમાં પારંગત થઇને, તે, ખડ્ગધારાની સમાન ઉગ્ર વ્રત પાળતો, ગુરુની સાથે તેનું દ્વિતીય શરીર જ હોયની! તેમ વિહાર કરવા લાગ્યો. એકદા એ ગચ્છના એક સાધુએ, આચાર્યને વિજ્ઞાપના કરી. "હે ગુરુ! મ્હારા બંધુઓ રહે છે, ત્યાં જવાની મને આજ્ઞા આપો; ત્યાં મ્હારો એક લઘુ ભ્રાતા છે, તેનો મ્હારા ઉપર બહુ સ્નેહ છે, તે મને જોઇને મૂળથી જ ભદ્રક હોવાને લીધે, પ્રવ્રજ્યા ગૃહણ કરશે." એ ઉપરથી ગુરુએ તેને શ્રુતધારી સાધુની સાથે જવાની રજા આપી; કારણ કે, ગુરુ તો બીજાનો ઉદ્ધાર કરવામાં તત્પર થએલા શિષ્યને જોઇને પ્રસાદ પામે છે.

હવે પેલા સાધુ, પોતાના પિતાને ગામ ગયા કે, તુરત તેમણે કામદેવ રૂપ વૃક્ષનો દોહદ સમાન એવો પોતાના ભાઇનો વિવાહારંભ જોયો. વિવાહ કાર્યમાં વ્યગ્ર થએલો એવો તે, અન્ય કાર્ય ભૂલી જઈને હર્ષઘેલો થયો હતો. તેથી તેણે પોતાના મ્હોટા ભાઇને આવેલા જાણ્યા નહી ને તેને સન્માન પણ આપ્યું નહીં; તો વ્રત ગૃહણની વાત તો, ક્યાંથી જ હોય! આમ થવાથી તે મુનિ તો, શરમાઈ જઇને ગુરુ પાસે પાછા આવ્યા અને માર્ગ સંબંધી આલો

ઈ પ્રતિક્રમીને, પોતાના લઘુભ્રાતાની સર્વ વાત તેમને કહી. તે સાંભળી ભવદત્ત સાધુએ કહ્યું. "એ ન્હાના ભાઈના અવિવેકને ધિક્કાર છે! કે, તેણે ઘેર આવેલા પોતાના દીક્ષિત એવા મ્હોટા ભાઈની અવજ્ઞા કરી! શું તેણે વિવાહોત્સવને ગુરુભક્તિથી પણ અધિક માન્યો કે, તે (મહોત્સવ) નો ત્યાગ કરી, તે હર્ષ સહિત મ્હોટા ભાઈની સાથે ન આવ્યો !!!" આ સાંભળીને કોઈ બીજા સાધુ બોલ્યા. "હે ભવદત્ત! જો તમે તમારા ન્હાના ભાઈને દીક્ષા અપાવો, તો જ તમને ખરા પંડિત જાણવા!" ભવદત્તે કહ્યું. "જ્યારે ગુરુ મહારાજ મગધદેશમાં વિહાર કરશે, ત્યારે તમે તે કૌતુક જોશો."

હવે અનુક્રમે વિહાર કરતાં કરતાં, સુસ્થિતાચાર્ય મગધદેશમાં ગયા; કારણ કે, સાધુઓ પણ વાયુની પેઠે એક જ સ્થળે રહેતા નથી. ત્યાં પહોચ્યા પછી, ભવદત્તે આચાર્ય પાદને વંદન કરીને કહ્યું. "અહિંથી પાસે જ રહેલા મ્હારા સંબંધી વર્ગને, હું, આપની આજ્ઞા હોય તો મળવા જાઉં?" તે ઉપરથી તેમણે, તેને તો, એકલા જ જવાની રજા આપી; કારણ કે ઇંદ્રિયોને વશ્ય રાખનાર મુનિ, એકાકી વિહાર કરી શકે છે. પછી ભવદત્ત મુનિ, પોતાના ન્હાના ભાઈને દીક્ષા લેવરાવીને, આભારી કરવાને અર્થે તેને ઘેર ગયા. તે વખતે, તે (ભવદેવ) વાસુકીની કુક્ષિએ જન્મેલી નાગદત્તની પુત્રી (નાગિલા) વેરે પરણ્યો હતો. વિવાહ કાર્યમાંથી છૂટા થએલા સર્વ સંબંધીઓ, ભવદત્તને જોઈને, તેના સામા ગયા અને તેના સમાગમને ઉત્સવ રૂપ માનવા લાગ્યા. તુરત જ પ્રાસુક જળવડે તેમના પગ ધોઇને, તે પાદોદકને તીર્થજળ સમાન ગણી, તેઓ સઘળાએ તેને વાંદ્યું. સંસાર સમુદ્રમાં બૂડી જવાના ભયથી, અવલંબનની ઇચ્છાવાળા તેના સંબંધીઓએ, તેના પગમાં પડીને તેને વંદન કર્યું. એટલે મુનિ પણ બોલ્યા. "તમે વિવાહોત્સવમાં વ્યાકૂળ થએલા છો, માટે અમે બીજે ઠેકાણે જઇએ છીએ. તમને ધર્મલાભ થાઓ

અને તમે પાપ રહિત થાઓ! સાધુને સર્વ બંધુવર્ગે એષણીય, કલ્પનીય અને પ્રાસુક અન્ન પાનાદિ વડે હર્ષથી પ્રતિલાભ્યા.

આ વખતે કુળાચાર પ્રમાણે વર્ત્તતો ભવદેવ પણ, સખીવર્ગથી સેવાતી નવવધુ ( નવી પરણેલી સ્ત્રી ) ને શણગારતો હતો. ચંદનના રસ વડે પ્રિયાને અંગરાગ કરતો હતો, તે જાણે શશિમંડળમાંથી કૌમુદીનો રસ કાઢીને જ હોયની! તેને મસ્તકે પુષ્પમાળાએ ગર્ભિત અને શશિને ગળી જનાર રાહુની શોભાને હરનારો વેણીબંધ ( અંબોડો ) બાંધતો હતો. તેના ગાલ ઉપર, કામદેવના વિજયની કીર્ત્તિ લખી હોયની! તેવી કસ્તૂરીની પત્રવલ્લરી ( પીળ-આડ ) આળેખતો હતો અને ત્યાર પછી જેવો, પોતે પ્રિયાના સ્તનતટનું મંડન કરવા જતો હતો, તેવામાં તેણે સાંભળ્યું કે, મહામુનિ ભવદત્ત પધાર્યા છે. વિજય મેળવ્યા પછી કોઈ જુગારી જેમ ઉઠી જાય, તેમ અર્ધ શણગારાયલી પ્રિયાને ત્યજીને, ભવદેવ ભાઈનાં દર્શન કરવાને આતુર થએલો સત્વર ઉભો થયો. "અર્ધ શણગારાયલી પ્રિયાને ત્યજીને જવું તમને ઉચિત નથી" આવા પોતાની પ્રિયાની સખીઓના શબ્દને પણ, તેણે બધીર માણસની પેઠે સાંભળ્યા નહી. જ્યારે તેઓએ તેને આગ્રહથી વાર્યો, ત્યારે તેમને ઉત્તર આપ્યો કે, "હે બાળાઓ! હું ગુરુને વંદન કરીને પાછો આવીશ." ( એમ કહીને ) તે સ્થાનથી વાનરની માફક કૂદકો મારીને, ભવદેવે, ભવદત્ત ઋષિ પાસે આવીને, તેમને વંદન કર્યું. વંદન કરીને ઉભો થયો કે, તુરત સાધુએ તેને સત્યંકાર ( અમુક કાર્ય-કંટ્રાકટને વાસ્તે અગાઉથી કાંઈ આપવું તે-બ્હાનુ ) જ આપ્યું હોયની! તેવું ઘીનું પાત્ર દીક્ષા અપાવવાના ઈરાદાથી આપ્યું. પછી સાધુઓના શિરોમણી અને બુદ્ધિનું નિવાસસ્થાન એવા તે ભવદત્ત, ન્હાના ભાઈ તરફ દષ્ટિ કરીને ગૃહ થકી નીકળ્યા. ભવદેવ પણ પેલું ઘીનું પાત્ર હાથમાં ઝાલીને, ભવદત્ત સાધુની પાછળ તેના ચરણકમળના ભ્રમરની પેઠે ચાલ્યો. ભવ

દેવની માફક બીજા પણ ઘણા સ્ત્રી પુરુષો, હર્ષના ઉર્મિવડે સંતુષ્ટ હૃદય સહિત, તે મુનિની પાછળ ગયા. મુનિએ કોઇને પાછા વળવા નું કહ્યું નહીં; કારણ કે, એ જ મુનિનો ધર્મ છે અને તેમની રજા લીધા શિવાય કોઈ પાછું પણ વળ્યું નહી. દૂર જવાથી જ્યારે ખિન્ન થયા, ત્યારે જ તેમને વંદન કરીને, પોતાની મેળે જ આગળ સ્ત્રીઓ અને પાછળ પુરુષો એમ પાછા વળી ગયા. પણ, ભદ્રાત્મા ભવદેવ તો, વિચારવા લાગ્યો કે, રજા લીધા શિવાય એ લોકો તો પાછા વ ળી ગયા. કારણ કે, એઓ કાંઈ એમના સહોદર નથી. હું તો એ નો ભાઈ છું અને અમારે અરસ્પરસ સ્નેહ છે, તેથી તેની રજા શિવાય મ્હારે પાછા વળવું યોગ્ય નથી. આહાર વિગેરેના ભારથી મ્હારો મ્હોટો ભાઈ થાકી ગયો છે, તેથી તેણે મને ખુશીથી ઘીનું પાત્ર ઉપાડવા આપ્યું છે. તેથી ઘણો વખત આહારને વાસ્તે ફર વાથી, થાકી ગએલા મ્હારા મ્હોટા ભાઇ–મુનિને–અને આ ઘીના પાત્રને, સ્થાને મૂકી આવ્યા પહેલાં, પાછા વળવાની મ્હારી મરજી થતી નથી ( એટલામાં ) ભવદત્ત મુનિએ "એ પાછો ન વળી જા ય" એટલા વાસ્તે તેના મનની ગમ્મતને અર્થે ગૃહસ્થાશ્રમની વાત કાઢી. "હે ભાઇ! આ જ તે ગામને સિમાડે આવેલા વૃક્ષો, ને મુ સાફરોના (વાસ્તે બંધાવેલા ) મંડપો કે, જ્યાં આપણે વાનરની મા ફક એકલા રમતા.–આ જ તે સરોવરો કે, જ્યાં આપણે બન્ને બા લ્યાવસ્થામાં કમળપુષ્પના નાળવા વડે, સુશોભિત હાર બનાવીને કંઠમાં પહેરતા.–આ જ તે સિમાડે આવેલી રેતીવાળી ભૂમિ કે, જ્યાં આપણે વર્ષાઋતુમાં ૧રેતીના ચૈત્યની રમત રમતા." આ પ્ર માણે ભવદત્ત રસ્તામાં ન્હાના ભાઈની સાથે વાત કરતા કરતા, આ ચાર્ય મહારાજે પવિત્ર કરેલા ગામે આવી પહોચ્યા. ભવદત્તને ન્હા ના ભાઈ સહિત વસતિદ્વાર ( રહેવાના સ્થાનના બારણા ) સૂધી આ

૧ રેતીના ઘરની.

વેલા જોઇને, સાધુઓ વક્રોક્તિથી માંહોમાંહે બોલ્યા. "ખરેખર! પોતાનું વચન સત્ય કરવા, આ મુનિ દિવ્ય વેષધારી પોતાના ન્હાના ભાઇને, દીક્ષા અપાવવા સાથે લેતા આવ્યા જણાય છે!" સૂરિએ કહ્યું. "ભવદત્ત, આ યુવાન્ આવ્યો તે કોણ છે?" ત્યારે ભવદત્તે કહ્યું. "દીક્ષા લેવાની ઇચ્છાવાળો મ્હારો ભાઈ આવેલો છે." સૂરિએ ભવદેવને પૂછયું. "કેમ ત્હારે વ્રત ગૃહણ કરવું છે?" ત્યારે પોતાના ભાઈ અસત્ય બોલેલા ન ઠરે, તે વાસ્તે ભવદેવે હા કહી. એટલે તે જ વખતે સૂરિએ તેને દીક્ષા આપી ને સાધુઓ સહિત બીજે વિહાર કરવાની યોજના કરી.

"ભવદેવ હજુ કેમ ન આવ્યો?" આમ ફિકરથી તેના સંબંધીઓએ પછવાડેથી આવીને ભવદત્તને કહ્યું. "ભવદેવ તેની પ્રિયાને અર્ધ શણગારાયલી ત્યજી દઇને, તમારી પાછળ આવ્યો છે અને તેથી અમને શોક થાય છે; કેમ કે, તેના વિના અમે જીવતા મૃત્યુ પામેલા જેવા છીએ. તેની યુક્તિવિધવા વધુ, ચક્રવાકિની સમાન દુઃખી થાય છે અને લોહિની ધારા સમાન તેની અશ્રુધારા હજુ બંધ થતી નથી. અમને પૂછયા શિવાય ભવદેવ એકાકી કયાંહિ જાય, એ સ્વપ્નમાં પણ અસંભવિત છે; પણ ( આ વખતે ) એ ગયો છે તે શું થયું? ભવદેવને દેખતા નથી,- ત્યાં સૂધી અમે તેના સંબંધીઓ અમારૂં સર્વસ્વ ખોઈ બેઠા છીએ, તો હે ઋષિ! કૃપા કરીને કહો કે, તે તમારો ન્હાનો ભાઈ કયાં છે?" ભવદેવને ધર્મનું શુભ પરિણામ થાય, એ (હેતુ)થી મુનિ અસત્ય બોલ્યા કે, "આવીને તુરત ગયો છે, પણ કયાં, તે હું જાણતો નથી." "બીજે રસ્તેથી ગયો હશે." એમ બોલતા બોલતા તેના સંબંધીઓ તુરત ચોરોએ લૂટી લીધા હોય, તેમ દીન મુખે પાછા આવ્યા. ભવદેવ પણ પોતાની નવવધુનું હૃદયમાં ધ્યાન કરતો જ ( અને તેથી ) સશલ્ય એવી પ્રવ્રજ્યાને ફક્ત મ્હોટા ભાઈ ઉપરની ભક્તિને લીધે જ પાળતો હતો.

મહર્ષિ ભવદત્તે પણ, અનુક્રમે ઘણું આયુષ્ય ભોગવીને અનશન કરીને કાળ કર્યો, ને તે સૌધર્મ દેવલોકમાં દેવતા થયા.

પછી ભવદેવ એમ ચિંતવન કરવા લાગ્યો કે, નાગિલા મ્હારી પ્રિયા છે અને હું તેનો સ્વામી છું; અમારા બન્નેનો વિરહ થયો છે. ભાઇના ઉપરોધને લીધે જ મેં ઘણો કાળ વ્રત પાળ્યું છે. હવે જ્યારે તે સ્વર્ગમાં ગયો છે, ત્યારે આ ખેદજનક વ્રત શા કામનું છે? મ્હારી પ્રિયાના વિરહથી જેવી પીડા થાય છે, તેવી દીક્ષાના દુષ્કર કષ્ટથી પણ મને થતી નથી; પણ તેનું શું થયું હશે? જેવી રીતે બંધનભૂમિમાં પડેલી હાથણી, હિમથી કરમાયલી પદ્મિની, મરુદેશમાં રહેલી મરાળી (હંસી), ગ્રીષ્મનો તાપ સહન કરતી તરુલતા, વિખૂટી પડેલી હરિણી અને પાશમાં પડેલી મેના; તેવી રીતે જ હું ધારૂં છું કે, તે બિચારીની લોકો ૧દયા ખાતા હશે! જો હું લાંબા (ને તેથી જ સુંદર) નેત્રવાળી તે મ્હારી પ્રિયાને જીવતી મેળવું, તો હજુએ પણ હું તેની સાથે ગૃહસ્થાશ્રમમાં લીન થઇને ક્રીડા કરૂં. આ પ્રમાણે તંતુવડે વીંટાએલા કરોળીઆની પેઠે ચિંતાતંતુએ વીંટાયેલો ભવદેવ, સ્થવિર સાધુની રજા લીધા શિવાય નીકળી આવ્યો.

તુરત જ રાષ્ટ્રકૂટના સુગ્રામ નામના ગામને વિષે તે ગયો અને બંધ કરેલા દ્વારવાળા નગરની બહાર આવેલા એક આયતન (મંદિર) માં રહ્યો. ત્યાં એક બ્રાહ્મણીની સાથે સુગંધી માળા વિગેરે લઇને, એક સ્ત્રી આવી અને તેણે મુનિ ધારીને વંદન કર્યું. એટલે તેને ભવદેવે પૂછ્યું. "હે ભદ્રે! આર્યવાન્ રાષ્ટ્રકૂટ અને પત્નિ રેવતી જીવે છે કે, નહી?" ત્યારે તેણે કહ્યું કે, "આર્યવાન્ રેવતીને તો, મૃત્યુ પામ્યાને આજ ઘણો કાળ થયો." ભવદેવે ફરીથી પૂછ્યું. "આર્યવાન્ના પુત્ર ભવદેવે પોતાની નવવધુને ત્યજી દીધી હતી; તે નાગિલા હજુ છે કે, નહી?" "(આ સાંભળી) તે સ્ત્રીએ વિચાર્યું કે, નક્કી

૧ દયા આણતા હશે.

મ્હોટા ભાઈ પાસે દીક્ષા ગ્રહણ કરેલી હતી, તે જ આ ભવદેવ છે. માટે અહિં આવેલા એ વિશુદ્ધ (સાધુ) ની સાથે વાત તો કરૂં !!" એમ ધારીને તે બોલી. "આપ જ આર્યવાન્ ને રેવતીના પુત્ર ભવદેવ છો, તો તમે તપોધન (સાધુ) થઇને અહિં કેમ આવેલા છો ?" ભવદેવે કહ્યું. "ખરે ! તેં મને ઓળખ્યો ! તે જ હું ભવદેવ, નાગિલાનો સ્વામી. તે વખતે હું મ્હોટા ભાઈના આગ્રહથી મ્હારી મરજી ઉપરાંત તેનો ત્યાગ કરીને જતો રહી દુષ્કર વ્રત ગ્રહણ કર્યું. હવે ભાઈ મૃત્યુ પામ્યો એટલે હું અંકૂશ રહિત થયો, તેથી નાગિલાનું શું થયું હશે? એમ ધારીને તેને મળવાની ઈચ્છાથી અહિં આવ્યો છું."

નાગિલાએ વિચાર્યું. "આ ભવદેવે મને ઘણા વખત પહેલાં જોઇ છે; તેથી હવે વય અને ગુણ બદલાઇ ગએલા છે જેના એવી મને ઓળખતો નથી. હવે હું તેને ઓળખાવું." એમ ધારી નાગિલા બોલી "હું જ એ નાગિલા કે, જેનો તમે પરણીને તુરત ત્યાગ કર્યો. આટલે કાળે યૌવન પણ વ્યતિક્રમ્યું એટલે હવે મ્હારામાં શું લાવણ્ય હોય! તેનો તમે, હે પુણ્યાશય ! વિચાર કરો. સ્વર્ગ અને અપવર્ગના ફળને આપનારાં ત્રણ રત્નો (જ્ઞાન, દર્શન અને ચારિત્ર) નો ત્યાગ કરીને, હે મહાશય ! માત્ર વરાટિકા (કોડી) સમાન મને ન ગ્રહણ કરો. અત્યંત ઘોર નરકમાં પડવામાં સહાય્યભૂત, કામદેવના અસ્ત્ર જે વિષયો, તેનાથી તમે ભેદાતા નહી. તમારા હિતૈષિ ભાઇ-સાધુ-એ તમને વ્રત લેવરાવ્યું છે, તે વ્રત પાપની ખાણ એવી હું-તેમાં લીન થઇને તમે નથી લીધું એમ ન ધારો. તેટલા વાસ્તે હજુ પણ પાછા વળીને, તમારા ગુરૂ પાસે જાઓ અને મ્હારા વિષેના તમારા રાગને લીધે બાંધેલાં પાપ, તેમની પાસે આલોચો (આલોચન-આળોયણ લ્યો.)"

*[સંયમથી ભ્રષ્ટ થએલા ભવદેવનાં પૂર્વોક્ત નિર્લજ વચનો સાંભ

*[ ]આવા કાઉંસની અંદર જે લખાણ આવેલું છે, તે અધિકાર માગધીજંબૂચરિત્રમાંછે

ળી, તેને પ્રતિબોધ દેવાને અર્થે વળી પણ નાગિલાએ આ પ્રકારે કહ્યું. "હે મુને! આવાં ખોટાં વચન ન બોલો. સાંભળો, જેમ એવો કોણ મૂર્ખ હોય કે, જેનાથી મનોવાંછિત સુખ મળે, એવા ચિંતામણી રત્નનો ત્યાગ કરીને કાંકરાને ગ્રહણ કરે? જેને પોતાના ગૃહ આગળ બાંધવાથી પોતાનું દ્વાર શોભે, એવા હસ્તીને વેચીને ગર્દભને ગ્રહણ કરે? આંગણામાં ઉગેલા કલ્પવૃક્ષને ઉખેડી નાંખીને ધંતૂરાને વાવે? જેનું પાન કરવાથી શરીર પુષ્ટ થાય, એવા અમૃત સમાન દૂધને ઢોળી દઇને કાંજી પીએ? તેમ એવો કોણ મૂર્ખ હોય કે, જિનધર્મ છાંડીને કામભોગને વિલસે અને વહાણનો ત્યાગ કરી શિલા ઉપર બેસે? હે દેવાનુપ્રિય! રાજ્ય અને ઋદ્ધિનો ત્યાગ કરી સંયમને વિચર્યા એવા દશ ચક્રવર્તિઓ, નમિરાજર્ષિ, દુમ્મુહરાજર્ષિ, કરકંડૂરાજર્ષિ, નિગ્ગઇરાજર્ષિ, મૃગાપુત્ર મુનિ, દુસ્સહ ઉપસર્ગને સહન કરનારા ગજસુકુમાળ મુનિ, જેના મસ્તકે વાધર વિંટાણું એવા મેતાર્ય મુનિ, જેમનુ શરીર વાઘણે વલૂર્યું હતું એવા સુકોસળ મુનિ, મેઘકુમાર મુનિ, અર્જુનમાળી મુનિ, અતિ તપસ્વી એવા ધન્નાઅણગાર, ખંધક મુનિ, જેમણે પાણીમાં પાતરી તરાવી હતી એવા અતિમુક્તક મુનિ; ઇત્યાદિ અનેક મહાપુરુષો, જેમ સર્પ કાંચળીનો ત્યાગ કરે, તેમ રાજ્ય, દેશ, નગર અને અંતેઉરનો ત્યાગ કરીને સંયમ અને તપે કરીને પોતાના આત્માને ભાવતા થકા કેટલાએક મુનિયો કર્મ રહિત થઈ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા અને જેઓને કાંઇક કર્મ બાકી રહ્યાં હતાં, તેઓ દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી એકાવતારી થઇ કર્મ ખપાવી સિદ્ધિપદને વરશે. એવા પૂર્વે જે મહામુનિયો થઇ ગયા છે, તેમને તમે વારંવાર સંભારો, તેમની કરણીને ધન્યાવાદ કહો અને તેમની પેઠે વર્ત્તો."

"વળી હે દેવાનુપ્રિય! જે નાગિલાના શરીરને વિષે તમે મોહાસક્ત થયા છો, પરંતુ તે નાગિલાનું શરીર તો નિશ્ચે છાંડવા યોગ્ય

જ છે; કારણ કે, તેના દ્વાદશ દ્વારેથી રાત્રી દિવસ અશુચી વહ્યા કરે છે! વળી તે શરીર અધ્રુવ, અશાશ્વત તેમજ વ્યાધિ અને રોગનું ગૃહ છે. તો એવા શરીરને વિષે કોણ મૂર્ખ પુરુષ મોહ પામે? જે પંડિત હોય, તે તો તેનાથી સદાય દૂર જ રહે. એટલું જ નહિ પણ, તે પંડિત પુરુષ, જેમ અગંધન કુળના સર્પને અગ્નિમાં નાંખે, તો પણ તે વમેલું વિષ કદિ પાછું ચૂશી લે નહી; તેમ ગૃહણ કરેલું ચારિત્ર કદિ પણ મૂકે નહી. તે કારણ માટે હે મુને! તમે પણ તેવા થાઓ. વળી હે સાધો! સંયમમાર્ગને સારમાં સાર પદાર્થ જાણીને અને શરીર સંબંધી કામભોગને અસારમાં અસાર પદાર્થ જાણીને શુદ્ધ ચિત્તથી ગુરુ પાસે ફરી સંયમ ગૃહણ કરો. આ અધિકાર માગધિ જંબૂચરિત્રમાં છે.]

તેટલા વાસ્તે હજી પણ પાછા વળીને, તમારા ગુરુ પાસે જાઓ અને મ્હારા વિષેનાં તમારાં રાગને લીધે બાંધેલાં પાપ, તેમની પાસે આલોચો ( આલોચન–આળોયણ લ્યો. )”

જયાં આ પ્રમાણે ભવદેવને નાગિલા અનુશિક્ષા આપે છે, ત્યાં પેલી ( નાગિલાની સાથે આવેલી ) બ્રાહ્મણીનો પુત્ર, દૂધ પીને ત્યાં આવીને કહેવા લાગ્યો. “હે માતા! આજે મેં જે સુધા તુલ્ય દૂધ પીધું છે, તેનું મ્હારે વમન કરવું છે. માટે હે માતા! એક પાત્ર તું નીચે ધરી રાખ, આજે મને બીજી જગ્યાએથી નિમંત્રણ આવ્યું છે અને ત્યાં દક્ષિણા પણ મળવાની છે; માટે હું પીધેલા દૂધનું વમન નહિ કરૂં તો, ત્યાં કાંઈ ખાઈ શકીશ નહી. દક્ષિણા લઇને અહિં આવ્યા પછી, મેં વમન કરેલું દૂધ, હું જ પાછો પી જઈશ; આપણું જ ઉચ્છિષ્ટ ( એઠું ) જમવામાં શરમ શી?” બ્રાહ્મણીએ કહ્યું. “વમન કરેલું જમતાં તને જુગુપ્સા થશે. ( ધિક્કાર છૂટશે ) માટે હે પુત્ર! આવા ધિક્કારવા યોગ્ય કૃત્યથી દૂર રહે.”

તે સાંભળીને ભવદેવે પણ કહ્યું. “હે બટુ! તું વમન કરેલું

ખાઈશ, ત્યારે તું શ્વાન કરતાં પણ અધમ ( ગણાઈશ )." એ ઉ પરથી નાગિલાએ કહ્યું. "હે ઋષિ! જો તમે એવું જાણો છો ને એવું કહો છો, તો એક વખત મને વમન કરીને ( ત્યાગ કરીને ) ફરીથી કેમ ભોગવવાની ઇચ્છા રાખો છો? માંસ, ચરબી, અસ્થિ ( હાડકાં ) અને મળમૂત્રથી ભરેલી હું અધમાધમ છું; તો વમન કરેલી વસ્તુથી જુગુપ્સા પામતા એવા, મ્હારી ઈચ્છા કરો છો, એ માં તમને કાંઈ શરમ નથી આવતી? પર્વત ઉપર બળતા અગ્નિને જુઓ છો ને પગ નીચે બળે છે, તે નથી જોતા! જે તમે બીજા ને શીખવો છો, તે તમે પોતે નથી શીખતા! બીજાને બોધ દેવા માં ડાહાપણ વાળાઓની, પુરુષમાં ગણના ન જ થાય; જેઓ પો તાને બોધ દેવા ચતુર હોય, એવા જ મનુષ્યોની પુરુષ વર્ગમાં ગણ ના થાય." ( એ સાંભળીને ) ભવદેવ સાધુએ કહ્યું. "હે શુદ્ધ સ્ત્રી! તેં મને ( ખરાં ) શિક્ષા વચન કહ્યાં; અંધ પુરુષને જેમ, તે મ તેં મને આડે રસ્તેથી ખરે રસ્તે આણ્યો છે. તેથી આજે હું મ્હારા સંબંધીઓને મળી, મ્હારા ગુરુ સમીપે જઈશ અને વ્રતના આ અતિચારને આલોચી દુષ્કર તપ કરીશ." ત્યારે નાગિલાએ ક હ્યું. "તમારે સ્વજનોનું શું કામ છે? તમારો જ અર્થ સાધો ( એ ટલે થયું ) તમને ગુરુના દર્શનમાં તેઓ સાક્ષાત્ વિઘ્ન રૂપ થઈ પ ડશે. તે વાસ્તે તમે ગુરુ મહારાજ પાસે જાઓ, ઇંદ્રિયો વશ્ય રા ખીને વ્રત આચરો અને હું પણ સાધ્વી સમીપે દીક્ષા ગૃહણ કરી શ. પછી ભવદેવે અર્હત્પ્રાતમાને વંદન કરીને શાંત બની ગુરુ સમીપે જઈ આલોચનાદિ ક્રિયા કરી. અતિચાર રહિત શ્રામણ્ય ( સાધુપણું ) પાળી ભવદેવ કાળ કરી, પહેલા દેવલોકને વિષે, શ ક્રનો સામાનિક દેવતા થયો. ઇતિ ભવદત્ત અને ભવદેવની કથા.

# सागरदत्तकुमारनी कथा. ६

હવે ભવદત્તનો જીવ ચ્યવીને, વિદેહ ભૂમિમાં શિરોમણી પુષ્કળાવતિ વિજયને વિષે પુંડરીકિણી નગરીમાં વજ્રદત્ત ચક્રિની યશોધરા રાણીની કુક્ષિએ આવ્યો. સરોવરમાં જેમ હંસ, તેમ કુક્ષિને વિષે તે જીવ આવ્યાથી, યશોધરા રાણીને સમુદ્રમાં ન્હાવાનો ૧દોહદ ઉત્પન્ન થયો. તે ઉપરથી અંભોધિ સદૃશ સીતાનદીમાં ક્રીડા કરાવીને, મહાદેવીનો દોહદ મહીપતિએ પૂર્યો. પછી મહાદેવી યશોધરા દોહદ સંપૂર્ણ થવાથી, તરુલતાની સમાન લાવણ્યમાં વધતી ગઈ. સંપૂર્ણ સમયે ચક્રવર્ત્તિની સ્ત્રીએ, ગંગા જેમ સુવર્ણકમળને જન્મ આપે, તેમ ઉત્તમ પુત્રને જન્મ આપ્યો.

યશોધરાને થએલા દોહદને અનુસારે, રાજાએ શુભ દિવસે પુત્રનું સાગરદત્ત એવું નામ પાડ્યું. ધાત્રીઓએ સ્તનપાન વિગેરેથી ઉછેરાતો રાજપુત્ર, ક્રમે કરીને વૃક્ષની માફક વૃદ્ધિ પામવા લાગ્યો. બોલતાં શીખ્યો એટલે તે રાજપુત્ર, ઔત્સુક્યને લીધે કાંચનલતા ઉંચી કરીને, પોપટ મેના વિગેરેને શીખવવા લાગ્યો. પ્રૌઢ થયો એટલે મિત્રોની સાથે રત્નને દડે રમવા લાગ્યો, ત્યારે તેનાં માણિક્યનાં કુંડળો તેના માંસલ (માંસવાળા-મજબૂત) ખભા રૂપ રંગભૂમિ ઉપર નૃત્ય કરતા હોય! તેવા દેખાતા હતા. યોગ્ય વખતે રાજાએ તેને ગુરુ સમીપે મોકલ્યો; ત્યાં તેણે કૂપથકી મુસાફર પાણી પીએ, તેમ ગુરુ પાસેથી સઘળી કળાનું પાન કર્યું. અર્થાત્ ગુરુ પાસેથી સઘળી કળા શીખ્યો.

સકળ વિશ્વને નેત્રકમળથી અત્યંત પ્રમોદ આપતો તે રાજપુત્ર, શશિ જેમ સંપૂર્ણ કળાએ પહોચે, તેમ યુવાવસ્થાએ પહોચ્યો. (એટલે) માતા પિતાએ તેને સ્વયંવરમાં આવેલી કન્યાઓ

---

૧ ડોહળો.

પરણાવી; કારણ કે, રત્નાકરમાં નદીઓ મળે, તેમ તેઓ પણ પાત્ર ( અર્થાત્ પતિ ) પાસે આવે છે. ગાયોની સાથે જેમ વૃષભ, હાથણીની સાથે હાથી અને તારાઓની સાથે જેમ ચંદ્રમા, તેમ તે સ્ત્રીઓની સાથે તે ( રાજપુત્ર ) ક્રીડા કરવા લાગ્યો.

એકદા કામદેવ સમાન તે, મહેલમાં રાણીઓની સાથે ક્રીડા કરતો હતો, તેવામાં તેણે આકાશમાં મેરૂ સમાન મેઘમંડળ જોયું. ( તે ઉપરથી ) તે વિચારવા લાગ્યો કે, જેવું શાસ્ત્રમાં મેરૂનું વર્ણન કરે છે, તેવું જ આ મેઘમય મંડળ દેખાય છે. અહો ! એની કેવી રમણીયતા છે ! આ પ્રમાણે તે મેરૂ સમાન મેઘમંડળ જોવા, તેની દૃષ્ટિ તેમાં ચોટી રહી હોયની ! તેમ નીચી થઈ જ નહી ! ! એ પ્રમાણે કુમાર ઉંચુ જોયા કરે છે, એટલામાં તો, તે મેઘમાળા જળના પરપોટાની માફક નાશ પામીને કયાંહિ જતી રહી.

( આ ઉપરથી ) સાગરદત્ત કુમારે વિચાર્યું કે, જેવી રીતે આ મેઘ ક્ષણિક છે, તેવી જ રીતે આ શરીર પણ ક્ષણિક છે; તો પછી સંપત્‌ની તો શી વાત કરવી ! જે સવારે દેખાય છે, તે મધ્યાન્હે દેખાતું નથી ! ને જે મધ્યાન્હે દેખાય છે, તે રાત્રીએ દેખાતું નથી ! ! ! વાસ્તે આ સંસારમાં સર્વ પદાર્થ અનિત્ય છે. તે માટે વિવેક રૂપ જળથી સિંચાયલા, મનુષ્ય જન્મ રૂપ વૃક્ષનું ફળ [1]સકામ નિર્જરાવડે સારભૂત એવું વ્રત હું ગૃહણ કરૂં.

પછી સુબુદ્ધિ સાગરદત્ત પરમ વૈરાગ્યને ધારણ કરતો, અંજળિ જોડીને માતા પિતા પાસે વ્રત લેવાને અર્થે, રજા માગવા લાગ્યો. ત્યારે તેમણે કહ્યું. “ હે પુત્ર ! યુવાવસ્થામાં વ્રત લેવાનો આગ્રહ કરવો, તે જ્હારે વીણા વાગતી હોય, તે વખતે શાસ્ત્રનો પાઠ કરવા જેવું છે. હમણાં તું યુવરાજ છે અને રાજા પણ તું થવાનો છે ( વાસ્તે ) ચિરકાળ રાજ્ય પાળીને, પછી યોગ્ય સમયે દીક્ષા લે

૧ મન સંયુક્ત-જ્ઞાનવડે કર્મોની નિર્જરા કરવી, તે સકામનિર્જરા.

જે." ત્યારે સાગરદત્તે કહ્યું. "હે પૂજ્ય માતા પિતા! મેં લક્ષ્મીનું પ્રત્યાખ્યાન કર્યું છે, છતાં તમે મને પ્રવ્રજ્યા ગૃહણ કરવાની કેમ રજા આપતા નથી?" એ પ્રમાણે બુદ્ધિવાન્ સાગરદત્તે પોતાના આગ્રહ રૂપ કુહાડાથી તેમનો પ્રેમ પાશ ત્રોડયો. ત્યારે તેમણે તેને વ્રત લેવાની સમ્મતિ આપી. પછી અનેક રાજપુત્રના પરિવાર સહિત સાગરદત્તે, સાગરાચાર્યની પાસે અમૃત સમાન વ્રત ગૃહણ કર્યું. વિવિધ અભિગ્રહ ધારણ કરી, ગુરુ સેવામાં પરાયણ બની અનુક્રમે સાગરદત્ત, શાસ્ત્ર રૂપ અંભોધીને પાર પહોચ્યો અને તપને કાંઇ દૂર નથી, એવો વિશ્વાસ કરાવવાવાળું અવધિજ્ઞાન સાગરદત્તને તપ કરવાથી ઉત્પન્ન થયું. ઇતિ સાગરદત્ત કુમારની કથા.

---

## शिवकुमारनी कथा. ५

ભવદેવનો જીવ પણ, કાળ પૂર્ણ થએ સ્વર્ગમાંથી ચ્યવીને, તે જ વિજયમાં વીતશોકા નામની શ્રેષ્ઠ નગરીમાં, પદ્મરથ નામના મહા ઋદ્ધિવાળા ભૂપતિની, વનમાળા નામની રાણીની કુક્ષિને વિષે શિવ નામનો પુત્ર થયો. યત્નથી ઉછેરાતો તે કુમાર, કલ્પદ્રુમની સમાન વૃદ્ધિ પામવા લાગ્યો અને અનુક્રમે કાકપક્ષધર થયો. ( કાનશીયા વાળો–અર્થાત્ મ્હોટો થયો ) બુદ્ધિમાનમાં શિરોમણી એવા તેને ગુરુ તો માત્ર સાક્ષી રૂપ થયા. અને સર્વ કળાઓએ તો, અરસપરસ્ સંકેત કરી રાખ્યો હોય! તેમ તેનામાં પ્રવેશ કર્યો. લતાઓથી વૃક્ષ જેમ શોભે, તેમ તે યુવાવસ્થામાં, ઉત્તમ કુળમાં જન્મેલી રાજકન્યાઓ સાથે પરણવાથી શોભવા લાગ્યો.

એક વખતે સ્ત્રી સહિત, તે મહેલમાં બેઠો હતો, તેવામાં સાગરદત્ત ઋષિ નગરીની બહારના ઉદ્યાનમાં સમવસર્યા. ત્યાં કામસમૃદ્ધ નામના સાર્થવાહે, તે મહામુનિને ભક્તિવડે માસખમણને પારણે

પ્રતિલાભ્યા. ( અર્થાત્ એક મહિનાના તપનું પારણું કરાવ્યું.) સુપાત્ર દાનના પ્રભાવથી કામસમૃદ્ધ શ્રેષ્ઠીને ઘેર, આકાશમાંથી ધનની વૃષ્ટિ થઈ; સુપાત્રે દાન દેવાથી શું શું નથી મળતું? શિવકુમારે આવું અદ્ભૂત વૃત્તાંત સાંભળીને, ત્યાં જઇ મુનિને વંદન કર્યું અને તેમના પાદપદ્મની પાસે, રાજહંસની સમાન થઇને બેઠો. ચૌદપૂર્વધારી સાગરસૂરિ પણ, શિવકુમારને અને તેના પરિવારને અર્હત્‌ભાષિત ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા. વિશેષે કરીને મુનિએ, તે બુદ્ધિમાન્ પુરુષના સ્ફટિક સમાન નિર્મળ અંતઃકરણમાં, સંસારની અસારતા ઠસાવી. શિવકુમારે ઋષિને પૂછ્યું. "હે પ્રભો! આપનો પૂર્વનો ભવ કયો છે? કે, જેથી આપના દર્શનથી મને અધિક અધિક સ્નેહ અને હર્ષ થાય છે?" અવધિજ્ઞાનવડે જાણીને મુનિએ કહ્યું. "તમે પૂર્વ જન્મમાં, મ્હારા પ્રાણથી પણ પ્રિય એવા ન્હાના ભાઈ હતા. મેં દીક્ષા લીધી ત્યાર પછી તમને પણ તમારી મરજી વિરુદ્ધ, પરંતુ પરલોકના હિતની વાંછાને લીધે, ઉપાય યોજીને દીક્ષા લેવરાવી. પછી આપણે બન્ને સૌધર્મ દેવલોકમાં મ્હોટી ઋદ્ધિવાળા દેવતા થયા. ત્યાં પણ આપણા વચ્ચે, કુમુદને ચંદ્રમાના જેવી પ્રીતિ હતી. ( હવે ) આ ભવમાં હું પોતાના તેમજ પારકા ઉપર સમાન દૃષ્ટિવાળો અને રાગ રહિત સાધુ થયો છું, પણ તમે તો અદ્યાપિ રાગી છો, તેથી તમને મ્હારા ઉપર પૂર્વ ભવનો સ્નેહ છે." ( ત્યારે ) શિવકુમારે કહ્યું. "પહેલાં પણ વ્રત અંગીકાર કરવાથી, હું દેવતા થયો હતો; તો આ ભવમાં પણ મને પૂર્વભવના જેવું વ્રત આપો. દીક્ષા લેવાની માતા પિતા પાસે રજા લઈ આવું, ત્યાં સૂધી મ્હારા ઉપર કૃપા રાખીને આપે અહિં જ રહેવું."

પછી શિવકુમારે જઇને માતા પિતાને વિજ્ઞાપના કરી કે "આજે મેં સાગરદત્ત મુનિની દેશના સાંભળી અને તેમની કૃપાથી મેં સંસારની અસારતા જાણી છે; તેથી હું, ભાર ઉપાડવાથી ભારાવાળો

જેમ વિરક્ત થાય, તેમ સંસારથી વિરક્ત થયો છું. તેથી ગમે તે પ્રકારે, મને દીક્ષા લેવાની રજા આપો. મોહરૂપ અંધકારના પ્રભાત કાળ સમાન સાગરદત્ત ઋષિનું મને શરણ છે.” માતા પિતાએ કહ્યું. “હે પુત્ર! યુવાવસ્થામાં તું વ્રત ગૃહણ નહિ કર; હજુ તો અમારૂં ત્હારી ક્રીડા જોવાનું સુખ પણ પૂરૂં થયું નથી. તું એકદમ કેમ છેક મમતા રહિત થઇ ગયો કે, તું પારકા જનોની પેઠે અમને પણ ત્યજી દઇને જતા રહેવાની ઇચ્છા કરે છે? જો તું ભક્ત હોઇશ અને અમારી રજા લઇને જવાની ઇચ્છા રાખીશ, તો અમારી જીભ તો ફક્ત નકાર જ કહેશે.” આમ માતા પિતાએ રજા ન આપી એટલે શિવકુમાર જઇ શકયો નહિ, પણ તે સર્વ સાવદ્ય નિયમે કરીને ભાવ યતિ થયો. હું મુનિ સાગરદત્તનો શિષ્ય છું, એમ નિશ્ચય કરી, તે ત્યાં મૌન પણે રહ્યો. કારણ કે, એ ( મૌનવૃતિ ) જ સર્વ અર્થનું સાધક છે. આગ્રહથી તેને જમવા બેસાર્યો, પણ તે કાંઈ જમ્યો નહિ. “મને કાંઈ ગમતું નથી.” એટલું જ તે વારંવાર બોલવા લાગ્યો.

મોક્ષના અર્થી શિવકુમારે, રાજાને આ પ્રમાણે ઉદ્વેગ પમાડયો એટલે તેણે દૃઢધર્મા નામના શ્રેષ્ઠીપુત્રને બોલાવીને કહ્યું. “હું દીક્ષા લેવા દેતો નથી, તેથી મ્હારા શિવકુમારે પત્થરથી પણ નિષ્ઠુર ચિત્ત કરીને મૌન ધારણ કર્યું છે. છલંગમાં નિષ્ફળ જવાથી જેવી રીતે સિંહ અને મદ નાશ પામવાથી જેવી રીતે હસ્તી, ખોરાક પણ લેતા નથી, તેવી રીતે શેંકડો વાર મનાવ્યા છતાં પણ, એ જમતો નથી. તો હે વત્સ! તું જાણે છે, તેમ મ્હારા શિવકુમારને ભોજન કરાવ; ત્હારા એમ કરવાથી હું ત્હારો બહુ જ આભારી થઈશ. હે મહાશય! શરીરરૂપ માળામાંથી જતા રહેવાને ઉત્સુક બનેલા, મ્હારા જીવરૂપ પક્ષીને પ્રત્યાશારૂપ પાશે કરીને તું બાંધી લે.” દૃઢધર્મા પણ, મહીપતિની આજ્ઞાનું મનન કરી, શિવકુમારની પાસે ગયો. નૈષેધિકી ( નિસ્સિહી ) કહીને ( બીજા વ્યાપારનો ત્યાગ કરીને ) તેના નિવાસ

સ્થળમાં પ્રવેશ કરીને, અનુક્રમે તે બુદ્ધિમાન્ શ્રેષ્ઠીપુત્રે ઐર્યાપથિકી (ઇરિયાવહિ) પ્રતિક્રમી. દ્વાદશાવર્ત વંદન કરીને અને ભૂમિને પ્રમાર્જીને " મને આજ્ઞા આપો" એમ કહીને, તે તેની પાસે બેઠો. શિવકુમારે કહ્યું. " હે શ્રેષ્ઠીપુત્ર! આ મેં સાધુને યોગ્ય વિનય જોયો, તે મને કેવી રીતે યોગ્ય કહેવાય?" શ્રેષ્ઠીપુત્રે કહ્યું. "સમ્યગ્દૃષ્ટિ જીવોને તો, હમ્મેશાં ગમે ત્યાં પણ સર્વ કોઇ તરફ સરખો જ વિનય કરવો યોગ્ય છે. એક માણસ ગમે તેવો હોય, પણ તેનું હૃદય જો સમભાવવાળું હોય, તો તે વંદન કરવાને યોગ્ય જ છે. એમાં કાંઇ દોષની શંકા નથી. પણ હે કુમાર! હું તને પૂછું છું–ને એ જ પૂછવાને આવેલો છું કે, રસજ્વરથી પીડાતા માણસની પેઠે, તું ભોજનનો કેમ ત્યાગ કરે છે?" શિવકુમારે કહ્યું. " મ્હારા માતા પિતા મને દીક્ષાની રજા આપતા નથી, તેથી હું ભાવ યતિ થઇને, ઘરથી વિરામ પામીને રહ્યો છું. મ્હારા માતા પિતા ઉદ્વેગ પામીને, મ્હારા વિષેની મમતા ત્યજી દઇને મને દીક્ષા લેવા દે, એટલા વાસ્તે હું ભોજન કરતો નથી." શ્રેષ્ઠીપુત્રે કહ્યું. " હે મહાશય! જો એમ હોય તો, તું ભોજન કર; કારણ કે, ધર્મ દેહને આધીન છે ને દેહ આહારથી ટકી શકે છે. મહર્ષિઓ પણ નિરવદ્ય આહાર ગૃહણ કરે છે; કારણ કે, આહાર રહિત શરીરથી, કર્મનિર્જરા થવી દુષ્કર છે." રાજપુત્રે કહ્યું. " હે મિત્ર! અહિં મને નિરવદ્ય આહાર મળે તેવું નથી, તેથી આહાર ન કરવો તે જ શ્રેષ્ઠ છે." શ્રેષ્ઠીપુત્રે કહ્યું. " અત્યારથી તું મ્હારો ગુરુ અને હું ત્હારો શિષ્ય; હવે ચાલ, ત્હારે જે જે જોઇશે, તે તે નિરવદ્ય હું તને લાવી આપીશ." ત્યારે શિવકુમારે કહ્યું. " જો એમ હોય તો, હે મિત્ર! નિરંતર છઠ્ઠ કરીને, પારણે હું આયંબિલ કરીશ." ત્યાર પછી તે સામાચારી જાણનારો શ્રેષ્ઠીપુત્ર, ભાવ યતિ શિવકુમારનો નિરંતર વિનય કરવા લાગ્યો. શિવકુમારને તપ કરતાં બાર વરસ થયાં, પણ માતા પિતાએ મોહને લીધે, તેને ગુરુ પાસે જવા દીધો નહિ.

શિવકુમાર મૃત્યુ પામીને બ્રહ્મદેવલોકમાં વિદ્યુન્માળી નામે "આ મહા કાંતિમાન" ઇંદ્રનો સામાનિક દેવતા થયો. ઇતિ શિવકુમારની કથા.

---

(વીર પ્રભુ શ્રેણિક નૃપતિને કહે છે.) "હે રાજા! આ દેવતા થોડા વખતમાં ચ્યવવાનો છે, છતાં તેની આવી કાંતિ છે તેનું કારણ એ કે, પહેલાં બ્રહ્મદેવલોકમાં તેની ઇંદ્ર સમાન કાંતિ હતી. એ આજથી સાતમે દિવસે, અહિંથી ચ્યવીને ઋષભદત્તનો પુત્ર જંબૂ નામે છેલ્લો કેવળી થશે."

પછી વિદ્યુન્માળીના ગયા પછી તે (વિદ્યુન્માળી દેવતા)ની ચારે સ્ત્રીઓ પ્રસન્નચંદ્રરાજર્ષિ પાસે આવીને, તે મહામુનિને પૂછવા લાગી. "અમે અહિં વિદ્યુન્માળીથી જૂદી પડીશું, ત્યાર પછી અમારે તેનો સમાગમ ફરીથી ક્યાંહિ થશે કે નહીં?" ઋષિએ કહ્યું. "આ જ નગરમાં સમુદ્ર, પ્રિયસમુદ્ર, કુબેર અને સાગર નામના ચાર શ્રેષ્ઠી વસે છે, તેમની તમે ચાર પુત્રીઓ થશો. અને તે (વિદ્યુન્માળી) ચ્યવશે, ત્યાં તેની સાથે તમારે સંગમ થશે."

પછી સુર અને અસુર વર્ગ જેમના ચરણકમળની સેવા કરે છે, એવા ભવ્યજનો રૂપ કમળ પુષ્પોને સૂર્ય સમાન (ચાર) અતિશય રૂપી ઋદ્ધિના સ્થાન રૂપ, કૃપાસિંધુ શ્રી વીર ભગવાન્ ત્યાંથી બીજે સ્થળે વિહાર કરી ગયા.

॥ इत्याचार्यश्रीहेमचंद्रसूरिविरचिते परिशिष्टपर्वणि स्थविरावली चरिते महाकाव्ये जंबूस्वामिपूर्वभववर्णनो नाम प्रथमः सर्गः ॥१॥

# અથ દ્વિતીયઃ સર્ગઃ

## જંબૂકુમારની કથા. ૭

રાજ શિરોમણી શ્રેણિક ભૂપતિ, રાજગૃહ નગરમાં અનંત લક્ષ્મીવાળા ઇંદ્રની સમાન, પ્રજાનું પાલન કરતા હતા. પુરૂષ રૂપ ઋષભો (બળદો) માં અગ્રેસર ઋષભદત્ત નામનો ધર્મકાર્યમાં શ્રેષ્ઠ એવો શ્રેષ્ઠી, તે (શ્રેણિક) ની સભાના ભૂષણ રૂપ હતો. "અરિહંત એ જ દેવ છે અને સાધુ એ જ ગુરૂ છે" એવા સર્વેષ્ટ સિદ્ધિમંત્રનો જાપ, તે હમ્મેશાં જપતો. ગુરૂની વાણી રૂપ કતકફળ ( નિર્મળી )ના ચૂર્ણવડે સંસક્ત થએલું, તેનું મન રૂપ જળ, દુર્ધ્યાન રૂપ મળના શાંત થવાથી નિર્મળ થયું હતું. સરોવરના જળની માફક અને રસ્તા ઉપર આવેલા વૃક્ષની માફક તેનું ઐશ્વર્ય, કોના કોના ઉપકારને અર્થે ન હતું? ( અર્થાત્–તે પોતાની શ્રીમંતાઇને લીધે, સર્વના ઉપર ઉપકાર કરતો.) ધર્મને અનુસરતી મતિવાળી અને હંસીની અનુસરતી ગતિવાળી, ધારિણી નામની તે શ્રેષ્ઠીને એક સ્ત્રી હતી. તેનામાં ગાંભીર્યાદિ અનેક ગુણો હતા, છતાં તેનો શીળગુણ તરફ ઘણો જ પ્રયત્ન હતો. ( કારણ કે ) ઉત્તમ કુળની સ્ત્રીઓની શીળ ( પાતિવ્રત્ય–પતિવ્રતાપણું ) એ જ નિશાની હોય છે. સર્વ અંગ વસ્ત્રવડે ઢાંકીને, જાણે સૂર્યના કિરણના સ્પર્શને પણ, સહન કરી શકતી ન હોય, તેમ તે માર્ગમાં સંચાર કરતી. શીળ અને વિનય વિગેરે અત્યંત નિર્મળ ગુણોવડે, તે સમુદ્રની મધ્યે જેમ ગંગા, તેમ પતિના હૃદયમાં વશી રહી હતી. હમ્મેશાં સાથે જ રહેતાં તેમને અન્યોન્ય નખ અને માંસની પેઠે અખંડ પ્રીતિ હતી. શરીર બે હતાં, પણ મન એક હતું.

એકદા પુત્ર વિનાની ( હતી એટલે ) ધારિણી વિચારવા લાગી.

"પુત્ર વિના મ્હારૂં જીવવું ફળ રહિત ( જેને કદી ફાલ ન આવ્યો હોય તેવા ) વૃક્ષના જેવું નિરર્થક છે. પુષ્કળ અમૃતના રસની માફક, શરીરને ઠંડક આપનાર પુત્ર જેના ખોળામાં રમે છે, તેવી સ્ત્રીઓને ધન્ય છે. ( મૂળ તો ) ગૃહવાસ એ જ પાપ છે, ( તેમાં વળી ) પુત્ર ન હોય ( ત્યારે તો શું કહેવું ? ) એટલે આ મ્હારે મીઠા વિનાના ખરાબ ભોજનના જેવું થયું." પતિએ "કેમ ચિંતાએ વ્યગ્ર છો ?" એમ પૂછવા ઉપરથી ધારિણીએ, પોતે મનમાં ચિંતવન કર્યા કરતી હતી, તે દુઃખ તેને કહ્યું. પુત્ર ચિંતાનું દુઃખ તેણે પતિને કહ્યા છતાં, તે ઓછું થયું નહીં; પણ ઉલટું વધ્યું. આવા હૃદયશલ્ય સમાન દુઃખને લીધે, ધારિણી બીજના ચંદ્રની કળા સમાન કૃશતાને પામી.

તેનું દુઃખ ભૂલાવી દેવાના હેતુએ, તેના પતિએ એકદા સ્નેહ રૂપ સમુદ્રના ઝરા જેવી ( અર્થાત્ બહુ જ સ્નેહ દર્શાવનારી ) વાણી વડે તેને કહ્યું. "હે કૃશોદરિ ! ( પાતળા પેટવાળી સ્ત્રી ) ચાલો આજે આપણે વૈભારગિરિ ઉપર જઈએ, આપણે, ત્યાં નંદનવન સરખા રમ્ય બગીચામાં ક્રીડા કરીશું." "આપ કહો તેમ" એમ કહીને ધારિણીએ પોતાના પતિના કહેવાને માન્ય કર્યું; તે એમ જાણીને કે, પતિનું કહેવું માનીશું તો દુઃખ ભૂલાશે. પછી તુરત હંસના વાળ જેવી કોમળ શય્યાવાળા તૈયાર કરેલા રથને વિષે, ઋષભદત્ત સ્ત્રી સહિત બેઠો. અર્વા ( ઘોડા ) જોડયા છતાં ૧અનર્વા એવા મ્હોટા રથને વિષે બેસીને દંપતી તે ગિરિ તરફ ચાલ્યાં.

"હે પત્નિ ! ખેલાવાતા શ્રેણિક મહારાજના અશ્વોના ફીણના પરપોટાવાળી આ બહારની ભૂમિ છે. રાજાના ઉન્મત્ત હસ્તિઓને બાંધવાને કામમાં આવતા થડવાળાં, આ શેહેરની સીમે આવેલાં વૃક્ષો, પોતે તેવા હસ્તિઓને બાંધવાના સ્તંભ રૂપ છે એમ સૂચવે

---

૧ અનર્વા એટલે ઘોડા વિનાના રથને વિષે નહિ, પણ ગુરુને વંદન કરવા યોગ્ય શત્રુભાવ રહિત એવા ધર્મરથને વિષે બેસીને.

છે. હે આર્યે ! બળદોના ભાંકારથી રમ્ય એવાં આ ગોકુળો છે. રથના મ્હોટા અવાજને લીધે, ન્હાના વાછડાઓ ઊંચા કાન કરી રહ્યા છે. હે કૃશોદરિ! રસ્તામાં આ તરુણ આંબાનાં વૃક્ષો છે કે, જેના પલ્લવો કોયલની સ્ત્રીઓને મધુર મધુર બોલવાને ઔષધ સમાન છે. આ રથના અવાજથી ભય પામેલાં હરિણો, વાયુ ઉપર બેઠેલાં હોયની ! તેમ પૃથ્વીનો ત્યાગ કરવાને ઇચ્છતાં હોયની ! તેમ ઘણું ખરૂં આકાશમાં જ ચાલે છે. હે મૃગાક્ષી ! શેરડીના વનમાં જળ વરસાવનારાં, આ રેંટ બીજા રૂપને સેવનારા ( અર્થાત્ પૃથ્વી ઉપર બીજે રૂપે આવેલા ) પુષ્કરાવર્ત્તક નામના મેઘ જ હોયની !" આ પ્રમાણે જોવા લાયક વસ્તુઓ બતાવીને, પત્નિને રસ્તે વિનોદ કરાવતો ઋષભદત્ત શ્રેષ્ઠી, સપરિવાર વૈભારગિરિ પહોચ્યો.

પછી તે ગિરિના ઉદ્યાનને જોવાની ઇચ્છાએ, જેમનાં મન તલપી રહ્યાં છે, એવાં દંપતી રથમાંથી ઉતર્યાં. રસ્તે ચાલતાં દરેક વૃક્ષનું નામ પૂછતી, ઝરાઓનાં સ્વાદિષ્ટ જળનું આચમન કરતી, ગાઢ તરુની છાયામાં પગલે પગલે વિશ્રામ લેતી, શીતળ કેળપત્રથી સુખ આપનાર પવન નાંખતી, પોપટના શબ્દોથી સ્મિત કરતી, મૃગનાં બચ્ચાંઓ ઉપર પ્રેમાળ અને ખોળામાં બાળકોવાળી વાનરીઓ ઉપર હેત બતાવતી એવી ધારિણીને, હાથનો ટેકો દઇ ઋષભદત્ત ધીમે ધીમે પર્વત ઉપર ચઢાવવા લાગ્યો. ત્યાં ઋષભદત્ત, ધારિણીને તેના ચિત્તને હરનારી, તે પર્વતની ઉદ્યાનની શોભાને આંગળીવડે બતાવવા લાગ્યો:–

"જુઓ, આ ફળભારથી નમી ગએલા માતુલિંગીનાં વૃક્ષો; આ રાતાં પુષ્પોને લીધે વિસામો લેવા બેઠેલાં, સંધ્યાના મેઘ સમાન દેખાતાં દાડિમીનાં વૃક્ષો; સૂર્યના કિરણને પણ નહિ પ્રવેશ કરવા દેનાર, આ દ્રાક્ષના મંડપો અને આ નૃત્ય કરતા મયૂરોના કલાપ જેવા દેખાતાં પત્રવાળાં તાલવૃક્ષો; વળી જુઓ, અહિં વિવિધ જાતિનાં પુષ્પો, અરસ્પરસની સુગંધ લઇને ભ્રમરના ટોળાના મિષથી

જાણે પોતાની તરફના આવકારને ઉદ્દઘોષ કરીને બતાવતાં હોયની! વળી જંબૂ, કદંબ, માકંદ અને પારિભદ્ર વિગેરે વૃક્ષોની છાયાએ કરીને જાણે પર્વતે વસ્ત્ર પહેર્યાં હોયની! (તેવા દેખાયછે.)" પછી ઋષભદત્તે ત્યાં પોતાના બંધુ સમાન, ખેચરની પેઠે આવેલા સિદ્ધપુત્ર એવા યશોમિત્ર શ્રાવકને દીઠો, એટલે તેણે તેની સાથે વાત કરતાં કરતાં પૂછ્યું. "હે સિદ્ધપુત્ર! તું મ્હારો સાધર્મિક (એક ધર્મવાળો) છે, તો કહે કે, તું ક્યાં જાય છે?" એટલે તેણે કહ્યું. "હે મિત્ર! આ ઉદ્યાનમાં ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના શિષ્ય સુધર્મા નામે પાંચમા ગણધર સમવસર્યા છે, તેમને વંદન કરવાને હું જાઉં છું. જો ત્હારી વંદન કરવા આવવાની ઈચ્છા હોય, તો તું પણ ત્વરાએ ચાલ; (કારણ કે) તેમ કરવાથી હું તે ધર્મકાર્યમાં અગ્રણી થઈશ." "ઠીક, ત્યારે ચાલો" એમ કહીને તે દંપતી તેની સાથે ચાલ્યાં; પછી ત્રણે જણ સુધર્માસ્વામીએ પવિત્ર કરેલા સ્થાને ગયાં. આચાર પ્રમાણે તેઓ દ્વાદશાવર્ત્ત વંદને, ભક્તિ સહિત સુધર્માસ્વામીને વંદન કરીને તેમની સમીપે બેઠાં અને અંજળિ જોડીને તેમના ધર્મોપદેશ રૂપ ઉત્કૃષ્ટ અમૃતનું, કર્ણ રૂપ અંજળિવડે પાન કરવા લાગ્યાં. તે સમયે સિદ્ધપુત્રે, તે શ્રેષ્ઠ ગણધર સુધર્માસ્વામીને પૂછ્યું. "જેના નામ ઉપરથી જંબૂદ્વીપ એવું નામ પડેલું છે, તે જંબૂવૃક્ષ કેવું છે?" ત્યારે તેમણે કહ્યું "તેની આકૃતિ સુવર્ણમય અને રત્નમય છે." અને પછી તેમણે તેનું માન, પ્રભાવ અને સ્વરૂપ અનુક્રમે કહી સંભળાવ્યું.

પછી અવસર લઇને ધારિણીએ પણ તેમને પૂછ્યું. "હે સ્વામિન્! મને પુત્ર થશે કે, નહિ?" ત્યારે સિદ્ધપુત્રે કહ્યું. "એવું સાવદ્ય પ્રશ્ન પૂછી શકાય નહી; કારણ કે, મહર્ષિઓ જાણતાં છતાં પણ, એવાં સાવદ્ય પ્રશ્નનો ઉત્તર આપતા નથી. હે કલ્યાણી! જિનવરના ઉપદેશથી નિમિત્તજ્ઞાનમાં પંડિત બનેલો, હું જ તને કહું છું; તે તું સાંભળ. તે મને કરીને ધીર સ્વભાવવાળા, કાયાએ કરીને

પરાક્રમી અને શિલા ઉપર બેઠેલા એવા ગણધર મહારાજને, સુત જન્મ ( પુત્ર થવા ) વિષે પૂછ્યું; તેનો ઉત્તર એવો છે કે, સ્વપ્નને વિષે ખોળામાં બેઠેલા સિંહને તું જોઇશ અને તે દિવસથી હે કલ્યાણી! ત્હારી કુક્ષિને વિષે સિંહ સમાન પરાક્રમી પુત્રને તું ધારણ કરીશ. ઉપર વર્ણવી ગએલા જંબૂતરુની સમાન ગુણરત્નવાળો અને દેવતાઓ ( હમ્મેશ ) જેની રક્ષા કરશે, એવો જંબૂ નામનો ત્હારે પુત્ર થશે." ધારિણીએ કહ્યું. "ત્યારે હું, એ દેવતાના ઉદ્દેશીને એકશોને આઠ આયંબિલ કરીશ." પછી તેઓ ત્રણ્યે સુધર્મા ગણધરને વંદન કરી વૈભારગિરિ ઉપરથી ઉતરીને નગરમાં ગયાં, ત્યાં ગૃહસ્થાશ્રમ પાળતાં ઋષભદત્ત અને ધારિણી, સિદ્ધપુત્રના વચનની આશાએ કાળ નિર્ગમન કરવા લાગ્યાં.

અન્યદા ધારિણીએ સ્વપ્નને વિષે શ્વેત સિંહ જોયો, તે વાત તેણે હર્ષ રૂપ જળદીર્ઘિકા ( વાવ્ય ) માં ન્હાતાં ન્હાતાં ( અર્થાત્ ઘણા જ હર્ષમાં ) પતિને કહી. ઋષભદત્તે કહ્યું. "હે સુભ્રુ! તે સિદ્ધપુત્રનું કહેવું સઘળું સત્ય માનજે; કારણ કે, સ્વપ્ને કરીને પ્રત્યય ( વિશ્વાસ ) થયો છે. હે મહાભાગ્યે! પવિત્ર આચરણવાળો અને સર્વ લક્ષણે સંપૂર્ણ એવો તને જરૂર જંબૂ નામનો પુત્ર થશે. પછી વિદ્યુન્માળી દેવતા, બ્રહ્મદેવલોકથી ચ્યવીને ધારિણીની કુક્ષિ રૂપ શુક્તિ ( છીપ ) ને વિષે, મૌક્તિક રત્નની સમાન ઉત્પન્ન થયો.

( પછી ) તેને દેવ ગુરુની પૂજા કરવાનો દોહદ ( ડોહળો ) ઉત્પન્ન થયો; ખરેખર! સ્ત્રીઓના દોહદ હમ્મેશાં ગર્ભના ભાવને અનુસરતા થાય છે. શ્રેષ્ઠીએ તેના દોહદ પુષ્કળ દ્રવ્ય ખરચીને પૂર્યા, તે જાણે તેને પણ ધર્મકાર્યમાં ધન વ્યય કરવાની ઇચ્છા થઈ હોયની! અનુક્રમે ગર્ભનું પોષણ કરતી ધારિણી, ગર્ભને ક્લેશ થશે એવી બીકથી, સાવધાનપણે અત્યંત ધીરે ધીરે સંચાર કરતી. ઘણા જ પાંડુ ( પીળા અને સફેત ) દેખાતા તેના ગાલ, પ્રભાતના ચંદ્રબિંબ જેવા દેખાવા

લાગ્યા. ( ત્યાર પછી ) નવ મહિના ને સાડાસાત દિવસે, ધારિણીએ કાંતિમાં સૂર્યથી પણ અધિક એવા પુત્રને જન્મ આપ્યો. મોતીના ચૂર્ણે કરીને જ જાણે ઘડ્યાં હોયની ! તેવાં અને અતિ નિર્મળ અક્ષતે કરી પૂર્ણ એવાં સુવર્ણનાં પાત્રો, ઋષભદત્તના ઘરમાં લાવવામાં આવ્યાં. શ્રેષ્ઠીને અર્થે કુળવધુઓએ તેના ગૃહની સમીપમાં, ભૂમિ ઉપર વેરેલા દૂર્વાંકૂર ઊગી નીકળ્યાથી, જાણે દૂર્વાનું વન જ થઈ રહ્યું હોયની ! સર્વ કલ્યાણમાં અગ્રેસર એવાં અનેક ઉત્તમ વાજિત્રો, લક્ષ્મીદેવીના નૃત્યના કારણ રૂપ હોઈ, શ્રેષ્ઠીના ગૃહ પાસે વાગવા લાગ્યાં. ( અર્થાત્ સર્વ શુભ પ્રસંગે વાજિત્રો વગડાવવામાં આવે છે, તે પ્રમાણે શ્રેષ્ઠીએ આ વખતે કર્યું અને તે કારણથી તેને ત્યાં લક્ષ્મી પણ આવી. ) નવીન કુંકુમના સ્તબકવડે પૂરેલા સેંથાવાળી અને ગીત ગાતી કુળબાળાઓ, તેને ઘેર નૃત્ય કરવા લાગી. ઋષભદત્તે વિશેષ પ્રકારે દેવગુરુની પૂજા કરી અને દાન લેવા આવેલા અર્થીઓને અત્યંત હર્ષ વડે દાન આપ્યું. પછી હર્ષથી વ્યાપ્ત છે મન જેનું એવા ઋષભદત્ત શ્રેષ્ઠીએ, શુભ દિવસે જંબૂતરુના નામ ઉપરથી પુત્રનું નામ પણ જંબૂ એવું પાડ્યું. માતા પિતા તેને ખોળામાં બેસારીને બોલાવતા બોલાવતા હર્ષઘેલા થયા અને બીજાં કાર્ય પણ ભૂલી ગયા. તેમના ઉત્સંગ ( ખોળા ) નું ભૂષણ જંબૂકુમાર પણ, તેમના મનોરથની માફક અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. અનુક્રમે માતા પિતાની આશા રૂપ લતાના તરુ સમાન તે આર્ષભિ ( ઋષભદત્તનો પુત્ર ) પાણિગ્રહણ કરવા ( પરણવા ) યોગ્ય થયો.

હવે એ જ નગરને વિષે મહાન્ શ્રેષ્ઠીઓના શિરોમણિ, સમુદ્રપ્રિય નામના શ્રેષ્ઠીને પદ્માવતી નામની પ્રિયા હતી; તથા સમુદ્રદત્ત નામના શ્રેષ્ઠીને સમુદ્રની સંપદા ( લક્ષ્મી ) સમાન કનકમાળા નામની ગુણિયલ પત્નિ હતી; અદ્ભૂત લક્ષ્મીએ ગરિષ્ઠ એવા સાગરદત્તને હમ્મેશાં વિનય ગુણે શોભતી એવી વિનયશ્રી નામની સ્ત્રી હતી અને

કુબેરની સમાન સંપત્તિવાળા કુબેરદત્ત શ્રેષ્ઠીને શીળ રૂપ મહાવન ( ઉત્તમ વસ્ત્ર ) વાળી ધનશ્રી નામની પત્નિ હતી. આ ચારે સ્ત્રીઓની કુક્ષિને વિષે, વિદ્યુન્માળીની સ્ત્રીઓ દેવલોકમાંથી ચ્યવીને, અનુક્રમે પુત્રી તરીકે ઉત્પન્ન થઇ; તેમનાં નામ–સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના અને કનકસેના પાડયાં. તે ચારે અત્યંત રૂપવંત હતી. વળી (તે જ નગરમાં) કુબેરસેન નામના શ્રેષ્ઠીને કનકવતી નામની, શ્રમણદત્તને શ્રીષેણા નામની, વસુષેણને વીરમતી નામની અને વસુપાલિતને જયસેના નામની સ્ત્રીઓ હતી. આ ચારે સ્ત્રીઓને અનુક્રમે નભઃસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી નામની પુત્રીઓ થઈ. એ આઠે કન્યાના પિતાઓએ વિનય સહિત જંબૂકુમારના પિતાને વિનંતી કરી કહ્યું કે, "રૂપ લાવણ્યે યુક્ત, સકળ કળાઓનો પાર પામેલી અને ગુણવાળી એવી અમારે આઠ અપ્સરા સમાન પુત્રીઓ છે. તેમને વિવાહ રૂપ કલ્યાણના મિત્ર સમાન યૌવન પ્રાપ્ત થયું છે અને તેમને યોગ્ય વર તો, આપનો પુત્ર જ છે; એમ અમે જોઇએ છીએ. કુળ, શીળ, વય અને રૂપ વિગેરે વરમાં હોવા જોઇએ, તેવા ગુણો જંબૂકુમારમાં છે અને પુણ્ય કર્યાં હશે, તો જ આવો વર અમારી પુત્રીઓને મળશે. વાસ્તે દક્ષની પુત્રીઓનો જેવી રીતે ચંદ્રમા પતિ થયો, તેવી રીતે આપના પ્રસાદથી આ જંબૂકુમાર, અમારી પુત્રીઓનો પતિ થાઓ. તમે લક્ષ્મીવાન્ છો અને કુળવાન્ છો; આ સંબંધમાં તમારી પ્રાર્થના કરતાં અમને શરમ થાય છે—શરમ આવે છે; તેથી વિવાહ સંબંધ કરીને અમને હરેક રીતે ઉપકૃત કરો." ઋષભદત્તે તેમનું કહેવું માન્ય કર્યું; કારણ કે, પોતે પુત્રના વિવાહમાં ઉત્સુક હતો, તેવામાં જ તેઓએ આવીને તેને કહ્યું. "જંબૂકુમાર નામના અતિ ઉત્તમ વર સાથે, આપણો વિવાહ કરેલો છે" એમ જાણીને તે કન્યાઓ તો, પોતાને ધન્ય માનતી હર્ષ પામી.

આ અવસરમાં ભવ્ય પ્રાણિઓને ઉપદેશ દેતા, સુધર્માસ્વામી

વિહાર કરતા કરતા ત્યાં જ આવીને સમવસર્યા. સુધર્મા ગણધર પધાર્યા છે; એવા વૃત્તાંત રૂપ અમૃતથી છંટાએલો જંબૂકુમાર, કદંબની માફક રોમાંચિત થયો અને વાયુ સરખા વેગવાળા રથમાં બેસીને ધર્મની ઋદ્ધિનું સ્થાન એવો તે જંબૂકુમાર, ગણધર મહારાજાને વંદન કરવા ગયો. શ્રોતાઓમાં અગ્રણી એવો તે, તેમને વંદન કરીને તેમના મુખકમળ થકી નીકળતી સુધાની ધારા સમાન દેશના શ્રવણ કરવા લાગ્યો. તે દેશના તેના ચિત્તમાં પરિણમવાથી, તેને, ભાગ્યહીન જનોને દુર્લભ એવો ભવવૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે તેમને નમન કરીને વિજ્ઞાપના કરી કે, "હે સ્વામિન્! હું ભવબંધનને ત્રોડવાવાળી એવી દીક્ષા અંગીકાર કરીશ; વાસ્તે હું મ્હારા માતા પિતાની રજા લઈ આવું, ત્યાં સૂધી આપ આ જ ઉદ્યાનને વિષે ધર્મરૂપ ઉત્તમ વૃક્ષની શોભાને વિસ્તારો." સુધર્માસ્વામીએ હા કહી, એટલે જંબૂકુમાર રથમાં બેસીને નગરના દ્વાર પ્રત્યે પહોચ્યો, ત્યાં તો દરવાજા હસ્તિ, રથ અને અશ્વોએ કરીને એટલે સૂધી ભરાઈ ગયા હતા કે, તલનો દાણો પડયો હોય તો, તે પણ ભૂમિ ઉપર પહોચે નહિ! આમ જોઇને જંબૂએ વિચાર્યું કે, "જો હું આ દરવાજે શેહેરમાં પેસવાની વાટ જોયા કરીશ, તો ઘણો કાળ જતો રહેશે. સુધર્માસ્વામીને ત્યાં જ બેસારી રાખી ઘેર જઇને ઉતાવળા પાછા આવવાની ઈચ્છાવાળા મ્હારે, અહિં ઉભા થઈ રહેવું યોગ્ય નથી. તેથી રથને ઉતાવળથી ફેરવી બીજે દ્વારે થઇને શેહેરમાં જઊં; (કારણ કે) ઉત્સુક જનને વાટ જોઈ રહેવા કરતાં બીજો રસ્તો લેવો ઉત્તમ છે." એમ કહીને જ્યાં જંબૂકુમાર બીજે દ્વારે આવ્યો, તો ત્યાં પણ તેણે, દરવાજો યંત્રોએ કરીને વારેલો જોયો અને તેની ઉપર ગગનમાંથી પડતા વજ્રના ગોળા જેવી મ્હોટી શિલાઓ લટકાવેલી જોઈ. તેથી તેણે વિચાર્યું કે, "આ સઘળો ઉપક્રમ ( આરંભ ) શત્રુના સૈન્યની બીકને લીધે ( કરેલો ) છે; વાસ્તે ઘણા અનર્થ કરવાવાળું આ દ્વાર

પણ કાંઈ કામનું નથી. આ રસ્તે હું જઊં, ને કદી શિલા મ્હારા ઉપર પડે, તો હું, રથ, અશ્વો અને સારથિ ( સઘળા ) હતા ન હતા થઈ જઇએ અને એ પ્રમાણે મૃત્યુ પામવાથી હું ખચિત દુર્ગતિ પામું; કારણ કે, કુમોતે મરેલા પ્રાણિઓને સુગતિ આકાશના પુષ્પ જેવી ( વૃથા ) છે. તેથી હવે સ્વાર્થ થકી ભ્રષ્ટ ન થતાં, હું ફરીથી પણ સુધર્માસ્વામીના ચરણકમળની સેવા કરવામાં મધુકર ( ભ્રમર ) જેવો થઊં ( અર્થાત્ તેમની સેવા કરૂં.)"

એમ વિચાર કરીને વક્રગતિવાળા ગ્રહની પેઠે રથને પાછો વાળીને, જે પ્રદેશમાં સુધર્મા ગણધર બેઠા હતા, ત્યાં પાછો ગયો અને તેમને વંદન કરીને "યાવજ્જીવિત ત્રિવિધે (મન, વચન અને કાયાએ કરીને) બ્રહ્મચર્યનો હું અંગીકાર કરૂં છું." એમ કહ્યું અને તેમણે અનુજ્ઞા (સમ્મતિ ) આપી એટલે તે વ્રતને ગ્રહણ કરવાથી હર્ષ પામેલો ઋષભદત્તનો પુત્ર જંબૂ, અનિચ્છકપણે પોતાને ઘેર ગયો. જઇને માતા પિતાને કહ્યું કે "મેં સર્વજ્ઞે કહેલો અને કર્મક્ષય કરવામાં ઔષધ સમાન એવો ધર્મ, ગણધર મહારાજાના મુખ થકી શ્રવણ કર્યો છે; વાસ્તે દીક્ષા લેવાને ઉત્સુક એવા મને, આપ રજા આપો; કારણ કે, આ સંસાર જંતુઓને કારાગાર (કેદખાના) સમાન છે." માતા પિતાએ એ સાંભળી ગદ્ગદ્ કંઠે રુદન કરતાં કહ્યું. "આમ અચાનક અમારી આશા રૂપ લતાને પવનની પેઠે ન ઉખેડી નાંખ. અમે તો હજી એમ વિચારીએ છીએ કે, ત્હારે વહુ આવશે અને અમે દષ્ટિ રૂપ કમળને ( ખીલવનાર ) ચંદ્ર સમાન એવા પૌત્ર ( પુત્રના પુત્ર ) નું વદન નિરખશું. વિષયોને યોગ્ય આવા યૌવનમાં દીક્ષા લેવાનો સમય નથી. તું એને ( યૌવનને ) ઉચિત એવા આચારને કેમ બિલકુલ ઇચ્છતો નથી ? જો કદાપિ, હે વત્સ ! દીક્ષા લેવાનો ત્હારો અત્યાગ્રહ હોય, તો પણ ત્હારે અમારૂં પણ કાંઈ કહેવું માન્ય કરવું જોઇએ; કારણ કે, અમે ત્હારા વડીલ છીએ. હે વત્સ ! અમે જે આઠ

કન્યાઓની સાથે ત્હારો સંબંધ કરેલો છે, તેમનું પાણિગ્રહણ કરીને તેમના મનોરથ પૂર. એમ કર્યા પછી, હે પુત્ર! તું અડચણ વિના ખુશીથી પ્રવ્રજ્યા ગ્રહણ કરજે અને પછી કૃતાર્થ થએલા અમે પણ, ત્હારી પાછળ દીક્ષા લઇશું." કુમારે કહ્યું. "તમારી આજ્ઞા પ્રમાણે વર્તું; તો પછી તમે, ભૂખ્યાને જેમ ભોજન થકી ન વારવો જોઇએ, તેમ મને દીક્ષા લેતાં વારશો નહી."

જંબૂકુમારના માતા પિતાએ એ પ્રમાણે હા કહી અને પછી તુરત આઠે કન્યાઓના પિતાઓને બોલાવીને કરૂણ સ્વરે કહ્યું. "તમારી કન્યાઓને પરણીને તુરત, મ્હારો પુત્ર પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનો છે; વિવાહ પણ અમારા તરફથી ઉપરોધ (આગ્રહ) ને લીધે જ કરશે. માટે તમારે પાછળથી પશ્ચાત્તાપ કરવો પડશે, તેથી જો એમ હોય તો, તમે તમારી પુત્રીઓને તેની સાથે પરણાવતા નહિં અને અમારો પણ દોષ કાઢતા નહિ." સ્ત્રીઓ અને સંબંધી વર્ગ સહિત તે આઠે શ્રેષ્ઠી ખિન્ન થયા અને હવે શું કરવું? તેનો નિર્ણય કરવાને વાતચિત કરવા લાગ્યા. તેમની વાર્તાચિત સાંભળીને તે કન્યાઓએ કહ્યું. "વિચાર કરવાથી સર્યું! એ સંબંધમાં અમારો નિર્ણય સાંભળો. તમે અમને જંબૂ નામના કુમારને દીધી છે, તેથી અમારો ભર્ત્તાર તે જ છે; તમારે અમને બીજાની સાથે પરણાવવી નહિ; લોકોમાં પણ એમ જ કહેવત છે કે, રાજાઓ એક જ વાર બોલે છે, સાધુઓ પણ એક જ વાર બોલે છે અને કન્યાઓ પણ એક જ વાર અપાય છે. આ ત્રણયે એક જ વાર થાય છે. તેથી તમોએ અમોને ઋષભદત્તના પુત્રને દીધેલી છે, તો તે જ અમારી ગતિ છે અને અમારૂં જીવિત પણ તેને જ વશ્ય છે. પ્રવ્રજ્યા કે, બીજું કાંઈ જે જંબૂ કુમાર કરશે, તે જ પતિ ઉપર ભક્તિભાવ રાખનારી એવી અમારે પણ કરવું યોગ્ય છે." (આ ઉપરથી) તે શ્રેષ્ઠીઓએ જંબૂ કુમારના પિતાને કહ્યું. "વિવાહને વાસ્તે તૈયારી કરો; પહેલું વચન જ પ્રમાણ છે.

પછી તેમણે અને ઋષભદત્ત શ્રેષ્ઠીએ વિવાહનો દિવસ નૈમિત્તિકના કહેવા ઉપરથી ત્યારથી સાતમે દિવસે ઠરાવ્યો. તે આઠે શ્રેષ્ઠીઓએ ભાઇઓની જ પેઠે એકમત થઇને એકઠા થઈ એક મ્હોટો વિવાહમંડપ રચાવ્યો-વિવિધ પ્રકારનાં વસ્ત્રોના ત્યાં ઉલ્લોચ (ચંદરવા-ચંદની) કરાવ્યા, તે જાણે આકાશમાંથી સંધ્યા સમયના વાદળાના કકડાને નીચે ખેંચી લાવીને બનાવ્યા હોયની!—મોતીની માળાઓની ત્યાં સર્વ સ્થળે ધ્વજાઓ બંધાવી, તે જાણે ચંદ્રમાએ પોતાનાં સર્વ કિરણો ત્યાં લાવીને મૂકયાં હોયની! તેવું દેખાવા લાગ્યું-વાયુએ હલાવેલાં છેડાવાળાં સુંદર તોરણોને લીધે, મંડપ જાણે વરરાજાને બોલાવવાની સંજ્ઞા કરતો હોયની! ચોતરફ સ્વસ્તિક (સાથીઆ) માં મોતી પૂરેલાં હતાં, તે ઉપરથી જાણે મંગળવૃક્ષોની આબાદીને અર્થે બીજની પંક્તિઓ વાવી હોય! તેમ તે મંડપ શોભતો હતો. દોષ રહિત એવા શુભ મુહૂર્ત્તે જંબૂકુમારને પીઠી ચોળવામાં આવી. તેણે કસુંબી વસ્ત્ર પહેરેલાં હોવાથી, તે પ્રાતઃકાળના ઊગતા સૂર્ય સમાન દેખાવા લાગ્યો. કન્યાઓને પણ પીઠીમાં નાંખી એટલે તે દિવસથી તેઓ બહાર જઈ આવી શકી નહી; એટલે તેમને રાજાની સ્ત્રીઓની માફક સૂર્યને પણ નહિ જોઈ શકે, એવી સ્થિતિમાં આણી મૂકી. પોત પોતાના સ્થાનમાં રહેલા તે કુમારે અને તે કુમારિકાઓએ, વિધિ પ્રમાણે શુભ વખતે મંગળસ્નાન કર્યું. ન્હાયેલા જંબૂ કુમારના કેશમાંથી પાણી ટપકવા લાગ્યું, તે જાણે પાસે આવેલા નાશના ભયથી તે કેશ આંસુ પાડતાં હોયની! આભૂષણની લીલાને વિસ્તારતા એવા કર્પૂર અને અગુરુના ધૂમાડાએ કરીને જંબૂ કુમારના કેશને, સુગંધી પદાર્થને રાખનારી સ્ત્રીઓએ સુગંધી બનાવ્યા. (વળી) તેની ગંધકારિકા (સુગંધી પદાર્થોનો શરીર ઉપર લેપ કરનારી સ્ત્રીઓ) એ તેના મસ્તક ઉપરનો કેશપાસ, ઉત્તમ અશ્વની કંધરા (ડોક) સમાન વક્ર અને પુષ્પની માળાઓવડે ગર્ભિત કરીને બાંધ્યો.

ધારિણીના સુત જંબૂએ, પછી મોતીનાં બે સુંદર કુંડળ પહેર્યાં, તે તેના વદનકમળની પાસે આવી વિશ્રામ લેવા બેઠેલા હંસ યુગલ સમાન શોભવા લાગ્યાં. ત્યાર પછી જંબૂ કુમારે, નાભિપર્યંત લટકતો અને લાવણ્ય રૂપ નદીના ફીણના બુદ્‌બુદ્ (પરપોટા) ની પંક્તિ સમાન એવો મોતીનો હાર પહેર્યો. શરીરે ચંદનનો લેપ કરેલો અને મોતીનો હાર પહેરેલો તેથી તે તારાની પંક્તિથી જેમ પૂર્ણિમાનો ચંદ્ર દીપે, તેમ અત્યંત દેદીપ્યમાન દેખાવા લાગ્યો. દેવતાઓના વસ્ત્રના સમાન દૂષણ રહિત એવાં દશાયુક્ત બે શ્વેત વસ્ત્ર, ઋષભદત્તના આત્મજે (પુત્રે-જંબૂએ) પહેર્યાં.

પછી ઉત્તમ અશ્વ ઉપર આરૂઢ થઈ, મયૂર છત્ર સહિત પોતાની સમાન વય અને વેષવાળા અનુચરોના પરિવારવાળો ઋષભપુત્ર, વિવાહ મંગળના દ્વાર પર્યંત ત્વરાએ ગયો; તે વખતે તેનું મુખ નીરંગી (શેરા-અછાબા) વડે ઢાંકેલું હતું; ઉત્તમ મંગળ ગીતો ગવાતાં હતાં; બે બાજુએ બે તરુણ સ્ત્રીઓ તેનાં લૂણ ઉતારતી હતી; માંગળિક વાજિત્રોનો નાદ થતો હતો અને મંગળપાઠકો પણ મંગળપાઠ કરતા હતા. ત્યાં સાક્ષાત્ કામદેવ જેવા જંબૂ કુમારને સુવાસિની (સવાસણ) સ્ત્રીએ દહિં વિગેરે માંગળિક પદાર્થોવડે અર્ઘ્ય (પૂજાપો) આપ્યો (પછી) અગ્નિએ સહિત એવા શરાવ સંપૂટને દ્વારમાં જ ભાગીને, તે કલ્યાણ રૂપી લક્ષ્મીના વાસ રૂપ માતૃગૃહમાં (માંયરામાં) ગયો. ત્યાં તેણે તે આઠે કુમારિકાઓની સાથે બેસીને વરમાળ પહેરી. પછી લગ્ન સમયે ચતુરિકા (ચોરી) માં જઇને, તે માતા પિતાનો આગ્રહ હોવાથી, તે કન્યાઓને પરણ્યો. તારામેળકને સમયે (દૃષ્ટિ મેળવવાને સમયે) હર્ષ પામેલી; કૌતુક વખતે (વરમાળાને વખતે) સંભ્રમ પામેલી; મંગળાવર્ત્ત વખતે (ચોરીમાં ફેરા ફરતી વખતે) સંતોષ પામેલી; મધુપર્ક વખતે (કંસાર જમતી વખતે) સ્મિત કરતી, ચૌતક વખતે (દાયજો આપતી વખતે) સાવધાન; અંચળમોક્ષણ સમયે (છેડા છેડી

છોડાવવાને વખતે) કૃતાર્થ માનતી; પ્રણામ સમયે (વર કન્યા પગે લાગ્યાં તે વખતે) હર્ષાશ્રુવાળી અને અંકારોપણ સમયે (ખોળામાં બેસારવાને વખતે) સંપૂર્ણ શાંતિસુખને પામેલી ધારિણીને, એ પ્રમાણે પુત્ર વિવાહ રૂપ કલ્યાણનું સુખ મળ્યું; કારણ કે, ઉત્તમ સ્ત્રીઓને પુત્ર પુત્રીનો વિવાહ થયા પછી સંપૂર્ણ હર્ષ થાય છે.

વિવાહ પ્રસંગમાં તે કન્યાઓને તથા વરને પોત પોતાના સગાંઓ તરફથી એટલું બધું [1]ધન મળ્યું કે, તે વડે સુવર્ણનો પર્વત થઈ શકે. પછી સાજન મહાજનની સાથે ચાલતાં મંગળદીપક (લામણ દીવડા) સહિત, સુંદર સ્વરે ગાતી કુળસ્ત્રીઓ સહિત, મધુર નાદવાળાં અને વાગતાં મંગળવાજિત્રો સહિત, ત્રણે પ્રકારના વાજિત્રોને લીધે થઇ રહેલા મનોહર સંગીત સહિત અને પડખે ચાલતા હર્ષ પામેલા ન્હાના મ્હોટા બંધુવર્ગ સહિત; આઠે કન્યાઓને લઇને જંબૂ કુમાર પોતાના ગૃહ પ્રત્યે આવ્યા.

પ્રથમ સર્વજ્ઞને તથા કુળદેવતાને વંદન કર્યા પછી, વધુ વરનાં કંકણ (મીંઢળ) છોડયાં. પછી હર્ષિત થએલા ઋષભદત્ત અને ધારિણીએ, જંબૂદ્વીપના અધિષ્ઠાતા દેવતાની પૂજા કરી અને ત્યાર પછી જંબૂકુમાર પણ સર્વ આભૂષણ પહેરીને જ, પોતાની આઠે પત્નીઓને લઇને શયન ગૃહમાં ગયો. ત્યાં તેણે સ્ત્રી સહવર્ત્તમાન છતાં પણ બ્રહ્મચર્ય પાળ્યું; કારણ કે, મહાશય જનો, વિકારનું કારણ પાસે હોવા છતાં પણ અવિકારી જ રહે છે. ઇતિ જંબૂકુમારની વિવાહ સંબંધી કથા.

---

## પ્રભવ ચોરની કથા. ૭

હવે આ જ ભરતક્ષેત્રમાં વિંધ્યા પર્વતની તળાટીમાં, જયપુર નામનું શેહેર છે; ત્યાં વિંધ્ય નામનો રાજા હતો. તે રાજાને પ્રસિદ્ધ

---

૧ નવાણુ ક્રોડ સોનામહોરો ઇતિ માગધિ જંબૂચરિત્રે.

એવા બે પુત્રો હતા. મ્હોટાનું નામ પ્રભવ અને ન્હાનાનું નામ પ્રભુ હતું. અન્યદા રાજાયે કાંઈ કારણશર, પ્રભવ મ્હોટો હોવા છતાં ન્હાના પુત્ર પ્રભુને રાજ્ય સોંપ્યું તેથી પ્રભવ અભિમાનને લીધે નગરથી નીકળી જઇને, વિંધ્યાદ્રિના ( વિંધ્યાચળ પર્વતના ) વિષમ વનને વિષે વસતિ કરીને રહ્યો. ત્યાં તે પોતાના પરિવાર સહિત ખાતર પાડતો, બંદિઓને પકડતો તથા રસ્તે લૂટ કરતો અને એવાં બીજાં પ્રકારનાં કામો કરતો, ચોરો સહિત આજીવિકા ચલાવવા લાગ્યો.

અન્યદા તેના ચરોએ આવીને તેને કહ્યું કે, "આજે જંબૂ કુમારની ઋદ્ધિ, કુબેરની ઋદ્ધિને પણ હસી કાઢે એવી છે. ( અર્થાત્ કુબેરના કરતાં પણ વધારે છે.) તેના વિવાહ સમયે ઘણા શ્રેષ્ઠીઓ એકઠા થયા હતા, તે જાણે અર્થના ચિંતામણિ રત્ન સમાન હતા." ( તેથી ) અવસ્વાપનિકા ( ઊંઘ લાવનારી ) અને તાલોદ્ઘાટિની ( તાળાં ઉઘાડનારી ) એ બન્ને વિદ્યાએ યુક્ત તે પ્રભવ, જંબૂ કુમારને ઘેર ગયો. ત્યાં તેણે અવસ્વાપનિકા વિદ્યાવડે, જંબૂ કુમારવિના સર્વ જાગતા માણસોને નિદ્રાવશ કર્યા. કારણ કે, અધિક પુણ્યવાળા તે કુમાર ઉપર, તે વિદ્યાનું કાંઈ ચાલ્યું નહી. પ્રાયે અધિક પુણ્યવાળાઓને ઇંદ્ર પણ દુઃખ દેવાને સમર્થ થઈ શકતો નથી. પછી નિદ્રાવશ થએલા સર્વ જનોનું અલંકાર વિગેરે સર્વસ્વ ચોરોએ લઈ લેવા માંડયું. ચોરો ચોરી કરવા લાગ્યા છતાં, ઔદાર્ય ગુણવાળો જંબૂ કુમાર ન કોપ્યો કે, ન ક્ષોભ પામ્યો; પણ લીલાએ કરી આ પ્રમાણે બોલ્યો. "આમંત્રણ કરેલા અને વિશ્વાસને લીધે ઉંઘી ગયેલા આ લોકોને, હે ચોરો! તમે સ્પર્શ કરતા નહી, હું અહિં તેમની ચોકી કરૂં છું." એટલે મહાપુણ્ય પ્રભાવવાળા તેના આવા શબ્દોને લીધે, તે ચોરો સ્તબ્ધ થઈ ગયા! તે જાણે તેઓ ચિત્રામણમાં આળેખેલા જ હોયની!! એવા થઇ ગયા. પ્રભવે નજર કરી તો, હાથણીઓથી જેમ હસ્તિ, તેમ પત્નીઓથી વીંટાયલા જંબૂ કુમારને જોયો; એટલે તેને કહેવા લાગ્યો. "હું વિંધ્ય

રાજાનો પુત્ર છું; હે મહાત્મન્! મ્હારૂં નામ પ્રભવ છે, કૃપા કરીને મ્હારા ઉપર તું મિત્રભાવ કર. હે વયસ્ય! (હે મિત્ર!) તું મને ત્હારી સ્તંભિની અને મોક્ષણી વિદ્યા આપ અને હું તને મ્હારી અવસ્વાપનિકા અને તાલોદ્‌ઘાટિની વિદ્યા આપું." જંબૂએ કહ્યું. "હે પ્રભવ! હું સવારે મ્હારી નવી પરણેલી આઠે સ્ત્રીઓનો ત્યાગ કરીને મમતા રહિત થઇ દીક્ષા લેવાનો છું. અત્યારે પણ હું, ભાવ યતિ છું, તેને લીધે જ હે પ્રભવ! ત્હારી અવસ્વાપનિકા વિદ્યા મને કાંઈ કરી શકી નહી. હે બંધુ! પ્રભાતે હું આ લક્ષ્મીનો તૃણવત્ ત્યાગ કરવાનો છું, તો શરીરની પણ દરકાર નહિ કરનારા એવા મને, એ વિદ્યાનું શું કામ છે?" (આ સાંભળીને) પોતાની અવસ્વાપનિ વિદ્યા સંવરી લઇ, નમન કરી અંજળિ રચીને પ્રભવ, જંબૂને આ પ્રમાણે કહેવા લાગ્યો. "હે સખે! તું નવયૌવનવાળો છે. માટે આ વિષય સુખનો અનુભવ કર અને આ નવોઢા (નવી પરણેલી સ્ત્રીઓ) ઉપર અનુકંપા લાવ; કારણ કે, તું વિવેકી છે. આ સુલોચનાઓની સાથે ભોગ ભોગવી, તેના ફળનો અનુભવ કર. એમ કર્યા પછી દીક્ષા લઇશ, તો જ તે શોભશે." જંબૂ કુમારે ઉત્તર આપ્યો. "વિષય ભોગનું સુખ સ્વલ્પ છતાં, તેમાં વિઘ્ન ઘણાં છે; તો એવાં દુઃખ આપનારાંનું (મ્હારે) શું પ્રયોજન છે? વિષયસેવાનું સુખ સર્ષવ કરતાં પણ ઓછું છે પરંતુ "મધુબિંદુવાદિ પુરૂષની માફક "દુઃખ તો ઘણું છે. ઇતિ પ્રભવ ચોરની કથા.

---

તે મધુબિંદુવાનું દૃષ્ટાંત આ પ્રમાણે-

## મધુબિંદુવાની કથા. ૭

કોઇ એક પુરૂષે દેશ દેશ પરિભ્રમણ કરતાં, ચોર, ઘાતકી પ્રાણીઓ અને મ્હોટી નદીવાળી એક અટવામાં સંઘ સહિત પ્રવેશ કર્યો. તે સંઘને પીડા કરવાને ચોર અને વ્યાઘ્રાદિ ત્યાં દોડી આવ્યા;

તેથી સર્વ માણસો હરિણની માફક પલાયન કરી ગયા—નાસી ગયા. સંઘથી છૂટો પડી ગયો એટલે ભયવડે કંઠગત પ્રાણ થએલા તે પુરુષે, ઉછળતા એવા કૂવાના પાણીની પેઠે એક મહાન અટવીમાં પ્રવેશ કર્યો. તે વખતે સાક્ષાત્ યમ જેવો અને ક્રોધથી ઉદ્ધત એવો એક વનહસ્તી, તે બિચારા ગભરાઈ ગએલા પુરુષની પછવાડે દોડતો આવ્યો. મ્હોટા પર્વતમાંથી જેમ નિઝરણાં ઝરે, તેમ તે હસ્તીને મદ ઝરતો હતો. આકાશ થકી વાદળાંઓને પાડી નાંખવાને ઇચ્છતો હોયની! તેમ તે પોતાની સૂંઢને ઊંચે ઉલાળતો હતો; પૃથ્વીને ચરણપાતવડે દબાવતો હતો, તે જાણે તેમાં ખાડા પાડવાને ઈચ્છતો હોયની! લાલચોળ મોંમાંથી તે ફુંફાડા મારતો હતો અને મ્હોટા મેઘની સમાન ગર્જના કરતો હતો. "હું ત્હારા પ્રાણ લઇશ, વાસ્તે જલદી જતો રહે." એવી પ્રેરણા કરતો હોયની! તેમ તે હસ્તી તેની પછવાડે વારંવાર સૂંઢના સિત્કાર કરવા લાગ્યો. તે પુરુષ ધાસ્તીને લીધે કંદૂક (દડા) ની સમાન પડતો ને ઉભો થતો, હસ્તી લગભગ પકડી પાડે એવામાં, તૃણે કરીને ઢંકાઈ ગએલા એક કૂવા પાસે આવી પહોચ્યો. "ગજ જરૂર પ્રાણ લેશે, તેથી કદાચિત્ કૂવામાં (પડીને) જીવું તો જીવું" એમ (ધારીને) તેણે તેમાં ઝંપાપાત કર્યો; કારણ કે, જીવવાની આશા કોઈથી ત્યજાતી નથી. તે કૂવાના તટ ઉપર એક બડનું ઝાડ હતું, તેની એક ડાળ ભુજંગની ફણાની માફક કૂવામાં લટકતી હતી. તે પુરુષે તેમાં પડતાં પડતાં વચ્ચે તે ડાળ પકડી લીધી, તેથી તેનું આલંબન કરીને દોરડાવડે બાંધેલા ઘડાની માફક તે કૂવામાં લટકતો રહ્યો.

(હવે) તે હસ્તી પોતાની સૂંઢને કૂવામાં નાંખી તેના મસ્તકનો સ્પર્શ કરવા લાગ્યો, પણ ભાગ્યહીન પુરુષ જેમ ઔષધીને (લઈ શકતો નથી) તેમ, તે તેને લઈ શકયો નહિ. (પછી) તે ભાગ્યહીન પુરુષે નીચી દૃષ્ટિ કરી તો, તેમાં એક મ્હોટો અજગર હતો. "પડ

તો તેનો ભક્ષ કરી જઉં" એમ ધારીને ઊંચે જોતો હોય એવો તે અજગર, કૂવાની અંદર બીજો કૂવો હોય, તેવું પોતાનું મોં વિકાસીને બેઠો હતો. (વળી) તેની ચારે બાજુએ યમરાજાના બાણ સમાન પ્રાણને હરનારા ચાર સર્પોને તેણે જોયા. તે દુષ્ટ આશયવાળા સર્પો ઊંચી ફણા કરીને તેને દંશ દેવાને, પોતાના ધમણ જેવા મોંમાંથી ફૂત્કારના પવનો કાઢતા હતા અને તે વડની ડાળીને દાંત રૂપ કરવતની વચ્ચે લઇને, એક સફેત અને એક કાળો એમ બે ઊંદરો ચટચટ શબ્દ કરતા કાપવા મંડયા હતા. તે વખતે તે હસ્તી પણ, તે પુરુષને અડી નહિ શકવાથી વડના વૃક્ષને પાડી નાંખતો હોય! તેમ તે ડાળીને જોરથી હલાવવા લાગ્યો. વૃક્ષ હાલવા લાગ્યું તેથી તે પુરુષે પોતાના બન્ને પગ ભેગા કરીને તેની દૃઢ આંટી વાળી.

(હવે) હસ્તી હલાવતો હતો, તે શાખા ઉપર બેઠેલી રક્તમુખવાળી મધમાખીઓ મધપૂડાને ત્યજી દઇને ઉડી અને અસ્થિ પર્યંત પહોચીને જ વિશ્રામ પામતા અને તેના પ્રાણને આકર્ષણ કરનારા હોયની! એવા લોહના સાણસા સમાન પોતાના મુખવડે, તે પુરુષને દંશ દેવા લાગી. ઊંચી પાંખવાળી માખીઓએ તેનું આખું શરીર રૂંધી નાંખ્યું. તેથી તે પુરુષ જાણે પાંખવાળો થઇને કૂવામાંથી બહાર નીકળવાને ઉત્સુક થયો હોય! તેમ જણાવા લાગ્યો. આ પ્રકારનું દુઃખ છતાં પણ મસકમાંથી પાણીના ટીંપાની પેઠે, તેના લલાટ ઉપર વડ ઉપર રહેલા મધપૂડામાંથી મધનું ટીંપું વારંવાર પડયા કરતું હતું; તે ત્યાંથી ઉતરીને તેના મોંમાં જતું હતું, તેને ચાખવાથી તે બહુ સુખ માનવા લાગ્યો.

× [આવા અવસરમાં કોઇએક વિદ્યાધર, પોતાની સ્ત્રી સહિત યાત્રા કરવા માટે વિમાનમાં બેસી આકાશ માર્ગે જતો હતો. તેવામાં તે વિદ્યાધરની સ્ત્રીએ આ મધુબિંદુમાં આસક્ત થએલા દુઃખી પુરુ

× [ આવી કાંઉસની અંદરનું લખાણ માગધિ જંબૂચરિત્રમાં છે.]

ષને દીઠો. દેખીને મનમાં કરુણા આવવાથી પોતાના પતિને કહ્યું. "હે પ્રાણવલ્લભ! વિમાન ઉભું રાખો અને કૂવામાં લટકી રહેલા દુઃખી પુરુષને બહાર કાઢો." વિદ્યાધરે તે પુરુષને દેખી પોતાની સ્રીને કહ્યું. "ભો વલ્લભા! મધુબિંદુમાં લુબ્ધ થએલો એવો આ પુરુષ, કાઢતાં છતાં પણ બહાર નહિ નીકળે." સ્રીએ કહ્યું. "હે સ્વામિન્! આવા સ્થાનકમાં વડની ડાળીને હાથી હલાવી રહ્યો છે, યાવત્ માખીઓ ડંશ મારી રહી છે. તો હે પતિ! આવા દુઃખમાં તે શું સુખ માનતો હશે? માટે જલદી બહાર કાઢો." પોતાની સ્રીનું આવું વચન સાંભળી તે વિદ્યાધરે જયાં તે કૂવો હતો, ત્યાં આવી પોતાનું વિમાન ઉભું રાખી તે પુરુષને કહ્યું. "ભો દુઃખી પુરુષ! આવ, મ્હારી બાંહે વળગીને આ વિમાનમાં બેસી જા." ત્યારે તેણે કહ્યું. "હે ઉપકારક! એક ક્ષણવાર ઉભા રહો, આ મધુબિંદુ ટપકે છે, તે મુખમાં પડે એટલે તમારી પાસે આવું." વળી થોડીવારે વિદ્યાધરે કહ્યું. "ચાલ" ત્યારે પણ તેણે પૂર્વોક્ત ઉત્તર આપ્યો. એમ તે વિદ્યાધરે ત્રણ ચાર વખત કહ્યું, તો પણ તે એનો એજ જવાબ દીધા કરે. છેવટે તે વિદ્યાધર થાકીને પોતે ઇચ્છેલા સ્થાનકે ગયો.]

"હે પ્રભવ! આ દૃષ્ટાંતમાં શો ભાવ રહેલો છે, તે તું સાંભળ!-(દૃષ્ટાંતમાં) જે પુરુષ કહ્યો છે, તે સંસારી જીવ (જાણવો); જે અટવી, તે સંસાર; જે હસ્તી તે મૃત્યુ; જે કૂવો, તે મનુષ્ય જન્મ; જે અજગર, તે નરક; જે ચાર સર્પો, તે ક્રોધ વિગેરે (ચાર કષાયઃ- ક્રોધ, માન, માયા અને લોભ); વડવૃક્ષની ડાળી, તે આયુઃ; જે શ્વેત અને કૃષ્ણ ઉંદર, તે જીવિતને છેદવામાં તત્પર એવાં બે શુકલ અને કૃષ્ણપક્ષ; જે માખીઓ, તે વ્યાધિ અને જે મધુબિંદુ કહ્યું, તે વિષય સુખ જાણવું. × [તેમ જ જે વિદ્યાધર, તે સુગુરુ જાણવા અને વિમાન, તે પ્રવચન (સિદ્ધાંત) ના અર્થ જાણવા.]" ઇતિ મધુબિંદુવાની કથા.

× [આવી કાંઉસની અંદરનું લખાણ માગધિ જંબૂચરિત્રમાં છે]

"હે પ્રભવ! જ્યાં આવું હોય, ત્યાં કયો બુદ્ધિમાન પુરુષ રંજન થાય? (હવે) જો કદી કોઈ દેવ કે, વિદ્યાધર તે કૂવામાંથી તેનો ઉદ્ધાર કરે તો, તે ભાગ્યહીન પુરુષને ગમે કે નહિ?" પ્રભવે કહ્યું. "વિપત્તિના સમુદ્રમાં ડૂબતા કયા માણસને એવો પ્રવહણ સમાન ઉપકાર કરનારો માણસ ન ગમે? (અર્થાત્ સર્વને તે ગમે) જંબૂકુમારે કહ્યું. "હે પ્રભવ! ત્યારે આ અપાર ભવસાગરમાં ગણધરદેવ તારનાર છતાં, હું શા માટે ડૂબું?" એ ઉપરથી પ્રભવે કહ્યું. "હે ભાઈ! ત્હારાં માબાપનો ત્હારા ઉપર સ્નેહ છે અને ત્હારી સ્ત્રીઓ પણ ત્હારા ઉપર રક્ત (પ્રીતિવાળી) છે, છતાં તું નિષ્ઠુર થઇને તેમને કેમ ત્યજી દઈશ?" જંબૂકુમારે કહ્યું "અબંધુ એવા બંધુના નિર્બંધમાં કોણ બંધાય? કેમકે, એમાં બંધાવાથી કુબેરદત્તની પેઠે કર્મવડે પ્રાણી બંધાય છે. તે કુબેરદત્તનું દષ્ટાંત આ પ્રમાણે—

## कुबेरदत्तनी कथा ए.

મથુરા નામની નગરીને વિષે, કામદેવની સેના સમાન કુબેરસેના નામની એક ગણિકા રહેતી હતી. પહેલે જ ગર્ભે તે અત્યંત દુઃખ પામવા લાગી, તેથી તેની માતાએ તેને વૈદ્યને બતાવી; કારણ કે, રોગ થાય ત્યારે વૈદ્ય જ શરણ છે. સ્નાયુના વેગ વિગેરેથી વૈદ્યે તપાસ કરી તો, તેણે તેને રોગ રહિત જાણી એટલે તે બોલ્યો. "એને કાંઈ રોગ નથી, એના દુઃખનું કારણ તો એ છે કે, તેના ઉદરમાં દુઃખે કરીને વહન કરી શકાય તેવા બે ગર્ભ ઉત્પન્ન થયા છે; તેથી તેને દુઃખ થાય છે; ને તે દુઃખ તેને પ્રસવ થશે ત્યાં સુધી રહેશે." ત્યારે તેની માતાએ બાળાને કહ્યું. "હે વત્સે! હું ત્હારો ગર્ભ પડાવી નાંખું; કારણ કે, પ્રાણનો નાશ કરવાવાળા ગર્ભને રક્ષણ કરવાથી શું ફાયદો?" વેશ્યાએ કહ્યું. "ગર્ભ સુખી રહો, હું દુઃખને પણ સહન કરીશ; સૂકરી (ભૂંડણી) એક વખતે ઘણાં બચ્ચાંને જન્મ આપે છે, તે પણ જીવે છે." પછી ગર્ભના ક્લેશને સહન કરી યોગ્ય સમયે તે ગણિ

કાએ ભાઇ બ્હેન એવા એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો. ગણિકાને તેની માતાએ કહ્યું. "આ બાળકો ત્હારાં દુશ્મન છે. કારણ કે, ઉદરમાં હતાં ત્યારે પણ તેમણે તને મૃત્યુના દ્વાર સૂધી પહોચાડી હતી. આ બન્ને ત્હારા યૌવનને હરી લેશે અને યૌવન તો વેશ્યાઓની આજીવિકા છે માટે જીવિત પ્રમાણે તું, તે યૌવનનું રક્ષણ કર અને ત્હારા ઉદરથી ઉત્પન્ન થએલાં આ બન્નેને, હે દીકરી! તું અશુચીની માફક ત્યજી દે; એના ઉપર મોહ કરતી નહી; વળી એ જ પ્રમાણે કુળાચાર પણ છે." વેશ્યાએ કહ્યું. "જો એમ હોય, તો પણ દશ દિવસ સૂધી ધીરજ ધર; ત્યાં સૂધી હું એ બન્નેનું પોષણ કરીશ." તેની માતાએ મહા મહેનતે રજા આપી તેથી તે વેશ્યા, તે બાળકોને ધવરાવીને હમ્મેશાં તેનું પોષણ કરવા લાગી. એ પ્રમાણે અહોરાત્ર તે બાળકોને તે ઉછેરતી હતી, તેવામાં તેમનો કાળરાત્રિ સમાન દશમો દિવસ આવ્યો. કુબેરદત્ત અને કુબેરદત્તા એવા નામની બે મુદ્રિકા કરાવીને તે બન્ને બાળકની અંગૂળિમાં તેણે એકેકી પહેરાવી. પછી તે ચતુર સ્ત્રીએ એક લાકડાની પેટી કરાવી, તેમાં રત્નો પૂરીને તે બાળકોને તેમાં મૂક્યાં. પછી તે પેટીને પોતે યમુના નદીના પ્રવાહમાં તરતી મૂકી આવી એટલે તે હંસની સમાન કાંઇ અડચણ શિવાય તેમાં તરતી ચાલી. પછી કુબેરસેના પાછી વળીને ઘેર આવી, નયન રૂપ અંજળિવડે જાણે તે બાળકોને જળાંજળી આપતી હોય! તેમ અશ્રુપાત કરવા લાગી.

દિવસ ઉગે તે પેટી શૌર્યપુર નગરના દ્વાર પાસે પહોચી. ત્યાં તેને બે શ્રેષ્ઠીપુત્રોએ દીઠી ને લઇ લીધી. પેટી ઉઘાડતાં તેમાં તેમણે એક બાળ અને એક બાળિકાને જોયાં, તેથી એકે બાળક અને બીજાએ બાળિકા લઈ લીધાં. હાથ ઉપરની મુદ્રિકા ઉપરથી કુબેરદત્ત અને કુબેરદત્તા એવાં નામ તેમણે જાણ્યાં.

તેમને સ્વામીએ સોંપેલા ખજાનાની માફક પ્રયત્નવડે શ્રેષ્ઠીઓના

ઘરમાં ઉછેરવામાં આવ્યાં. અનુક્રમે તેઓ સર્વ કળા શીખ્યાં અને સૌંદર્યને પાવન કરનારૂં એવું નવ યૌવન પામ્યાં. એ બન્ને અરસ્પરસ યોગ્ય છે એમ ધારી તે શ્રેષ્ઠીઓએ, તેમનો અત્યંત હર્ષથી પાણિગ્રહણનો મહોત્સવ કર્યો. ( અર્થાત્ તેમને પરણાવ્યાં ) વૈદગ્ધ્ય ( ચતુરાઇ ) પણાના શિક્ષાગુરુ જેવા યૌવનથી લિપ્ત ( લીંપાયલા ) એવા તે દંપતીના અંગમાં, પુરુષો અને નારીઓ જ જેનું વાહન છે એવા કામદેવે પ્રવેશ કર્યો. એકદા, તે દંપતીએ એક બીજા તરફ ઉત્પન્ન થતા પ્રેમ રૂપ વારિની નદી સમાન એવી દ્યૂતક્રીડા આરંભી. તે વખતે કુબેરદત્તના હાથમાંથી કાંઇક પ્રસ્તાવને પામીને, મુદ્રિકા કાઢી લઇને કુબેરદત્તાની સખીએ કુબેરદત્તાના ખોળામાં નાંખી. કોઈ જાતના શિક્કાની પરિક્ષા કરતી હોય, તેમ હાથમાં રહેલી તે વીંટીને તે વારંવાર આમ તેમ ફેરવતી તપાસવા લાગી. બીજી વીંટીને જોવાથી કુબેરદત્તા વિચારવા લાગી કે, " આ વીંટી કોઈ બીજા દેશમાં અતિ પ્રયત્ને બનાવેલી લાગે છે." પછી પોતાની અને તેની એ બન્ને વીંટીઓને વારંવાર તપાસતી, ચિંતાના આવેશને લીધે સ્ફુરાયમાન છે કાયા જેની એવી તે, આવા વિચાર ઉપર આવી કે, "એક જ દેશમાં બનાવેલી, એક જ સરખી અને એક જ લીપિના નામવાળી આ બન્ને મુદ્રિકાનો બનાવનાર એક જ હોય એમ લાગે છે. આ મુદ્રિકાને પેઠે, હું અને કુબેરદત્ત પણ રૂપમાં અત્યંત સદૃશ હોવાથી, ભાઈ બ્હેન છીએ. એમાં સંશય નથી. એકે જણ કોઈ પણ અંગમાં ન્યૂન નથી તેમ અધિક પણ નથી; તેથી અમે બન્ને યુગલ જ ( અર્થાત્ એક જ માતાની કુક્ષિથી એક સાથે જ અવતરેલાં-જોડીયાં ) છીએ. અહો ! ધિક્કાર છે કે, દૈવે આવું અમારા ભાઇ બ્હેનના વિવાહ રૂપ અકૃત્ય કરાવ્યું !! માતાએ કે, પિતાએ સમાન પુત્ર પ્રેમને લીધે અમારા બન્નેને વાસ્તે આવી સરખી મુદ્રિકા કરાવી હશે અને અમે ભાઇ બ્હેન છીએ, "તેથી જ કોઇ પણ વખત મને તેની તરફ પતિ

બુદ્ધિ ઉત્પન્ન થઈ નથી; તેમ જ તેને પણ મ્હારા તરફ પતિબુદ્ધિ ઉત્પન્ન થઇ નથી." આ પ્રમાણે વિચાર કરીને "મેં વિચાર્યું તે સઘળું ખરૂં છે" એમ નિશ્ચય ઉપર આવીને, તેણે તે બન્ને મુદ્રિકા કુબેરદત્તના હાથમાં આપી. શુભ આશયવાળો કુબેરદત્ત પણ, તે બન્ને મુદ્રિકાને જોઈને તેવી જ રીતે ચિંતવન કરીને ખેદ પામ્યો. પછી તે સુબુદ્ધિએ તેને વીંટી પાછી આપી દીધી; ને ઘેર જઇને પોતાની માતાને સોગન પૂર્વક પૂછ્યું. "હે માતા! હું ત્હારો ખરો પુત્ર છું? કે, મ્હારાં ખરાં માબાપે ત્યજી દેવાથી તમે મને ગ્રહણ કર્યો છે? કે, તમે મને દત્તક લીધો છે? કે, મ્હારાં ખરાં માબાપની રજા શિવાય તમે મને ગ્રહણ કર્યો છે? કે, હું ત્હારો બીજા કોઇ પ્રકારનો પુત્ર છું? કારણ કે, પુત્ર [1]ઘણા પ્રકારના છે? ઘણો આગ્રહ કરીને પૂછ્યું, ત્યારે તેની માતાએ તેને "પેટી હાથ આવી ત્યારથી માંડીને" સર્વ હકીકત કહી સંભળાવી. તે ઉપરથી કુબેરદત્તે કહ્યું. હે માતા! તમે આ શું અકૃત્ય કર્યું? અમે યુગલ જ છીએ એવું જાણવા છતાં પણ અમારો અરસપરસ વિવાહ કર્યો? તે જ અમારી ખરી માતા કે, જેણે પોષણ કરવાને અશક્ત હોવાથી, અમને અમારૂં ભાગ્ય સોંપીને નદીના પ્રવાહમાં ત્યજી દીધાં. આવું અકૃત્ય કરાવવાને માટે જ નદીનો વેગ અમને મૃત્યુને અર્થે ન થયો; પરંતુ એવા જીવિત કરતાં મરણ જ શ્રેયકારક છે. એવું અકૃત્યવાળું જીવિત શ્રેષ્ટ નથી.

(આ સાંભળીને) તેની માતાએ કહ્યું. "તમારાં સદૃશ રૂપથી અમે અલ્પબુદ્ધિવાળાં મોહિત થઇ ગયાં. ત્હારા સરખી તેના શિવાય બીજી કોઈ કન્યા ક્યાંહિ પણ જડી નહી અને તેના સદૃશ ત્હારા જેવો વર પણ બીજે ક્યાંહિ નહોતો. હજી તો ફક્ત તમને પરણાવ્યાં એટલું જ થયું છે; સ્ત્રી પુરુષના સંબંધથી ઉત્પન્ન થતું પાપકર્મ તમે હજી કાંઇ કર્યું નથી. હજી તું કુમારો છે અને તે કુમારી છે. તું તેને

1 હિંદુ લૉ બાર પ્રકારના પુત્ર વર્ણવે છે.

"આપણે ભાઇ બ્હેન છીએ" એ વાત કહીને ભલે છોડી દે. "હે સુંદર! જો ત્હારે વેપારને માટે દેશાંતર જવાની ઇચ્છા હોય તો, ભલે તું જા અને અમારી આશીષથી તું સુખવડે વ્યાપાર કરીને શીઘ્ર પાછો આવજે. તુ કુશળક્ષેમે પાછો આવીશ, ત્યારે હે પુત્ર! તને બીજી કન્યા સાથે મ્હોટો મહોત્સવ કરીને પરણાવશું."

આ સાંભળીને ધર્મબુદ્ધિ કુબેરદત્ત, કુબેરદત્તા પાસે ગયો અને તેને પોતાનો નિર્ણય કહી સંભળાવ્યો; ને કહ્યું કે, "હે ભદ્રે! તું ત્હારા પિતાને ઘેર જા; તું મ્હારી ભગિની છે, વિવેકવાળી છે, ડાહી છે તેથી જેમ યોગ્ય લાગે તેમ કર. હે બ્હેન! આપણાં માબાપે આપણને છેતર્યાં ત્યાં આપણે શું કરીએ? વળી તેમનો પણ આ દોષ કહેવાય નહી; એ તો આપણી જ ભવિતવ્યતા. માબાપ જે બાળકને વેચાતું લે છે, તેનો ત્યાગ કરે છે કે, તેને અકૃત્ય કરવાની આજ્ઞા કરે છે, તે બાળકના કર્મનો જ દોષ છે. આ પ્રમાણે તેને કહી, કુબેરદત્ત તેનો ત્યાગ કરી, વ્યાપારની વસ્તુઓ લઇને મથુરાપુરી ગયો. ત્યાં વ્યાપારમાં તેણે ઘણું દ્રવ્ય મેળવ્યું, ને યૌવનને ઉચિત યથેચ્છ વિલાસ કરતો તે, ત્યાં ઘણા દિવસ રહ્યો. એક દિવસ રૂપ લાવણ્યવડે શોભતી કુબેરસેના વેશ્યાને તેણે દ્રવ્ય આપીને પોતાની સ્ત્રી કરી; તેની સાથે વિષયસુખ ભોગવતાં કુબેરદત્તને એક પુત્ર થયો. અહો! દૈવનું નાટક આવું છે!!!

(હવે પાછળ) કુબેરદત્તાએ પણ તેની માતાને પૂછ્યું, તે ઉપરથી તેણે પણ તેને, "પેટી હાથ આવી ત્યારથી માંડીને" સર્વ કથા કહી સંભળાવી. પોતાની આવી કથાથી ખેદ પામીને કુબેરદત્તાએ દીક્ષા લીધી અને અત્યંત ઉગ્ર તપ કરવા લાગી. દીક્ષા લીધા પછી તેણે પેલી મુદ્રિકાને પોતાની પાસે ગોપવીને રાખી; મુખ્ય સાધ્વી સાથે પરીષહ સહન કરતી તે વિહાર કરવા લાગી. મુખ્ય સાધ્વીના ઉપદેશથી તેના અખંડ તપને લીધે તેને તપવૃક્ષના પુષ્પ રૂપ અવ

ધિજ્ઞાન ઉત્પન્ન થયું.

પછી "કુબેરદત્તનું શું થયું?" એમ તેણે જ્યારે વિચાર્યું, ત્યારે તેણે, તેને કુબેરસેનાની સાથેના સંબંધને લીધે પુત્ર સહિત જોયો. (એટલે) શુદ્ધ એવી તેણે શોચ કરવા માંડયે. "અહો! મ્હારો ભાઈ ભૂંડની પેઠે અકૃત્ય રૂપ પંક (કચરા) માં નિમગ્ન થયો છે" એમ વિચારીને તેને બોધ દેવાને વાસ્તે (બીજી) સાધ્વીઓ સહિત તે કરૂણા રસને વર્ષાવતી મથુરાપુરી ગઈ. ત્યાં તેણે કુબેરસેનાની પાસે જઈને ધર્મલાભ પૂર્વક પ્રતિશ્રય (ઉતરવાની જગો) માગી. એટલે વંદન કરીને કુબેરસેનાએ કહ્યું "હે આર્યે! હું તો વારાંગના છું, પણ હમણાં એક પતિ હોવાથી કુળવધુ જેવી છું. કુલીન પતિના સંસર્ગથી આ મેં કુળસ્ત્રીનો વેષ પહેર્યો છે અને હવે મ્હારાં આચરણ પણ કુલીન છે, તો હું આપની કૃપાને યોગ્ય થઇ છું. તેથી અહિં મ્હારા ઘરની નજીક જ વસતિ ગ્રહણ કરીને મ્હારા ઈષ્ટદેવતાની આ ફ્ક હમ્મેશાં પાસે જ રહો." એ સાંભળીને તેના (કુબેરસેનાના) કલ્યાણની કામધેનુ સમાન તે સાધ્વી, તેણે આપેલી વસતિમાં સપરિવાર સુખે રહેવા લાગી. ત્યા કુબેરસેના પણ રાત્રી દિવસ આવીને તેના પાદપદ્મ પાસે ભૂમિ ઉપર પોતાના બાળકને લોટતો મૂકતી. જે પ્રાણીને જેવી રીતે બોધ થાય, તેવી રીતે તેને બોધ કરવો, એમ વિચારી સાધ્વી કુબેરસેનાને બોધ દેવાને અર્થે તે બાળકને બોલાવવા (હાલરડું ગાવા) લાગી:—

"હે બાળક! તું મ્હારો ભાઇ છે, પુત્ર છે, દીયર છે, ભત્રિજો છે, કાકો છે અને પૌત્ર છે.–જે ત્હારો પિતા છે તે મ્હારો ભાઇ છે, પિતા છે, પિતામહ (દાદો) છે, ભર્ત્તાર છે, પુત્ર છે અને સસરો છે.– તથા જે ત્હારી માતા છે તે મ્હારી માતા છે, મ્હારા પીતાની માતા છે, ભોજાઈ છે, વહુ (પુત્રની સ્ત્રી) છે, સાસુ છે અને શોકય છે." આ સાંભળીને કુબેરદત્તે પૂછયું. "હે આર્યે! આમ કેમ પરસ્પર

વિરૂદ્ધ વચનો બોલો છો? અને તે વિસ્મય થાય છે.” ત્યારે સાધ્વી એ કહ્યું. “આ બાળક મ્હારો ભાઈ છે; કારણ કે, અમારાં બન્નેની એક જ જનની છે અને મ્હારા પતિનો પુત્ર એટલે તે મ્હારો પણ પુત્ર થાય. મ્હારા પતિનો સોદર (એક જ ઉદરમાંથી જન્મ થવાને લીધે-ભાઇ) એટલે મ્હારો દીયર થાય અને મ્હારા ભાઇનો પુત્ર એટલે મ્હારો ભત્રિજો પણ થાય, માતાના પતિનો ભાઈ એટલે તે મ્હારો કાકો પણ થયો અને મ્હારી શોકયના પુત્રનો પુત્ર એટલે મ્હારો પૌત્ર પણ કહેવાય.-હવે જે આ બાળકનો પિતા તે મ્હારો ભાઇ છે; કારણ કે, અમારાં બન્નેની માતા એક જ છે અને તેનો તાત તે મ્હારો પણ તાત; કારણ કે, મ્હારી માતાનો તે ભર્ત્તાર છે. વળી એ મ્હારા કાકાનો પિતા એટલા વાસ્તે હું તેને પિતામહ ( દાદા ) કહું છું. વળી હું, તેની સાથે પરણી હતી તેથી તે મ્હારો ભર્ત્તાર થાય છે. વળી તે મ્હારો પુત્ર થાય; કારણ કે, મ્હારી સપત્નિ ( શોકય ) ની કુક્ષિએ, એ જન્મ્યો છે. વળી મ્હારા દીયરનો પિતા એટલે તે મ્હારો સસરો પણ કહેવાય.-હવે જે આ બાળકની માતા, તે મ્હારી પણ માતા છે; કારણ કે, હું તેનાથી ઉત્પન્ન થઇ છું અને મ્હારા કાકાની માતા એટલે તે મ્હારી પિતામહી ( દાદી ) પણ થઈ. મ્હારા ભાઇ સાથે પરણી તેથી મ્હારી ભોજાઈ પણ કહેવાય અને મ્હારી શોકયના પુત્રની પત્નિ તેથી મ્હારી વધૂ ( પુત્રની સ્ત્રી ) પણ થઇ. મ્હારા પતિની માતા એટલે મ્હારી સાસુ અને મ્હારા પતિની બીજી ભાર્યા એટલે મ્હારી સપત્નિ ( શોકય ) પણ કહેવાય.”

આમ કહીને તેણે કુબેરદત્તને પોતાની મુદ્રિકા આપી. તે જોઇને તેણે પણ તે સર્વ સંબંધ વિપ્લવ ( સંબંધથી થએલું ખરાબ પરિણામ ) જાણ્યું. પછી કુબેરદત્તે તુરત વૈરાગ્ય પામીને પ્રવ્રજ્યા અંગીકાર કરી. તે તપ કરી ત્યાંથી કાળ કરીને મોક્ષલક્ષ્મીનો અતિથિ થયો. કુબેરસેના પણ તે વખતથી શ્રાવિકા થઇ. પછી તે સાધ્વી કુબેરદત્તા,

પોતાની ઉપરી સાધ્વી પાસે પાછી ગઈ. ઇતિ કુબેરદત્તની કથા.

---

(જંબૂકુમાર પ્રભવને કહે છે) એ પ્રમાણે જે પ્રાણી પોતે જ કર્મથી બંધાય છે, તે મૂર્ખ જેમ છીંપને રૂપું ધારે છે, તેમ પોતાના સંબંધી વર્ગને બંધુ માને છે; પણ જે પોતે જ બંધુ રહિત છે અને બીજાઓને બંધુથી છોડાવે છે, તે જ ક્ષમાશ્રમણ સાધુ ખરા બંધુ છે; બીજાઓ તો નામના જ બંધુ છે.

વળી પ્રભવે કહ્યું. "હે કુમાર! ત્હારા પૂર્વજો દુર્ગતિમાં જતા અટકે, તેટલા વાસ્તે એક પુત્ર તો તું ઉત્પાદન કર. તું સંતાન રહિત હોવાથી ત્હારા પૂર્વજો અવશ્ય નરકે જશે; તેથી પુત્ર રહિત એવો તું તેમના ઋણથી મુક્ત થઇશ નહિ." જંબૂકુમારે કહ્યું. "હે પ્રભવ! 'પુત્ર પિતાને તારે છે' એ (કહેવું) તો મોહ (ને લીધે) જ છે; અહિં મહેશ્વરદત્ત સાર્થવાહનું દૃષ્ટાંત છે (તે તું શ્રવણ કર).

તે મહેશ્વરદત્ત સાર્થવાહનું દૃષ્ટાંત આ પ્રમાણે—

## મહેશ્વરદત્તની કથા ૧૦.

પૂર્વે તામલિપ્તિ નામની નગરીમાં મહેશ્વરદત્ત નામનો લક્ષ્મીવાળો સાર્થપતિ રહેતો હતો. સમુદ્ર નામનો તેનો પ્રખ્યાત પિતા હતો; તેને, સમુદ્રને જેમ જળની તૃપ્તિ નથી, તેમ દ્રવ્યની તૃપ્તિ નહોતી. (અર્થાત્ પુષ્કળ દ્રવ્ય છતાં પણ તે હમ્મેશાં અધિક ઇચ્છતો.) અને તેને દ્રવ્યની માતા હોયની! તેવી અને કદી મ્હોટું મન તો જેનું થયું જ નથી એવી બહુલા નામની માયા પ્રપંચી માતા હતી. અનુક્રમે લોભ રૂપ કાદવમાં ડૂબેલો અને અર્થ જ સંચય કરવાના વ્યસનવાળો તેનો પિતા મૃત્યુ પામીને, તે જ નગરને વિષે પાડો ઉત્પન્ન થયો. પતિના મૃત્યુથી, આર્ત્તધ્યાન રૂપ અગ્નિમાં પતંગની દશાને પામેલી તેની માતા પણ, મરીને તેજ નગરમાં શૂની (કૂતરી) ઉત્પન્ન થઈ

( હવે ) ગાંગિલા જે મહેશ્વરદત્તની પત્નિ હતી, તે શિવને પાર્વતીની પેઠે સૌભાગ્યની જન્મ ભૂમિ હતી. શ્વશ્રુ (સાસૂ) અને શ્વશૂર ( સસરા ) વિનાના ઘરમાં એકાકી રહેવાને લીધે, અરણ્યની હરિણી સમાન, તે (ગાંગિલા) સ્વચ્છંદચારિણી થઇ. પતિને છેતરીને તે બીજા પુરુષ સાથે ક્રીડા કરવા લાગી. એકલી ( રહેનારી ) સ્ત્રીઓનું સતીત્વ ક્યાં સૂધી ટકી શકે ? કામદેવ પણ સ્ત્રીને એકલી રહેલી જોઇને, નિર્ભયપણે તેના ઉપર અત્યંત પ્રહાર કરે છે. એકદા પર પુરુષની સાથે નિરંકૂશપણે તે ક્રીડા કરતી હતી, તેવામાં અકસ્માત્ મહેશ્વરદત્ત બહારથી ઘરમાં આવ્યો. માથાના કેશ વીંખરાઇ ગએલાં, કામ ક્રીડાને લીધે શ્રમિત થએલાં અને ભયભીત બનેલાં એવાં તે બન્ને (કુશલી અને ઉપપતિ) ની જંઘા કંપવા લાગી અને લોચનો ભમવા લાગ્યાં; પહેરેલું વસ્ત્ર જેનું પરાવર્ત્ત (આઘું પાછું) થઇ ગયું છે એવાં, ઉત્તરીય વસ્ત્ર રહિત અને નગ્ન પ્રાય એવાં તે બન્નેના પગ સ્ખલના પામવા લાગ્યા અને તેઓ ઝંખવાણાં પડી ગયાં.

કોઈ લુબ્ધક (પારધિ) જેમ પોતાના શિકારને પકડે, તેવી રીતે તે જાર પુરુષને કેશવડે પકડીને, ભૂત આવેલા માણસને જેવી રીતે માંત્રિક (મંત્ર જાણનારો) મારે, તેવી રીતે તેને તમાચા મારવા લાગ્યો; વળી જેમ કુંભકાર માટીના પિંડને પગવડે મસળે, તેવી રીતે તેણે પાદઘાત (પાટુ) વડે તેનું ખૂબ મર્દન કર્યું અને ઘરમાં પેઠેલા શ્વાનની પેઠે તેને, તેણે લાકડીવડે ખૂબ માર માર્યો. વધારે તો શું, પણ મહેશ્વરદત્તે તેને મરણતોલ કરી નાંખ્યો. મનસ્વી (મનની ટેક વાળા) પુરુષોને જેવો જાર પુરુષો ઉપર કોપ થાય છે, તેવો ચોરના ઉપર પણ થતો નથી. યમ જેવા મહેશ્વરદત્તે ક્રોધાયમાન થઇને અધમૂઓ કરી નાંખેલો એવો તે, મહા મહેનતે તેનાથી છૂટીને આગળ ચાલ્યો; પણ ઘણો માર પડેલો હોવાથી પડી ગયો અને પ્રાણ કંઠે આવ્યાથી તે વિચારવા લાગ્યો કે "મરવાની જ ઇચ્છાએ મેં આવું

નિંદ્યકર્મ કર્યું; તો હવે ઇચ્છિત પૂરનાર તીર્થની સમાન, તે (કર્મ) મ્હારા મૃત્યુને અર્થે થયું, તે પણ યુક્ત જ (થયું)" આ પ્રમાણે વિચાર કરતાં તે જાર પુરુષ મૃત્યુ પામ્યો અને તેનો જીવ, તેના પોતાના જ વીર્યમાં, હમણાં જ પોતે ભોગવેલી એવી ગાંગિલાની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો.

પછી યોગ્ય સમયે ગાંગિલાએ પુત્ર પ્રસવ્યો. તેને જારથી ઉત્પન્ન થએલો છતાં પોતાનાથી જ ઉત્પન્ન થયો હોય, તેમ જાણીને મહેશ્વરદત્ત તેનું લાલન પાલન કરવા લાગ્યો. ગાંગિલાને પુત્ર થયો તેથી પુત્ર પ્રેમને લીધે મહેશ્વરદત્ત, પોતાની સ્ત્રીના વ્યભિચાર દોષને ભૂલી ગયો. પોતાની સ્ત્રીના ઉપપતિના જીવ એવા પોતાના પુત્રનું ધાત્રીકર્મ તેણે હર્ષથી કર્યું (પણ જરાએ) લજવાયો નહી. પુત્ર એ જ ધન છે જેનું એવો તે મહેશ્વરદત્ત, પોતાના વૃદ્ધિ પામતા અને દાઢી મૂછના કેશને ખેંચનારા પુત્રને, હમ્મેશાં અર્થ (ધન)ની માફક હૃદયપાસે રાખવા લાગ્યો.

અન્યદા પિતાની મરણ તિથિ આવી, ત્યારે તેણે પિતાના જીવ એવા તે પાડાને, તેના માંસની ઇચ્છાએ વેચાતો લીધો. પિતાની વાર્ષિક તિથિને અર્થે તેણે પોતે, હર્ષથી રોમાંચિત થઇને તે પાડાને મારયો. પછી તેનું માંસ ખાતાં ખાતાં, મહેશ્વરદત્ત ખોળામાં રહેલા બાળકને પણ, હર્ષથી તેમાંથી ખવરાવવા લાગ્યો. તેની માતા જે શૂની (થઇને અવતરી હતી) તે માંસના લોભથી પાસે આવી, તેની પાસે પણ તેણે માંસવાળા હાડકાના કકડા નાંખ્યા. વાયુએ હલાવેલા ધૂમની શિખાના અગ્રભાગની માફક, પૂંછડું હલાવતી તે કૂતરી, પોતાના જ પતિના જીવ એવા તે પાડાના હાડકાં માંહેના માંસને ખાવા લાગી.

આ પ્રમાણે મહેશ્વરદત્ત પોતાના પિતા સમુદ્રદત્તનું માંસ ખાતો હતો, તેવામાં માસખમણના પારણાને અર્થે ભિક્ષા લેવાને અર્થે નીકળેલા, એક મુનિ ત્યાં આવ્યા. તેઓ જ્ઞાનાતિશય સંપન્ન હતા, તેથી તેમણે મહેશ્વરદત્તનું તે પ્રકારનું સર્વ વિલસિત ( ચેષ્ટિત )

જાણ્યું. તેઓ વિચાર કરવા લાગ્યા. "અહો ! આ બિચારાના અજ્ઞાનને ધિક્કાર છે કે, તે પોતાના જ પિતાનું માંસ ખાય છે; ને પોતાના જ વૈરીને ખોળામાં બેસારીને ખવરાવે છે; આ કૂતરી પણ હર્ષિત થઇને પોતાના પતિના માંસવાળાં હાડકાં ચાવે છે. અહો ! સંસાર આવો છે !" આ પ્રમાણે સમ્યક્ રીતે જાણવાથી મુનિ તેના ઘર થકી પાછા વળ્યા. એટલે મહેશ્વરદત્ત પછવાડે દોડીને તેમને વંદન કરીને બોલ્યો. " હે મુનિ ! આપ મ્હારે ઘેર ભિક્ષા લીધા વિના પાછા કેમ જાઓ છો ? હું અભક્ત નથી; તેમ મેં કાંઇ પણ અવજ્ઞા કરી નથી; (ઉલટો) મને તો હર્ષ થયો છે." મુનિએ કહ્યું. "હું કદિ માંસ ભક્ષણ કરનારને ઘેર જતો નથી; તેથી મેં ત્હારા ઘરની ભિક્ષા ગ્રહણ કરી નહીં; વળી મને ત્હારા ઘરનું બધું ચેષ્ટિત જોવાથી એક નવો જ વૈરાગ્ય ઉત્પન્ન થયો." મહેશ્વરદત્તે તેનું કારણ પૂછ્યું એટલે મુનિએ મહિષ અને શૂની વિગેરેની પૂર્વભવની કથા કહી સંભળાવી. "(આપે કહ્યું તેનો) આધાર શો ?" એવું મહેશ્વરદત્તે પૂછવાથી મુનિએ કહ્યું. "આ શૂનીને પૂછ કે, અહિં કાંઇ પૂર્વે દાટેલું છે ?" એ ઉપરથી શ્રેષ્ઠીસુતે કૂતરીને પૂછ્યું. એટલે તે પોતાના જાતિસ્વભાવને લીધે શય્યાને અર્થે ભૂમી ખોદતી હોયની ! તેમ નિધાનસ્થાન (દ્રવ્ય દાટેલી જગા) ને અંગૂઠાવડે ખોદવા લાગી. (તે જગ્યાએથી નિધાન નીકળ્યું) તે ઉપરથી વિશ્વાસ ઉત્પન્ન થયો. તેથી સંસાર ઉપર વિરક્ત ચિત્તવાળા થઇ, સુપાત્રને વિષે પોતાની લક્ષ્મી આપી દઇ, મહેશ્વરદત્તે દીક્ષા લીધી . "ઇતિ મહેશ્વરદત્તની કથા.

---

તેથી ( જંબૂસ્વામી કહે છે ) " હે પ્રભવ ! હે શ્રેષ્ઠવક્તા ! દુર્ગતિ રૂપ ઝરામાંથી પુત્ર માતા પિતાને તારે છે, તેનો શો નિશ્ચય ? તે તું કહે ? ( અર્થાત્ તેનો કાંઇ નિશ્ચય નથી.)"

હવે સમુદ્રશ્રીએ જંબૂકુમારને કહ્યું. " હે નાથ ! એક ખેડુત

(જેનું દૃષ્ટાંત હું તમને કહું છું) તેની માફક આપ ( આ પ્રમાણે સઘળું ત્યજી દઇને ) પાછળ પશ્ચાત્તાપ કરશો નહિ.

તે ખેડુતનું દૃષ્ટાંત આ પ્રમાણે—

## बक खेडुतनी कथा. ११

સુસીમ નામે પૃથ્વી ઉપર પ્રખ્યાતી પામેલા નગરમાં, બક નામનો ધન ધાન્ય વિગેરે સ્મૃદ્ધિવાળો એક ખેડુત રહેતો હતો. વર્ષા કાળ પાસે આવ્યો, ત્યારે તેણે હળવડે ક્ષેત્ર ખેડીને, તેમાં મહા પ્રયાસ કરીને કંગુ અને કોદ્રવ નામનાં ધાન્ય વાવ્યાં. શ્યામપત્રવાળાં તે ધાન્ય ઉગી નીકળ્યાં ત્યારે ક્ષેત્રની ભૂમિ, જાણે તેમાં લીલા કાચ પાથર્યા હોયની! તેવી શોભવા લાગી.

પછી તે કંગુ અને કોદ્રવના વનને વધતું જોઇ હર્ષ પામતો તે ખેડુત, કોઇ દૂર આવેલા પોતાના સંબંધીને ગામે તેના અતિથિ તરિકે ગયો. ત્યાં તેના સગાં વહાલાંએ તેને ગોળ અને માંડાનું ભોજન કરાવ્યું. તે, અપૂર્વ ભોજન જમવાથી ઘણો જ ખુશી થયો અને તેમના ઉપર પ્રીતિ બતાવતો કહેવા લાગ્યો. " અહો ! તમારો આવો મનોહર સુધા તુલ્ય આહાર છે, તો તમારૂં જીવિત ઉત્તમ છે; કારણ કે, મેં કદાપિ સ્વપ્નમાં પણ આવો આહાર જોયો નથી. અમે તો કંગુને કોદ્રવ જેવાં હલકાં અનાજ વાવીએ-લણીએ છીએ, તેથી પશુ સમાન અમોને ધિક્કાર છે." ગોળ અને માંડાને નહિ ઓળખનારા તેણે પછી પોતાના સંબંધીઓને પૂછ્યું. "આ આહારની વસ્તુ શી છે અને ક્યાં થાય છે ?" તેમણે કહ્યું. "રેંટના પાણીવડે ખેતરો સીંચીને તેમાં બીજાં ધાન્યની પેઠે ગોધુમ ( ગોધમ-ઘઉં ) વાવવા; તે જ્યારે પાકે, ત્યારે તેને ઘંટીમાં દળી તેના માંડા કરી અગ્નિ ઉપર લોઢાના પાત્રમાં પકાવવા. ( વળી ) એ જ પ્રમાણે શેરડીને વાવવી; તે જ્યારે ઉગે ત્યારે તેનો રસ પીલી કાઢીને તેનો ગોળ બનાવવો."

આ પ્રમાણે ગોળ અને માંડાની બનાવટ જાણીને, તે ખેડુત શેરડી તથા ઘઉંનાં બીજ લઈને પોતાને ગામ ગયો. ત્યાં જઈ ખેતરમાં ફુળી નીકળેલાં તે કંગુ અને કોદ્રવનાં ધાન્યને, પોતાના વિચારથી ઉતાવળે કાપી નાંખવા લાગ્યો; ત્યારે તેના પુત્રોએ તેને કહ્યું. "હે તાત! આ આપણા કુટુંબની ઉપજીવિકા ( આજીવિકા ) તુલ્ય અર્ધ ઉગેલાં ધાન્યને કેમ તૃણની માફક કાપી નાંખો છો?" બકે કહ્યું "હે પુત્રો! આ કોદ્રવ શા કામના છે? મ્હારે અહિં શેરડી અને ગોધમ વાવવા છે; કારણ કે, મ્હારે ગોળને માંડા ખાવા છે." પુત્રોએ કહ્યું. "થોડા દિવસમાં આમાંથી અનાજ નીકળશે, તે લણી લીધા પછી યથારુચિ ( મરજી મુજબ ) તમે તેમાં શેરડી અને ઘઉં વાવજો. આ ધાન્ય તૈયાર થઈ ગયાં છે, ને ઘઉં શેરડીનો તો હજી સંશય છે. ( તો ) કેડ ઉપર રહેલું બાળક જતું રહે, તે વખતે ઉદરમાં રહેલા બાળકની શી આશા રાખવી?" આ પ્રમાણે ખેડુતને તેના પુત્રોએ નિવાર્યાં છતાં પણ, તેણે તે બન્ને પ્રકારનાં ઉગેલાં ધાન્યને કાપી નાંખ્યાં; કારણ કે, ત્યાં તેનું કર્યું થાય તેમ હતું. તે કાપી નાંખ્યા પછી તે મૂર્ખ એવા બકે, તે ક્ષેત્રની ભૂમિને દડે રમવાની ભૂમિ જેવી સાફ કરી નાંખી. પછી તેણે ત્યાં આગળ એક કૂવો ખોદવા માંડયો, પણ વંધ્ય ( વંધ્યા ) સ્ત્રીના સ્તનમાંથી જેમ પય ( દૂધ ) નીકળતું નથી, તે પ્રમાણે તેમાંથી પય ( પાણી ) નીકળ્યું નહી. થાક્યા વિના તેણે ખોદી ખોદીને પાતાળના વિવર સમાન કૂવો કર્યો, પણ તેમાંથી પંક ( કાદવ ) સરખો એ નીકળ્યો નહિ! ( તો પાણીની તો શી વાત કરવી!) એટલે તેના કંગુ–કોદ્રવ તથા શેરડી અને ગોધુમ સઘળું ગયું; ને તેને પશ્ચાત્તાપ થયો. ઇતિ બક ખેડુતની કથા.

---

તેટલા વાસ્તે ( સમુદ્રશ્રી જંબૂકુમારને કહે છે ) "હે સ્વામિન્! આ લોકનું સ્ત્રી તથા દ્રવ્યનું સુખ ત્યજીને, તમે પરલોકના સંશય

વાળા સુખની આકાંક્ષા ( ઇચ્છા ) કરો છો; તો આપ ( રખે ) બન્ને આંથી જાઓ નહી!"

ઉદાર એવા જંબૂકુમાર હસીને બોલ્યા. "હે સમુદ્રશ્રી! હું કાગડાના જેવો બુદ્ધિ રહિત નથી.

સાંભળ, તે કાગડાનું દૃષ્ટાંત આ પ્રમાણે—

## કાગડાની કથા ૧૨.

વિંધ્યાટવીમાં નર્મદા ( નદી ) ને કિનારે એક મ્હોટો યૂથપતિ ( બીજા હાથીઓનો ઉપરી ) એવો હસ્તી રહેતો હતો. તે જાણે વિંધ્યાદ્રિનો યુવરાજ જ હોયની! તે વિંધ્યમાં સ્વચ્છંદે ફરતાં ફરતાં તેનું યૌવન ગયું, ને આયુષ્ય રૂપ નદીના પાર સમાન વૃદ્ધાવસ્થા આવી, ત્યારે તે ક્ષીણબળ થઇ જવાથી તરુ ઉપર દંતના ઘા કરી શક્યો નહી; ને જેમ ગ્રીષ્મઋતુમાં ગિરિનાં નિર્ઝરણાં શુષ્ક થઈ જાય છે, તેમ તેનો મદ જતો રહ્યો. શલ્લકી અને કર્ણિકાર વિગેરે વૃક્ષોનાં વનને પણ ભાગવાથી તે પરાંમુખ થયો, ને નીચા સ્થળેથી ઊંચે ચઢવામાં ને ઊંચે સ્થળેથી નીચે ઉતરવામાં તેને બીક લાગવા માંડી. દાંત પડી જવાથી તે ઓછું ખાઈ શકતો, તેથી ભૂખને લીધે તેનું પેટ કૃશ થઈ ગયું, ને તેની કાયા હાડકાના માળા જેવી થઈ ગઈ.

એકદા સૂકાઈ ગએલી એવી નદીમાં ઉતરતાં તેનો પગ લથડી જવાથી, તે ગિરિના શિખરની પેઠે પડી ગયો. વૃદ્ધ એવો તે ત્યાંથી ઉઠી શક્યો નહી; તેથી જાણે પાદપોપગમન અનશનને પાળતો હોયની! તેમ ત્યાં જ સ્થિત થઇને રહ્યો. એમ પડી રહેવાથી ત્યાં તેનું મૃત્યુ થયું એટલે તેના ગુદાના માંસને શીયાળીઆ અને નકુલ વિગેરે જનાવરો ખાવા લાગ્યાં. ગુદાવાટે મ્હોટું રંધ્ર ( બાકું ) પડવાથી, તે કળેવર ગુફાવાળા ગિરિ જેવું થયું, ને તેમાં શિકારી પ્રાણીઓ વાસ કરી રહ્યાં. તે ગુદા રૂપ સત્રશાળા ( યજ્ઞશાળા ) માં ભોજનના

લાલચુ બ્રાહ્મણોની પેઠે પક્ષીઓ વારંવાર જા આવ કરવા લાગ્યાં.

માંસના ભોજનથી અત્યંત અતૃપ્ત એવો કાગડો તો, વિષ્ટા માંથી ઉત્પન્ન થયેલા કૃમિ જેમ વિષ્ટામાં જ પડયા રહે; તેમ ત્યાં અપાનદ્વાર ( ગુદાદ્વાર ) માં જ રહ્યો. હસ્તિની કાયાની અંદર પ્રવેશ કરીને જે જે ઠીક લાગ્યું, તેનું ભક્ષણ કરતો, કાષ્ટને વિષે ઘૂણ જાતિના કીડાની માફક, તે વધારે વધારે પ્રવેશ કરતો ગયો. ( આ પ્રમાણે કરવાથી ) તે કાગ, આ કાયાએ જ પારકા શરીરની અંદર પ્રવેશ કરી શકનારા અપૂર્વ યોગીના જેવો અનાયાસે થયો. કરોળિયાની પેઠે હસ્તિની કાયાનું માંસ નિશ્ચિંતપણે ખાતો ખાતો તે, પૂર્વાપર ભાગને નહિ જાણવાથી, છેક મધ્યભાગ સૂધી પહોચ્યો.

( હવે ) તે હસ્તિની ગુદાનું રંધ્ર, વિષ્ટા રહિત થએલું હોવાથી, સૂર્યના કિરણના તાપને લીધે અગાઉની પેઠે સંકોચાઇ ગયું. તેથી તે કાગડો તેમાં, ઢાંકણું બંધ કરેલા કરંડીઆમાં સર્પ પૂરાઈ જાય, તેની માફક પૂરાઇ ગયો. વર્ષાઋતુમાં જળથી ભરપૂર નદીએ, તરંગ રૂપ હસ્તોથી ખેંચીને, તે હસ્તીના કળેવરને નર્મદા ( નદી ) માં આણ્યું. પ્રવહણની માફક તરતા તે કળેવરને, નર્મદાએ સમુદ્રમાં આણ્યું. તે જાણે ( ત્યાંના ) મત્સ્યોને તેની ભેટ આપતી હોયની ! ત્યાં પાણીએ તે કળેવરમાં પ્રવેશ કરી તેને ભેદીને તેમાં દ્વાર કર્યું; તેથી તે કાગડો બહાર નીકળ્યો. તે હસ્તીના આંતરડા પ્રાય રહેલા શરીર ઉપર બેસીને, તેણે ચોમેર દિશાઓને અવલોકી ( જોઈ ); તો તેણે આગળ, પાછળ કે, બન્ને બાજુએ જળ વિના બીજું કાંઇ જોયું નહિં, તેથી તેણે વિચાર કર્યો કે, "હવે ઉડીને આ સમુદ્રને તીરે પહોચું." ઘણી વાર ઉડીને જઈ આવ્યો, પણ સમુદ્રનો પાર પામ્યો નહી; તેથી વારે વારે તે કળેવર ઉપર આવીને બેસતો. ત્યાં મત્સ્ય અને મકર વિગેરે જનાવરોએ ચોમેરથી ઘેરેલું તે ( કળેવર ), ભારને લીધે પ્રવહણ જળમાં ડૂબી જાય, તેવી રીતે સમુદ્રમાં ડૂબી ગયું; તેથી નિરાધાર થ

એલો તે કાગડો પણ, તેમાં ડૂબી ગયો અને જળની રેલના ભયથી જ હોયની! તેમ સદ્ય (ઉતાવળો) પ્રાણથી મુક્ત થયો. ઇતિ કાગડાનીકથા.

---

આ દૃષ્ટાંતમાં, મૃત્યુ પામેલા વનના હસ્તીના જેવી પુરંધ્રીઓ (પરણેલી-પ્રૌઢ થએલી સ્ત્રીઓ) ને જાણવી; સાગરને સંસાર જાણવો અને વાયસને પુરુષ જાણવો. હસ્તીના કળેવર જેવી જે તમે, તેમના ઉપર રાગવાન થઇને તે કાગની માફક, હું આ સંસાર સમુદ્રને વિષે ડૂબી જવાનો નથી.

પછી પદ્મશ્રીએ કહ્યું. " હે નાથ! જો તમે અમને ત્યજી દેશો, તો તમને વાનરની માફક અત્યંત પશ્ચાત્તાપ થશે.

તે વાનરનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.--

## વાનરની કથા ૧૩.

એક અટવીને વિષે પરસ્પર પ્રીતિવાળાં એવાં એક વાનર અને એક વાનરી રહેતાં હતાં. તે કદિ જૂદાં પડતાં નહિં. તેઓ એક સાથે ભોજન કરતાં અને સ્પર્ધા (હરિફાઇ) કરતાં હોય, તેમ એક સાથે વૃક્ષ ઉપર ચઢતાં. એક જ દોરાવડે બાંધેલાં હોય, તેમ સાથે જ દોડતાં અને એક જ કાર્યની ચિંતાવાળાં હોય, તેમ તેઓ સર્વ કામ સાથે જ કરતાં. અન્યદા ગંગા (નદી) ના તીર ઉપરના નેતરના વૃક્ષો ઉપર તેઓ ફરતાં હતાં, તેવામાં તે વાનર કૂદકો મારવા જતાં, ધ્યાન નહિ રાખવાથી ભૂમિ ઉપર પડી ગયો. તેથી, તે તીર્થના પ્રભાવથી એક ક્ષણમાં તે વાનર, વિદ્યાના બળવડે જ હોયની! તેમ દેવપુત્ર જેવો મનુષ્ય બની ગયો! વાનરને નરનું રૂપ પામેલો જોઇને, વાનરીને મનુષ્ય સ્ત્રીના રૂપની ઈચ્છા થઈ, તેથી તેણે પણ વાનરની માફક જ ઝંપાપાત કર્યો; તેથી તે સદ્ય સુરસુંદરી (દેવાંગના) સમાન નારી થઈ; ને અત્યંત પ્રેમવડે તે નરને ભેટી. (પછી) નિશા અને ચંદ્ર

માની સમાન હમ્મેશાં સાથે જ રહેનારાં તે બન્ને ( સ્ત્રી પુરૂષ ) અગાઉ વાનરપણામાં જેમ વિલાસ કરતાં હતાં, તે પ્રમાણે વિલાસ કરવા લાગ્યાં.

એકદા નર રૂપ પામેલા તે વાનરે, નારી રૂપ પામેલી તે વાનરીને કહ્યું. "આપણે જેવી રીતે મનુષ્યનું રૂપ પામ્યાં, તેવી રીતે ચાલો હવે આપણે દેવનું રૂપ મેળવીએ." ત્યારે સ્ત્રીએ કહ્યું. "હે પ્રિય! બહુ લોભ કરવો રહેવા દો, આપણે મનુષ્ય રૂપમાં જ ( રહીને ) વિષયોનો ઉપભોગ કરશું. દેવતા થવું રહેવા દો, આપણું સુખ તેમનાથી અધિક છે; કારણ કે, આપણે સ્વતંત્રપણે નિર્વિઘ્ને અને વળી કદિ પણ વિયોગ પામ્યા શિવાય ક્રીડા કરીએ છીએ." આ પ્રમાણે સમજાવ્યાં છતાં પણ, તે વાનરપણામાંથી થએલા મનુષ્યે, પૂર્વની માફક ત્યાં જ ઊંચા નેત્રના વૃક્ષ ઉપર ઝંપાપાત કર્યો. તે તીર્થનો પ્રભાવ એવો હતો કે, જો તિર્યંચ પડે તો મનુષ્ય થાય અને મનુષ્ય પડે તો દેવ થાય; પણ જો ફરીને પડે તો, પાછા હતા તેવા જ થાય. આ પ્રમાણે હોવાથી તે તીર્થમાં તેણે ફરી ઝંપાપાત કર્યો એટલે તે, પૂર્વ જન્મમાં વાનર હતો, તેથી ફરીને પણ વાનર થયો. તેની સ્ત્રી જે મનુષ્યણી થઈ હતી, તેણે તો લોભ નહિ કરીને ફરીને ઝંપાપાત કર્યો નહી; એટલે તે તો મનુષ્યણી જ રહી.

એકદા ફરતા એવા રાજ સેવકોએ પૂર્ણિમાના ચંદ્રસમાન ( તેજોમય ) મુખવાળી તે મૃગાક્ષીને જોઈ. તે સ્ત્રીની ડોક શંખ જેવી હતી; સ્તન વિશાળ હતાં અને ઉદર ન્હાનું હતું. તેનાં આરોહ ( કટિપશ્ચાદ્ભાગ ) સુંદર હતાં અને હસ્ત પાદ, કમળ સરખા હતા. તેણે ગંગાની મૃત્તિકાનું તિલક કર્યું હતું અને લતાએ કરીને ચોટલો બાંધી લીધો હતો. માથા ઉપર કેતકી પુષ્પની વેણી હતી; કર્ણ ( કાન ) માં તાલવૃક્ષના પત્રનાં કુંડળો પહેર્યાં હતાં અને કંઠે કમળના નાળનો હાર પહેર્યો હતો.

( સેવકોએ તેને જોઇ એટલે ) તેમણે તેને લઇને રાજાને અર્પણ કરી; કારણ કે, જે જે સ્વામી વિનાનું હોય છે, તે સર્વ રાજાને પ્રાપ્ત થાય છે. તેણે તે દિવ્ય રૂપવાળી સ્ત્રીને પોતાની પટ્ટરાણી બનાવી; કારણ કે, લક્ષ્મી, ઉત્તમ લક્ષણવાળી આકૃતિની અતિથિ છે. ( અર્થાત્ સુંદર આકૃતિવાળા પાસે લક્ષ્મી જાય છે. ) તે વાનરને પણ ત્યાં આવેલા કોઈ મદારીઓ લઈ ગયા અને પુત્રને જેમ ભણાવે, તેમ તેને વિવિધ પ્રકારનું નાટય શીખવ્યું. તે નટો એકદા તે જ રાજાની પાસે ગયા, ત્યાં વાનર પાસે નાચ કરાવીને એક જોવા જેવો તમાસો કર્યો. ત્યાં રાજાની સાથે અર્ધાસન ઉપર બેઠેલી પોતાની પ્રિયાને જોઇને, તે વાનરે અશ્રુપાત યુક્ત રુદન કર્યું, તે જાણે પોતાના અંતઃકરણના ભાવને બહાર પ્રકટ કરતો હોયની! એ ઉપરથી રાણીએ કહ્યું. " હે વાનર! જેવો કાળ હોય, તે પ્રમાણે વર્તવું; તે નેતરના વૃક્ષ ઉપરના ઝંપાપાતને હવે તું સંભાર નહી." ઇતિ વાનરની કથા.

---

પદ્મશ્રી કહે છે. " હે નાથ! આપ પણ સંપ્રાપ્ત એવા વિષય સુખનો ત્યાગ કરીને, તે વાનરની સમાન પાછળ સોચ કરશો નહી"

જંબૂકુમારે કહ્યું. " હે પદ્મશ્રી! હું અંગારકારક ( કોયલા બનાવનાર ) ની આફક વિષયમાં અતૃપ્ત નથી.

તે અંગારકારકનું દૃષ્ટાંત આ પ્રમાણે—

## अंगारकारकनी कथा. १४

કોઇ એક અંગારકારક, સાથે પુષ્કળ જળ લઇને ઉષ્ણ ઋતુમાં અંગારા બનાવી લાવવાને અર્થે, એક મહાન્ અટવીમાં ગયો. તેણે ત્યાં અંગારા બનાવ્યા અને અત્યંત અગ્નિના તાપથી તથા સૂર્યની ગરમીથી તપી જવાથી, તેણે જળપાન કરી ( પાણી પીને ) તૃષા છીપાવી. વનના હસ્તીની આફક વારંવાર શરીર ઉપર છાંટવાથી

તથા પીવાથી તેણે સઘળું પાણી વાપરી નાંખ્યું. પોતાની પાસેના સઘળા પાણીએ પણ તેની તૃષા, અગ્નિ જેમ તેલથી શાંત થાય નહિ, તેમ જરા પણ શાંત થઇ નહી. તેથી કોઈનિપાન (નવાણ) માં જળ પીવાને વાસ્તે તે ચાલ્યો; પણ અર્ધે પહોચ્યો નહિ, તેવામાં તો તૃષાંધ થવાથી તે પડી ગયો. દૈવયોગે તે કોઈ વૃક્ષની નીચે અમૃતની વાપિ (વાવ) સમાન, શીતળ છાયામાં પડ્યો. ત્યાં ઠંડી છાયાવડે આરામ પામેલા તે પુરુષને, સુખ રૂપ જળની નદી સમાન કાંઇક નિદ્રા આવી. સ્વપ્નમાં તેણે, મંત્ર પ્રયુક્ત અગ્ન્યસ્ત્ર ( મંત્રેલા અગ્નિના બાણ )ની માફક વાવ, કૂવા અને તળાવ વિગેરે સર્વ જળાશયોનાં પાણી ( પી પીને ) સૂકવી નાંખ્યાં; તો પણ તે કમનસીબની તૃષા છીપી નહી, તેથી તે ફરતો ફરતો, એક કાદવવાળું પાણી છે જેમાં, એવા જીર્ણ કૂવા પાસે આવ્યો. ત્યાં પાણી બિલકૂલ ઓછું હોવાથી હાથના ખોબાથી, તે પી શક્યો નહી, તેથી જીભવડે ચાટવા લાગ્યો; તો પણ દાહજ્વરથી પીડાતા માણસની માફક તે કોઈ પણ પ્રકારે તૃષાતુર મટ્યો નહી. ઇતિ અંગારકારકની કથા.

---

જંબૂકુમાર પદ્મશ્રીને કહે છે. "હે પ્રિયે! આ દૃષ્ટાંતમાં અંગારકારક, તે જીવ જાણવો અને વાવ વિગેરેનાં જળ સમાન વ્યંતર દેવો વિગેરેના ભોગ જાણવા. જે જીવ સ્વર્ગ વિગેરેનાં સુખથી તૃપ્ત થયો નહિ, તે મનુષ્યના ભોગથી કેવી રીતે તૃપ્તિ પામશે? માટે તું આગ્રહ કર નહી."

પછી પદ્મસેના બોલી. "હે નાથ! મનુષ્યો દરેક વાતનું પરિણામ ( છેડો ) પોતાના વિચારને અનુસરતું લાવે છે; તેથી અન્ય યુક્તિઓ પડતી મૂકીને આપ ભોગ ભોગવો. કેમ કે, ( ભોગમાં ) પ્રવર્ત્તાવનારાં તેમજ ( ભોગથકી ) નિવર્ત્તાવનારાં ઘણાં દૃષ્ટાંતો છે; તેમાં નૂપુરપંડિતા અને શિયાળનું એક દૃષ્ટાંત છે; તે આ પ્રમાણે–

# નૂપુરપંડિતા અને શિયાળની કથા. ૧૫

રાજગૃહ નગરમાં દેવદત્ત નામનો સ્વર્ણકાર ( સોની ) રહેતો હતો; તેના પુત્રનું નામ દેવદિન્ન હતું. તે દેવદિન્નને સૌભાગ્યના ભંડાર રૂપ એક ચતુર, દુર્ગિલા નામની સ્ત્રી હતી.

એકદા તે સ્ત્રી કામદેવના બાણ જેવાં પોતાનાં કટાક્ષોવડે યુવાન પુરુષોના મનને ક્ષોભ પમાડતી પમાડતી નદીએ ન્હાવા ગઈ. સર્વ અંગે સુવર્ણનાં આભૂષણો ધારણ કર્યાં હતાં અને શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં, તેથી તે જાણે સાક્ષાત્ જળદેવતા જ હોયની ! તેમ નદીના તટને શોભાવવા લાગી. પછી વિશાળ સ્તનવાળી તે સ્ત્રી, કામદેવની દુર્ગભૂમિ રૂપ પોતાના બન્ને સ્તનોને બતાવતી, ધીમે ધીમે પોતાની કંચુકી કાઢવા લાગી; ને તે તથા ઉત્તરીય વસ્ત્ર બન્ને પોતાની સખીને આપીને, તેણે સ્તનને અર્ધ વસ્ત્રથી ઢાંકયાં. પછી ચતુર સખી જનના આલાપથી દગ્ધ તથા કામદેવના જીવિત સમાન તે, હંસીની પેઠે ધીમે ધીમે નદીમાં એક તીરથી બીજા તીર સૂધી ગઈ. ત્યાં દૂરથી તરંગ રૂપ હસ્તોને ફેંકીને, નદીએ તેને ઘણા વખતે મળેલી સખીની માફક સર્વાંગે આલિંગન દીધું. ભય પામેલાં હરિણના જેવાં નેત્રવાળી, પાણીમાં રમતી તે સ્ત્રી, જેમ વહાણ હલેસાંવડે જળને દૂર કરે, તેમ પોતાના હાથવડે જળને દૂર કરવા લાગી. ન્હાતાં ન્હાતાં તેણે કુતૂહળને લીધે ઘણું જળ ઉડાડયું, તેથી તેના અસ્થિર ( અર્થાત્ હાલતા ) હસ્ત, નાચતા કમળ સમાન શોભવા લાગ્યા. જળક્રીડામાં લીન થએલી તે સ્ત્રીનું વસ્ત્ર, શિથિલ થઇ ગયું હતું, કેશ વિંખરાઈ ગયા હતા અને દંતપંક્તિ શ્વેત થઈ ગઇ હતી; તેથી તે જાણે કામક્રીડામાંથી ઉઠી હોય તેવી દેખાવા લાગી.

( હવે ) કોઇ દુઃશીળ યુવાન નાગરિકે, સમુદ્રમાં દેવાંગનાની પેઠે નદીમાં ક્રીડા કરતી તે સ્ત્રીને જોઇ, જળથી ભીના થએલા એક

સૂક્ષ્મ વસ્ત્રથી આચ્છાદિત ( ઢાંકેલા ) છતાં, તેના સર્વ અવયવો સારી રીતે જણાતા હતા. તે જોઈને ક્ષોભ પામી તે યુવાન બોલ્યો, “ આ નદી પૂછે છે, આ વૃક્ષો પૂછે છે, ને હું પણ હ્હારા ચરણકમળમાં પડીને પૂછું છું કે, તેં સારી રીતે સ્નાન કર્યું કે ?” ત્યારે તે સ્ત્રીએ સામો ઉત્તર વાળ્યો કે, “ નદીનું કલ્યાણ થાઓ, એ વૃક્ષો આનંદ માં રહો; અને સ્નાન કર્યાની ખબર પૂછનારનું, હું ઇચ્છિત કરીશ.” મનોરથ રૂપ લતાને ઉગાવવાને સુધા ( અમૃત ) ના સિંચન સમાન તે શબ્દો સાંભળીને, તે યુવાન રાજાની આજ્ઞાથી જ હોયની ! તેમ ત્યાં અટકીને ઉભો રહ્યો. “ એ કોણ હશે ?” એમ વિચાર કરતો હતો, તેવામાં તેણે એક તરૂની નીચે, ફળ પાડવાને અર્થે ઊંચાં મુખ કરી ઉભેલાં બાળકોને જોયાં. ત્યાં જઈ તેણે પત્થર વિગેરેના કકડા તે વૃક્ષની શાખાઓ ઉપર મારીને ત્રડ્ ત્રડ્ ફળ પાડી આપ્યાં. યથેષ્ટ ફળ મળવાથી ખુશી થએલાં તે બાળકોને તેણે પૂછ્યું. “ આ નદીમાં કોણ સ્ત્રી ન્હાય છે અને તેનું ઘર ક્યાં છે ?” તે બાળકોએ કહ્યું. “ એ દેવદત્ત સોનીના પુત્રની સ્ત્રી છે અને આ પાસે તેનું ઘર છે.” દુર્ગિલા પણ એક ચિત્તથી તે યુવાન વિષે વિચાર કરતી મજ્જનક્રીડા છોડી દઈ તુરત ઘેર ગઇ. “ કયે દિવસે, કઇ રાત્રીએ, કયે ક્ષણે અને કયે સ્થાને અમે મળશું ?” એમ તે બન્ને અહોરાત્ર વિચાર કરવા લાગ્યાં. વિયોગથી પીડાતા અને ચક્રવાકના યુગલની પેઠે ચિરકાળ સુધી અનુરક્ત એવાં તે બન્ને, પરસ્પર સંયોગ ઇચ્છવા લાગ્યાં.

એકદા કુલટાસ્ત્રીઓની કુળદેવતા જેવી એક તાપસીને ભોજન વિગેરેથી ખુશી કરીને, તે યુવાને પ્રાર્થના કરી કે “દેવદિન્નની સ્ત્રી અને હું બન્ને પરસ્પર અનુરક્ત છીએ, તેથી સાક્ષાત્ ભાગ્યદેવીની માફક, તું અમારો મેળાપ કરી આપ. પહેલાં મેં પોતે જ દૂત થઇને તે સુલોચનાને કહ્યું છે. તેણે મ્હારી સાથે સંગમ (કરવા) ની કબૂલાત આપી છે; તેથી હવે ત્હારે સર્વ શાહેલું છે.” “ કરીશ ” એમ હા

કહીને તે ચતુર તાપસી, ત્યાંથી તુરત ભિક્ષાને બ્હાને દેવદત્તને ઘેર ગઇ. ત્યાં તે સોનીના પુત્રની વહુને જોઇને, તે તાપસી બોલી. "હે વિશાળાક્ષિ ! સાક્ષાત્ કામદેવ સરખો એક યુવાન, ત્હારી સાથે સંગમ કરવાનો મ્હારા મારફત પ્રાર્થના કરે છે કે, "મને તું નિરાશ કરીશ નહિ." રૂપમાં, વયમાં, બુદ્ધિમાં અને વૈદગ્ધ્ય ( ચતુરાઈ) પ્રમુખ બીજા ગુણોમાં ત્હારા જ જેવા તે પુરુષને મળીને ત્હારૂં યૌવન કૃતારથ કર હે ભદ્રે! જ્યારથી તેણે તને નદીમાં ન્હાતી જોઇ છે, ત્યારથી તે ત્હારા જ ગુણનું ગાન કર્યા કરે છે! બીજી સ્ત્રીનું નામ પણ જાણતો નથી."

પોતાના હૃદયગત ભાવનું ગોપન કરવાને તે બુદ્ધિમાન દુર્ગિલાએ, તે પારિવ્રાજિકાની આ પ્રમાણે કટુ શબ્દો કહી તર્જના કરી. "હે મુંડે! શું તેં મદ્યપાન કર્યું છે કે, તું આ પ્રમાણે કુલીન જનને અકુલીનને યોગ્ય એવું કહે છે? હે અયોગ્ય સ્ત્રી! શું તું કુદૃની છે? અરે! તું મ્હારી પાસેથી જા, તને જોવાથી પણ પાપ થાય છે; તો ત્હારી સાથે બોલવાથી તો કોણ જાણે શું એ થાય?" આ પ્રમાણે નિર્ભત્સર્ના પામવાથી તે તાપસી ત્યાંથી પાછી ચાલી. તેની પીઠ ( તેના વાંસા ) ઉપર દુર્ગિલાએ, મહેલની ભીંત ઉપર જ જેમ, તેમ મષીથી મલીન હસ્તવડે થાપો માર્યો. તેનો આશય ન સમજવાથી ગભરાઈ જઇ તે તપસ્વિનીએ, તે દુઃશીળ યુવાનને જઇને કઠોર શબ્દોમાં કહ્યું. "અરે! તેં મને એ પ્રમાણે અસત્ય કહ્યું કે, તે મને ચાહે છે? તેણે તો મને સંપૂર્ણ સતીત્વના ગર્વમાં કૂતરીની પેઠે તર્જના કરી. હે મૂર્ખ! તે કુળવતી સ્ત્રીની પાસે હું વૃક્ષા દૂતી તરીકે ગઇ; કારણ કે, ચતુર મનુષ્યોને સારી ભીંત ઉપર જ ચિત્ર રચના કરવી ઘટે છે. ગૃહકામમાં રોકાયલી તે સ્ત્રીએ, કુપિત ( કોપાયમાન ) થઇને મ્હારી પીઠ ઉપર મષીથી મલીન હસ્તવડે થાપો માર્યો છે." એમ કહીને તેણે દુર્ગિલાએ મારેલા કાજળના થાપાથી અંકિત એવી પોતાની પીઠને, તે ધૂર્ત શિ

રોમણિ ( યુવાન ) ને બતાવી. તેણે વિચાર્યું " એ સ્ત્રીએ પાંચ અંગુળિથી મષીનો થાપો માર્યો, તે ઉપરથી ખરેખર તેણે ( મને ) કૃષ્ણપક્ષની પંચમીનો સંકેત કર્યો છે. આહા! કેવું તેનું અવર્ણનીય ચાતુર્ય કે, તેણે મને આવે બ્હાને સંકેતનો દિવસ કહ્યો; હે મન! તું ધીરજ ધર. પણ અરે! તેણે મને કાંઈક કારણને લીધે સંકેત સ્થાન સૂચવ્યું નહી; તેથી હજુ મને તેના સંગમનો અંતરાય છે." તેથી તેણે તાપસીને ફરીથી કહ્યું. " તું તેનો આશય જાણતી નથી; તે મ્હારા ઉપર અનુરક્ત છે જ; તેથી તું પુન: ( ફરી ) જઇને તેની પ્રાર્થના કર. હે માતા! તું સર્વથા મ્હારા પ્રયોજનને વિષે ખેદ લાવીશ માં; કેમ કે, લક્ષ્મી રૂપ વેલડીનું પ્રથમ મૂળ કોઈ પણ કાર્યમાં નિરાશ થયા સતાં, ખેદ ન લાવવો તે છે." તે તાપસીએ કહ્યું. "તે કુલીન સ્ત્રી ત્હારૂં નામ પણ સહન કરતી નથી; ત્હારૂં ઇચ્છિત, સ્થળને વિષે જળનું આરોપણ કરવા જેવું દુષ્કર છે. ત્હારો મનોરથ સિદ્ધ થવામાં મને સંદેહ છે અને મ્હારો તો, તે તિરસ્કાર કરશે તે વાત નિ:સંદેહ છે; તો પણ હું આશા ત્યજ્યા વિના સદ્ય ( ઉતાવળી ) જાઉં છું." એમ કહી ઉતાવળથી જઇને, તેણે તે સ્વર્ણકારની પુત્રવધુને ફરીથી અમૃત સમાન શબ્દોમાં કહ્યું. " અલી! ત્હારા સરખા સ્વરૂપવાન તે યુવાન સાથે ક્રીડા કરીને યૌવનને ઉચિત એવું યૌવન ફળ તું મેળવ." ( એ સાંભળી ) દુર્ગિલાએ ગુસ્સામાં જ હોયની! તેમ તેનો તિરસ્કાર કરી તેને ગળેથી પકડી અશોકવાટિકા ( અશોકવાડી )ના પાછલા દ્વારથી હાંકી કાઢી. તે ઉપરથી તે તાપસી શરમને લીધે મુખ ઉપર બુરખો ઢાંકી, સદ્ય તે પુરુષની પાસે ગઇ, ને ખેદ સહિત તેને કહ્યું. " તેણે મ્હારો પ્રથમની પેઠે તિરસ્કાર કર્યો અને પછી ગ્રીવા ( ડોક ) પકડીને મને તેણે અશોકવનને પાછલે બારણેથી કાઢી મૂકી."

આ સાંભળી તે બુદ્ધિમાન યુવાને વિચાર્યું કે, " અશોકવાટિકામાં થઇને તું આવજે- એવો જરૂર તેણે મને સંકેત કર્યો છે. "

પછી તેણે તે તાપસીને કહ્યું. "હે ભગવતિ! તેણે આ જે તિરસ્કાર કર્યો છે, તે મ્હારે સહન કરવો પડે છે; હવે તમારે તે દુષ્ટાને વધારે કાંઈ કહેવાનું નથી."

પછી તે યુવાન કૃષ્ણપક્ષની પંચમીની સંધ્યા સમયે પાછળને દ્વારેથી અશોકવનિકામાં ગયો, તો તેણે તે સ્ત્રીને રસ્તો જોતી ઉભેલી જોઇ, ને તેણે પણ તેને જોયો; આ પ્રમાણે વિવાહની પેઠે તેમને નેત્રનો મેળાપ કાંઈ પણ વિઘ્ન શિવાય થયો. નયન એ જ હોયની! તેમ બાહુ (હાથ) પસારીને, શરીરે રોમાંચિત થએલાં તે બન્ને પરસ્પર સામા દોડયાં. તેમનું મન તો પહેલાં એક હતું, પણ હવે તો સમુદ્ર અને સરિતા (નદી) ની પેઠે તેમનાં શરીર પણ એક થયાં. હવે તેઓએ પરસ્પર દૃઢ આલિંગન દીધું. (પછી) પ્રેમગર્ભિત વાતો કરી કરીને તથા નવનવા રતિસંભોગ કરીને તેના જ હ્રદ (ઝરા)માં નિમગ્ન થયાં હોય, તેમ તેઓએ રાત્રીના બે પહોર ગાળ્યા. એટલે રતિ (કામભોગ)ના શ્રમથી શ્રમિત થએલાં અને પરસ્પર ઉપધાન (ઓશીકા) સમાન બાહુલતા ઉપર સૂતેલાં તેમને, નયનકમળને વિભાવરી(રાત્રી) સમાન નિદ્રા આવી ગઈ.

હવે કાયચિંતા (જંગલ જવા) ને અર્થે ઉઠેલો દેવદત્ત, તે જ અશોકવનિકામાં ગયો. તો તે બન્નેને સૂતેલાં જોયાં. તે વિચારવા લાગ્યો. "ધિક્કાર છે! આ મ્હારી પાપી પુત્રવધુને કે, પર પુરુષ સાથે ક્રીડા કરી શ્રમિત થએલી, ભરનિદ્રામાં જારની સાથે જ સૂતેલી છે." (આમ કહી) તે વૃદ્ધ સુવર્ણકાર "તે જાર પુરુષ જ છે" એમ નિશ્ચય કરવાને ગૃહની અંદર જઈ પોતાના પુત્રને એકલો સૂતેલો જોઈ વિચારવા લાગ્યો. "હું ધીમે રહીને એના પગનું ઝાંઝર કાઢી લઉં કે, જેથી મ્હારો પુત્ર એ નિશાની વડે 'એ વ્યભિચારિણી છે' એવું મ્હારૂં કહેવું માન્ય કરે." એમ ચોરની પેઠે તુરત તેના પગમાંથી ઝાંઝર કાઢી લઈને, તે, તે જ રસ્તે પાછો ઘરમાં જતો રહ્યો.

ઝાંઝર ખેંચાયાથી તે સ્ત્રી તુરત જાગી ગઇ! સાધારણ રીતે ભયમાં ઊંઘી ગએલા પ્રાણીઓને ભયને લીધે નિદ્રા ઓછી હોય છે. તેણે જાણ્યું કે, મ્હારા સસરાએ ઝાંઝર કાઢી લીધું છે; તેથી તેણે ભયથી કંપીને પોતાના યારને ઉઠાડીને કહ્યું. "શીઘ્ર જતો રહે, મ્હારા સસરાએ આપણને જોયાં છે. હવે મને અનર્થ પાસે આવ્યો છે, તેથી તું સહાય દેવાને યત્ન કરજે." હા કહીને અર્ધાં વસ્ત્ર પહેરીને, તે ભયથી જતો રહ્યો એટલે તે પુંશ્ચલી (સ્ત્રી) પણ સદ્ય જઇને પોતાના પતિની સોડમાં સૂતી. ચતુર સ્ત્રીઓમાં અગ્રેસર એવી તેણે હિમ્મત રાખીને, ગાઢ આલિંગન પૂર્વક પોતાના પતિને જગાડયો, ને તેને કહ્યું કે, "હે આર્યપુત્ર! અહિં મને બહુ ઘામ (તાપ) પીડા કરે છે, તેથી ચાલો આપણે વાયુથી હાલતાં પલ્લવવાળી અશોકવનિકામાં જઇએ." સ્ત્રીને આધીન ઋજુ (સરળ) એવો દેવદિન્ન પણ, તેના ગળામાં હાથ નાંખીને અશોકવનિકામાં ગયો. ત્યાં જઇને, જ્યાં તે યુવાન સાથે સૂતેલી તેને, તેના સસરાએ જોઇ હતી, ત્યાં જ તે પોતાના પતિને દઢ આલિંગીને સૂતી. ત્યાં તેનો સરળબુદ્ધિવાળો પતિ તુરત ઊંઘી ગયો! કારણ કે, સરળ મનવાળા પ્રાણિયોને નિદ્રા પ્રાયે સુલભ હોય છે.

પછી નટીની પેઠે આકાર ગોપવીને તેણે પતિને કહ્યું. "તમારા કુળમાં આ તે કેવો આચાર, કે જે કહ્યો પણ જાય તેવો નથી? વક્ષઃસ્થળ ઉઘાડું મૂકીને તમને આલિંગન દઇને હું સૂતી હતી, તેવામાં તમારા પિતાશ્રીએ આવીને, આ મ્હારા પગમાંથી નૂપુર કાઢી લીધું. પૂજ્યોએ (સાસુ-સસરા વિગેરે વડીલોએ) તો કોઇ પણ વખતે વધૂ (વહુ) નો સ્પર્શ કરવો યોગ્ય નથી; ત્યારે પતિની સાથે કામગૃહમાં સૂતેલી હોય, ત્યારની તો વાત જ શી કહેવી." દેવદિન્ને કહ્યું. "હે મનસ્વિનિ! હું ત્હારા દેખતાં પ્રભાતે આ વાત મ્હારા પિતાશ્રીને ઉપાલંભ (ઓલંભા-ઠબકા) સહિત કહીશ." ત્યારે તે સ્ત્રીએ

કહ્યું. "અત્યારે જ તેમને કહેવું જોઇએ; નહિ તો સવારે તો એ કહેશે કે, તું અન્ય પુરૂષ સાથે સૂતી હતી." દેવદિન્ને કહ્યું. "હું તેમને પાછા પાડીને એમ કહીશ કે, હું સૂતેલો હતો, ને તમે નૂપુર લઈ ગયા છો; હું નિશ્ચે ત્હારા પક્ષમાં જ છું." તે ઉપરથી "હે પ્રિય! અત્યારે જેવું કહો છો, તેવું જ પ્રભાતે કહેજો." એમ (કહી) તે ધૂર્ત્તાએ તેની પાસે ઘણા સમ ખવરાવ્યા.

(હવે) પ્રભાતે દેવદિન્ન ગુસ્સે થઇને પોતાના પિતાને કહ્યું. "હે તાત! તમે તમારી વધૂનું નૂપુર કાઢી લીધું, તે શું કર્યું?" વૃદ્ધ સ્વર્ણકારે કહ્યું. "હે વત્સ! આ ત્હારી સ્ત્રી અસતી છે, મેં તેને ગઈ રાત્રીએ અશોકવાટિકામાં બીજા પુરૂષ સાથે સૂતેલી જોઈ, તેથી તેનાં ખરાબ આચરણની દૃઢ ખાત્રી કરી આપવાને વાસ્તે, મેં તેના પગમાંથી એ નૂપુર કાઢી લીધું છે." પુત્રે કહ્યું. "હે તાત! તે વખતે હું સૂતો હતો, બીજું કોઈ નહોતું; તમારા જેવા નિર્લજ તાતથી હું લજવાઉં છું કે, આ (તમે) શું કર્યું? તેનું નૂપુર તમે તેને પાછું આપો; તે સંતાડો નહી, તમે લીધું ત્યારે હું જ સૂતો હતો. એ તો મહાસતી છે." વૃદ્ધ પિતાએ કહ્યું. "જ્યારે મેં એ નૂપુર કાઢી લીધું, ત્યારે મેં ઘરમાં જઇને જોયું હતું તો, તું ઘરને વિષે એકલો સૂતેલો હતો." દુર્ગિલાએ કહ્યું. "હે તાત! હું આવું કલંક નહિં સહન કરૂં, દૈવીક્રિયા કરીને પણ હું તમને ખાત્રી કરી આપીશ. જેમ ધોયેલા શ્વેત વસ્ત્રને વિષે મષીનું બિંદુ પણ શોભે નહિ, તેમ મ્હારા જેવી કુળવતી નારી ઉપર, વાચા માત્રે કરીને પણ આવું કલંક શોભે નહી. અહિંના શોભન યક્ષની જાંઘ વચ્ચે થઇને હું નીકળી જઇશ; કારણ કે, જે અશુદ્ધ હોય છે, તે તેમાંથી નીકળી શકતું નથી. વિકલ્પમાં નિમગ્ન એવા પોતાના સસરાની સમક્ષ અને જેને કાંઈ વિકલ્પ નહોતો એવા પોતાના પતિની સમક્ષ, ધિઠ્ઠાઇના સમુદ્ર જેવી તે સ્ત્રીએ એવી પ્રતિજ્ઞા કરી.

પછી તે સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી, ધૂપ અને પુષ્પ-ફૂલ વિગેરે પૂજાની સામગ્રી લઇને, સર્વ સંબંધી વર્ગની સમક્ષ યક્ષની પૂજા કરવાને ગઇ. ત્યાં તે યક્ષનું પૂજન કરતી હતી, તેવામાં તેનો યાર (અગાઉથી કરી રાખેલા) સંકેત પ્રમાણે, ગાંડો થઈ ગયો હોય તેમ આવીને, જેવી રીતે ક વર્ગ (ના અક્ષરો ક્ ખ્ ગ્ ઘ્ ઙ્.) કંઠ દેશે લાગે છે (કંઠ દેશ થકી બોલાય છે) તેવી રીતે કંઠ દેશે (તે સ્ત્રીને ગળે) વળગી પડયો. ત્યાં તેને ગાંડો છે એમ કહીને, લોકોએ ગળું પકડીને કાઢી મૂકયો; ને તે સ્ત્રી ફરીથી સ્નાન કરી, યક્ષને પૂજી આ પ્રમાણે કહેવા લાગી. "મેં પતિ શિવાય બીજા કોઇનો કદાપિ સ્પર્શ કર્યો નથી અને આ ગાંડો મ્હારે ગળે વળગી પડયો, તે તો પ્રત્યક્ષ છે. ત્યારે હવે મ્હારો પતિ તથા આ ગાંડો માણસ, એ બે શિવાય, જો કોઈ અન્ય પુરુષ મ્હારે શરીરે અડકયો ન હોય, તો હે યક્ષ! મને (સતીને) શુદ્ધિ આપનારો થા. (શુદ્ધ છું એવું પાખું કરી આપ); કારણ કે, તને સત્ય પ્રિય (વહાલું) છે." યક્ષ પણ શું કરવું? એવી ચિંતામાં પેઠો, એવામાં તો તે કુલટા, તેની બન્ને જાંઘ વચ્ચે થઇને નીકળી ગઈ!!!

તે જ ક્ષણે જનોએ, શુદ્ધ છે શુદ્ધ છે એવો નાદ કરી મૂકયો, એટલે રાજાધ્યક્ષોએ તેના કંઠમાં પુષ્પની માળા પહેરાવી. પછી વાજિત્રો વાગતે અને હર્ષ પામેલા બંધુજને પરવરેલી તેમજ દેવદિન્ને સ્વીકારેલી તે સ્ત્રી, સસરાને ઘેર ગઇ. તેણે નૂપુર કાઢી લેવાથી બેઠેલા કલંકને ઉતાર્યું, તેથી ત્યારથી તેને લોકો "નૂપુરપંડિતા" કહેવા લાગ્યા. વધુએ બુદ્ધિવડે દેવદત્તનો પરાભવ કર્યો, તેથી ત્યારથી ચિંતાને લીધે વારિ (હાથીને બાંધવાનુ દોરડું, જગ્યા) માં બંધાયલા હસ્તીની પેઠે, તેની નિદ્રા જતી રહી એટલે રાજાયે તેને યોગીની સમાન નિદ્રા રહિત જાણીને, તેને માગ્યા પ્રમાણે વૃત્તિ (આજીવિકા) બાંધી આપીને પોતાના અંતઃપુરનો રક્ષક ઠરાવ્યો.

હવે રાત્રીએ એક વખત તે રક્ષક (વૃદ્ધિ સોની) ઊંઘે છે કે, જાગે છે? તે જોવાને એક રાણી વારંવાર તેની નિરીક્ષા (તપાસ) કરવા લાગી. તેથી તેણે વિચાર્યું કે "વારંવાર ઉઠીને આ મને જોઇ જાય છે, તેનું કાંઇ કારણ જણાતું નથી." તેથી તે "મ્હારા સૂઈ જવાથી એ શું કરશે?" એ જાણવાને ખોટી નિદ્રામાં સૂઇ ગયો; એટલે તો તે ફરીથી બ્હાર નીકળી. રક્ષકને ભરનિદ્રામાં સૂતેલો જોઈ હર્ષ પામી, ચોરની પેઠે ધીમે ધીમે તેણે ગવાક્ષ (ગોખ) તરફ જવા માંડયું. તે ગવાક્ષની નીચે, ઐરાવત હસ્તીના ન્હાના ભાઇ જેવો અને હમ્મેશાં મદ ઝરતો એક રાજવલ્લભ હસ્તી બાંધ્યો હતો. તે હસ્તીના મહાવત ઉપર આશક બનેલી તે રાણી, એક લઇ મૂકી શકાય એવા પાટીયાના કકડાને ખશેડીને, ગવાક્ષ થકી બ્હાર નીકળી. ત્યાં નિત્યના અભ્યાસથી શીખેલા હસ્તીએ, તેને સૂંઢવડે લઇને નીચે ભૂમિ ઉપર મૂકી, પણ તે મહાવત તો તેને જોઇને કોપાયમાન થયો. "કેમ મોડી આવી?" એમ કહીને લાલચોળ આંખો કરીને, દાસીની પેઠે તે રાણીને હાથીની સાંકળવડે મારી. રાણીએ કહ્યું. "મને મારો નહિ, આજે રાજાએ કોઈ નવો અંતઃપુર રક્ષક મોકલ્યો છે; તે જાગતો હોવાથી મ્હારે રોકાવું પડયું. ઘણા વખત પછી તે ઊંઘી ગયો એટલે લાગ જોઇને હું માંડ માંડ અહિં આવી છું—એમ કહીને, હે સુંદર! મ્હારા ઉપર કોપ ન કરો." આ પ્રમાણેનાં મિષ્ટ વચને સમજાવ્યો, ત્યારે તે મહાવત કોપ ત્યજી, તે રાણીની સાથે કાંઇ પણ બ્હીક શિવાય ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગ્યો. રાત્રી વીતી જવા આવી, એટલે તે હસ્તીની સૂંઢની મદદ વડે તેના ઉપર થઈને પોતાને સ્થાનકે ગઈ.

સ્વર્ણકારે વિચાર્યું "અહો! અશ્વો અને કૂકડાના ચરિત્ર જેવું સ્ત્રીઓનું ચરિત્ર જાણવાને કોણ સમર્થ છે? અહો! સૂર્યને નહિ જોનારી (અર્થાત્ અંતઃપુરની બ્હાર ન નીકળવા પામતી) રાજાની

રાણીઓનું પણ શીળ ભંગ થાય છે, તો બીજી સ્ત્રીઓની તો શી વાત? જેઓ જળ લાવવા વિગેરે કાર્યને અર્થે, નગરમાં નિરંતર જતી આવતી હોય છે; તેવી સાધારણ ગૃહની સ્ત્રીઓનું શીળ ક્યાં સૂધી (ટકે)?" આમ વિચારીને પુત્રવધુનાં (પુત્રની વહુનાં) દુષ્ટ આચરણ નહિ સહન કરવાની ચિંતાને ત્યજી દઇને, કોઈ દેવાદાર દેવું દઈ દેવાથી, જેમ નિવૃત્તિએ સૂઈ જાય, તેમ નિરાંતે સૂઇ રહ્યો. પ્રભાત થયું તો પણ તે સ્વર્ણકાર જાગ્યો નહિ, તેથી દાસ લોકોએ જઇને રાજાને નિવેદન કર્યું. રાજાએ, તે ઉપરથી કહ્યું. "કાંઈ કારણને લીધે એમ થયું હશે (તેથી) તે જ્યારે જાગે ત્યારે તેને મ્હારી પાસે લાવજો." આ પ્રમાણે રાજાનો આદેશ સાંભળી તેઓ ગયા અને તે વૃદ્ધ સ્વર્ણકારે પણ આજ ઘણે દિવસે સાત રાત્રીનું નિદ્રાસુખ અનુભવ્યું (અર્થાત્ તે સાત દિવસ પર્યંત સૂઈ રહ્યો.) સાત રાત્રી પૂરી થઈ એટલે તે જાગ્યો; તેને રાજા પાસે લઇ ગયા, ત્યાં તેને રાજાએ પૂછ્યું. "જેમ ભાગ્યહીન પાસે કામિની આવતી નથી, તેમ શું તને (અગાઉ) કદિ નિદ્રા નહોતી આવતી? તું સાત રાત્રી સૂધી કેમ સૂઈ રહ્યો; તેનું શું કારણ? કહી દે. તને અભય (વચન આપું છું)" તે ઉપરથી તેણે જોયું હતું તેવું તે રાત્રીનું, રાણી, હસ્તી અને મહાવતનું વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યું. એટલે તેને તેના તરફ પોતાની કૃપા બતાવી, તેને વિદાય કર્યો. તે પોતાને ઘેર ગયો, ને પોતાનું દુઃખ ઓછું થવાથી સુખમાં રહેવા લાગ્યો. માણસને માણસ થકી જ ધૈર્ય મળે છે.

હવે તે દુરાચારી રાણીની પરિક્ષા કરવાને, રાજાએ એક લાકડાનો હસ્તી કરાવ્યો અને રાણીઓને કહ્યું. "આજે મેં એવું સ્વપ્ન જોયું કે, સર્વ રાણીઓએ આજે મ્હારી સમક્ષ નગ્ન થઇને, આ લાકડાના હસ્તી ઉપર બેસવું." સર્વ રાણીઓએ, એ ઉપરથી રાજાનાં દેખતાં તે પ્રમાણે કર્યું. પણ પેલી એક રાણીએ કહ્યું. "હું તો,

આ હસ્તીથી બીહું છું." રાજાએ તેને, રોષમાં અને રમતમાં કમળદંડનો પ્રહાર કર્યો એટલે તે મૂર્છા પામ્યાનો ઢોંગ કરી ભૂમિ ઉપર પડી ગઈ. (આ સઘળા ઉપરથી) રાજાએ બુદ્ધિથી નિશ્ચય કર્યો કે, "તે સ્થવિર (વૃદ્ધ) સ્વર્ણકારે કહી, તે, આ જ પાપી દુરાચારી કુળ લજ્જાવનારી છે." વળી તેનો વાંસો જોતાં તેણે ત્યાં સાંકળના પ્રહારનાં ચિન્હો જોયાં, તેથી તેણે ટચકારો કરી હાસ્યપૂર્વક કહ્યું. "મત્ત હસ્તી સાથે ક્રીડા કરે છે, છતાં તું લાકડાના હસ્તીથી બીહે છે? સાંકળના મારથી ખુશી થાય છે, છતાં કમળદંડના પ્રહારથી તું મૂર્છા પામે છે?" (આમ કહેતાં કહેતાં) રાજાનો કોપાગ્નિ પ્રદિપ્ત થયો; તેથી તેણે વૈભાર પર્વત ઉપર લઈ જઇને, તે મહાવતને હસ્તી ઉપર બેસારીને તેનો નાશ કરવા ઇચ્છયું. તેની સાથે તે રાણીને પણ હસ્તી ઉપર બેસારીને, તે ઉગ્રશાસનવાળા રાજાએ પેલા અધમ મહાવતને ફરમાવ્યું કે, "પર્વતના વિષમ પ્રદેશ ઉપર લઇ જઇને, આ હસ્તીને તું પાડી નાંખજે અને તે પડશે એટલે તમારા બન્નેનો નાશ થશે.!"

(એ સાંભળીને) મહાવત હસ્તીને પર્વતના શિખર ઉપર લઈ ગયો, ત્યાં તેને એક પગ અદ્ધર સ્થિર રખાવીને ત્રણ પગે ઉભો રાખ્યો. લોકોએ (તે જોઇ) હાહાકાર કરી મૂકયો અને તેઓ કહેવા લાગ્યા. "હે ઉત્તમ ભૂપતિ! આવા આજ્ઞા પ્રમાણે વર્તતા હસ્તિરત્નને મારી નાંખવો, એ ઉચિત નથી." પોતે કાંઈ સાંભળ્યું નથી-એમ બતાવીને રાજાએ તેને (હસ્તીને) પાડી જ નાંખવાનું કહ્યું, તે ઉપરથી મહાવતે તેને બે પગે ઉભો રાખ્યો. (તે ઉપરથી) "હા હા! હસ્તીનો વધ કરશો નહિ." એમ લોકો બોલવા લાગ્યા, ત્યારે તો નૃપતિને વધારે વધારે તૃષ્ણા થતી ગઈ! તેથી મહાવતે હસ્તીને એક પગે ઉભો રાખ્યો. આ ઉત્તમ ગજનો વધ થતો ન જોઇ શકવાથી, લોકોએ હાહાકાર કરી મૂકયો, ને ઊંચા હાથ કરીને તેઓ કહેવા લાગ્યા.

"એ રાજહસ્તી છે, એ બીજા હસ્તીઓને અસહ્ય છે; વળી એને સારી રીતે શિક્ષણ આપેલું છે ( એટલું જ નહિ પણ ) તે સર્વ લોકોને પ્રિય છે, ને દક્ષિણાવર્ત્ત શંખ ( જમણી બાજુના વળવાળા શંખ ) ની પેઠે દુર્લભ છે. આપ તો અપરાધીઓને શિક્ષા કરવાને સમર્થ છો. ન્હાઓ તે કરી શકો તેમ છો. ( પણ તેમ કરવાથી ) આપનો અવિવેકથી ઉત્પન્ન થતો નિરંકૂશ અપયશ થશે. હે સ્વામિન્! સ્વામીએ પોતે જ કાર્યાકાર્યનો વિચાર કરવો જોઇએ; વાસ્તે આપ પોતે વિચાર કરીને, કૃપા કરીને તે ગજરત્નનું રક્ષણ કરો."

( આવું સાંભળીને ) રાજાએ ( તે વાતની ) હા કહી અને કહ્યું કે "તમે સર્વે, એ મહાવતને મ્હારી વતી કહો કે, તેનું રક્ષણ કરે." ત્યારે લોકોએ તે મહાવતને પૂછ્યું. "હે શ્રેષ્ઠ આધોરણ ( મહાવત!) આટલી ઊંચી ભૂમિએ લઇ ગયા પછી, તે હસ્તીને તું પાછો વાળવાને શકિતમાન્ છે?" તેણે જવાબ આપ્યો. "જો પૃથ્વીપતિ અમને બન્નેને અભય વચન આપે, તો હું એને ક્ષેમે ઉતારૂં." લોકોના કહેવા ઉપરથી રાજાએ તેમને અભય વચન આપ્યું. એટલે મહાવતે હાથીને ધીમે ધીમે નીચે ઉતાર્યો. પછી રાણી અને મહાવત, બન્ને હાથીની પીઠ ઉપરથી ઉતર્યાં, ત્યારે રાજાએ કહ્યું. "મ્હારો દેશ તમે ત્યજી દ્યો." તેથી તેઓ ( બીજે ) પલાયન કરી ગયાં.

તેઓ નાસતાં નાસતાં સાંજે, એક ગામ પાસે આવી પહોચ્યાં; ત્યાં તેઓ સાથે એક શૂન્ય દેવાલયમાં સૂઇ રહ્યાં. મધ્યરાત્રીને સમયે, તે ગામમાંથી એક ચોર ચોરી કરીને, પાછળ પડેલા આરક્ષક પુરુષોથી ભય પામતો નાસી આવીને, તે જ દેવાલયમાં પ્રવેશ કર્યો. "સવારમાં આપણે ચોરને પકડી લઇશું." એવો નિર્ણય કરીને પહેરેગીરો તુરત તે દેવાલયની ચોતરફ ફરી વળ્યા. ( અહિં દેવળમાં ) પેલો ચોર, આંધળાની માફક હાથ ફેરવતો ફેરવતો, પેલાં બે જણ સૂતાં હતા, ત્યાં પહોચ્યો. તે ચોરે સ્પર્શ કર્યો, છતાં પણ તે મહાવત

જાગ્યો નહી; કારણ કે, શ્રમ પડવાથી ઊંઘી ગએલા માણસને વજ્રલે પના જેવી નિદ્રા આવી જાય છે; પણ રાણી તો, તેના કરના જરા સ્પર્શથી જ જાગી ગઈ અને સ્પર્શથી જ અનુરક્ત થઇ ગઇ; તેથી તેને ધીમેથી પૂછયું. "તું કોણ છે?" તેણે પણ ધીમેથી ઉત્તર આપ્યો કે, "હું તસ્કર છું, મ્હારી પાછળ પહેરેગીરો દોડતા આવે છે, તેથી હું અહિં પ્રાણ બચાવવાને વાસ્તે પેઠો છું." વ્યભિચારિણી સ્ત્રી બોલે, તેમ તે, તેના ઉપર મોહિત થઇને બોલવા લાગી. "જો તું મને સ્ત્રી કરવાને ઇચ્છતો હો, તો હું તને નિઃસંદેહ બચાવું." તે ચોરે કહ્યું. "તું મ્હારી સ્ત્રી થાય છે અને વળી મ્હારા પ્રાણ બચાવે છે; તેથી તો મને (આજે) સુવર્ણ મળ્યું અને તે પણ સુગંધી (મળ્યું) પરંતુ હે સુંદરાંગી! હું પૂછું છું કે,– તું મ્હારૂં કેવી રીતે રક્ષણ કરીશ? તે તું મને કહીને શાંત કર." ત્યારે તેણે કહ્યું. "હે સુભગ! જ્યારે તે આરક્ષકો આવશે, ત્યારે હું કહીશ કે, તું મ્હારો સ્વામી છે." ચોરે કહ્યું. "બહુ સારૂ."

પ્રભાત થયું ત્યારે હથીયાર સહિત સુભટો આવ્યા, ને તે ત્રણે જણને ભ્રકુટી ચઢાવીને પૂછયું. "(તમારા ત્રણમાંથી) કોણ ચોર છે?" તુરતની જ માયાવાળી તે ધૂર્ત્ત સ્ત્રીએ તેમને, તે ચોરને ઉદ્દેશીને કહ્યું. "એ મ્હારો પ્રિય (સ્વામી) છે." વળી તે હસ્ત જોડીને બોલવા લાગી. "હે ભાઇઓ! અમારે અન્ય ગ્રામ પ્રત્યે જવું હતું, પણ દિવસ અસ્ત થઈ જવાથી અમે અહિં વાસ કર્યો." તે સુભટો પણ એકઠા થઇ વિચાર કરી કહેવા લાગ્યા." ચોરને ઘેર આવું સ્ત્રીરત્ન સંભવે નહિ. એ બ્રાહ્મણી હો, વણિકપુત્રી હો, રાજપુત્રી હો કે, બીજી કોઈ હો, પણ તેની મૂર્ત્તિ પવિત્ર છે; તેથી ચોર તો એનો પતિ હોય નહિ. વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણવાળી, સાક્ષાત્ લક્ષ્મી સમાન આવી જેની પત્નિ હોય, તે પોતાની આજીવિકા ચોરી ઉપર શા વાસ્તે ચલાવે? તેથી આ (ત્રીજો) રહ્યો, તે જ ચોર છે!

એમ વિચારીને તે મહાવત ઉપર દોષ મૂકીને, તેઓએ સદ્ય તેને શૂળિએ ચઢાવ્યો. ત્યાં તૃષા લાગવાથી, તે માર્ગે જતા આવતા જેને જેને દીઠા, તેમને શૂળિ ઉપર ચઢાવેલા તે ચોરે, નમ્રતાઇથી કહ્યું. મને "પાણી પાઓ, પાણી પાઓ." પણ રાજ્યભયને લીધે કોઇએ તેને પાણી પાયું નહી; કારણ કે, સર્વ કોઇ આત્મરક્ષા પૂર્વક જ ધર્મ કરે છે. (અર્થાત્ પહેલો જીવ, ને પછી ધર્મ એ પ્રમાણે સર્વ લોકો કરે છે.)

હવે જિનદાસ નામનો કોઈ શ્રાવક તે રસ્તે થઇને જતો હશે, તેને જોઇને તેની પાસે તેણે પાણી માગ્યું. ત્યારે તેણે કહ્યું. "હું તને જળ લાવી આપું છું; પણ (એટલામાં) તું એક મ્હારા કહ્યા પ્રમાણે કર, 'नमो अरिहंताणं' એ પ્રમાણે બોલ્યા કર." તૃષાતુર હતો તેથી તે મહાવત પણ, એમ ઉદ્ઘોષણા કરવા (બોલવા) લાગ્યો; ત્યાં તો રાજપુરુષોનો આદેશ લઈને, તે શ્રાવક પાણી લઇ આવ્યો. પાણી આવતું જોઈ, શાંત થઈ તે મહાવત 'नमो अरिहंताणं' એવું વારંવાર બોલતો બોલતો મૃત્યુ પામ્યો. તે અસંશ્રુત આચારવાળો હતો; તો પણ અંતસમયે અકામનિર્જરા થવાથી, કાળ કરીને નવકાર (મંત્ર) ના પ્રભાવથી વ્યંતર દેવતા થયો.

હવે તે વ્યભિચારિણી પણ, ત્યાંથી આગળ ચોરની સાથે ચાલવા લાગી; તેવામાં (વચ્ચે) જળના પૂરને લીધે દુસ્તર એવી એક નદી આવી. (એટલે) ચોરે તે પુંશ્ચલી (સ્ત્રી) ને કહ્યું.. "હે પ્રિયે! વસ્ત્રાભરણના ભાર સહિત તને હું એકી વખતે ઉતારી શકીશ નહી. તેથી ત્હારાં વસ્ત્રાભૂષણ મને આપ, તે હું સામે તીરે લઇ જઉં, પછી રમત માત્રમાં તને પણ લઈ જઇશ. હું આવું ત્યાં સૂધી તું આ શરના જથામાં સંતાઇ રહે; એકલી છે, તો પણ બ્હીતી નહિ, હું થોડા વખતમાં પાછો આવીશ, ને તને પીઠ ઉપર બેસારી, તરતા માણસની પેઠે સામે તીરે પહોચાડીશ. મ્હારૂં કહ્યુ માન; બ્હીશ

નહી." એ સાંભળીને તે કુલટાએ શરમાં સંતાઇને તેના કહેવા પ્રમાણે કર્યું; ને તે ચોર પણ વસ્ત્રાભરણ સહિત પેલે પાર પહોચીને વિચારવા લાગ્યો. "જેણે મ્હારા ઉપરના રાગને લીધે, પોતાના ભર્ત્તારને મારી નંખાવ્યો, એવી હળદરના જેવી ક્ષણ રાગ ( સ્નેહ-રંગ) વાળી, મને પણ મારીનાંખે." એમ વિચારી તે વસ્ત્રાભૂષણ લઇ, હરિણની પેઠે પાછું વળી જોતો જોતો નાસી ગયો. તેને જતો રહેતો જોઇ, હસ્તિનીની પેઠે કર ઉંચા કરી, જન્મ્યા જેવી જ નગ્ન તે કહેવા લાગી." મને છોડીને તું કયાં જાય છે?" ચોરે કહ્યું. " તને નગ્નને શરના વનને વિષે એકલી, રાક્ષસીની સમાન જોઇને હું બીહું છું; (મ્હારે) ત્હારૂં ( હવે ) કામ નથી." એમ કહીને પક્ષિની સાફક તે તો અદૃશ્ય થઇ ગયો,ને તે પતિનો નાશ કરવાવાળી ધૃષ્ટા સ્ત્રી તો ત્યાં જ રહી.

હવે તે આધોરણ ( મહાવત ) નો જીવ, જે દેવતા થયો હતો, તેણે અવધિજ્ઞાનવડે તે બિચારીને આવી હાલતમાં જોઇ. પોતાના પૂર્વ જન્મની સ્ત્રીને બોધ દેવાને વાસ્તે તેણે, મુખમાં માંસના કકડા વાળા એક શૃગાળ ( શિયાળ ) નું રૂપ ધર્યું. તે ત્યાં આગળ નદીને તીરે, માંસનો કકડો પડતો મેલીને, પાણીની બ્હાર ઉંચું મુખ રાખીને રહેલા એક મત્સ્યને લેવાને દોડયું, ત્યારે તે મત્સ્ય તો પાણીમાં પેસી ગયું; ને તેણે વિકૂર્વેલા ( ગૃધ્ર ) પક્ષીએ તેનો માંસનો કકડો પણ લઇ લીધો!

આ કૌતુક જોઇને નદીને તીરે શરના વનમાં બેઠેલી પેલી નગ્ન રાણી, દુઃખથી દીન થઈ ગયા છતાં પણ બોલી. " હે દુર્મતિ શૃગાળ! માંસનો કકડો છતો હતો, તેને પડતો મૂકીને તું મત્સ્ય લેવા જાય છે, પણ તું તો માંસથી અને મીન ( મત્સ્ય ) થી બન્નેથી ભ્રષ્ટ થયો; શું જોયા કરે છે?" તે ઉપરથી તે જંબૂકે કહ્યું. " હે નગ્ન સ્ત્રી! તું પણ શું જુએ છે? તું એ પરણેલા ભર્તાર ( રાજા )

ને ત્યજી દઇને ઉપપતિ જારની ઇચ્છાવાળી થઈ, તો તું પણ પતિ અને જાર એ ×બન્નેથી ભ્રષ્ટ થઈ"

આ સાંભળીને તે ઘણી બ્હીવા લાગી, તેથી તે વ્યંતર દેવતા, તેની પાસે પોતાનું મહર્દ્ધિક ( મહાૠદ્ધિવાળું ) રૂપ પ્રકટ કરીને આ પ્રમાણે બોલ્યો. " હે પાપી સ્ત્રી! તેં આવાં પાપકર્મ કર્યાં છે, તો પણ હજુ એ એવી છતાં પણ, જો તું જિનધર્મને અંગીકાર કરીશ, તો તે જળના પૂરની પેઠે ત્હારા પાપ પંકને દૂર કરશે. હે મુગ્ધે ! જેને તેં મરાવી નંખાવ્યો હતો, તે હું મહાવત છું; તું જો, હું જિનધર્મના પ્રભાવથી દેવતા થયો છું" ( એ સાંભળીને) " હું એ, એ ધર્મ અંગીકાર કરીશ." એવો તેણે નિશ્ચય કર્યો એટલે તેને સાધ્વીની પાસે લઈ જઈને તેણે (દેવતાએ ) દીક્ષા લેવરાવી. ઇતિ નૂપુરપંડિતા અને શિયાળની કથા.

---

( જંબૂકુમારને તેમની સ્ત્રી પદ્મશ્રી કહે છે ) " આવાં ( ભોગને વિષે) પ્રવર્તાવનારાં, તેમ જ તે થકી અળગાં રાખનારાં બન્ને પ્રકારનાં દૃષ્ટાંતોને અનાદર કરીને, આપ પણ વિષયસુખનો અનુભવ કરો."

ત્યારે જંબૂકુમારે કહ્યું. " હું વિદ્યુન્માળી વિદ્યાધરની પેઠે, પ્રેમ ઘેલો થયો નથી; તેનું આખ્યાન સાંભળ—

## विद्युन्मालीनी कथा. १६

આ જ ભરતક્ષેત્રને વિષે, ( બે ) પાંખોથી સંયુક્ત પક્ષીની સમાન, બન્ને (ઉત્તર અને દક્ષિણ ) ભરતાર્દ્ધને જોડી દેનારો ( મધ્યમાં રહેલો ) વૈતાઢ્ય નામે પર્વત છે. તે ઉપર ઉત્તરશ્રેણિના ભૂષણ રૂપ અને દેવતાઓને અતિ પ્રિય એવું ગગનવલ્લભ નામનું ઉત્તમ નગર છે.

---

× માગધિ જંબૂચરિત્રના અંતે, રાજા, મહાવત અને ચોર; એ ત્રણેથી ભ્રષ્ટ થઈ.

ત્યાં પરસ્પર પ્રીતિવાળા, બે સહોદર ( ભાઈ ) મેઘરથ અને વિદ્યુન્માળી નામના તરૂણ વિદ્યાધર રહેતા હતા. તેઓએ વિચાર કર્યો કે, આપણે વિદ્યા સાધવાને અર્થે, ચાલો ભૂચરોનીવસ્તિમાં જઇએ; કારણ કે, આપણી વિદ્યા ત્યાં જ સધાય તેમ છે. વિદ્યાસિદ્ધિ કરવાને વિષે આ પ્રકારનો વિધિ પણ છે. " અતિ નીચ કુળમાં જન્મેલી કન્યાને પરણવું, ને એક વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળવું. " પછી તેઓ માતા પિતાની અનુજ્ઞા લઇને દક્ષિણ ભરતાર્દ્ધમાં, વસંતપુર નામના નગરમાં આવ્યા. ત્યાં બુદ્ધિના ભંડાર એવા તે બન્ને, ચંડાળનો વેષ લઇને, ચંડાળની પાટીમાં જઈ, તેમનું આરાધન કરવા લાગ્યા. તેઓ તુષ્યમાન થયા એટલે તેમણે પૂછયું. " તમે અહિં કેમ આવ્યા છો? તમને અહિં આવી વસ્યાને ઘણો કાળ વ્યતીત થયો છે. " તેમણે ખરી વાત છૂપાવીને ઉત્તર આપ્યો. " હે હિતકર્તાઓ ! અમે ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરથી આવીએ છીએ. અમારા મા બાપે અમને કુટુંબ માંથી કાઢી મૂકયા, તેથી રોષે ભરાઇને નીકળી આવ્યા, તે ફરતા ફરતા અહિં આવ્યા છીએ. " માતંગો ( ચાંડાળો ) એ કહ્યું. " ત્યારે તમે અમારો આશ્રય કરીને અહિં રહો અને અમે તમને પૂછીએ છીએ કે, તમારે પરણવાની મરજી છે ? તો અમે તમને બે કન્યા આપીએ; પણ જો તમે અમારી કન્યાનું પાણિગ્રહણ કરશો, તો તમારે અમારી જાતિને ઉચિત સઘળું કરવું પડશે. " તેઓએ હા કહી, તે ઉપરથી તે ચંડાળોએ તેમને કાણી અને દંતુર ( દાંત બહાર નીકળેલા ) એવી બે કન્યા પરણાવી. ત્યાર પછી વિદ્યુન્માળી તો કુરૂપ એવી પણ માતંગ કન્યા ઉપર અતિ વ્યામોહિત થયો અને વિદ્યા સાધન કાંઇ પણ કરી શકયો નહિ.

અનુક્રમે વિદ્યુન્માળીની સ્ત્રી ગર્ભવતી થઈ અને વર્ષ પૂર્ણ થએ મેઘરથે તો વિદ્યા સિદ્ધ કરી, એટલે તેણે પ્રીતિને લીધે વિદ્યુન્માળીને કહ્યું. " હે ભાઈ! આપણે વિદ્યાનું સાધન કર્યું; માટે ચાલ, ચંડાળ

કુળનો ત્યાગ કર. હવે આપણે વૈતાઢચ પર્વત ઉપરના વિહારની સુખ સંપત્તિને યોગ્ય થયા; તેથી તું માતંગી ( ચંડાળ કન્યા )ને ત્યજી દે. હવે આપણને વિદ્યાધરીઓ પોતાની મેળે આવીને વરશે.” વિદ્યુન્માળીએ લજ્જાને લીધે નીચું મુખ કરી કહ્યું. “હે વિદ્યાવાન્ ! હે સુવ્રત ! તું વૈતાઢચ ઉપર જા; કારણ કે, તેં ત્હારૂં કાર્ય સફળ કર્યું છે. અધમ સત્વવાળા મેં તો નિયમ રૂપ વૃક્ષને ત્રોડી નાંખ્યું છે, ત્યારે મ્હારે તેનાથી ઉત્પન્ન થનારૂં વિદ્યાસિદ્ધિ રૂપ ફળ કયાંથી હોય ? આ બિચારી સગર્ભા સ્ત્રીને ત્યજી દેવી, તે મને યોગ્ય નહિ અને વળી વિદ્યાવાન એવા ત્હારી સાથે વિદ્યા વગરનો હું આવું, તેથી મને શરમ આવે છે. તેં વિદ્યાસાધન કર્યું છે, એટલે તું જા; ત્હારૂં કલ્યાણ થાઓ. પણ મેં તો, તે કર્યું નહિ; એટલે હું ત્યાં બંધુઓને કેવી રીતે મુખ બતાવું ? મેં પોતે જ પ્રમત્ત ( પ્રમાદી ) થઇ પોતાને જ છેતર્યો છે. હવે હું શ્રમ ( મહેનત ) લઇને વિદ્યા સિદ્ધ કરીશ. ત્હારા ભ્રાતા ઉપર સ્નેહ રાખીને, પાછો તું વર્ષને અંતે મને તેડવા આવજે, જેથી હું તે વખતે વિદ્યા સાધી રહીશ, એટલે ત્હારી સાથે આવીશ.” ચાંડાળપુત્રી સાથે પ્રેમપાશથી બંધાએલા તેને, તે ( મેઘરથ ) લઈ જઇ શકયો નહી; તેથી તે એકાકી વૈતાઢચ પર્વત ઉપર ગયો; ત્યાં તેના બંધુઓએ તેને “તું એકલો કેમ આવ્યો, ત્હારો ભાઈ કયાં રહ્યો ?” એ પ્રમાણે પૂછવા માંડયું, ત્યારે તેણે વિદ્યુન્માળીની કથા યથાસ્થિત કહી બતાવી.

( હવે અહિં ) વિદ્યુન્માળીની ચાંડાળી કુરૂપા સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો, તેને જ વિદ્યાસિદ્ધિ જેવો ગણીને તે હર્ષિત થયો. પુત્ર પ્રેમને લીધે તે મ્લેચ્છી ઉપર વધારે આસક્ત થયો; તેથી તે કુબુદ્ધિ, વિદ્યાધરના સુખને દુષ્ટ સ્વપ્નની માફક ભૂલી ગયો. તે કાણી અને દંતુર ચાંડાળીએ તેની સાથે યથેચ્છ સુખ ભોગવતાં વળી બીજી વાર ગર્ભ ધારણ કર્યો.

હવે વિદ્યાસંપન્ન મેઘરથે પોતાના ભાઈના વિરહને લીધે, મહા મહેનતે એક વર્ષ નિર્ગમન કર્યું. તે અરસામાં વિદ્યુન્માળીના સંબંધમાં મેઘરથને, ઉત્તમ ભ્રાતૃભાવને અનુરૂપ વિચાર થવા લાગ્યા. "હું અહિં સુરસુંદરી સમાન વિદ્યાધરીઓની સાથે રહું છું અને તે કદ્રૂરૂપી મ્લેચ્છી સાથે, નરક સમાન ગૃહસ્થાશ્રમમાં વસે છે. હું અહિં બાગ બગીચાવાળા સાતભૂમિના મહેલમાં રહું છું અને તે સ્મશાનમાં હાડકાં અને માંસથી સંકીર્ણ એવી એક ચાંડાળની ઝુંપડીમાં રહે છે. હું અહિં વિવિધ વિદ્યા રૂપ ઋદ્ધિની મદદ વડે યથેચ્છ ભોગ ભોગવું છું અને તે જીર્ણ વસ્ત્ર પહેરે છે તથા હલકો ખોરાક ખાય છે."

એ ઉપરથી મેઘરથ, વર્ષ પુરૂં થએ પુનઃ ( ફરી ) વસંતપુર ગયો અને ભાઇને કહેવા લાગ્યો. "હે ભ્રાતર! વૈતાઢ્ય પર્વત ઉપર આવીને, હવે ત્હારે ઉત્તમ વિદ્યાધર સુખૈશ્વર નથી અનુભવવું ?" વિદ્યુન્માળી શરમાઈ જઈ હાસ્ય કરી કહેવા લાગ્યો. "આ મ્હારી બાળ વત્સવાળી સ્ત્રી, ફરી ગર્ભવતી થઈ છે. જેને બીજા કોઇનો આધાર નથી એવી આ મ્હારી સ્નેહાળુ, સપુત્રા અને સગર્ભા સ્ત્રીને, વજ્ર જેવા હૃદયવાળો થઇને ત્હારી પેઠે હું ત્યજી શકું નહી. માટે હે ભાઈ! તું જા; વળી કોઇ બીજે અવસરે મને દર્શન દેજે. આ સમય તો હું અહિં જ નિર્ગમન કરીશ; ભાઈ, તું ક્રોધ લાવીશ નહિ." મેઘરથે તેને ઘણો ઘણો સમજાવ્યો, અંતે ખિન્ન થઇને તે પાછો ગયો. ( સામો ) માણસ અતિ મૂઢ હોય, ત્યારે ( તેનો ) હિતકર્ત્તા પણ શું કરી શકે?

બીજો પુત્ર જન્મ્યા પછી વિદ્યુન્માળી તો પ્રમોદને લીધે, માતંગ કુળને સ્વર્ગ થકી પણ અધિક માનવા લાગ્યો. વસ્ત્ર અને ભોજન પ્રમુખ તેને બરાબર મળતાં નહી; છતાં પણ તે મ્લેચ્છીની કુક્ષિથી જન્મેલાં બન્ને બાળકોને લીલાએ કરીને રમાડવામાં, તેને કાંઈ દુઃખ જણાયું જ નહિ. તેમને ખોળામાં બેસારતો, ત્યાં તેઓ વારંવાર પેશાબ કરતાં, તેને પણ તે ગંધોદકના સ્નાન જેવું ગણતો. પોતાને સુ

ભગા માનતી તે મ્લેચ્છી, પદે પદે ( પગલે પગલે ) તેનો તિરસ્કાર કરતી; તો પણ આસક્ત થએલો તે, ચાંડાળ કુળનો દાસ થઇને રહ્યો.

ભ્રાતૃ સ્નેહના અનુબંધને લીધે ફરી પણ મેઘરથે આવી, તેને આલિંગન દેઈ, ગદ્‌ગદ્‌ વાણીએ તેને કહ્યું. " હે કુલિન! તું ચંડાળના કુળમાં રહે નહીં. ત્હારે અહિં શી પ્રીતિ છે? શું માનસરોવરમાં ઉત્પન્ન થએલ હંસ, કદિ ગૃહના દુર્ગંધી પ્રવાહમાં રમે ખરો? ધૂમવતી ( ધૂમાડાવાળી ) અગ્નિ, જેમ ઘરને મલીન કરી નાંખે, તેવી રીતે ત્હારા કુળને તું ત્હારા કુકર્મથી મલીન ન કર." આ પ્રમાણે (બીજી વાર ) સમજાવ્યાં છતાં પણ, તેણે સાથે આવવાની ઇચ્છા બતાવી નહી. તેથી " હું હવે અહિં પુન: નહિ આવું " એમ કહીને મેઘરથ પાછો ગયો.

પછી મેઘરથે પિતાનું રાજ્ય ચિરકાળ સૂધી પાળી, ( પારકી ) રાખેલી થાપણને જેમ સોંપી દે, તેમ યોગ્ય સમયે તે રાજ્ય પોતાના પુત્રને સોંપી દીધું. પછી તે બુદ્ધિવંત મેઘરથ, સુથિત આચાર્ય પાસે દીક્ષા લઇ, તપ કરી દેવતા થયો. એ પ્રમાણે ચતુર મેઘરથ, સુખ પરંપરાને પામ્યો અને મૂર્ખ વિદ્યુન્માળીએ ભવસાગરમાં ભ્રમણ કર્યું. ઇતિ વિદ્યુન્માળીની કથા.

---

( જંબૂકુમાર પોતાની સ્ત્રી પદ્મસેનાને કહે છે.) "એ વિદ્યુન્માળીની પેઠે, હું રાગાંધ થઇને દુ:ખી નહિ થઉં; હું તો ઉત્તરોત્તર સુખમાં જ લીન થઈશ."

તે ઉપરથી કનકસેનાએ કહ્યું. " હે સ્વામિન્! જરા મ્હારૂં પણ માનો; ને શંખધમકની માફક અતિશય ન કરો. તે શંખધમકની કથા આ પ્રમાણે—

## શંખધમકની કથા. ૧૭

શાળિગ્રામમાં એક ખેડુત રહેતો હતો, તે નિત્ય સવારથી સાંજ સૂધી પોતાનું ક્ષેત્ર સાચવતો. ક્ષેત્ર રૂપ સાગરમાં દૂર થકી આવતા પ્રાણીઓને, તે, મંચ ( ખાટલા ) રૂપ પ્રવહણ ઉપર બેસીને શંખ ફૂંકવે કરીને નસાડી મૂકતો.

એકદા ( કેટલાએક ) ચોરો, ઢોર ચોરી લાવીને તે ક્ષેત્રની પડોશમાં આવ્યા. ત્યાં તે શંખ નાદ સાંભળીને વિચારવા લાગ્યા. "ગ્રામના સુભટો, આ ઢોરને પાંછા વાળી જવાને અર્થે આગળ ગયા હશે અને તેનો જ આ પાસેનો શંખનાદ છે." આમ વિચારીને તે ચોર લોકો, ઢોર ત્યાં જ ( તેના ખેતરની નજીકમાં ) છોડી દઇને, પ્રભાતે વૃક્ષ ઉપરથી પક્ષીઓ ઉડી જાય, તેમ ચારે દિશાએ પલાયન કરી ગયા. તે ક્ષુધાતુર ઢોર પણ ધીમે ધીમે ચરતાં ચરતાં, અરુણોદય ( સૂર્યોદય ) વખતે તે ક્ષેત્રની નજીકમાં જ આવી પહોચ્યાં. ખેડુત ઢોર કાઢવા માટે દોડયો, પણ ત્યાં તેણે તેની સાથે કોઈ મનુષ્ય જોયું નહી. તેથી તેણે અનુમાન કર્યું કે, ચોર લોકો મ્હારો શંખનાદ સાંભળીને, બ્હીને આ ઢોરને છોડીને જતા રહ્યા છે. " પાપી માણસો જરૂર સર્વત્ર ભયવાળા હોય છે." પછી તેણે ઢોરને ગામમાં લઈ જઇને, કાંઇ પણ શંકા શિવાય ગામવાળાને સોંપ્યાં; તે એમ કહીને કે " મને દેવતાએ આપ્યાં છે, તે તમે ગ્રહણ કરો." તેણે ગામવાળાને ગાયવાળા કર્યા. અર્થાત્ ગાયો પાછી લાવી દીધી; ( તેના બદલામાં ) ગામવાળાઓએ ગ્રામના યક્ષની સમાન તેની અત્યંત ભક્તિ કરી; કારણ કે, જે આપે, તે જ દેવતા ( કહેવાય ) આ પ્રમાણે ( એક વખત ) ફાવ્યાથી બીજે વર્ષે પણ, તે ક્ષેત્રમાં જઇને રાત્રીએ શંખ ફૂંકવા લાગ્યો.

એકદા તે ચોરો બીજે ગામથી ઢોર ચોરી લાવીને, મધ્યરાત્રીને સમયે તે જ ક્ષેત્રની પડોશમાં આવ્યા. ત્યાં શંખધ્માનો મ્હોટો શંખ નાદ સાંભળીને, સારી રીતે સૌષ્ઠવ ( ચતુરાઈ–હોંશીયારી) નું આલંબન કરી તેઓ માંહોમાંહે બોલવા લાગ્યા. "આ જ પ્રદેશમાં, ને આ જ

ક્ષેત્રમાં, પહેલાં આપણે શંખનો નાદ સાંભળ્યો હતો, ને હમણાં પણ તેવો જ સાંભળીએ છીએ; તેથી તે જ આ શંખ, ને તે જ વગાડનાર કોઇ ક્ષેત્રરક્ષક, ક્ષેત્રની રક્ષાને માટે પ્રાણીઓને હાંકી કાઢવાને અર્થે આ શંખ વગાડે છે. ધિક્કાર છે કે, પૂર્વે આપણે ઠગાયા."

પછી તેઓ, રૂની વાટ કરતા હોય, તેમ હાથ ઘસતા ઘસતા અને વાછડાં જેમ ગાયના સ્તનને દબાવે, તેમ દાંતવડે હોઠ પીસતા પીસતા, તથા હસ્તીઓ સૂંઢ પછાડે, તેમ લાકડીઓ પછાડતા પછાડતા, વળી બળદોની પેઠે ધાન્યના છોડને કંપાવતા કંપાવતા; તે ચતુર ચોરો શબ્દાનુસારે ક્ષેત્રમાં ગયા. ત્યાં તેણે શંખ વગાડનારા માણસને માંચડા ઉપર બેઠેલો જોયો. તે માંચડાના લાકડાને હલાવી ભૂમિ ઉપર પાડયો; એટલે આધાર રહિત થએલો તે ક્ષેત્રરક્ષક પણ નીચે પડયો. આધેય આધાર વિના એકલું રહી શકતું નથી. પછી તેમણે તેને કણ ( દાણા ) ના ડુંડાને કૂટે, તેમ લાકડીઓવડે માર્યો; તેથી તેણે ખાતો હોય તેમ, પાંચ આંગુળિઓને મ્હોમાં નાંખી, તે આજીજી કરવા લાગ્યો. તેમણે વળી તેને હાડકાં કસકસ થાય, તેવી રીતે બાંધ્યો; તેના હાથ પણ સાથે જોડીને બાંધ્યા, તેથી જાણે તેઓ તેની પાસે ઇચ્છા વિરુદ્ધ અંજળિ જોડાવતા હોય, તેવો તે દેખાવા લાગ્યો.

પછી તેઓ સઘળાં ઢોર તથા તેનાં વસ્ત્રસુદ્ધાં લઇને જતા રહ્યા, ને તે ખેડુતને ક્ષેત્રપાળના જેવો નગ્ન કરી મૂકયો. ચોરો તેને ત્યાં જ મૂકીને જતા રહેલા હોવાથી, સવાર થઈ ત્યારે ગોવાળીયા આવ્યા, તેમણે તેને પૂછયું એટલે તેણે કહ્યું. " ધમવો ( ફૂંકવો ) ધમવો, પણ બહુ ન ધમવો; કારણ કે, અતિ ધમેલો ( ફૂંકેલો ) શોભતો નથી. થોડું ધમીને ( ફૂંકીને–વગાડીને ) જે મળ્યું હતું, તે અતિશય વગાડવાથી ખોવું પડયું. ઇતિ શંખધમકની કથા.

---

( કનકસેના જંબૂકુમારને કહે છે ) " હે નાથ ! તે માટે આપને

પણ અતિશય કરવું યોગ્ય નથી. હે પાષાણની પેઠે કઠિન ( હૃદયવાળા )! અમારી અવજ્ઞા કરવી આપને લાયક નથી."

તે ઉપરથી જંબૂકુમાર જળ સમાન શીતળ વાણીથી બોલ્યા. "હું શૈલરસમાં ચોટી જનારા વાનરની પેઠે, બંધનનો, અનભિજ્ઞ (નહિ જાણનારો ) નથી. ( અર્થાત્ હું બંધનોને જાણું છું. ) તે વાનરની કથા આ પ્રમાણે—

## વાનરની કથા. ૧૮

વનલક્ષ્મીએ કરી ફળરૂપ વિંધ્ય નામનો પર્વત છે. તેમાં મ્હોટા વાનરના યૂથનો ઉપરી એક વાનર વસતો હતો. તે વિંધ્યાદ્રિનો પુત્ર જ હોયની! તેમ તેના વનની ગુફાઓમાં ક્રીડા કરતો યૂથના સર્વ વાનરોને હરાવી દેતો. સ્ત્રી સંબંધથી મ્હોટા રાજ્યના સામ્રાજ્યની સુખ લીલાને બતાવી આપતો હોય, તેમ તે મહા બળવાળો એકલો જ, સર્વ વાનરીઓની સાથે ક્રીડા કરતો.

એકદા કોઈ બીજા મદોન્મત્ત યુવાન વાનરે, તે વાનરની અવજ્ઞા કરી અને વાનરીઓ ઉપર રાગવાળો થઈ, તેમના સંગમની ઈચ્છા કરવા લાગ્યો. પાકવા આવેલા તેથી લાલ થએલા અને ફાટી ગએલા દાડિમના જેવા-કોઈ વાનરીના-આતામ્ર ( રતાશ પડતા ) મુખનું, તે ચુંબન કરવા લાગ્યો; તો કોઇના મુખ ઉપર કેતકીની રજ ઉડાડવા લાગ્યો; વળી પોતે ગુંજાફળ ( ચણોઠી ) નો હાર બનાવી કોઇના કંઠમાં પહેરાવવા લાગ્યો અને કોઇને બિલ્વપત્રની વીંટિઓ કરી કરીને આપવા લાગ્યો; તો કોઇને મ્હોટા હીંચકા ઉપર બેસારીને ખૂબ આલિંગન દેવા લાગ્યો. આ પ્રમાણે પોતાના હસ્તબળને લીધે અગ્રેસર એવા યૂથપતિને પણ ન ગણતો હોય, તેમ નિઃશંકપણે વાનરીઓની સાથે ક્રીડા કરવા લાગ્યો. વળી કોઈ વાનરી, નખાંકૂર વડે તેના પૂંછડાને ખજવાળતી હતી, તો કોઈ તેના સર્વાંગ ઉપરના વાળ

ને પ્રમાર્જતી હતી. કોઈ કદલીના પંખાવડે તેને વાયુ ઢોળતી હતી, તો કોઈ કમળનાં નાળવાં લઇને, તેને વાસ્તે કર્ણ (કાન) નાં આભૂષણો બનાવતી હતી.

એટલામાં ઊંચી રોચ ઉપર બેઠેલા તે મ્હોટા યૂથપતિ (વાનરે) દૂરથી આ વાનર યુવાનને જોયો, તેથી તે સદ્ય કોપ કરીને ત્યાં દોડી આવ્યો. રોષમાં પૂંછડું હલાવતાં હલાવતાં તે યૂથપતિ વાનરે, પેલા યુવાન વાનરને પાષાણનો ઘા કર્યો. તે તેને વાગ્યો; એટલે તે ક્રોધમાં આવી, ધુર્ ધુર્ શબ્દ કરતો ભયાનક દેખાતો, સિંહની પેઠે તેની સામે દોડયો. ચિરકાળે મળેલા બે મિત્રો એક બીજાને (જેમ સર્વાંગે ભેટે) તેમ આ બે વાનર, દુશ્મન છતાં પણ પરસ્પર સર્વાંગે ભેટવા લાગ્યા (અર્થાત્ યુદ્ધ કરવા લાગ્યા.) તેમાં તેઓ પરસ્પરના શરીર ઉપર દંતાગ્રે કરીને ત્રટત્ ત્રટત્ કરવા લાગ્યા. (નખવડે ચામડી ત્રોડવા લાગ્યા.) પરસ્પરના દંત અને નખના પ્રહારથી નીકળેલા લોહીથી ચર્ચિત થએલા તે બન્ને, જાણે લાલચોળક (વસ્ત્ર) પહેર્યાં હોય, તેવા દેખાવા લાગ્યા. પરસ્પર બાહુયુદ્ધે યુદ્ધ કરતાં, તેઓ દ્યૂતકારોની પેઠે એક બીજાને બાંધવા લાગ્યા તથા છોડવા લાગ્યા. (ક્ષણમાં બાંધતા અને ક્ષણમાં છોડતા) છેવટે તે યુવાન વાનરે, મુષ્ટિઘાતવડે જેનાં અસ્થિ ભાગી નાંખ્યાં છે એવો તે વૃદ્ધ વાનર, શીઘ્ર ખસી ગયો અને ધીમે ધીમે પાછો પાસે આવ્યો, એટલે પત્થરના પ્રહારે કરીને તે યુવાને, તેનું માથું ફોડયું. પ્રહારની વેદના બહુ થવા માંડી, એટલે તે વૃદ્ધ વાનર, દૂરથી ફેંકેલા બાણની પેઠે ત્યાંથી નાસીને છેટે જતો રહ્યો.

પ્રહારની વેદનાથી દીન થઈ ગએલા અને તૃષાએ પીડિત એવા તેણે, ભમતાં ભમતાં એક ઝરતા પર્વતમાં શિલાજિત જોયો. તેને તેણે પાણી ધારીને તેમાં મુખ નાંખ્યું, તેથી તે (તેનું મુખ) ભૂમિમાંથી જ નીકળ્યું હોય, તેમ ત્યાં જ ચોટી રહ્યું! મુખ ખેંચી લેવાને અર્થે તેણે પછી બન્ને હસ્ત તેમાં નાંખ્યા, તે પણ ત્યાં જ ચોટી રહ્યા. પછી

હસ્તની પેઠે તેણે પોતાના પગ પણ તેમાં નાંખ્યા; તે પણ ત્યાં ચોટી રહ્યા. તેથી જાણે તેનાં પાંચે અંગોમાં ખીલા ઠોકી ઠોકયા હોય, તેમ તેનું મૃત્યુ થયું. તે વાનરે પોતાના હાથ પગ બહાર રાખીને, જો પોતાનું મુખ ખેંચી લીધું હોત, તો નિશ્ચે તે શિલાજિત થકી મુક્ત થાત; પણ મુખ ન છોડાવતાં બીજાં અંગ તેમાં નાંખતો ગયો, એટલે વધારે ચોટતો ગયો. ઇતિ વાનરની કથા.

---

( જંબૂ કુમાર કહે છે ) આ પ્રમાણે પ્રથમ બાલ્યાવસ્થામાં જિભાઈંદ્રિમાં જ લુબ્ધ એવો મનુષ્ય, પછી યુવાવસ્થામાં શિલારસ જેવી નારીઓને વિષે લુબ્ધ થઇને, પાંચે ઈંદ્રિયો સહિત સંસારના પંક ( કચરા ) માં ડૂબતો મરણ પામે છે; પણ હું તેવો નથી.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते परिशिष्टपर्वणि स्थविरावलीचरिते महाकाव्ये जंबूस्वामिविवाह-प्रभवचौरागम-मधुबिंदुपुरुषकथा कुबेरदत्तकथा-महेश्वरदत्तकथा-कर्षककथा-काककथा-वानरवानरीकथा-अंगारकारककथा-नूपुरपंडिताशृगालकथा-विद्युन्मालिकथा शंखधमककथा-शिलाजतुवानरकथावर्णनोनाम द्वितीयः सर्गः ॥

# अथ तृतीयः सर्गः

પછી નભઃસેનાએ ઋષભદત્તના પુત્ર (જંબૂ) ને અંજળિ ૨ચીને કહ્યું. " તમે પેલી વૃદ્ધ સ્ત્રી જેવા થાઓ નહી. તેની કથા આ પ્રમાણે છે—

## બુધ્ધિનામની વૃધ્ધસ્ત્રીની કથા. ૧૯

એક ગામમાં બુદ્ધિ અને સિદ્ધિ નામની બે વૃદ્ધ સ્ત્રીઓ રહેતી હતી. તે બન્ને બ્હેનપણીઓ હતી અને નિત્ય અત્યંત દુઃખી હતી.

તે ગામની બ્હાર ઇચ્છિત વસ્તુને આપવાવાળા, પ્રસિદ્ધ ભોળક નામના યક્ષનું મંદિર છે. દારિદ્ર રૂપ વૃક્ષના ઉદ્યાન જેવી તે બુદ્ધિ નામની સ્ત્રી, હમ્મેશાં પેલા યક્ષનું સારી રીતે આરાધન કરવા લાગી. પ્રભાતે, મધ્યાન્હે અને સંધ્યા સમયે હમ્મેશાં તે દેવસ્થાનનું પ્રમાર્જન કરે; ને પૂજા કરીને તેની આગળ નૈવેદ્ય ધરે. એમ કરતાં કરતાં યક્ષ તુષ્ટમાન થયો તેથી બોલ્યો. " તને શું આપું?" ઘણી આરાધના કરવાથી કપોત પણ તુષ્ટમાન થાય છે. તે સ્ત્રીએ કહ્યું. " હે દેવ ! જો તમે તુષ્ટમાન થયા હો, તો તમે મને એવું આપો કે, જેથી હું સુખ સંતોષમાં રહું." યક્ષે કહ્યું. " હે બુદ્ધિ ! તું સુસ્થિત થા. તું પ્રતિ દિવસ મ્હારા પગની નીચે એકેક દીનાર જોઇશ, ( તે લઈ લેજે.)" ત્યારથી તેને હમ્મેશાં એક એક દીનાર મળવા લાગ્યો, તેથી તે વૃદ્ધ સ્ત્રી, પોતાનાં સગાં વહાલાંથી તેમ જ બીજા માણસોથી પણ અધિક ઋદ્ધિવાળી થઈ.

જેણે સ્વપ્નમાં પણ દિવ્ય વસ્ત્ર જોયાં નહોતાં, તે હવે રાજાની રાણીની પેઠે ક્ષણે ક્ષણે નવનવાં વસ્ત્ર પહેરવા લાગી ! જેને પહેલાં ખાટી છાશ સરખી એ મળતી નહિ, તેને ઘેર આજે મ્હોટા આંચળવાળી હજારો ગાયો થઈ ! જે જન્મથી માંડીને જીર્ણ ઝુંપડી

માં રહેતી, તેણે વેદી ( ઓટલા ) આગળ ( બાંધેલા ) મત્ત હસ્તી ઓવાળો પ્રાસાદ કરાવ્યો ! જે પહેલાં પર ઘરનાં છાણ વાસીદાં વિગેરે કાર્યો કરી આજીવિકા ચલાવતી, તે આજ સ્તંભની પૂતળીઓના જેવી રૂપવંત દાસીઓથી સેવાવા લાગી ! જે હમ્મેશાં પોતાના ખોરાકની ચિંતાને લીધે દીન રહેતી, તે હવે યક્ષે આપેલી સંપદાએ કરીને દીન જનોનો ઉદ્ધાર કરવા લાગી !!!

બુદ્ધિની આવી સંપત્તિ જોઇને જેને મત્સર થયો છે એવી સિદ્ધિ વિચારવા લાગી. "આને આવી સંપત્તિ કયાંથી પ્રાપ્ત થઇ? પણ ઠીક છે ! મ્હારે ને એને સખીપણું છે, તેથી હું તેની વિશ્વાસુ છું; એટલે હું એને સેંકડો મીઠાં વચન કહીને, એ વાત એની પાસેથી કઢાવીશ." આવી બુદ્ધિવાળી સિદ્ધિ, બુદ્ધિને ઘેર ગઇ. ત્યાં તેણે તેનો પ્રિયસખી કહીને સત્કાર કર્યો. પછી તેણે પૂછ્યું. "હે ભગિની ! અણચિંતવ્યો આવો વિભવ તને કયાંથી પ્રાપ્ત થયો ? ત્હારા વૈભવ ઉપરથી અનુમાન કરૂં છું કે, તને ચિંતામણિરત્ન તો નથી પ્રાપ્ત થયું ! તને રાજાનો પ્રસાદ થયો કે, કોઈ દેવતા સંતુષ્ટ થયો કે, તને કોઇ નિધાન જડી આવ્યું કે, તેં કાંઇ રસાયન સાધ્યું ? હે સખિ ! તને સંપદા મળી, તે મને જ મળી છે; હું આજ દારિદ્રના દુઃખને જળાંજળિ આપું છું ( અર્થાત્ ત્હારી સંપત્તિ જોઇને જ મેં તેને હાંકી કાઢયું છે. ) પ્રીતિને લીધે હું તે તું છું અને તું તે હું છું; આપણે શરીરથી પણ જુદાઇ નથી, તેથી આપણ બન્નેને પરસ્પર કોઇ પણ વાત ન કહેવાય તેવું નથી; માટે કહે, તને આ ઋદ્ધિ કયાંથી મળી ?"

તેનો આશય નહિ જાણવાથી બુદ્ધિએ તો, પોતે યક્ષનું આરાધન કર્યું ત્યાંથી તે, તેને ઋદ્ધિ પ્રાપ્ત થઈ, ત્યાં સૂધી સઘળું ખરેખરૂં કહી દીધું. પછી સિદ્ધિ વિચારવા લાગી. "વાહ વાહ ! ઠીક, મને પણ વિભવ મેળવવાનો ખરો ઉપાય હાથ આવ્યો છે. હું પણ યક્ષને

એનાથી વધારે ભક્તિવડે આરાધું કે, જેથી મને એનાથી પણ અધિક સંપદ્ મળે."

પછી બુદ્ધિએ બતાવેલી રીતે સિદ્ધિએ પણ અર્થ મેળવવા માટે હમ્મેશાં યક્ષની આરાધના કરવી શરૂ કરી. તેના મંદિરનાં પગથીયાંને તેણે વિવિધ પ્રકારની ભક્તિથી, ખડી વિગેરેથી ચીત્રીને શણગાર્યાં. હમ્મેશાં સ્વસ્તિક (સાથિયો) આળેખી યક્ષના આંગણાની ભૂમિને તે દીપાવવા લાગી; તે જાણે, તે મણિની ભક્તિના પ્રકારને પોતાનું કર્ત્તવ્ય જાણીને જ કરતી હોય, તેવી જણાવા લાગી. ઉપાસના કરવાનો જાણે નિયમ લીધો હોયની ! એવી તે સ્ત્રી, દરરોજ પોતે પાણી લાવીને તેને સ્નાન કરાવવા લાગી. વળી પોતે લાવેલાં બિલ્વપત્ર, કરવીર, તુળસી અને કુબ્જક પ્રમુખ પુષ્પોવડે તે ત્રણે સંધ્યાએ તેની પૂજા કરવા લાગી. એકાશન અને ઉપવાસ વિગેરે તપમાં તત્પર એવી તે, અહર્નિશ સેવન કરનારી વ્યંતરી હોય, તેમ તેના મંદિરમાં જ રહેવા લાગી.

આ પ્રમાણે અત્યંત આરાધના કરી, ત્યારે યક્ષે તુષ્ટમાન થઈને કહ્યું. "હે સિદ્ધિ! હું તુષ્ટમાન થયો છું. હે મહાભાગ્યે! ત્હારે જે જોઇએ તે માગ." તેથી તેણે અખુટ ભંડારવાળા યક્ષને કહ્યું. "તેં મ્હારી સખીને જે આપ્યું છે, તેથી બમણું મને આપ." "એમ થશે." એમ કહીને તે ભોળક યક્ષ અંતર્ધાન થયો. અનુક્રમે સિદ્ધિ તો, બુદ્ધિથકી અધિક ઋદ્ધિવાળી થઈ. એવું જોઇને બુદ્ધિએ યક્ષને ફરી આરાધ્યો; તેથી તે તેને, પ્રતિ દિવસ તેનાથી બમણું ધન આપવા લાગ્યો. વળી તેની સ્પર્દ્ધાને લીધે સિદ્ધિએ તેને આરાધ્યો તેથી યક્ષ તુષ્ટ થયો, ત્યારે તે દુષ્ટ સિદ્ધિ વિચારવા લાગી. "યક્ષને પ્રસન્ન કરીને હું જો દ્રવ્ય માગીશ, તો તેથી બમણું તેવી રીતે બુદ્ધિ પણ માગશે. તેથી હું તેવું માગું કે, તેનું બમણું જો બુદ્ધિ માગે, તો તેને દુઃખકારક થાય; તો જ મ્હારી બુદ્ધિ ખરી !" એમ વિચારી તેણે યક્ષને કહ્યું. "મ્હારી

એક આંખ કાણી કર." યક્ષે કહ્યું. "એવમસ્તુ ( એમ જ થાઓ. )" કે, તુરત તેની એક આંખ કાણી થઈ.

હવે બુદ્ધિ, " એને યક્ષે વળી બમણું શું આપ્યું ?" એમ ધારી સિદ્ધિ થકી બમણું મેળવવાની ઈચ્છાએ પુન: યક્ષની આરાધના કરવા લાગી. તે પ્રસન્ન થયો ત્યારે તેણે માગ્યું. " જે સિદ્ધિને આપ્યું હોય, તેથી બમણું મને આપો." યક્ષ, " એવમસ્તુ " કહી તિરોધાન થયો એટલે તે તુરત બે આંખે અંધ થઇ; કારણ કે, દેવતાઓનું વચન અફળ હોતું નથી. આ પ્રમાણે બુદ્ધિ પ્રથમ મળેલી સંપદથી તૃપ્ત નહિં થતાં લોભવશ થઇ, તો તેણે પોતાનો પોતાની મેળે જ નાશ કર્યો. ઇતિ બુદ્ધિ નામે વૃદ્ધસ્ત્રીની કથા.

---

( નભ:સેના જંબૂકુમારને કહે છે.) "મનુષ્યપણાની લક્ષ્મી મેળવીને તેથી અધિક ઈચ્છો છો, તો તમે પણ તે અંધ સ્ત્રીની પેઠે પ્રતિરૂપ થશો. ( અર્થાત્ કષ્ટને પામશો.)"

જંબૂકુમારે કહ્યું. " હું, હે મૂર્ખે ! જાત્યાશ્વ ( ઉત્તમ અશ્વ )ની પેઠે અવળે માર્ગે જઉં તેવો નથી. તેની કથા તું સાંભળ—

## જાતિવંત ઘોડાની કથા. ૨૦

જેણે પોતાના પ્રતાપવડે શત્રુઓને જીત્યા છે એવો અને અદ્ભૂત લક્ષ્મીએ વિરાજમાન એવો જિતશત્રુ નામે વસંતપુર પત્તનનો રાજા હતો. તેને બુદ્ધિ રૂપ ધનથી શોભતો, જિનદાસ નામનો શ્રેષ્ઠી વિશ્વાસનું પાત્ર હતો.

એકદા અશ્વપાળકોએ રાજાને, રેવંતના જ પુત્ર હોયની ! તેવા લક્ષણે યુક્ત કિશોર અશ્વ બતાવ્યા. એટલે પૃથ્વીપતિએ અશ્વનાં લક્ષણ જાણનારાઓને આદેશ કર્યો. " આમાં કયા કયા અશ્વો કયા કયા લક્ષણોએ સંપૂર્ણ છે ? તે કહો." તેઓ એક અશ્વ કિશોરને શા

સ્ત્રોક્ત લક્ષણ યુક્ત જોઇને રાજાને કહેવા લાગ્યા. "આ (અશ્વ)ની ખરી ગોળ છે, બન્ને જંઘાના અને ખરીની વચ્ચેના સંધિ ન દેખાય તેવા છે. જાનુ તથા જંઘા માંસલ છે, એની ડોક ઊંચી અને વળેલી છે, એનો નિઃશ્વાસ કમળપુષ્પ જેવો સુગંધી છે, એના કેશ સ્નિગ્ધ છે, સ્વર કોયલ જેવો છે, એની આંખો મલ્લિકા પુષ્પ જેવી છે, શ્રવણ (કાન) લઘુ અને સ્તબ્ધ છે, કેશવાળ લાંબી છે, પંચભદ્રના ચિન્હવાળો છે, વાંસો પણ ગૂઢ છે, સ્કંધાદિ સાત સ્થાનકે પૃથુ-પહોળો છે, છાતી વિગેરે જગાઓએ દશ ધ્રુવાવર્ત્ત કરીને શોભીત છે, તેમ બુદ્ધનાવર્ત્તાદિ દુષ્ટ આવર્ત્તે વર્જિત ( રહિત ) છે. સ્નિગ્ધ દાંતવાળો છે અને અશ્વકિશોર સ્વામીની લક્ષ્મીને વધારે તેવો શુભ લક્ષણવાળો છે."

રાજાએ પોતે પણ, અશ્વ લક્ષણનો જાણ હતો તેથી તે અશ્વને તેવો જ જોઇને, કેસરના જળથી તેની સર્વાંગે પૂજા કરી. પછી તેની પુષ્પ પૂજા કરી; વસ્ત્રપૂજા કરી; તથા તેની લવણોત્તારણાદિ ક્રિયા (લૂણ ઉતારવાની ક્રિયા) કરાવી. પછી "એનું રક્ષણ કરવાને કોણ સમર્થ છે?" તેનો વિચાર કરવા માંડ્યો. કારણ કે, પૃથ્વી તળ ઉપર *રત્નો ઉપર બહુ વિઘ્નો હોય છે. અથવા તો "મ્હારો સ્નેહી, વિશ્વાસભાજન અને શ્રાવકનાં ( બાર )વ્રત પાળનારો પ્રખ્યાત જિનદાસ શ્રાવક, જે બુદ્ધિમાન છે, સ્વામીભક્ત છે, પ્રમાદ રહિત છે, તેને જ આવું અશ્વરત્ન સોંપવું યોગ્ય છે."( આમ વિચારી ) તેણે તેને બોલાવી, કૃપા સહિત આદેશ કર્યો કે, "તમારે આ મ્હારા અશ્વ કિશોરની પ્રાણ સમાન રક્ષા કરવી." "આપનો આદેશ પ્રમાણ છે." એમ કહી જિનદાસ તેને, તેની ચાકરી કરનારા માણસો સહિત પોતાને ઘેર લઇ ગયો.

ત્યાં તેણે તે અશ્વકિશોરને માટે એક સુખદ સ્થાન તૈયાર કરાવ્યું. તેમાં કોમળ રેતી પથરાવી, તે જાણે ગંગા નદીનું પુલીન ( રે

* તે તે જાતિમાં શ્રેષ્ઠ હોય, તે રત્ન કહેવાય છે. સ્ત્રીરત્ન, અશ્વરત્ન વિગેરે.

તીવાળો પ્રદેશ ) જ હોયની! તેવું કર્યું તેને રજ વિનાનાં અને સ્વાદિષ્ટ લીલાં તૃણ પોતાને હાથે જ ખવરાવવા લાગ્યો; રેતીવાળા અને કાંકરા કાંટા વિનાના પ્રદેશમાં, પોતે જ લગામ પકડીને તેને ફેરવવા લાગ્યો. વળી પોતે જ્યારે જ્યારે સ્નાન કરતો, ત્યારે તેને પણ સુગંધી, ન્હાવા લાયક ગરમ પાણીથી ન્હવરાવવા લાગ્યો. તે નિરોગી છે કે, નહી? એથી તેની પરીક્ષા કરવાને અર્થે, તેના નેત્રની પાંપણ ઉથલાવીને દરરોજ જોવા લાગ્યો. વળી પ્રતિ દિવસ પોતે તેના ઉપર સ્વાર થઈ તેને પ્રથમ *ધારાએ ચલાવતો. તળાવે પાણી પાવા લઇ જતો. તેને ઘેરથી તળાવે જતાં રસ્તામાં એક ઉચું જિનમંદિર હતું, તેને સંસાર સમુદ્રના એક દ્વીપની પેઠે ( માનીને ) કદિ તેનું આક્રમણ કરીને તે જતો નહી. "જિનમંદિરની અવજ્ઞા ન થાઓ." એવા હેતુથી તે બુદ્ધિમાન શ્રાવક, અશ્વ ઉપર આરૂઢ થયાં છતાં પણ, હમ્મેશાં જતાં આવતાં તેની ત્રણ વખત પ્રદક્ષિણા કરતો. દેવતત્વને જાણનાર તે શ્રાવક, અશ્વ ઉપર બેઠાં છતાં પણ દેવને વંદન કરતો; ઉતરીને અંદર પ્રવેશ ન કરતો, એનું કારણ એટલું જ કે, અશ્વને પ્રમાદ થાય નહી. આવી રીતે જિનદાસે, તે અશ્વને એવી રીતે શીખવ્યો કે, જેથી તે તળાવ, ઘર કે, ચૈત્ય શિવાય અન્ય કોઈ સ્થળે જાય નહીં.

આ અશ્વકિશોરક, જેમ જેમ વૃદ્ધિ પામતો ગયો, તેમ તેમ રાજાને ત્યાં સંપત્તિ પણ વધતી ગઇ. તેના પ્રભાવથી તે ભૂપતિ સર્વ રાજાઓને આજ્ઞા કરવામાં ઇંદ્ર સમાન ઉત્કૃષ્ટ થયો, પણ તેની આજ્ઞામાં રહેવાથી ઉદ્વિગ્ન થએલા તે રાજાઓ વિચારવા લાગ્યા. "જેના પ્રભાવથી આપણો પરાભવ થાય છે, તે-આ અશ્વનું કોઇ પણ પ્રકારે હરણ કરવું અથવા તેને મારી નાંખવો." પણ તે અશ્વને એમ કરવાને તેઓ અશક્ત હોવાથી, તેમનામાંના એક સામંતનો મંત્રી, જે બુદ્ધિના ગર્વનો પર્વત સમાન હતો, તે બોલ્યો. "તે અશ્વનું હું કોઇ

* ઘોડાને ચાલવાની ગતિ.

પ્રકારે હરણ કરીશ; ઉપાયને કાંઈ પણ દુષ્કર નથી. કારણ કે, ઉપાયની શક્તિનું કાંઇ માન ( માપ ) નથી ” સામંતે તેને “ એમ કરે ત્યારે ” એવો આદેશ કર્યો એટલે તે બુદ્ધિસાગર મંત્રી, માયાશ્રાવક થઇ વસંતપુર ગયો.

ત્યાં જિનમંદિરો તથા સુવિહિત આચાર્યોનાં દર્શન કરી, જિનદાસને ઘેર જઈ તેણે તેના ગૃહચૈત્ય ( ઘર દેરાસર ) માં રહેલા જિનબિંબને વંદન કર્યું; જિનદાસને પણ શ્રાવકને પ્રણામ કરવાની રીત મુજબ નમસ્કાર કર્યો અને એક ચતુર મયૂરની પેઠે શ્રાવકપણું દર્શાવ્યું. જિનદાસે પણ સામા આવીને તેને પ્રણામ કરીને પૂછ્યું. “ આપ મહાશય ક્યાંથી આવો છો ? ” તે કપટશ્રાવકે કહ્યું. “ હું સંસારથી વિરક્ત થયો છું; અલ્પ સમયમાં મ્હારે દીક્ષા લેવી છે; હવે મ્હારે ગૃહસ્થાશ્રમમાં રહેવું નથી. ધર્મને બાંધવ સમાન ગણી, માયાનો ત્યાગ કરી તીર્થ પર્યટન કરીને હું, ઉત્તમ ગુરૂની સમીપે (જઈ) પુરુષાર્થ ( મોક્ષ ) ને પ્રગટ કરનાર વ્રત ગ્રહણ કરીશ ( દીક્ષા લઇશ. ) ” એ ઉપરથી જિનદાસે કહ્યું. “ હે મહાત્મન્ ! તમે ભલે આવ્યા, સમાન આચરણવાળા આપણે બન્ને સુખે ધર્મગોષ્ઠી કરીશું. ” આ વાત તેણે માન્ય કરી એટલે ધર્મી પુરુષોમાં ઉત્તમ અને દાનવીર એવા જિનદાસે, પોતાના બંધુની સમાન પ્રીતિથી તેને સ્નાન કરાવ્યું. સ્નાનવડે તેના કેશ નિર્મળ કર્યા, પછી વળી તેને કસ્તૂરીના પંકથી મલિન કર્યા. ( કારણ કે, તે કાળી હોય છે. ) પછી ચિત્રેલા લેખની જેવા શોભતા અને પુષ્પની માળવડે ગૂથેલા તેના કેશ સમૂહને બાંધી લીધો. પછી તેના અંગને, જ્યોત્સ્ના સરખા ઉજ્વળ અને સુગંધી આછા ચંદનના લેપવડે ચર્ચ્યું અને અગુરૂ, કર્પૂર અને કસ્તૂરીના ધૂમથી સુવાસિત કરેલાં એવાં વસ્ત્ર પહેરાવ્યાં. વળી તેને સારૂ જિનદાસે એક ક્ષણમાં લેહ્ય, ભૂષ્ય, પેય, આસ્વાદ્ય અને હૃદ્ય એવી રસોઈ કરાવી. તેને હંસરોમ–આસન ઉ

પર બેસારી, પંખાવડે વાયુ ઢોળી, વિવિધ પ્રકારે ભોજન કરાવ્યું. ભોજન કરી રહ્યા પછી, મહાત્મા જિનદાસ, તે દુરાત્મા એવા કપટ શ્રાવક સાથે ધર્મકથા કરવા લાગ્યો.

એવામાં જિનદાસનો કોઈ સગો આવીને કહેવા લાગ્યો. "હે બંધુ! આવતી કાલે મ્હારે ઘેર શુભ અવસર છે, તે ઉપર આપ પધારજો, ત્યાં તમારે આખો દિવસ રાત્રી રહેવું પડશે. કારણ કે, આપ કલ્યાણ કરવામાં કુશળ છો; તેથી આપના વિના કલ્યાણ કેમ થાય?" તેને હા કહીને રજા આપ્યા પછી સરળ બુદ્ધિવાળો જિનદાસ, તે કપટશ્રાવકને અતિ મનોહર વાણીવડે કહેવા લાગ્યો. "મ્હારે, તે મ્હારા સંબંધીને ઘેર અવશ્ય જવું પડશે; તેથી હું જઉં ત્યારે તમારે મ્હારા ઘરને પોતાના ઘરની પેઠે જાળવવું." તે માયાશ્રાવકે તે વાતની હસતાં હસતાં હા કહી; ને તે દુર્મતિ ઉપર વિશ્વાસ રાખી જિનદાસ મિત્રને ઘેર ગયો.

તે દિવસે શેહેરમાં પૌરવધુઓ (નગરમાં રહેનાર પુરુષોની સ્ત્રીઓ) ના શોભીતી રીતે રાસડા લેવાઇ રહ્યા છે, એવો કૌમુદી-ઉત્સવ હતો. એટલે રાત્રીએ સર્વ લોકો, તે ઉત્સવમાં દુર્મદ થએલા હતા. તે વખતે તે કપટશ્રાવક નિર્ભયપણે, તે અશ્વને લઇને તેના ઉપર આરુઢ થયો. તે અશ્વ પણ, તે અર્હત્‌ના મંદિરની ત્રણ વખત પ્રદક્ષિણા દઈ, નિવાર્યા છતાં પણ તળાવે ગયો; બીજે ગયો નહી, તળાવથી પાછો ફરી, વળી દેવમંદિર પાસે આવ્યો ને ત્યાંથી ઘેર ગયો; અન્ય કોઈ સ્થળે ગયો નહી.

દુષ્ટ સામંતનો આ સચિવ, અનેક પ્રયત્ન કર્યા છતાં પણ, તે અશ્વને બીજે સ્થળે લઇ જઈ શકયો નહિ! એટલામાં તો સવાર પડી એટલે તે દુરાત્મા પલાયન કરી ગયો, ને સૂર્યોદય થયો ત્યાં તો જિનદાસ પણ ઘેર આવ્યો એટલે આવતાં આવતાં તેણે લોકો પાસેથી સાંભળ્યું કે, "તમારા અશ્વને કૌમુદી-ઉત્સવની આખી રાત્રી

ફેરવ્યો છે," "એ શું ?" એમ સંભ્રાંત થઇ તે ઘેર આવ્યો તો, તેણે જોયું કે, "અશ્વ થાકી ગયો છે અને દુર્બળ થઇ ગયો છે, ને પરસેવાથી શ્યામ થઇ ગયો છે. સારૂં થયું કે, અશ્વ રહ્યો; અહો ! તે માણસે મને ધર્મને બાને છેતર્યો ?" એમ તેને એક જ વખતે હર્ષ ને શોક બન્ને ઉત્પન્ન થયા.

જિનદાસ નિરંતર અશ્વનું રક્ષણ તો કરતો જ હતો, પણ હવેથી તો, તે તેની વધારે સંભાળ લેવા લાગ્યો; કારણ કે, તે ઉન્માર્ગે ગયો નહી તેથી વધારે પ્રિય થયો. ઇતિ જાતિવંત ઘોડાની કથા.

---

(જંબૂ કુમાર કહે છે.) "તે અશ્વની પેઠે મને પણ, કોઈ ઉન્માર્ગે લઇ જવા શક્તિમાન નથી અને હું પણ પરલોકમાં સુખને આપનારા એવા તે ઉત્તમ માર્ગને તજું એમ નથી."

પછી કનકશ્રીએ હસતાં હસતાં પ્રેમ સહિત કહ્યું. "હે સ્વામિન્ ! તમે પેલા ગામડાના મુખીના પુત્રની પેઠે જડ ન થાઓ. (તેનું આખ્યાન આ પ્રમાણે છે.):—

## मुखीना पुत्रनी कथा. २१

એક ગામડામાં એક મુખીનો પુત્ર રહેતો હતો. તેનો પિતા મૃત્યુ પામ્યો હતો અને તેની માતા પણ બહુ દુઃખી હતી. તેણે તેને એકદા રડતાં રડતાં કહ્યું. "તું નીચ પુરુષોનો અગ્રેસર છે, ત્હારે અહર્નિશ પર કથા શિવાય બીજું કાંઇ કામ નથી. ત્હારો વ્યવસાયી (ઉદ્યમી) પિતા તો, વ્યવસાયમાં જ જીવતો અને આરંભેલા વ્યવસાયનો સર્વદા નિર્વાહ કરતો. તું યુવાન થયો, તો પણ તેં હજુ વ્યવસાય (ઉદ્યમ) જ આદર્યો નહી; તો પ્રારંભેલા એવા વ્યવસાયના નિર્વાહની તો શી વાત કરવી ! ત્હારા સમાન વયના બીજાઓ તો, પોતાના ઉદ્યમવડે જીવે છે, ત્યારે તું પદ્રશાંડની માફક ફોગટનો અ

થડાતાં શરમાતો નથી? દરિદ્રિ એવી હું મહેનત કરૂં છું તેથી તું પોતાનું ઉદર ભરે છે અને ઉદર ભર્યું એટલે ભંડાર ભર્યો! એમ સમજે છે." પુત્રે કહ્યું. "હે માતા! હું હવે ફોગટનો નહિ આથડું; અર્થોપાર્જનને વાસ્તે કાંઈ પણ ઉદ્યમ કરીશ અને અર્થોપાર્જનને માટે આદરેલા વ્યવસાયનો, હે માતા! હું મ્હારા પિતાની સમાન સુખે નિર્વાહ કરીશ.

હવે એકદા તે મૂર્ખ, ચોરે બેઠો હતો ત્યાં તેણે, બંધનને ત્રોડી નાંખીને નાસી જતાં એક ગધેડાને જોયો. તેનો ધણી તેની પછવાડે દોડયો, પણ તેને પકડી શકયો નહી, તેથી તે બોલ્યો. "ભો! ભો! ગ્રામસભાના માણસો! અને છોકરાંઓ! તમારામાંથી જે શક્તિવાળો હો, તે આ મ્હારા ગધેડાને પકડી રાખો." એ ઉપરથી પેલા મુખીના છોકરાએ તેથી અર્થ ( ધન ) નો લાભ થશે, એમ ધારી તેની પાછળ દોડી શાખાના ફળની પેઠે તેના પૂંછડાને પકડી લીધું. લોકોએ તેને વાર્યો, છતાં પણ તેને તેણે છોડયું નહી; તેથી ગધેડે પાટુઓ મારવા માંડી, તેના ચરણના આઘાતથી તેના દાંત પડી ગયા, ને તે ભૂમિ ઉપર પડયો. ઇતિ મુખીના પુત્રની કથા.

---

( કનકશ્રી કહે છે.) "હે નાથ! તમે પણ તેની પેઠે અસદ્ આગ્રહનો ત્યાગ કરતા નથી, તેથી આપને શું ફળ મળશે? તે કાંઇ સમજાતું નથી."

જંબૂકુમારે મંદહાસ્ય કરી કહ્યું. "હું પેલા પોતાના કામમાં ઘેલા થઇ ગએલા સોલ્લક જેવો નથી." ( તેની કથા આ પ્રમાણે છે. ):-

## સોલ્લકની કથા. ૧૧

એક મુક્તિપાળ ( કોટવાળ ) ને એક ઉત્તમ ઘોડી હતી. તેનું તે પોતાની પુત્રીની પેઠે લાલન પાલન કરતો અને ઘોડાના હૃદયને

જાણવાવાળા એક સોહ્લક નામના પુરુષને નોકર રાખીને, ઘી, તેલ અને ઓદન વિગેરેથી તેની ચાકરી કરાવવા લાગ્યો. ઘોડીને અર્થે જે જે મિષ્ટ પદાર્થો સોહ્લકને મળતા, તેમાંથી થોડું થોડું તે, તેને આપતો અને બાકીનું પોતે ખાઈ જતો. આ પ્રમાણે તે સોહ્લકે કપટ કર્યાથી તેને યોગે અત્યંત ઉગ્ર ૧વડવાજીવ વિષય સેવકકર્મ ઉપાર્જન કર્યું. આ પ્રમાણે કપટ કાર્ય કરતાં કરતાં તે કાળધર્મ પામ્યો, ને અરણ્યમાં રસ્તો ન જાણનાર મૂઢ પંથી ભટકે, તેમ ઘણા કાળ સૂધી તિર્યગ્ ગતિમાં ભમ્યો.

પછી તે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે સોમદત્ત બ્રાહ્મણના પુત્ર તરીકે સોમશ્રીની કુક્ષિએ જન્મ્યો. તે ઘોડી પણ મૃત્યુ પામીને ભવ ભ્રમણ કરી, તે જ ઉત્તમ નગરને વિષે કામપતાકા નામની ગણિકાની પુત્રી તરીકે ઉત્પન્ન થઇ. અનુક્રમે માતા પિતાએ પોષાતો તે બ્રાહ્મણ પુત્ર, કણ ભિક્ષા કરતો યૌવન પામ્યો. ગણિકાની પુત્રીને પણ ધાત્રીઓ હરિની યષ્ટિ સમાન હૃદય આગળ જ રાખતી, તે પણ અનુક્રમે યૌવનારૂઢ થઇ. તેના શરીરને પવિત્ર કરનારા એવા તેના રૂપ અને યૌવનને પરસ્પર તુલ્ય એવો ૨ભૂષ્ય ભૂષ્યણતા ભાવ હતો. ધનવાન એવા તે ગ્રામના તરુણ પુરુષો, તે ગણિકા પુત્રીને માટે પરસ્પર સ્પર્દ્ધા કરતા અને માલતી પુષ્પની ચોમેર જેમ ભ્રમર ભમે, તેમ તેની ચોમેર ફર્યા કરતા. તે બ્રાહ્મણ પુત્ર પણ તેના ઉપર અત્યંત આસક્ત હતો, તેથી શ્વાનની પેઠે તેના દ્વારનું સેવન કરતો; કારણ કે, કામ ખરેખર સર્વંકષ ( સર્વની કસોટી કાઢનાર ) છે. તે તો રાજા, અમાત્ય અને શ્રેષ્ઠી વિગેરેના પુત્રોની સાથે ક્રીડા કરતી અને તેની અવજ્ઞા કરતી, પણ બ્રાહ્મણ પુત્ર તો તેને જોઇને, જીવન ગાળવા લાગ્યો. તે દારિદ્રિની તરફ તો, તે દૃષ્ટિની સંભાવના પણ કરતી નહીં;

૧ ઘોડી. ૨ અર્થાત્ તેઓ અરસ્પરસ એક બીજાને શોભાવતા; રૂપવડે યૌવન શોભતું અને યૌવનવડે રૂપ શોભતું.

કારણ કે, ગણિકાઓનો સ્વભાવ છે કે, દ્રવ્યવાન્ તરફ રાગ બતાવવો; દ્રવ્યહીન તરફ નહી.

હવે કામના બાણથી પીડિત તે બ્રાહ્મણ કુમાર, તેનું પડખું મૂકવાને અસમર્થ હોવાથી તેનો ચાકર થઇને રહ્યો. તેનું કૃષિકર્મ કરવા લાગ્યો, તેનું સારથિપણું કરવા લાગ્યો, જળ છાંટવાનું કામ કરવા લાગ્યો, ધાન્ય ખાંડવાનું કામ પણ કરવા લાગ્યો; વિગેરે સર્વ કાર્ય કરવા લાગ્યો. તેને બહાર કાઢી મૂકતા છતાં પણ, તે તેના ઘરની બ્હાર નીકળતો નહી. તૃષા વેઠતો, ભૂખ વેઠતો, અપમાન સહન કરતો, ને માર પણ સહન કરતો. ઈતિ સોલ્લકની કથા.

---

(જંબૂકુમાર કહે છે.) “ તે પુરુષની પેઠે ઘોડી સમાન જે તમે, તેમની યુક્તિકલ્પનાવડે કરીને, હું તમારે વિષે સેવકપણાને પ્રાપ્ત કરાવનાર અભિયોક કર્મને નહી ઉપાર્જન કરૂં. વાસ્તે હવે તમારી કલ્પિત યુક્તિઓ રહેવા દ્યો.”

તે ઉપરથી કમળવતીએ કહ્યું. “ હે સ્વામિન્! હે ૧કમળાનન! આપ ૨મા–સાહસ પક્ષીની પેઠે સાહસિક ન થાઓ. તેનું વૃત્તાંત આ પ્રમાણે છે—

## मा–साहस पक्षीनी कथा. २२

એક વખતે દુર્ભિક્ષથી દુઃખી થઇ, એક પુરુષ પોતાના સંબંધીઓનો ત્યાગ કરી, મ્હોટા સંઘની સાથે દેશાંતર ચાલી નીકળ્યો. એક મહા અટવીમાં સંઘે નિવાસ કર્યો, ત્યાં તે તૃણ કાષ્ઠ વિગેરે લેવાને એકલો બહાર નીકળ્યો. તે વખતે વનની ગુફામાં સૂતેલા એક વાઘના મુખમાંથી, દાંતે વળગેલા માંસના કકડા લઇને, એક પક્ષી વૃક્ષ ઉ

---

૧ કમળ સમાન મુખ છે જેનું એવા. ૨ मा साहसम् અર્થાત્ સાહસ ન કરો, એમ તે બોલ્યા કરતું તેથી તેનું मा साहस એવું નામ પડયું.

પર જઇ બેઠું ૧"मा साहसम्" એ પ્રમાણે વારંવાર બોલતું બોલતું તે પક્ષી, માંસ ખાતું હતું, તેને તે પુરૂષે વિસ્મય સહિત કહ્યું. "मा साहसम्" ( સાહસ કરવું નહીં ) એમ તું લવારો કર્યા કરે છે અને સાહસ કરીને વાઘના મુખમાંથી માંસ ખાય છે; તેથી તું મૂર્ખ દેખાય છે; કારણ કે, બોલે છે તેમ પાળતું નથી. ઇતિ મા-સાહસ પક્ષીની કથા.

---

( કમળવતી કહે છે. ) "હે જંબૂ! આપ સાક્ષાત્ સંસારના સુખનો ત્યાગ કરીને, બીજા અદૃષ્ટ સુખની ઇચ્છાએ તપ કરવાની ઇચ્છા રાખો છો; તેથી આપ એ મા-સાહસ પક્ષીની ઉપમાને યોગ્ય છો."

જંબૂએ સ્મિત કરીને કહ્યું. "તમારી વાણીથી હું મોહ નહિ પામું, તેમ સ્વાર્થથી પણ ભ્રષ્ટ નહિ થઉં; કારણ કે, ( અમુક ) ત્રણ મિત્રોની કથા હું જાણું છું; જે આ પ્રમાણે છે--

## त्रण मित्रोनी कथा. २४

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે જિતશત્રુ રાજાને સોમદત્ત નામનો પુરોહિત હતો. તે સર્વત્ર અધિકાર બજાવતો. તેને એક સહમિત્ર નામનો મિત્ર હતો, તે ખાનપાન વિગેરેમાં સર્વત્ર સાથે રહેતો, તેથી તેમને બન્નેને ઐક્ય હતું. વળી તેને પર્વમિત્ર નામનો એક બીજો દોસ્ત હતો, તેનું તે ઉત્સવના દિવસોમાં જ સન્માન કરતો; બીજે વખતે નહીં. પ્રણામમિત્ર નામનો એક તેને ત્રીજો મિત્ર હતો, તેને તો, તે જ્યારે મળતો, ત્યારે ફક્ત પ્રણામ કરીને જ ઉપકૃત કરતો.

એકદા તે પુરોહિતે કાંઇ અપરાધ કર્યાથી ભૂપતિ કોપાયમાન થયો અને તેને ઉગ્રદંડ કરવાને વાસ્તે, બીજે દિવસે પકડી લાવવાને તેણે ઇચ્છયું. પુરોહિત તેનો અભિપ્રાય જાણી ગયો, તેથી રાત્રીમાં જ તે બિચારો સહમિત્રને ઘેર ગયો; ને તેને કહ્યું કે "આજે રાજા મ્હા

---

૧ સાહસ ન કરો.

રા ઉપર રુષ્ટ થયો છે, તેથી મ્હારી માઠી દશા થઈ છે, તો હું ત્હારા ઘરમાં રહીને મ્હારી માઠી દશા ગાળવા ઇચ્છું છું. હે મિત્ર! દુઃખને વખતે જ મિત્રની ખબર પડે છે. માટે ત્હારા ઘરમાં મને ગુપ્ત રાખીને એ મૈત્રીને કૃતાર્થ કર." સહમિત્રે કહ્યું. "હવે આપણે મિત્ર નથી; જ્યાં સૂધી રાજભય ન હોય, ત્યાં સૂધી જ આપણી મૈત્રી (સમજવી) રાજાનો અપરાધી થઈ તું મ્હારા ઘરમાં રહે, તો તેથી મને પણ દુઃખ થાય. બળતી ઉનવાળા ઘેટાને ઘરમાં કોણ રાખે? ત્હારા એકલાને વાસ્તે હું, મ્હારા કુટુંબ સહિત અનર્થમાં પડું; ત્હારૂં કલ્યાણ થાઓ; તું અન્યત્ર જા." આમ સહમિત્રે તો, સોમદત્તનું અપમાન કર્યું તેથી તે સદ્ય પર્વમિત્રને ઘેર ગયો.

તેનો આશ્રય લેવાના આશયથી, તે દ્વિજે તેને રાજાની ઈતરાજી થયાની વાત કહી સંભળાવી. પર્વમિત્રે પણ તેની સાથેની પર્વમિત્રતાને લીધે, તેનો બદલો વાળી આપવાની ઇચ્છાએ, તેને જોઇને વિનય સહિત કહ્યું "હે મિત્ર! તેં અનેક પર્વ દિવસોમાં સંભાષણાદિ વિવિધ પ્રકારના સ્નેહે કરીને, નિશ્ચય મ્હારા પ્રાણ ખરીદેલા છે. તેથી હે ભાઈ! જો હું ત્હારા દુઃખમાં ભાગ ન લઉં, તો મ્હારા જેવા કુલીનની અપકીર્તિ થાય; પણ હું તો ત્હારી પ્રીતિને લીધે મ્હારા પોતાના ઉપરના અનર્થને તો સહન કરીશ; પણ મ્હારૂં કુટુંબ સુદ્ધાં અનર્થ પામે, એ દુસ્સહ છે. મ્હારૂં કુટુંબ મને વ્હાલું છે અને તું પણ મને વહાલો છે; હવે શું કરવું? તે વિચારવાનું છે; મ્હારે તો એક બાજુએ વાઘ અને બીજી બાજુએ નદી જેવું થયું છે. હું ડિંભ જેવો છું અને મ્હારૂં કુટુંબ કીટક યુક્ત પલાશપત્ર જેવું છે; તેથી તેમના ઉપર તું અનુકંપા લાવ; ત્હારૂં કલ્યાણ થાઓ; તું બીજે જા." સત્કાર કરીને પણ તેણે આ પ્રમાણે, તે પુરોહિતને ના કહી; તેથી તે, તેના ઘર થકી નીકળ્યો. ભાગ્ય કમ હોય, ત્યારે પુત્ર પણ દોષને જ દેખે છે. અથવા તો દુષ્ટપણું જ કરે છે.

હવે પર્વમિત્ર તેને ચોક સૂધી વળાવી પાછો વળ્યો, ત્યારે દુ:ખના સમુદ્રનો પાર નહિ પામતો છતો, પુરોહિત વિચારવા લાગ્યો. "જેમના ઉપર મેં ઉપકાર કર્યો છે તેમનું તો આ પરિણામ આવ્યું; ત્યારે હવે દીન એવો હું, કોની પાસે જઉં? ચાલ, હવે મ્હારા પ્રણામમિત્રની પાસે જઉં; પણ મને તેની કાંઈ આશા નથી; કારણ કે, મ્હારે તો તેની સાથે વાચામાત્ર વડે કરીને જ પ્રીતિ થએલી છે. અથવા તો મ્હારે વિકલ્પ શા વાસ્તે કરવા જોઇએ? મ્હારે તેની સાથે કાંઇક મેળાપ છે, તેથી તેને મળું તો ખરો! શી ખબર પડે કે, કોણ કોના ઉપર ઉપકાર કરશે."

એમ ધારી તે પ્રણામમિત્ર નામના મિત્રને ઘેર ગયો. એટલે તેને આવતો જોઇને જ તે અંજળિ જોડીને સામો ઉભો થયો અને કહેવા લાગ્યો. "આપ ભલે પધાર્યા; આપની આવી અવસ્થા કેમ થઇ છે? તમારે મ્હારૂં શું કામ પડયું છે, તે કહો; કે, તે હું કરૂં? પુરોહિતે તેને રાજવૃત્તાંત કહીને એમ કહ્યું કે, "રાજાની સીમ ત્યજી જવાની મ્હારી ઇચ્છા છે; તેમાં આપ મને સહાય કરો." તેણે પણ મધુર શબ્દોએ કહ્યું. "હે સખે! હું આપનો દેવાદાર છું; તેથી આ વખતે સહાય આપીને તેમાંથી મુક્ત થઉં. કાંઇ ભય રાખશો નહીં હું તમારી રક્ષા કરવા સાથે આવું છું; જયાં સૂધી હું જીવીશ, ત્યાં સૂધી તમારો એક વાળ પણ વાંકો કરવાને કોઈ સમર્થ નથી." એમ કહી ખભા ઉપર ભાથું બાંધી લઈ, ધનુષ્યની દોરી ચઢાવી, પ્રણામમિત્રે પુરોહિતને નિ:શંકપણે આગળ કર્યો. તેની સાથે પુરોહિત પોતાને ઈચ્છિત સ્થાને ગયો, ને ત્યાં નિર્ભયપણે સુખ ભોગવવા લાગ્યો. ઈતિ ત્રણ મિત્રોની કથા.

---

અહિં આ પ્રમાણે ઉપનય જાણવો:—જીવ છે, તે સોમદત્ત જેવો છે અને આ શરીર છે, તે તેના મિત્ર સહમિત્ર જેવું છે. યમ

રાજા જ્યારે મૃત્યુ રૂપ આપત્તિ મોકલાવે છે, ત્યારે આ શરીર પુણ્ય કૃત જનોના જીવની સાથે, કિંચિત માત્ર પણ જતું નથી. સર્વ સગાં વ્હાલાં છે, તે પર્વમિત્રના જેવાં છે; તેઓ સર્વે સ્મશાન સૂધી જઇને પાછાં વળે છે, સુખનું કારણ જે ધર્મ, તે પ્રણામમિત્ર જેવો છે અને તે પરલોકમાં પણ જીવની સાથે જાય છે.

(જંબૂકુમાર કમળવતીને કહે છે) "હે મનસ્વિનિ! આ જ લોકના સુખના સ્વાદમાં મોહી જઇને, હું પરલોકમાં સુખ રૂપ એવા ધર્મની કિંચિત્ પણ ઉપેક્ષા નહી કરૂં."

પછી જયશ્રીએ કહ્યું. "હે નાથ! હે તુંડ તાંડવ (ખોટું નાટક) કરવાની બુદ્ધિના સમુદ્ર! તમે નાગશ્રીની પેઠે ખોટી કથાઓ કહીને મોહ પમાડો છો. તે નાગશ્રીની કથા આ પ્રમાણે—

## નાગશ્રીની કથા. ૨૫

રમણીય નામના નગરમાં કથાપ્રિય નામનો રાજા હતો. તે પ્રતિ દિવસ વારા પ્રમાણે નાગરિકો પાસે કથા કહેવરાવતો. ત્યાં દારિદ્રને લીધે દુઃખી એવો એક વિપ્ર રહેતો હતો, તે આખો દિવસ ભમી ભમીને કણભિક્ષા માગી આજીવિકા ચલાવતો.

એકદા મૂર્ખ શિરોમણિ એવા તે વિપ્રનો, કથા કહેવાનો વારો આવ્યો; ત્યારે તે વિચારવા લાગ્યો. "મ્હારૂં પોતાનું નામ કહેવું હોય, ત્યાં પણ આ મ્હારી જિવ્હા સ્ખલના પામે છે; તો કથા કહેવાની તો વાત જ શી કરવી! જો હું—મને કથા કહેતાં આવડતી નથી—એમ જણાવીશ, તો મને કારાગ્રહમાં લઇ જશે; તો મ્હારૂં શું થશે?" તેની કુમારી પુત્રી હતી, તેણે તેને ચિંતાથી ગ્લાનિ પામેલો જોઇને પૂછ્યું. "આપને શી ચિંતા છે?" ત્યારે તેણે તેનો હેતુ કહ્યો. તે ઉપરથી તેની પુત્રીએ કહ્યું "હે તાત! ચિંતાતુર ન થાઓ; તમારો વારો આવશે, ત્યારે હું કથા કહેવા જઇશ." એમ કહી સ્નાન કરી

શ્વેતવસ્ત્ર પહેરી, નૃપની પાસે જઈ, જયાશિષ કહી તેણીએ કહ્યું "હે નૃપ! કથા સાંભળો." રાજા પણ તેના એવા નિઃક્ષોભપણાથી વિસ્મિત થઈ ગીત સાંભળવા જેમ મૃગો ઉત્સુક થાય, તેમ કથા સાંભળવા ઉત્સુક થયો. તેણીએ કથા કહેવી શરૂ કરી.

આ જ નગરમાં નાગશર્મા નામનો અગ્નિહોત્રી દ્વિજ રહે છે, તે કણભિક્ષા ઉપર જ પોતાનું ગુજરાન ચલાવે છે. તેને સોમશ્રી નામની ભાર્યા છે અને હું તેમની પુત્રી છું. મ્હારૂં નામ નાગશ્રી છે. હું અનુક્રમે યૌવનાવસ્થાને પામી છું અને મ્હારા માતા પિતાએ અને ચદ્ર નામના બ્રાહ્મણ પુત્ર વેરે આપેલી છે; સ્ત્રીઓને હમ્મેશાં સંપત્તિને અનુરૂપ વર મળે છે.

અન્યદા મ્હારા વિવાહના પ્રયોજનને અર્થે મ્હારા માતા પિતા મને ઘેર એકલી મૂકીને અન્ય ગામ ગયા. જે દિવસે તેઓ ગયા, તે જ દિવસે તે વિપ્ર ચદ્ર મ્હારે ઘેર આવ્યો. મ્હારાં માતા પિતા ઘેર નહોતાં, તોપણ મેં તેને અમારી સંપત્તિને યોગ્ય સ્નાન ભોજન પ્રમુખ ઔચિત્ય કર્યું. રાત્રીએ મેં તેને શયનને અર્થે, એક પર્યંકની શય્યા આપી અને તે જ અમારૂં ગૃહ સર્વસ્વ હતું. પછી મને વિચાર થયો કે, "મેં એને એ શય્યા આપી તો ખરી; પણ ગૃહની ભૂમિ સર્વ સર્પમય છે, તો તેની ઉપર હું કેવી રીતે શયન કરીશ? તેથી ભૂમિશયનથી બ્હીને, તે બ્રાહ્મણ પુત્રના જ શયનમાં ભેગી સૂઈ જઉં. આ રાત્રીના ગાઢ અંધકારમાં મને કોઇ જોવાનું નથી." એમ વિચારી નિર્વિકારી ચિત્ત સહિત હું તો ત્યાં સૂતી, પણ તે મ્હારા અંગનો સ્પર્શ પામી, મદનાતુર થયો. તેણે શરમમાં ક્ષોભને લીધે વિષયનું રૂંધન કર્યું તેથી તેને સદ્ય શૂળ ઉત્પન્ન થયું, ને તેની પીડામાં તેના પ્રાણ ગયા.

તેને મૃત્યુ પામેલો જોઈ, ભય પામીને હું વિચારવા લાગી. "મ્હારા પાપિણીના દોષને લીધે જ આ દ્વિજના પ્રાણ ગયા છે. આ વાત હું કોને કહું અને શો ઉપાય કરૂં? હું એકલી એને કેવી રી

તે ઘરની બહાર મૂકી આવું ?" એમ વિચારી કૂષ્માંડ ( કોળા ) ની પેઠે તેના શરીરના શત ખંડ કરી નાંખીને, ત્યાં જ ખાડો ખોદીને તેને, મેં નિધાનની પેઠે ડાટ્યા. પછી તે ખાડો પૂરી દઇને ઉપર સર્વ સાફ કર્યું; ને તેની કોઇને ખબર પડે નહીં તેટલા સારૂ ત્યાં સંમાર્જન કરીને લીંપ્યું. પછી તે સ્થાનને પુષ્પ, ગંધ અને ધૂપવડે સુવાસિત કર્યું હવે હમણાં મ્હારાં માતા પિતા ગામ થકી આવ્યાં છે."

આ વાત સાંભળીને રાજાએ પૂછ્યું "હે કુમારી! આ સઘળું તેં કહ્યું, તે સત્ય છે વારૂ?" તે ઉપરથી કુમારીએ ઉત્તર આપ્યો. "હે પાર્થિવ! આપ જે અન્ય કથાઓ સાંભળો છો, તે જો સત્ય હોય, તો આ સર્વ પણ સત્ય છે. ઇતિ નાગશ્રીની કથા.

---

( જયશ્રી કહે છે ) "હે નાથ! ( આ કથામાં ) જેવી રીતે નાગશ્રીએ રાજાને વિસ્મય પમાડ્યો, તેવી રીતે આપ શા વાસ્તે અમને કલ્પિત કથાઓથી વિસ્મય પમાડો છો?"

જંબૂકુમારે એ ઉપરથી કહ્યું. "હે પ્રિયાઓ! હું લલિતાંગ ( કુમર ) ની પેઠે વિષયલોલુપ નથી. તથાહિ–

## લલિતાંગ કુમરની કથા. ૨૬

વસંતપુર નામનું નગર છે, તેમાં પોતાની આણ ( મનાવવા ) ને લીધે, પૃથ્વીની વિભૂતિનો ઇંદ્ર હોયની! તેવો અને રૂપમાં કામદેવ સમાન શતાયુધ નામનો રાજા હતો. તેને સુરસુંદરીની સમાન સુંદર આકૃતિવાળી લલિતા નામની રાણી હતી, તે સકળ કળાઓનું એક જ વિશ્રામ સ્થાન હતી. નેત્રોને વિનોદ આપવાને અર્થે એક મ્હોટા ગોખમાં બેસીને, એકદા તે નીચે જતા આવતા જનોને નિહાળવા લાગી. તે વખતે તેણે રસ્તે જતા એક યુવાન પુરુષને જોયો. તે પુરુષે વિસ્તારવાળો અને મનોહર કેશપાસ દેદીપ્યમાન રીતે બાંધી લીધો હતો,

તેથી તે બે મસ્તકવાળો હોય તેવો જણાતો હતો; તેનાં દાઢી મૂછ કસ્તૂરીવાળાં હતાં, તેથી તે જાણે (મદ) યુક્ત હસ્તી જ હોયની! તેવો દેખાતો હતો. તેના સ્કંધ વૃષભના જેવા હતા, ઉરસ્થળ વિશાળ હતું; હસ્ત પદ્મ સમાન હતા અને તેણે હસ્તમાં ને કંઠમાં ઉત્તમ કંચનનાં આભૂષણ પહેર્યાં હતાં; કર્પૂરે પૂર્ણ એવું તાંબૂળ ચાવવાથી તેનું મુખ અતિ સુગંધી થઈ રહ્યું હતું અને કામદેવનો જયધ્વજા જેવા તિલકથી તેનું કપાળ શોભી રહ્યું હતું. વળી અંગરાગને છળે કરીને, તેણે જાણે શરીરધારી લાવણ્યને ધારણ કર્યું હોયની! એમ જણાતું હતું. તેણે સુગંધી પદાર્થોવાળાં વસ્ત્રો પહેર્યાં હતાં, તેથી રસ્તે મઘમઘાટ થઈ રહ્યો હતો. કિં બહુના (ઘણું શું કહું!) તેના શરીરની કાંતિ જ એવી હતી કે, તે જાણે શ્રીદેવીનો પુત્ર જ હોયની!

તે સુલોચના રાણીએ તેનું રૂપ જોયું કે, તુરત જ તેનાં નેત્રો ઉન્મત્ત થયાં અને સ્તંભ રૂપ તે લલિતાંગ કુમરમાં તેનું ચિત્ત ચોટવાથી, તે એક પૂતળી જેવી દેખાવા લાગી. પછી તેણીએ વિચાર્યું કે, "જો પરસ્પર ભુજલતાના દૃઢ બંધનથી એને આલિંગન દઉં, તો જ મ્હારો સ્ત્રી જન્મ સફળ થયો કહેવાય. જો મને પાંખ હોય તો, તો હું પોતે દૂતીત્વ (દૂતીપણું) અંગીકાર કરીને તેને સદ્ય ઉડીને મળું." (આ વખતે) તેની પાસે રહેલી ચતુર દાસી વિચારવા લાગી. "ખરેખર! મ્હારી બાઇની દૃષ્ટિ, તદન આ યુવાનને વિષે રમી રહેલી છે." તેથી તેણે કહ્યું. "હે બાઈ! આપનું મન આ યુવાનને વિષે રમે છે, તેમાં કાંઈ નવાઈ નથી. કેમ કે, ચંદ્રમા કોના નેત્રને આનંદ નથી પમાડતો?" આ ઉપરથી લલિતા રાણીએ કહ્યું. "હે ચતુરા! ઘણું સારૂં કે, તું મનને જાણનારી છે; હવે જો આ મનોરમ પુરૂષ મળશે, તો જ હું જીવીશ. એ કોણ છે? તેની તું ખબર કાઢી આવ; ને પછી એવી રીતે કર કે, તેનો સંગમ કરાવીને મ્હારા શરીરને થંડુ પાડ.

ધૈર્યરૂપ નાટકની એક મહાનટી સમાન તે ચેટી, જઇને શોધ લાવીને સત્વર આવી; ને રાણીને કહેવા લાગી. "સમુદ્રપ્રિય નામના સાર્થવાહનો એ લલિતાંગ નામનો પુત્ર છે. તે આ શેહેરમાં જ રહે છે. એ સૌભાગ્યનો કામદેવ છે; બ્હોતેર કળાને જાણનારો છે; વળી કુલીન છે, ને યુવાન છે; તેથી હે બાઈ! આપનું મન યોગ્ય સ્થાને જ ચોટયું છે. એનામાં એની આકૃતિને અનુસારે સદ્ગુણો પણ હોવા જોઇએ, એમ મ્હારો નિશ્ચય છે; કારણ કે, લોકોમાં પણ કહેવાય છે કે, જ્યાં આકૃતિ (સારી) હોય, ત્યાં ગુણ પણ હોય. જેવી રીતે પુરુષોમાં તે જ એક ગુણી છે, તેવી રીતે આપ પણ સર્વ નારીઓમાં એકલાં જ ગુણવાળાં છો; તેથી આજ્ઞા હોય તો આપના બન્નેનો મેળાપ કરાવી આપું?" "એમ જ કર" એમ કહીને રાણીએ તેના હસ્તમાં, એક પ્રેમ રૂપ અંકૂરને મેઘના જળ સમાન એવા શ્લોકવાળો, લેખ આપ્યો. પછી દૂતીના કાર્યમાં એક જ ચતુરા એવી તે દાસીએ જ઼ ઇને, લલિતાંગ કુમરને લલિતા રાણી તરફથી યથાયોગ્ય કહ્યા; ને તેને મીઠાં મીઠાં વચનોએ કરી, તેણીની સાથે વિહાર કરવાની ઈચ્છામાં પ્રવર્તાવી તેના મનને ખુશી કરવાને અર્થે, પેલો લેખ આપ્યો. કદંબ જેમ પુષ્પિત થાય, તેમ તેને તુરત જ રોમાંચ ખડાં થયાં; ને તે લેખ વાંચવા લાગ્યો. તે આ પ્રમાણે હતો:—

હે સુભગ! જ્ય્હારથી મેં આપને જોયા છે, ત્યારથી દીન એવી હું, સર્વ આપમય જ દેખું છું; તેથી કૃપા કરીને મ્હારી સાથે યોગ કરો." આ વાંચીને તેણે કહ્યું "હે ચતુર દાસી! ક્યાં તે અંતઃપુરમાં રહેનારી રાણી અને ક્યાં હું વણિકપુત્ર! 'રાજાની રાણીની સાથે હું વિહાર કરવાની ઇચ્છા કરૂં.' એ વાત મનમાં ધારી શકાય તેવી નથી; તેમ હું ધારતો પણ નથી; તેથી હું તે વાતની હા કહી શકતો નથી. પૃથ્વી ઉપર રહેલો માણસ, જો ચંદ્રની કળાનો સ્પર્શ કરી શકે, તો જ રાજાની પત્નીને બીજો માણસ ભોગવી શકે." દા

સીએ કહ્યું " જેને કોઇની સહાય ન હોય, તેને તો આ સર્વ દુષ્કર છે; પણ તમને તો હું સહાય કરનારી છું; તેથી હે સુંદર! ચિંતા કરો નહીં. જાણે પુષ્પમાં જ બેઠા હો, તેમ કોઇ દેખે નહિં તેવી રીતે, મ્હારી બુદ્ધિના યોગે હું તમને અંત:પુરમાં પહોચાડીશ, ભય ન રાખો." પછી " મને યોગ્ય સમયે બોલાવજે " એવાં તે લલિતાંગનાં વચનો સાંભળીને, દાસી સત્વર ગઇ ને તે રાણીને, તે વચનો કહ્યાં, તેથી તે હર્ષમાં ઉછળવા લાગી. ત્યારથી લલિતા તો, તેના સંગમની વાટ જોવા લાગી; એટલામાં એકદા નગરમાં, મનોહર એવો કૌમુદી ઉત્સવ આવ્યો. એટલે, ધાન્યને લીધે સુંદર ક્ષેત્રોવાળી અને દૂધ સમાન શુદ્ધ સરોવરના જળવાળી એવી બહારની ભૂમિમાં, રાજા મૃગયા રમવા ગયો.

તે વખતે આસપાસ રાજ્યમહેલ વિજન ( માણસ રહિત ) થયો, ત્યારે પેલી ચેટીની મારફત લલિતાએ લલિતાંગને બોલાવ્યો. દાસીએ પણ રાણીના વિનોદને અર્થે, નવીન યક્ષની પ્રતિમાને મિષે, તે પુરુષને અંત:પુરમાં પ્રવેશ કરાવ્યો. ચિરકાળે એકઠાં થયેલાં તે લલિતા અને લલિતાંગ બન્નેએ-વલ્લી અને વૃક્ષની પેઠે પરસ્પર ગાઢ આલિંગન દીધું.

અનુમાન વિગેરેમાં ચતુર એવા અંત:પુરના રક્ષકોએ પણ જાણ્યું કે, " નિશ્ચય અંત:પુરમાં પર પુરુષનો પ્રવેશ થયો છે. આપણે છેતરાયા છીએ" એમ તેઓ ચિંતવતા હતા, એવામાં તો મૃગયા સમાપ્ત કરી રાજા પાછો આવ્યો. તેને તેઓએ આગ્રહ-પૂર્વક જણાવ્યું કે, " અમને શંકા છે કે, અંત:પુરને વિષે પર પુરુષ છે." એ સાંભળી રાજાએ શબ્દ કરતી એવી પાદુકાનો ત્યાગ કરી, ચોરની પેઠે ગુપ્ત પગલે, અંત:પુરમાં પ્રવેશ કર્યો. પેલી ચતુર દાસીએ દ્વાર તરફ નજર કરી તો, દૂરથી રાજાને આવતા જોયા; ને તે રાણીને કહ્યું. પછી રાણી તથા દાસીએ-બન્નેએ મળીને, તે જાર પુરુષ (લલિ

તાંગ) ને ઉપાડીને ઉપરને રસ્તે થઇને, ગૃહના પૂંજાના રાશિ (ઢગલા)ની પેઠે એકદમ બહાર ફેંકી દીધો; એટલે તે મહેલની પાછળના ભાગમાં આવેલા મ્હોટા ખાડામાં પડયો; ને ગુફામાં ઘૂવડ પક્ષી રહે, તેવી રીતે નીકળવાનો રસ્તો ન હોવાથી; ગુપ્તપણે ત્યાં જ રહ્યો. ત્યાં અશુચિના સ્થાન એવા, તથા દુર્ગંધનો અનુભવ આપનાર એવા, નરકાવાસ જેવા કૂવામાં, પૂર્વનું સુખ સંભારતો રહ્યો; ને વિચારવા લાગ્યો જે "જો કોઈ પણ પ્રયત્ને આ ખાડામાંથી હું બહાર નીકળું, તો આવા માઠા પરિણામવાળા ભોગ આટલેથી જ બસ કરૂં."

હવે તે રાણી તથા દાસી તેના ઉપર દયા લાવીને, હમ્મેશાં તે ખાડામાં ઉચ્છિષ્ટ ભોજન ફેંકતી, તે ઉપર તે શ્વાનની માફક દિવસ કાઢતો. પછી વર્ષાઋતુ આવી, એટલે તે કૂપ, દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય જેમ પાપથી ભરાય, તેમ ગૃહની ખાળના પાણીથી ભરાઇ ગયો; એટલે તે પાણીએ અતિ વેગથી તેને શબની પેઠે સઘડી જઇને, કિલ્લાની બહાર આવેલી ખાઇમાં નાંખ્યો. ત્યાં જળના પૂરે તેને આલાબુફળ (તુંબડા) ની પેઠે ઊંચે ઉલાળીને ખાઇને તીરે કાઢી નાંખ્યો, જ્યાં તે પાણીથી પીડાઇને મૂર્ચ્છા પામ્યો. દૈવયોગે ત્યાં આવેલી તેની કુળદેવતા જ હોયની! એવી તેની ધાત્રી (ધાવમાતા) એ તેને જોયો, એટલે તે, તેને ગુપ્ત રીતે ઘેર લઈ ગઈ. ત્યાં તેના કુટુંબીઓએ તેનું અભ્યંગ, સ્નાન અને અસન વિગેરેથી પાલન કર્યું એટલે તે કાપી નાંખ્યા પછી ફરી ઉગેલા વૃક્ષની પેઠે ફરી તાજો થયો." ઇતિ લલિતાંગ કુમરની કથા.

---

અહિયાં આ પ્રમાણે ઉપનય સમજવો. "જેવી રીતે લલિતાંગ કામભોગમાં અનિર્વિન્ન (ખેદ વિનાનો) રહેતો, તેવી રીતે મનુષ્યો પણ, કામભોગમાં અનિર્વિન્ન રહે છે. વિષય સુખ છે, તે રાણીના ઉપભોગ જેવું સમજવું; તે આરંભે મધુર છે, પણ પ્રાંતે અતિ દારુ

ણ છે. ગર્ભ છે, તે કૂપવાસ જેવો છે અને માતાએ જમેલા અન્ન પાનાદિવડે જે ગર્ભનું પરિપોષણ છે, તે ઉચ્છિષ્ટ ભોજનના આહાર જેવું છે. જે મેઘના જળથી પૂરાયલા વિષ્ઠાકૂપ થકી ખાળ વાટે નિર્ગમ કહ્યો, તે પુદ્ગળથી ઉપચિત એવા, ગર્ભ થકી યોનિની વાટે નિર્ગમન જેવો સમજવો. જે રાજગઢથી બહાર રહેલી ખાઇમાં, પતન ( પડવું ) કહ્યું, તે ગર્ભવાસ થકી નીકળીને સૂતિકાગૃહમાં પડવા જેવું સમજવું. જળથી ભરેલી ખાઇને તીરે રહેલા મનુષ્યને, મૂર્છા આવ્યાની જે વાત કહી, તે જરાયુ, તથા અસૃક્મય યોનિના કોશ થકી બહાર આવેલા જીવની મૂર્છા જેવું સમજવું.

( જંબૂ કુમાર પોતાની આઠે સ્ત્રીઓને કહે છે ) "દેહ ઉપર ઉપગ્રહ કરનારી જે ધાત્રિકા કહી, તે કર્મ પરિણામની સંતતિ સમજવી. હવે જો રાણી લલિતાંગના રૂપથી ફરી મોહિત થઇને, ચેટી મારફત ફરીથી તેને બોલાવે, તો તે ફરી અંતઃપુરમાં આવે ખરો કે ?" આઠે સ્ત્રીઓએ ઉત્તર આપ્યો કે "અલ્પબુદ્ધિવાળો છતાં પણ કેવી રીતે પ્રવેશ કરે ? તેને તો વિષ્ટાના ખાડાનું અનુભવેલું દુઃખ યાદ જ છે"

તે ઉપરથી જંબૂએ કહ્યું "વખતે તે તો, પોતાના અજ્ઞાનને લીધે કદી પ્રવેશ કરે; પણ હું તો, ગર્ભમાં ફરીને સંક્રમણ થાય; તેવી રીતે નહિં વર્તું."

આ પ્રમાણે સર્વ પત્નીઓએ જંબૂકુમારનો દૃઢ નિશ્ચય જાણ્યો, એટલે તેઓ પ્રતિબોધ પામી, તેને ખમાવીને આ પ્રકારે કહેવા લાગી. "હે નાથ ! જેવી રીતે આપ પોતાને તારો છો, તેવી રીતે અમને પણ તારો; કારણ કે, મહાશય જનો પોતાનું જ પેટ ભરીને બેસી રહેતા નથી." પછી જંબૂ કુમારને તેના માતા પિતાએ, સાસુ સસરાઓએ તથા બંધુઓએ કહ્યું. "તમે સાધુને વાસ્તે કહેલો છે તેવા ધર્મે અલંકૃત છો; પ્રવ્રજ્યા પણ આથી ઉત્કૃષ્ટ નથી."

પ્રભવે પણ કહ્યું. "હે મિત્ર ! હું મ્હારા માતા પિતાની રજા

લઇને સત્વર આવું છુ; નિ:સંશય હું તમારી સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ." જંબૂએ પણ તેને કહ્યું. "હે સખે! તું વિઘ્ન રહિત થા; અને પ્રતિબંધ કરીશ નહીં."

પછી પ્રભાતે મહા મનવાળા જંબૂએ, પોતે સંસાર ત્યાગ કરવા રૂપ-મ્હોટો દીક્ષા મહોત્સવ કર્યો. આચારને જાણવાવાળા તેણે, "આવો જ આચાર છે" એમ જાણી, સ્નાન કરી, સર્વ અંગે પીઠી ચોળી, રત્નમય અલંકાર ધારણ કર્યા. અનાદૃત નામના જંબૂદ્વીપના અધિષ્ઠાયક દેવે જેની સંનિધિ કરેલી છે એવો જંબૂ કુમાર, હજારો માણસોએ ઉપાડેલી શિબિકામાં આરૂઢ થયો; (તે વખતે મંગળ વાજિત્રો વાગવા લાગ્યાં; મંગળ પાઠકો પાઠ ભણવા લાગ્યા; લવણ ઉતારવા લાગ્યા; ને તેના માનને અર્થે મંગળ ગીતો ગવાવા લાગ્યાં.) તેણે કલ્પવૃક્ષની પેઠે સર્વ વિર્થિ જનને દાન આપ્યું; ને તેની તેઓ પ્રશંસા કરવા લાગ્યા. આવી રીતે તે સુધર્માસ્વામિ-ગણધરે પવિત્રિત એવા અને કલ્યાણ રૂપ સંપત્તિના ધામ એવા વનોદ્દેશમાં ગયા. ત્યાં ગણધર મહારાજાએ શોભાવેલા ઉદ્યાનના દ્વાર દેશમાં જઇને, મમતા વિનાનો પુરુષ જેમ સંસારથી ઉતરી જાય, તેમ બેઠેલા વાહન થકી હેઠે ઉતર્યા.

પછી આપત્તિના સમુદ્ર થકી તારનાર એવા સુધર્માસ્વામીના પાદાંબુજને, (ચરણ કમળને) પાંચે અંગે નમીને નમસ્કાર કરીને, તેણે વિજ્ઞાપના કરી. "હે પરમેશ્વર! કૃપા કરી મને અને મ્હારા સંબંધીઓને આ સંસાર સાગરને વિષે નૌકા સમાન એવી દીક્ષા આપો." શ્રી પાંચમા ગણધરને એવી રીતે વિનતી કરવાથી, તેમણે તેને અને તેના ×પરિવારને યથા વિધિ દીક્ષા આપી.

---

× માગધિ જંબૂચરિત્રના મતે જંબૂ કુમારને, તેમના માતા પિતાને, આઠ કન્યાઓને અને આઠ કન્યાઓના માતા પિતાને; એમ (૨૭) જણને.

બીજે દિવસે પોતાના માતા પિતાના આજ્ઞા માગી *પ્રભવ પણ આવી પહોચ્યો. તેણે જંબૂકુમારની પાછળ પ્રવ્રજ્યા ગ્રહણ કરી; ને શ્રી જંબૂસ્વામીના ચરણ કમળમાં હંસ સમાન થયો; કારણ કે, તેને ગુરૂએ જંબૂસ્વામીને જ શિષ્ય ભાવથી સોંપ્યો.

હવે સુધર્મગણધરના ચરણ કમળની ઉપાસનામાં ભ્રમર તુલ્ય એવા-ઋષભદત્તના પુત્ર જંબૂસ્વામી, દુઃસહ પરીષહોને પણ નહિં ગણતા, પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

॥ इत्याचार्यश्रीहेमचंद्रविरचते परिशिष्टपर्वणि स्थविरावली चरिते महाकाव्ये सिद्धिबुद्धिकथा–जात्याश्वकिशोरकथा–ग्रामकूटसुतकथा–सोल्लककथा–मासाहसशकुनिकथा–त्रिसुहृत्कथा–विप्रदुहितृनागश्रीकथा–ललितांगकथा–सपरिवारजंबूप्रव्रज्या–प्रभवप्रव्रज्यावर्णनो नाम तृतीयः सर्गः ॥

* માગધિ ચરિત્રના અંતે, પ્રથમે ચોરેલું ધન કૂણિક રાજાની સમક્ષ સઉ સઉને પાછું આપી તેમને ખમાવીને, પ્રભવાદિક (૫૦૦) ચોરે. એમ એકંદર ( ૫૨૭ ) જણે સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી.

# अथ चतुर्थः सर्गः

અન્યદા શ્રી સુધર્મા ગણધર, જંબૂસ્વામી પ્રમુખ શિષ્ય વર્ગ સહિત પૃથ્વી ઉપર વિચરતા વિચરતા, ચંપાનગરી આવી પહોચ્યા; ને ત્યાં અદ્ભૂત ધર્મરૂપ કલ્પવૃક્ષ જેવા તેઓ, નગરીની બહારના ઉદ્યાનમાં સમવસર્યા. તેમના ચરણ કમળને વંદન કરવાને અર્થે, આનંદોત્કર્ષવાળા ચિત્ત સહિત પુરીજનો (નગરીના માણસો) ભક્તિથી ચાલ્યા. નગરીની સ્ત્રીઓ પણ કેટલીએક પગે ચાલવાથી નૂપુરનો નાદ કરતી ચાલી, તેમના અંબોડા ઢીલા પડી જવાથી, તેમાંથી પુષ્પો ખરી જવા લાગ્યાં; કેટલીએક તો પતિની સાથે રથમાં બેસીને જવા લાગી, ને રથને પણ ઘણી ઉતાવળથી ચલાવવાને કહેવા લાગી; કેટલીએક શ્રાવિકાઓ તો, અન્ય કાર્યો ત્યજી દઇને, કટિમાં બાળકોને બેસારીને ગૃહથકી બહાર નીકળી, તેથી તેઓ વાનરવાળા વૃક્ષો જેવી દેખાવા લાગી. ચળાયમાન છે કુંડળો જેમનાં એવા કેટલાએક શ્રેષ્ઠીઓ તો, અશ્વારૂઢ થઇને જવા લાગ્યા, તેઓ શ્વેત છત્ર ધારણ કરવાથી આકાશને અધોમુખી પુંડરીક (શ્વેત કમળ) મય કરવા લાગ્યા. લક્ષ્મીવાન માણસો ત્વરાએ જતા, તેથી પરસ્પર સંઘર્ષ (સંઘટ્ટા) ના તાડનથી હારનાં મોતીઓ પડી જતાં, તેથી માર્ગ મુક્તાફળમય થઇ જવા લાગ્યો.

આ વખતે તે નગરીમાં કૂણિક રાજા રાજ્ય કરતો હતો, તે એવી રીતે જતા લોકોને જોઇને, પોતાના છડીદારને પૂછવા લાગ્યો. "શું આજે નગરીની બહાર કોઇ દેવીની યાત્રા છે? કે, કોઈ શ્રેષ્ઠી તરફથી ઉજાણીનો મહોત્સવ છે? કે, કોઇ કોમુદી-ઉત્સવ જેવો કોઈ મ્હોટો ઉત્સવ આવેલો છે? કે, ઉદ્યાનના ચૈત્યમાં કોઇ પ્રકારની પૂજા છે? કે, કોઇ મહાત્મા જૈનમુનિ સમવસર્યા છે કે, જેને લીધે સકળ નાગરિકો ત્વરાએ જાય છે?" આ ઉપરથી છડીદારે ખબર કાઢી

તુરત જ નરેંદ્રને વિજ્ઞાપના કરીને કહ્યું. "ઉત્તમ એવા સુધર્મા ગણધર અહિં સમવસર્યા છે; તેમને વંદન કરવાને સકળ નગરીના લોકો જાય છે. એક જ શરણ એવો અર્હત્ ધર્મ છે જેમાં એવું આપનું રાજ્ય વિજય પામે છે." રાજાએ કહ્યું. "હે વેત્રી! ધન્ય છે આ નાગરિકોને કે, જેઓ સુધર્માસ્વામિના વંદનને અર્થે ત્વરાએ જાય છે! અહો! હું જાગ્રતાવસ્થામાં છતાં પણ, સુષુપ્તા (નિદ્રા) વસ્થાને પામ્યો છું; કારણ કે, મેં ગણધરદેવને પણ આવ્યા જાણ્યા નહીં. તેથી હું હવે સત્વર તેમને વંદન કરવા જઉં, કારણ કે, વાયુની પેઠે અપ્રતિબદ્ધ એવા તેઓ, એક જ સ્થળે રહેતા નથી." એમ કહી આસન થકી ઉભા થઈ, પ્રફુલ્લિત કમળ સમાન નેત્રવાળા તે રાજાએ, ચંદ્રમાના કિરણોથી વણેલાં હોયની! તેવાં બે શ્વેત વસ્ત્ર પહેર્યાં; ને કાનમાં બે મોતીનાં કુંડળ પહેર્યાં. તે સ્વચ્છ કિરણોથી પૂરાયલાં હતાં, તેથી જાણે બે સુધાના કુંડ જ હોયની! તેવા શોભતા હતાં. વળી હૃદયમાં તેણે વિમળ મોતીનો હાર પહેરી લીધો, તે જાણે લાવણ્ય રૂપ સરિતા (નદી)ના તટ ઉપર રહેલી ફેંણની રેખા જ હોયની! વળી તે અપર કલ્પવૃક્ષ સમાન રાજાએ, બીજાં પણ રત્નોનાં આભરણો સર્વાંગે પહેર્યાં. પછી તેણે આકાશના કકડા જેવું સ્વચ્છ એવું એક વસ્ત્ર પહેર્યું, તેના છેડા પવનને લીધે હાલતા હતા, તેથી તે જાણે નૃત્ય કરતું હોયની! પછી તેણે સુગંધી પુષ્પથી ગર્ભિત એવા પોતાના મસ્તકે, ગ્રસ્ત કર્યો છે ચંદ્ર જેણે એવા વર્ષા સમયના મેઘ સરખો અને કજ્જળ જેવો અંબોડો બાંધી લીધો. ત્યાર પછી તે અરિવારણ રાજા, સિંહ જેમ પર્વત ઉપર આરૂઢ થાય, તેમ કલ્યાણના કારણ રૂપ એવા ભદ્ર હસ્તી ઉપર આરૂઢ થયો; ને વિદ્યુલ્લેખાના જેવા અંકૂશને હાથથી આકાશમાં ફેરવતો તે પૃથિવીનો ઇંદ્ર [ કૂણિક ] પગવડે, હાથીને પ્રેરવા લાગ્યો. તે પણ "મ્હારા પાદના આઘાતથી પૃથિવી નમી ન જાઓ" એમ ધારી કૃપા બતાવી ધીમે ધીમે ચાલવા

લાગ્યો; તે હસ્તિ—અતિ મ્હોટી ગર્જના કરવાથી ને નિરંતર મદ જળ વર્ષાવતો હોવાથી માણસોને ભૂમિ ઉપર આવેલા મેઘ જેવો દેખાવા લાગ્યો. પછી નૃત્ય કરતા હોય, તેવી રીતે કૂદતા અને પોતાના જાનુ ને મુખાગ્રની સાથે સ્પર્શ કરાવતા એવા અશ્વોના ઉપર બેસીને, લાખો અશ્વારો હસ્તીની ચોમેર વીંટાઇ ગયા. તે વખતે, વિજય સૂચ વનારાં અનેક ઉત્તમ વાજિત્રો વાગવા લાગ્યાં; તેના વગાડનારાઓએ તેનો ધ્વની પરસ્પરના વાજિત્રોમાં એક કરી નાંખ્યો. ચોતરફ શબ્દ કરતા એવા વાજિત્રોના પ્રતિઘોષને લીધે, આકાશ એ, એક મ્હોટું દૈવી વાજિત્ર હોયની! તેવું થયું.

પછી રાજા પોતાના પરિવાર સહિત, સુધર્માસ્વામી ગણધરના પાદપદ્મથી અધિષ્ઠિત એવા વન પ્રદેશમાં આવી પહોચ્યો. ત્યાં હસ્તીને કુંભસ્થળ ઉપર અંકૂશના દંડના આઘાતથી ઉભો રાખી, તેની કક્ષાને થોભીને તે મહીપતિ તે ઉપરથી નીચે ઉતર્યો. પછી તેણે પોતાની પાદુકા તથા છત્ર ચામર દૂર કર્યાં, ને વેત્રી (છડીદાર)ના હસ્તનો ટેકો પણ લેવો બંધ કર્યો. તે વખતે ભક્તિને લીધે પોતાને પણ સામાન્ય જન સમાન માનવા લાગ્યો. શ્રાવકોને સ્તુતિ કરતા જોઇને, તે રોમાંચિત થયો; ને સુધર્માસ્વામીને દૂરથી જ જોઇને, મસ્તક ઉપર અંજળિ કરી તેણે તેમને વંદન કર્યું. વંદન કરીને, ભકતોમાં અગ્રેસર એવો તે રાજા, તેમના લઘુ શિષ્યની પેઠે તેમના મુખ તરફ જ દૃષ્ટિ રાખીને તેમની સામે બેઠો.

પછી સર્વ પ્રાણિ તરફ દયાળુ એવા શ્રી સુધર્મા ગણધરે, શ્રોતાની શ્રવણેંદ્રિયને સુધા સમાન એવી દેશના દીધી. દેશનાને અંતે રાજાએ તેમના શિષ્યોને જોઈ, જંબૂસ્વામીને ઉદ્દેશીને પૂછયું. “હે ભગવન્! આ મહર્ષિનું રૂપ અદ્‌ભૂત છે, સૌભાગ્ય પણ અદ્‌ભૂત છે; તેજ પણ અદ્‌ભૂત છે; આમ સર્વ અદ્‌ભૂત છે. તેમના કેશ યમુનાના તરંગો જેવા ગુંછળાવાળા ને શ્યામ છે; નેત્ર કર્ણાંત સૂધી પહોચેલાં છે; તેમ

ની નાસિકા વીણા જેવી છે; કર્ણ નેત્રરૂપ સરસીને તીરે આવેલી બે શુક્તિ ( છીપ ) જેવાં છે; તેમનો કંઠ શંખ જેવો છે; ને તેમનું વક્ષસ્થળ મ્હોટી ભોગળ જેવું છે. તેમના લાંબા અને સરળ બાહુદંડ જાનુ સૂધી પહોચતા છે; તેમનો કટી દેશ મુષ્ટિ ગ્રાહ્ય ( મૂઠીમાં માય તેવો ) છે; ને તેમની જંઘા ૧આલાનસ્તંભ સદૃશ છે. તેમની જંઘા મૃગલીની જંઘા જેવી છે અને હસ્ત કમળ સરખા છે. એની રૂપ સંપત્તિનું વર્ણન મ્હારા જેવો મનુષ્ય કેવી રીતે કરી શકે ? એ મહાભાગનું સૌભાગ્ય પણ, મ્હારી વાણીનો વિષય થઈ શકે તેમ નથી; કારણ કે, બંધુની સમાન એમને જોઇને, મ્હારૂં મન ખુશી થાય છે. એ કોઈ મહા તેજવાન્ છે; કારણ કે, એના તેજને લીધે, તેમના સામું બરાબર જોઇ શકાતું નથી; તેમનું રૂપ પણ તેવું જ છે. આ મહામુનિનું તેજ ૨અધૃષ્ય છે, છતાં ૩અભિગમ્ય છે; તેથી જાણે સૂર્યને અને ચંદ્રમાને લાવીને એકત્ર પિંડિત કર્યા હોયની ! તેમ દેખાય છે. અથવા એ તપોનિધિના તેજો રાશિનું હું કેટલુંક વર્ણન કરૂં ? એના પાદ ( પગ ) ના નખના કિરણોની પાસે વીજળી પણ દાસી જેવી છે.”

પછી ગણધર મહારાજાએ, જેવી રીતે શ્રી વીર પ્રભુએ, શ્રેણિક નૃપતિને કહી સંભળાવ્યું હતું, તેવી રીતે કૂણિક નૃપતિને જંબૂસ્વામીના પૂર્વભવનું વૃત્તાંત કહી સંભળાવ્યું. સંભળાવીને કહ્યું. “ હે નૃપ ! આ મહાત્માના આવાં રૂપ, સૌભાગ્યને તેજ છે, તે પૂર્વભવના તપને લીધે છે. આ એમનો છેલ્લો ભવ છે, ને એઓ છેલ્લા કેવળી છે; તેઓ આ જ ભવમાં સિદ્ધિ પામશે, જંબૂસ્વામી મોક્ષ પામ્યા પછી મન:પર્યાયજ્ઞાન, તથા પરમ અવધિજ્ઞાન રહેશે નહિ. આહારક શરીરની લબ્ધિ પણ રહેશે નહિ; તેમ જિનકલ્પીપણું પણ રહેશે નહીં; નહિ રહે પુલાકલબ્ધિ, તેમ નહિ રહે ક્ષપકશ્રેણીનું

૧ હસ્તિને બાંધવાનો સ્તંભ. ૨ ધારણ કરી ન શકાય તેવું. ૩ પાસે જવા યોગ્ય.

આરોહણ; પ્રથમનાં પાછલાં ત્રણ ૧સંયમ પણ નહિ રહે. એ પ્રમાણે આગળ પણ ઓછું ઓછું થતું જશે."

સુધર્માસ્વામી-ગુરુના આવાં વચનો સાંભળી, તેમને નમીને, નૃપતિ નગરમાં ગયા અને ગણધર મહારાજા પણ પોતાના શિષ્ય વર્ગ સહિત, તે સ્થાન થકી શ્રી મહાવીરસ્વામી પાસે ગયા, ને તેમની સાથે વિહાર કરવા લાગ્યા.

સુધર્માસ્વામીએ પચાસ વર્ષની વયે દીક્ષા લીધી; પછી ત્રીશ વર્ષ પર્યંત ચરમ તીર્થંકર શ્રી મહાવીરની શૂશ્રુષા ( સેવા ) કરી. તેઓ મહાવીરસ્વામી મોક્ષે ગયા પછી, તીર્થ પ્રવર્તાવતા બાર વર્ષ પર્યંત છદ્મસ્થપણે રહ્યા. ત્યાર પછી એટલે બાણું વર્ષની વયે તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. પછી આઠ વર્ષ પર્યંત તેઓ ભવ્ય પ્રાણિઓને બોધ દેતા પૃથ્વી ઉપર વિચર્યા. પૂર્ણ (૧૦૦) વર્ષનું આયુષ્ય પૂરૂં થયે, તેમનો નિર્વાણ સમય આવ્યે, તેમણે જંબૂસ્વામિને ગણાધિપ સ્થાપ્યા. જંબૂસ્વામી પણ તીવ્ર તપ તપી, કેવળજ્ઞાન પામી, દયા સહિત ભવ્ય પ્રાણિઓને પ્રતિબોધ દેવા લાગ્યા; ને વીરસ્વામીના મોક્ષ દિવસથી ચોસઠ વર્ષ પછી, તેઓ પણ કાત્યાયન-પ્રભવને-પોતાને પદે સ્થાપી, કર્મક્ષય કરી, અવ્યય પદને પામ્યા અર્થાત્ મોક્ષ પહોંચ્યા.

॥ इत्याचार्यश्रीहेमचंद्रविरचते परिशिष्टपर्वणि स्थविरावली चरिते महाकाव्ये जंबूस्वामिनिर्वाणवर्णनो नाम चतुर्थः सर्गः ॥

## इति श्री जंबूस्वामी चरित्र समाप्तम्.

૧ પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર.

# अगाउथी आश्रय आपनार सद्गृहस्थोनी नामावलि.

૭૩૪ સજ્ઝાયમાળાના બીજા ભાગના પ્રથમથી થએલા ગ્રાહકો.
૬૬ પાછળથી થએલા ગ્રાહકો.

### ૬ અમદાવાદ.

૧ શા કચરાભાઈ અમૂલખ.
૧ શા ચકુભાઈ ફત્તેચંદ.
૧ શા ભોગીલાલ હઠિશંગ.
૧ શા પ્રેમચંદ રાયચંદ.
૧ ભાઇ મણીલાલ ઘેલાભાઈ.
૧ શા ચૂનીલાલ ઉમેદચંદ.
૧ દોશી વીરજી ભીમજી. અલાઉ.

### ૨ કલકત્તા.

૧ દોશી ઈંદ્રજી લાલજી
૧ ભણશાળી તુળસીદાસ ધર્મસિંહ.
૧ શા બેહેચરદાસ દુર્લભદાસ. કામરેજ.
૧ શા કુંવરજી ટોકરસિંહ. ખામગામ.
૧ શેઠ ભાઇચંદ ત્રીકમદાસ. ચૂડા.
૧ વારિયા કલ્યાણજી વચ્છરાજ. જામનગર.

### ૩. જેતપૂર.

૧ શા રાયચંદ ગોપાળજી.
૧ શા ગિરધર કૂબેરદાસ.
૧ શા હરજીવન ઉમેદરામ.

### ૨ ઝીંઝુવાડા.

૧ વોરા હકમચંદ ડુંગરસિંહ.
૧ વોરા કૂબેરદાસ મૂળચંદ.
૧ મોદી કપૂરચંદ ગોપાળજી. ધર્મપૂર.
૧ શા કસ્તૂર ન્હાનજી. ધ્રાંગધ્રા.
૩ શ્રી જૈનજ્ઞાનશાળા ખાતે. ધૂળિયા.

### ૩ નવાગામ.

૧ સંઘવી અમીચંદ સુંદરજી
૧ સંઘવી ગાંગજી મૂળજી.

૧ સંઘવી નરસિંહ રાઘવજી.

### ૪ પીંપરડી.

૧ ગોસળિયા કસળચંદ ઓધડ
૧ શા વીરજી ઉમેદચંદ.
૧ દોશી ઘેલાભાઈ રામજી.
૧ શા માવજી જીવણ.
૧ શા છગનલાલ વ્હાલચંદ. માણસા.
૨ શેઠ દલીચંદ પીતાંબરદાસ. મીઆગામ.
૨ શેઠ લાલચંદ પાનાચંદ. માંડવીબંદર.

### ૫૩ મુંબઈ.

#### ૪૧ શા મગનલાલ જીવરાજની મારફત.

૧ શા રતનજી વીરપાળ.
૧ શા હીરાચંદ દોલતચંદ.
૧ શા રાયચંદ કેસરીચંદ.
૧ શા રૂપજી ધનજી.
૧ શા પાનાચંદ દીપચંદ.
૧ શા રામજી ગંગાજર.
૧ શા માંડણ રાણા.
૧ ઝવેરી ચૂનીલાલ કેસરીચંદ.
૧ શા મેઘજી ઘેલાભાઇ.
૧ શા કાળિદાસ મોરારજી.
૧ શા ખૂબચંદ માણેકચંદ.
૧ શા પ્રેમજી રામજી.
૧ શા રતનજી વેલજી.
૧ શા મૂળજી આણંદજી.
૧ શા પાંચુ જેઠાભાઇ.
૧ શા ધર્મશી હેમચંદ.
૧ શા પુરુષોત્તમ બેહેચર.
૧ શા હરખચંદ ભીમજી
૧ શા દેવજી નાગજી.
૧ શા હરશી હેમરાજ.
૧ બાઈ કીલીબાઈ.
૧ શા ખુશાલચંદ ઉત્તમચંદ.
૧ શા વેલશી ભીમશી
૧ શા ભાણા દોલતચંદ.
૧ શા મણસિંહ પૂનસિંહ.
૧ વસા જયપાળ પાનાચંદ.
૧ શા નવલચંદ મોહનચંદ.
૧ શા પોપટલાલ લલ્લુભાઈ.
૧ શા શિવજી કહાનજી
૧ શા હરગોવિંદ પાનાચંદ.
૧ શા વેલજી હીરજીની કંપની.
૧ શા મૂળજી જયચંદ.

૧ શા બાલાભાઇ મગનલાલ. ૧ શા ભવાન પદમસિંહ.
૧ મારવાડી ભૂધરાજી ગોવાજી ૧ શા ચૂનીલાલ લલ્લુભાઈ.
૧ શા ચાંપસિંહ વ્હાલજી. ૧ શા ઓત્તમચંદ પુરૂષોત્તમ.
૧ શા કોરશી પાંચા. ૧ શા જેઠા કચરા.
૧ મારવાડી કશનજી ઉમાજી. ૧૦ શા ગંગાજર આસૂભાઈ.
૧ શા લાધા દેવજી. ૧ શા રાયશી ભારમલ્લ.

## ૨ લાઠી.

૧ શા ઉકા રાજપાળ. ૧ શા વનમાળી ગગજી.

## ૩ વણછરા.

૧ શા નાથા મનસુખ. ૧ શા બાપુ હરગોવિંદ.
૧ શા ભવાની મનસુખ.
૧ શા જયચંદ ચતરુભજ. વણા.
૧ શા ચૂનીલાલ સાંકળચંદ. વસો.

## ૧૦ વીંછિયા.

૧ શા હરજીવન હીરાચંદ. ૧ શા અમરચંદ ભાયચંદ.
૧ શા બેહેચરદાસ કસળચંદ ૧ શા લખમીચંદ ભાઇચંદ.
૧ શા દેવચંદ રતનશી. ૧ શા પીતાંબર મોનશી.
૧ શા ગોરધન મોતીચંદ. ૧ શા પ્રેમચંદ ઠાકરશી.
૧ શેઠ રણછોડ ગોવા. ૧ શા વેલશી ચતુર.
૧ શા મૂળચંદ રાયચંદ. સણોસરા.

## ૩ સરપદડ.

૧ પટેલ દામોદર વ્હાલજી. ૧ શા. નાગજી ગોરધન.
૧ દોશી વિનયચંદ ખેતશી.
૧ શા ખૂમાજી વનાજી સૂપા. કુલ નકલો (૯૧૦)